ओ३म्

ગુરૂમંત્ર-મહિમા.

ગાયત્રી મંત્રનો અર્થ અને તેનું રહસ્ય.

લેખક અને પ્રકાશક,

પ્રાચીન વિમાનકલાના સંશોધક

શિવકર બાપુજી તળપદે

પાતંજલ યોગદર્શનાન્તર્ગત શબ્દાંકા ભૂતાર્થદર્શન,

મન ઔર ઉસકા બલ

આદિ ગ્રંથોના કર્તા.

મુંબઈ,

'તત્ત્વવિવેચક' છાપખાનામાં છાપ્યું.

આર્ય સંવત ૧૯૭૨૯૪૯૦૧૬. સંવત ૧૯૭૨.

કિંમત રૂ૦ ૧. પ્રથમ આવૃત્તિ ૧૦૦૦

મુંબઈ—ખેતવાડી બેકરોડ ઘર નં. ૧-૨ અને ૩ માં "તત્ત્વવિવેચક" છાપખાનામાં રા. ભિવાજી હરી શિંદેએ છાપ્યું. તે રા. શિવકર બાપુજી તળપદેએ ચીરાબજાર પાસેની ઠુકરવાડી મુંબઈ નં. ૨ માં પ્રસિદ્ધ કર્યું.

ओ३म् ॥

પ્રસ્તાવિક કથન.

આ ગુરૂમંત્ર મહિમા નામનો ગ્રંથ ઋષિઓના વિચારરૂપી સાધનાથી તૈયાર કરી પ્રિય સુજ્ઞ અને સાક્ષર વાચક વર્ગની સહાયતાથી પ્રકાશીત થતો હોવાથી તેઓનેજ આ ગ્રંથ અર્પણ કરવાનું હું યોગ્યા ધારૂછું.

આ ગ્રંથમાંના વિષયો સાવિત્રી વિદ્યાનાં સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ સ્વરૂપ દર્શક છે. આ સ્વરૂપના જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અન્વર્થક નામો છે. આ ગ્રંથના ત્રણ ભાગમાં જે વિષયો આવેલા છે તે આ સાવિત્રીના સ્વરૂપના છે, માટે તે વિષયોનો ચિત્રરૂપ ભૂમિકા દર્શક આ ગ્રંથ છે.

ગાયત્રી જેમ આખા જગતને પ્રસવે છે, તેમજ તેને પણ સમયપર અનેક વિદ્વાનોએ જુદી જુદી રીતે રંગ દઈ જનસમુહમા તેનું પ્રદર્શન કરેલુ છે. પણ ઋષિ લોક જે રંગથી તેને ચિતરતા હતા અને જે પીછીઓ તેઓ વાપરતા હતા તેનો ઘણી મુશ્કેલીથી સંગ્રહ કરી આ ગ્રંથરૂપી ગાયત્રીનું રેખાત્મક ચિત્ર મેં તૈયાર કરેલુ છે, અને જિજ્ઞાસુ લોકોની આગળ તેનું પ્રદર્શન કરેલું છે. આ ચિત્રનું દર્શન કરનાર લોકોને મારે વિનંતિ પૂર્વક કહેવું પડે છે કે તેઓ આ ચિત્ર ઋષિસંતાનોને અનુકૂલ સદ્બુદ્ધિથી તપાસી લેશે તોજ ચિત્રકારનો હેતુ સફળ થશે.

આ ગ્રન્થના વિષયો ત્રણ ભાગમાં વ્હેંચાયલા છે,

પ્રથમ ભાગમાં—ગાયત્રી મંત્રના શબ્દાર્થ સંબંધનુ વિવેચન કરી તે મંત્રમાં જે અર્થબોધ કરવાની સત્તા છે તે દેખાડેલું છે તથા વાણીનો અર્ક

જે વેદ છે અને તેનો ઓજ જે પ્રણવ છે તે મનુષ્ય શરીરદ્વારા પ્રગટ થાય છે અને તેની બીજરૂપ શ્રુતિ તેજ ઓરૂમ્ છે. આ શ્રુતિબોધ થવાંથી સાવિત્રીનું રહસ્થ કેમ જાણવામાં આવે છે તે આમાં દર્શાવેલું છે.

દ્વિતીય ભાગમાં—બીજ મંત્રનું તત્વજ્ઞાન અને ગાયત્રીના ચોવીસ અક્ષરનો શુદ્ધ આશય દેખાડેલો છે. ત્રિવૃત્ત અગ્નિમુખ તેજ મન કેમ છે અને તે મનની શુ સત્તા છે તેનું વર્ણન કરેલું છે તથા ગાયત્રીનાં અક્ષરો વિશ્વના વર્ણ–તનું છે અને તેનાથી સાવિત્રી સંપૂર્ણ જગતને કેમ પ્રસવે છે તે દેખાડેલું છે તેમજ પુરૂષની ચોવીશ શકતી દેખાડી તે તે શક્તિને પ્રગટ કરનારા ભૂતોનું બળ, પરાક્રમ, દેખાડી મનુષ્ય વિશ્વામિત્ર ઋષિ વાચ્ય ગાયત્રીમંત્રનું રહસ્ય જાણી વિશ્વામિત્રત્વ પોતાનામાં લાવવાની યોગ્યતા કેમ પ્રાપ્ત કરે છે તેનું વિવેચન કરવામાં આવેલું છે.

તૃતીય ભાગમાં—ગાયત્રીની ઉપાસના કેમ કરવી તે વિષય છે. પ્રથમ, ઉપાસક જે આત્મા છે તેનું કેવું સ્વરૂપ છે અને તેનો શું અધિકાર છે તેનું વર્ણન કરેલું છે. બ્રહ્મોપાસના કરવાનો ઋષિપ્રણિત માર્ગ દેખાડી તેનાથી લૌકીક અને પારલૌકીક જે સિદ્ધિ પ્રાપ્ત થાય છે, તેનું સૂક્ષ્મ વર્ણન કરેલું છે. પ્રણવદ્વારા ઊપાંશુ જપ કેમ કરવો અને તેનાથી અજપા ગાયત્રી સિદ્ધિ કેમ થાય છે તે સહજ સમાધિયોગનું વર્ણન આ ભાગમાં આવેલું છે; અને અન્તમાં ભારદ્વાજાદિ ઋષિઓએ ઊપાંશુ જપથી સૃષ્ટિ વિદ્યાના જ્ઞાનનો ભંડાર પ્રાપ્ત કરી સામાન્ય લોકો માટે અનેક વિદ્યાના ગ્રંથરૂપી અસ્થિ મૂકી પોતે કેવળરૂપ થઈ બ્રહ્મલોકનો અક્ષય આનંદ પ્રાપ્ત કરેલો છે તે ગાયત્રીમાતાના પ્રભાવનુંજ ફળ છે. ઋષિવચનો ઉપર વિશ્વાસ રાખી દૃઢ થઈ જે બ્રહ્મોપાસના કરે છે તેને સહાય કરવાને માટે સાવિત્રીમાતા સદૈવ તત્પર છે એજ સત્ય છે અને તેજ ગાયત્રીનું રહસ્ય છે.

આ પ્રસ્તાવિક કથન પુરૂં કરતાં પૂર્વ વાચક વર્ગને સ્પષ્ટપણે કહેવું પડે છે કે મારી માતૃભાષા મરાઠી છે, અને ગુર્જર ભાષાનું અધ્યયન કરવાનું મને કોઈ પણ કારણ ન પડવાથી તે ભાષા સંબન્ધી આ ગ્રન્થમાં ઘણી ભૂલો રેહલી હશે તેમજ મારૂં શારીરિક સ્વાસ્થ્ય બરોબર નહિ હોવાથી આ ગ્રન્થમાં અશુદ્ધિયો પણ ઘણીજ રહિ ગયેલી છે, પરંતુ મહાશય ગોવર્ધનદાસ મનસુખ રામ તથા મહાશય ગુણવંતલાલ છોટાલાલ આ બે સદ્‌ગૃહસ્થોએ પોતાના મૂલ્યવાન સમયમાંથી થોડો સમય આપી પ્રુફ તપાસવામાં સહાય્યતા આપવા લાગ્યા ત્યાર પછીના ભાગમાં અશુદ્ધિ ઓછી રહેલી છે માટે આ મહાશય દ્વયને હું અન્તઃકરણ પૂર્વક ધન્યવાદ આપૂં છું. તેમજ "યોગદર્શનાન્તરગત શબ્દોકા ભૂતાર્થ દર્શન" નામનું પુસ્તક હિંદીભાષામાં મારી પાસેથી લખાવી પ્રકાશિત કરનાર સ્વામિ વિદ્યાનન્દ પાસેથી યોગ બાબતમા જે કેટલાક વિચારો મળેલા હતા તેના આધારથી આ ગ્રન્થમાં યોગ સંબન્ધિ વિવેચન કરેલું છે.

આ ગ્રન્થનો તૃતીય ભાગ લખવાનું કામ ચાલુ હતું તે સમયમાં એક મહાન પવિત્ર આત્માનો સમાગમ થયો. આ આત્માને બહુજ મુષ્કીલથી બંગલોરથી અત્રે પધરાવ્યા હતા. તેઓને સાથે અત્રેના કેટલાક ડાકટર, વકિલ, ઈંજીનિયર રસાયન શાસ્ત્રવેત્તા આદિ વિદ્વાન લોકોનું વાર્તાલાપ થઈ જવાથી તેવોને બહુજ આનન્દ થયો હતો. કારણ અખિલ બ્રહ્માંડની જુદી જુદી વિદ્યાઓ વેદના આધારથી ઋષિ લોકો એ જગતમાં પ્રકાશિત કરેલી છે તે જ્ઞાન ભંડાર જેને પાસે મુખોદ્ગત છે એવા તે મહાત્મા છે. ઉપાંશુ જાપ (ઓંકારનુ માનસિક શીઘ્ર જાપ) થી યોગી અથવા ઋષિ-લોગ સૃષ્ટિ સંબન્ધિ અનેક વિદ્યા કેમ જાણી શકતા હતા તેનું આ ગ્રન્થના તૃતિય ભાગમા જે ટુંકમા વિવેચન કરેલું છે તે આ મહાત્મા પાસેથી મેળવેલી વિદ્યામાનો ઉતારો છે.

આ ભારતભૂમિના સિદ્ધ ઋષિ લોકો ગુરૂપરંપરાથી ચાલતો આવેલો જે જ્ઞાન ભંડાર સંરક્ષિત કરતા આવેલા છે તેમાથી આ મહાત્માને ગુરૂ પાસેથી જે ગુઢ અને પ્રસ્તુત સમયપર અપ્રચલિત એવી અનેક વિદ્યાઓ મળેલી છે તેમાં અગસ્ત ઋષિકૃત એક શક્તિતંત્ર પણ છે જેમાં મુલ પ્રકૃતિ અથવા આદિ શક્તિથી જગતમાં ૩૨ જાતની શક્તિ કેમ પ્રગટ થઈ છે અને તે શક્તિમાં વિદ્યુત, આકર્ષણ, આકાશતત્વનો જે સમાવેશ થએલો છે તે ઉપયોગમાં કેમ લેવું વગેરે અક્કલ ને દંગ કરે એવા વિચારો દર્શાવેલા છે.

અંશુ વોધિની, યંત્ર સર્વસ્વમ-જેમા નૌકા વિમાન આદિ અનેક તંત્રોનું વર્ણન છે, લોહતંત્ર-આતંત્રમાં જુદિ જુદિ ત્રણ હજાર પંદર ભેદવાળી ધાતુ ઓના બીજ, તેની વૃદ્ધિ અને પૂર્ણ રૂપમા આવે ત્યા સુધિની જુદિ જુદિ હાલતનું વર્ણન જોઈ ઉપાસના યોગ શિવાય આ ઋષિ વિદ્યાનું લાભ અને તત્વ બોધ થવું અશક્ય છે એમ લાગે છે. અને આપણે પોતાના કુલગુરૂથી વિમુખ થવાથી કેટલા અધોગતિમા આવિ પડેલા છેએ તેનો વાચકોજ વિચાર કરશે.

આ પ્રસ્તાવિક કથન પુરૂં કરવાને સાથે મારા મિત્ર વર્ગોને સવિનય કહેવાનું છે તે એ છે કે આ ભારત દેશની પ્રાચીન વિદ્યા કલા કૌશ્યલ્યનો અભાવ થઈ ગયોલો નથી. વેદ પરમાત્મ ગુરૂની વિદ્યા છે તેનો અભાવ કોઈ કાલમા થવાનો નથી તો તેમાથી પ્રગટ કરેલી વિદ્યાઓનો અભાવ થવું કેમ સંભવનિય હોય ? ઋષિ યોગી લોકોએ તેનું સારી રીતે સંરક્ષણ કરી રાખેલું છે અમારૂ કર્ત્તવ્ય આજ છે કે અપણે પ્રણવ, વ્યહતિ અને સાવિત્રીની ઉપાસનાથી ઋષિ કોટીના બનવું જોઈએ સિદ્ધ યોગી, યોગ્ય પુરૂષને તે વિદ્યા આપવાને તૈયારજ હોય છે. અને વિદ્યા પણ પોતાનું સર્વાંગસુંદરસ્વરૂપ યોગી વા યોગ્યતાવાન પુરૂષનેજ દેખાડે છે. આ નિશ્ચય છે, નિશ્ચય છે.

અનુક્રમણિકા.

ગુરૂમંત્રમહિમા.

ભાગ પહેલો.

વિષય.	પૃષ્ઠ.

ભાગ બીજો.

ભાગ ત્રીજો.

ઓ૩મ

ગુરૂમંત્ર મહિમા.

ગાયત્રી મંત્રનો અર્થ અને તેનું રહસ્ય.

ભાગ પેહેલો.

ओ३म् । भूर्भुवः स्वः ॥ तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि ॥ धियो यो नः प्रचोदयात् ॥

१ ऋग्वेद ३—४-१० ऋषिः विश्वामित्र, देवता सविता छन्दः निचृद् गायत्री स्वरः—पञ्चः

२ यजुर्वेद .—३-३५ ऋ. विश्वामित्र । दे. सविता । छं० नि. गा । स. प.

३ यजुर्वेद .-३०—२ ऋ. विश्वामित्र । दे. सविता । छं० नि. गा । स. प.

४ यजुर्वेद .-२२—९ ऋ. नारायण । दे. सविता । छं० नि. गा । स. प.

५ सामवेद . उत्तरार्चिक ६–३–१० ऋ. विश्वामित्र । दे.
सविता छन्दः गायत्री । स्वर षड्जः

भूर्भुवः स्वः । तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि ।
धियो यो नः प्रचोदयात् ॥ सामवेद उत्तरार्चिकः ६–३–१०

अ उ म् । भूः । भुवः । स्वः । तत् । सवितुः । वरेण्यम् । भर्गः । देवस्य । धी म हि । धियः । यः । नः । प्र चो दयादिति । प्रऽचोदयात् ।

(१) શબ્દ જ્ઞાન એજ ધર્મ છે.

ગુરૂમંત્ર અથવા ગાયત્રીમંત્ર, કે જે 'સાવિત્રી'ના નામથી પણ ઓળખાય છે તે ઓંકાર અને મહાવ્યાહૃતિ મળી પંદર શબ્દોનો એક સમૂહ છે. વેદ મંત્રના પ્રત્યેક શબ્દનો શબ્દાર્થ-સંબંધ જાણવામાંજ ધર્મ (વિચાર, સત્તા, લાભ, ઇષ્ટપ્રાપ્તિ) સમાયલો છે. મહર્ષિ પતંજલી પોતાના 'વ્યાકરણ મહાભાષ્ય'માં કહેછે કે "शब्दज्ञाने धर्म आहो स्वित्प्रयोगे ॥" મહા. પ. आह्निकम् શબ્દાર્થ-સંબંધ જ્ઞાન ધર્મ છે તેમજ તે શબ્દોનો યથાર્થ પ્રયોગ પણ ધર્મજ હોવો જોઇએ. આ શબ્દજ્ઞાનના વિચારમાં બીજો એક પક્ષ એવો સવાલ કરેછે કે શબ્દજ્ઞાનમાં જ ધર્મ છે તો તેમાં અધર્મ પણ હોવોજ જોઇએ; કારણ કે ધર્મ અને અધર્મ એ બન્ને શબ્દજ્ઞાનમાંજ સમાયેલા

છે. જેમકે, જો કોઈ શબ્દને જાણવાનો પ્રયત્ન કરે છે તો, શબ્દની સાથે અપશબ્દ પણ પ્રચારમાં હોવાથી તેનો પણ તે જ્ઞાતા થાય છે. તેથી જેમ શબ્દજ્ઞાનમાં ધર્મ છે, તેમ અપશબ્દ જ્ઞાનમાં અધર્મ પણ છે વળી દરેક શબ્દના પણ ઘણા અપભ્રંશ થઈ ગયેલા છે, થતા જાયછે, અને આગળ પણ થશે. માટે શબ્દ અને અપશબ્દ શી રીતે જાણી શકાય ? આવી રીતનો જે ગડબડગોટો શબ્દ જ્ઞાનમાં થતો જાયછે તેને માટે ઋષિઓએ મહાભાષ્યમાં નિયમો કરેલા છે કે, "यथा वेद शब्दा नियम पूर्वमधीताः फलवन्तो भवन्त्येवं यः शास्त्रपूर्वकं शब्दान्प्रयुङ्क्ते सोऽभ्युदयेन युज्यत इति ।" જેમ વેદ શબ્દનું નિયમ પૂર્વક અધ્યયન કરવાથી શબ્દજ્ઞાન ફલદાયક થાય છે, તેમજ જે કોઈ શબ્દની શાસ્ત્રપૂર્વક યોજના કરી જાણેછે અને કાર્ય કરેછે તેઓને અભ્યુદય (સંપૂર્ણ લૌકિક સુખ) સાધન પ્રાપ્ત થાયછે. શબ્દશાસ્ત્રના ઉપદેષ્ટા ઋષિઓ કહેછે કે અમે એમ નથી કહેતા કે "अपशब्दज्ञानेऽधर्मः અપશબ્દના જ્ઞાનમાં અધર્મ છે. એમ અમને કહેવાનું કારણજ નથી. અમે સ્પષ્ટ કહીએ છીએ કે "शब्दज्ञाने धर्मः ॥" શબ્દજ્ઞાનમાંજ ધર્મ છે એજ અમારો ઉપદેશ છે. અર્થાત શબ્દને શબ્દ ઓળખી લ્યો અને અપશબ્દને અપશબ્દ ઓળખી લ્યો કારણ કે "योह्यपशब्दाञ्जानाति शब्दानप्यसौ जानाति । तदेवं ज्ञाने धर्म इति ।" અપશબ્દને ઓળખે છે તેજ શબ્દનું મહત્વ સમજી શકશે માટે શબ્દને શબ્દ જાણવો અને અપશબ્દને અપશબ્દ જાણવો. એ શબ્દજ્ઞાન પ્રાપ્તિનો મૂળ હેતુ છે,

પરંતુ શબ્દ અને અપશબ્દનું એવું એક અભેદરૂપ થઈ રહેલું છે કે તેનું શાસ્ત્રપૂર્વક વિજ્ઞાન કરી લેવાથીજ મૂળ હેતુ પ્રાપ્ત થવાનો સંભવ છે. પરમાત્માની પ્રાપ્તિ એ દરેક જંતુનો ઈષ્ટ હેતુ છે. પરમાત્મા મૂળ શબ્દ છે અને પ્રકૃતિના કાર્યરૂપી અવાન્તર આખ્ખું જગત મૂળ શબ્દના અપભ્રંશ રૂપેછે ત્યારે શું જગતનું જ્ઞાન અધર્મ કહેવાશે ? નહી. જગતનું જ્ઞાન લઈ મૂળ શબ્દના અપભ્રંશ રૂપે જગત છે આવું જ્ઞાન પ્રાપ્ત કરી લેશો તો તે જ્ઞાનજ છે. અને અપભ્રંશના મૂળ શબ્દને જાણી લીધો હોય તોજ તેઓને ઇષ્ટસિધ્ધિ થશેજ. જેમકે એક કુવો ખોદનાર પાણીને માટે કુવો ખોદવાનો વિચાર કરેછે પણ તે પ્રથમથીજ મનમાં વિચાર લાવશે કે આ જમીનનો ભાગ, પત્થરો, માટી, તથા કુવો ખોદવાના હથીઆરો, આ બધાની સાથે મને શી જરૂર છે ? મને તો પાણીની સાથે કામ છે, પણ તેને શાસ્ત્ર સમજણ આપે છે કે ભાઈ, તને પાણી જોઇએ ખરૂં પણ તે તો જમીનમાં બહુ ઉંડું છે તો પ્રથમ હાથેઆરથી માટી તથા પત્થર કાઢી લેવાનું કાર્ય કરો ત્યારે પાણીની પ્રાપ્તિ થશે. હાં, કુવો ખોદવાના કામમા તારૂં શરીર મટોડી કાદવથી મલિન થશે; પરંતુ તેજ પાણિથી તું તારૂં શરીર સારૂ કરી શકીશ સારાંશ કે શબ્દજ્ઞાનમાં ધર્મ છે ખરો પણ અપશબ્દનું જ્ઞાન અધર્મ છે એવું નિશ્ચિત નથી. શબ્દજ્ઞાનના મહત્વને જાણવા માટે અપશબ્દનું જ્ઞાન પણ હોવું જરૂરી છે. વેદના શબ્દ જે શુદ્ધ છે તેને આધુનિક લોકોએ રૂઢ શબ્દ તરેકે લઈ અર્થ કરેલો છે, તેથી વેદમંત્રોનું રહસ્ય જતું રહેલું

છે. માટે આ ગુરૂમંત્રના પંદર શબ્દોનુંજ શબ્દાર્થ સંબંધ જ્ઞાનવિષે પ્રથમ દિગ્દર્શન કરીશું અને તેજ પંદર શબ્દોના જ્ઞાનથી ગાયત્રિનો ધર્મ આપણે જાણી લઈશું.

(૨) સાવિત્રીનું શબ્દાર્થ સંબંધ જ્ઞાન.

ओ३म् (अवतेष्टि लोपश्च) मन् प्रत्ययस्य टिलोपो धातोरुपधा वकारयो रूठ् । अवति रक्षादिकं करोतीति ओम् । प्रणव आरम्भोऽनुमतिर्वा । चादिषु पाठादस्याऽव्ययत्वम् ।

अव०–रक्षण गति कान्ति, प्रीति, तृप्ति, अवगम, प्रवेश, श्रवण, स्वामि, अर्थ, याचन, क्रिया, इच्छा, दीप्ति, अवाप्ति, आलिंगन, हिंसा, दान, भाग, वृद्धिषु રક્ષણાદિ અર્થ વાચક अव ધાતુને ઉણાદિ मन् પ્રત્યયના સંબંધથી ઓમ્ શબ્દ થાય છે. अव+मन् અવધાતુનો મન્ પ્રત્યયનો ટિનો લોપ થઈ अव+म् આ રૂપ થઈ ધાતુનો ઉપધા એટલે व અને अ વર્ણ આ બન્નોનું उठ् થાય છે જેથી अ+उ+म् શેષ ત્રણ વર્ણ રહી ગયા છે. આ ત્રણ વર્ણના સંયોગથી ओम् આવા પ્રતિપાદક (અર્થવાન શબ્દ થાય છે આ જે (અ+ઉ+મ્) થી ओम् શબ્દ બને છે, તે પ્રાતિપાદકને ચાદિપાઠમાં નિપાતમા ગણાયલો છે. અર્થાત ओम् શબ્દ અવ્યય છે.

सदृशं त्रिषु लिगङ्षु सर्वासु च विभक्तिषु ।
वचनेषु च सर्वेषु यन्नव्येति तदव्ययम् ॥

જે શબ્દસ્વરૂપ ત્રણ લિઙ્ગ, સાત વિભક્તિ, તેમજ એક, દ્વિ, અને બહુવચનમાં એક સરખા બની રહે છે અને જેને વિકારજ થતો નથી તેને અવ્યય શબ્દ કહે છે. ओम् શબ્દમાં અવ્યય જેવી સત્તા છે. તેથી તે શબ્દ જેનો વાચક છે તે ओम् પણ અવ્યય છે.

વ્યાકરણ શાસ્ત્રની રીતિને અનુસરીને ओम् શબ્દની રચના દેખાડી હવે કલ્પઅંગને અનુસરી તેની વ્યવસ્થા કેવી છે તે જોઈશું.

कल्पाः मन्त्रार्थप्रकाशका:–મંત્રના અર્થ પ્રકાશ કરનાર વેદોના અંગનો કલ્પ અંગ કહે છે. मंत्र, वर्ण, बीज, गर्भ, अस्त्र, अर्क-तन्मात्रा, सार અને रस ઇત્યાદિ શબ્દ પર્યાયવાચક હોવાથી તેઓમાં અર્થાન્તર નથી. વાણીનું જે બીજ છે તેનો અર્થ (જે પ્રાપ્ત કરવાનુ છે તે) દેખાડી આપવો એજ કલ્પ અંગનું કામ છે.

વર્ણ વાણીના બીજ રૂપે છે તેઓ ત્રેસઠ (૬૩) છે એને સૃષ્ટિની આધારભૂત મૂલ ગતિ પણ ત્રેસઠ છે. તે ત્રેસઠ વર્ણને જાણી લેવા એજ મનુષ્યનું પરમ કર્તવ્ય છે. એજ મનુષ્યજન્મ સાર્થક કરવાનું સાધન પણ છે. તેથી મહર્ષિ પતંજલિ મહાભાષ્યમાં લખે છે કે—

वर्णज्ञानं वाग्विषयो यत्र च ब्रह्मवर्तते ।
तदर्थमिष्ट बुद्धयर्थं लघ्वर्थं चोपदिश्यते ॥ भा.१.१२.

વર્ણનું જ્ઞાન વાણીનો વિષય છે. જેમાં શબ્દ બ્રહ્મ એટલે વેદ

અને નાદબ્રહ્મ-સ્થૂલ સૂક્ષ્મ આખું ગતિમય જગત, સમાઈ રહેલું છે, અને આ બ્રહ્મમાં વ્યાપ્ય વ્યાપક રૂપે પરબ્રહ્મ પણ સમાઈ રહેલું છે, તેનું જ્ઞાન પ્રાપ્ત કરવાથી ઇષ્ટબુદ્ધિ (મોક્ષ સુખદાયક બુદ્ધિ) બને છે. આ મહાન શુદ્ધબુદ્ધિને અર્થે વર્ણ, જ્ઞાન પ્રાપ્ત કરવું એજ એક લઘુ ઉપાય છે. એટલે વર્ણાર્થ સમ્બન્ધ જ્ઞાનના સાધન વડેજ લઘુ પુરુષાર્થથી મહાન્ પ્રાપ્તિ થાય છે. અને જે વાણીના વર્ણ અથવા બીજ છે, તે બીજનું પણ બીજ ઓમ્ છે. તેના માત્રાના અર્થ પ્રથમ જોઈશું.

હરેક વર્ણનો અર્થબોધ તે તે વર્ણના સ્થાન, કરણ અને પ્રયત્નથી થાય છે. માટે ઓંકાર વર્ણાર્થ માટે તેઓ ક્યાં અને કેમ પ્રગટ થાય છે, તે જોઈશું.

प्रजापतिर्लोकानभ्यतपत् तेभ्योऽभितप्तेभ्य स्त्रयी विद्या सम्प्रास्त्रवत्तामभ्यतपत्तस्या अभितप्ताया एतान्यक्षराणि सम्प्रास्त्रवन्त भूर्भुवः-स्वरिति॥२॥तान्यभ्यतपत्तेभ्योऽभितप्तेभ्यः ओंकारः सम्प्रास्त्रवत्तद्यथा शंकुना सर्वाणि पर्णानि सन्तृणान्येवमोङ्कारेण सर्वा वाक् सन्तृणा ओंकार एवेद ꣳसर्वमोङ्कार एवेदꣳसर्वम् ॥३॥ छां. प्र. १ ख.२३-२-३.

પ્રજાના (પ્રકૃતિ તથા સંપૂર્ણ જીવ અથવા સંપૂર્ણ બ્રહ્માંડના) પાલક પરમેશ્વરે પૂર્વ કલ્પાંતરોમાં જેમ સંપૂર્ણ લોકલોકાંતરો હતા તેમજ આપણે ઈક્ષણ (જ્ઞાન) શક્તિમાં પ્રગટ કર્યું. અર્થાત જગદુત્પત્તિનો હમણાં સમય આવેલો છે, એમ જાણી

લીધા પછી વેદત્રયી વિદ્યા તેમની આગળ પ્રગટ થઈ તેની ઋષિઓના હૃદયમાં સ્ફૂર્તિ પ્રાપ્ત કરી ત્યારપછી ત્રિદેવ શક્તિ તેમની આગળ પ્રગટ થઈ તે શક્તિને જગન્માતા પ્રકૃત્તિને સમર્પણ કર-વાથી ભૂર્ભુવઃ અને સ્વઃ આ ત્રણ અક્ષરનો (પ્રલયકાલ સુધી) નાશરહિત પ્રવાહ વહેવા લાગ્યો. અર્થાત ઋષિઓના હૃદયમાં ત્રયી વિદ્યા અને પ્રજાવાચક પ્રકૃતિમાં ભૂર્ભુવઃ અને સ્વઃ આ ત્રણ અક્ષર પ્રગટ થવાથી જગત્કાર્યનો આરંભ થવા લાગ્યો. ત્યારે પરમાત્માના ઈક્ષણમાં (જ્ઞાનમાં) આવી ગયું કે, ઋષિઓનો આત્મા પવિત્ર હોવાથી તેમના હૃદયમાં પ્રગટ થઈ ગયેલા પરાજ્ઞાન (વેદજ્ઞાન) ને યથાવત્ જાણી લઈ ભૂર્ભુવઃ સ્વઃ ના બન્ધનમાં ફસાઈ જશે નહીં, પરંતુ અક્ષર ત્રયીના બન્ધનમાં આવી ગયેલા અન્ય જંતુની મુક્તિને માટે કાંઈક સાધન પ્રાપ્ત કરી દેવા આ કામ મારા સિવાય બીજો કોઈ પણ કરી શકશે નહી. એમ ઈક્ષણ (જ્ઞાન) કરી પરમ કૃપાળુ પરમાત્મા એ આખા બ્રહ્માંડની રચના બીજ રૂપ એક શરીરમા પ્રગટ થઈ શકે એવું મનુષ્ય શરીરનું બીજ બનાવી જંતુને અર્પણ કરી દીધું માટે યોગ્ય કર્તવ્યદ્વારા આ મનુષ્ય શરીર પ્રાપ્ત કરવુંજ જોઇએ. મનુષ્ય શરીર દ્વારા સંપૂર્ણ જડચેતન બ્રહ્મના વાચક ઉદ્ગાર પ્રગટ કરવાનું સામર્થ્ય જંતુને આપી દીધું છે તેજ ઉદ્ગાર ઓમ્ છે. આ ઓંકાર ભૂર્ભુવઃ અને સ્વઃ ને છાંદોગ્ય ઉપનિષદ્કાર દૃષ્ટાંત ઉપરથી સ્પષ્ટ કરી દેખાડે છે કે સંપૂર્ણ જગત અને તેમાં પ્રગટ થતી વસ્તુઓ અક્ષરરૂપી ત્રિકોણમાંજ પ્રગટ થાય

છે. ઓંકાર ત્રિકોણ વાણીની હદ છે. માટે ઓંકાર આખો જડ-ચેતનનો વાચક છે, ઓંકારજ બ્રહ્મ છે. પરમ બ્રહ્મ તો ઓંકારની ત્રણ માત્રાની પરે છે. જેમ કેઃ—

अमात्रश्चतुर्थोऽव्यवहार्यः प्रपंचोपशमः शिवोऽद्वैत एवमोंकार आत्मैव संविशत्यात्मनाऽऽत्मानं य एवं वेद य एवं वेद ॥ मांण्डु. १२.

અકારાદિ ત્રણ માત્રા અથવા પાદથી તે પર છે, અને નિર્વિકલ્પ સમાધિમાંજ તેની પ્રત્યક્ષતા થાય છે માટે પરમાત્મા અથવા પરમાત્માના વાચ્ય, સ્ફોટરૂપી શબ્દમાં કોઈ વ્યવહાર કરવા લાયક વર્ણ નથી. કારણ પ્રપંચની સમાપ્તિ જ્યાં થાય છે તેના કરતાં પણ તેપર છે એવો અતીંદ્રિય પરમબ્રહ્મ ત્રણ પ્રકારની માત્રાની પર છે માટે તે અદ્વૈત છે. અર્થાત તેની સમાન અથવા તેનાથી અધિક કોઇપણ નથી. એવું જે પરમેશ્વરનું કલ્યાણકારક સ્વરૂપ છે. તેની ઉપાસના સર્વોપરિ કલ્યાણકારિણીજ છે. આ રીતે વાચ્ય ઓમ્ શબ્દ વાચક આત્માની આન્તર્ગત છે. નિર્બીજ સમાધિમાં વાચ્ય વાચકની ઐક્યતાની પ્રત્યક્ષતાની પણ પર જઈ આત્મસ્વરૂપ અભેદત્વનો અનુભવ પ્રાપ્ત કરેલા પુરૂષ, શરીરનો ત્યાગ કર્યા પછી પરમાત્માના સ્વરૂપનાંજ પ્રતિષ્ઠિત થાય છે.

ઓંકાર વાણી સ્વતઃ સિદ્ધ છે પ્રત્યેક અવાજ કરનારો પ્રાણી ઓંકારનીજ ઉચ્ચાર કરે છે, પણ તેનો શુદ્ધ ઉચ્ચાર મનુષ્યની વાક્ ઇંદ્રિયથીજ થાય છે.

જગતમાંની દરેક વસ્તુ ઉચ્ચારણુ કરી રહેલી છે. અને તેથી તેઓ પોતપોતાની ખરી સ્થિતિને પ્રકાશિત કરે છે. દરેક વસ્તુની તેજ ભાષા છે. અથવા, પોતાના પ્રકાશ કરવાનું તેજ તેમનું સાધન છે. આ વાત જે વિદ્વાન્ જાણે છે, તે જગતની સર્વ વસ્તુનો યોગ્ય વ્યવહાર કરી જાણે છે. અને જનસમૂહને તેનાથી લાભ પણ થાય છે. મનુષ્ય પ્રાણી પણ પોતાની બ્રહ્મ-વાણીનો ઉચ્ચાર કરી "બ્રહ્મનો પૂર્ણ ભાવ પોતાના દેહમાંજ સમાયલો છે," એમ જગતને જે વાણીથી દેખાડી આપે છે, તે વાણી "ઓં" છે. આ સ્વાભાવિક ઓંકાર આવાજ દેશ-કાલથી બદલાતો નથી. મનુષ્ય ગમે તે દેશનો રહેવાસી હોય ગમે તે વર્ગનો હોય ગમે તે શહેરનો રહેવાસી હો, અથવા જંગલમાં વાસ કરતો હોય અને તેનો જન્મ, યૂરોપ, અમેરિકા અથવા એશિયા ખંડમાં અથવા મહાસાગરની મધ્યમાં જેજે નાના મોટા દેશો છે તેમાં થયેલો હોય, તો પણ તે જન્મતાંજ જે પ્રથમ અવાજ કરેછે તે અવાજ—અ, ઉ, મ, આ ત્રણ અવાજ મળી ઓં એવો અવાજ હોવો જોઇએ ભલે તે અવાજમાં બાળક રડતું હોય તોપણ તેમાં ઓંકારત્વ સાફ પ્રતીત થાય છે.

જીવ અનાદિ છે તેથી તેનો અનેક શરીર દ્વારા જન્મ થઈ ગયેલા હોય છે. વાણીનો વહેવાર તે જીવે અનેકવાર કરેલો છે. વાણીના વહેવારથી થતા સુખ દુઃખનો અનુભવ જીવને ઘણીવાર મળેલો હોય છે તેથી તેનો સંસ્કાર જીવમાં સ્થિત હોય છે. એવો જીવ જ્યારે મનુષ્ય અથવા અન્ય શરીરદ્વારા પુનઃ જગતમાં


પ્રગટ થાય છે ત્યારે વાણીનો ઉચ્ચાર કરવાનો સંસ્કાર જાગૃત થઈ કર્મ કરવાની પ્રવૃત્તિ થાય છે. પરંતુ તેને કર્માનુકૂલ જેવું જેવું શરીર મળેલું હશે તેવાં તેના પ્રયત્નનો પરિણામ થાય છે. ધારોકે એક જીવ પોતાના કર્માનુકૂલ પ્રગટ થયેલો છે તેનામાં વાણીનો ઉચ્ચાર કરવાનો સંસ્કાર, વાણીનો ઉચ્ચાર કરવાનો પ્રયત્ન કરવાને પ્રવૃત્તિ ઉત્પન્ન કરે છે. પણ જેમ શરીર નવું તેમ ઉચ્ચાર કરવાનું સાધન પણ નવુંજ હોય છે. માત્ર સંસ્કારવાન જીવ એક પુરાણો છે. એ સ્થિતિમાં તે જીવ વાણીનો ઉચ્ચાર કરવાનો પ્રયત્ન કરવા માગે છે. કયો વર્ણ કરવો તેની તેને સમજ પડતી નથી. બુદ્ધિ રૂપી કોશ તરફ જુવે છે તો તે કોશ પણ નવોજ છે. માટે તેમાં કાંઈ મળતું નથી. માત્ર પૂર્વ સમયમાં બુદ્ધિ રૂપી કોશ જે ભરેલો હતો તે વખતે સુખ અથવા દુઃખવૃત્તિથી વર્ણોચ્ચાર કરવાની ઇચ્છા અથવા દ્વેશવાળો બની વ્યવહાર કરતો હતો. એવો સંસ્કાર તેને તેની પૂર્વ સ્મૃતિને જાગૃત કરી કોશ ભરવાને માટે કોઈ સાહાય્ય કરે એવો અંતરીય અભિપ્રાય દેખાડવાને માટે વર્ણરૂપી સાધન પાસે ન હોવોથી, દુઃખથી અવાજ કરે છે. દુઃખપૂર્વક તે અવાજ હોય છે તેથી તે બાલક રડે છે એમ આપણે સમજીએ છીએ.

આ સ્થિતિમાં બાલકનું અવાજ કરવાનું પ્રથમ સ્થાન કંઠ હોય છે. કંઠમાં નાદોત્પાદક સ્થાન છે તે સ્થાનમાં અખંડ નાદ પેદા થાય છે. ત્યાથી તે નાદને બહાર લાવવાને બે રસ્તા હોય છે. એક જીહ્વામૂલીય સ્થાનમાં આવી મુખમાંથી બહાર લાવવો

અને બીજો નાકમાં થઈ નાસિક્ય સ્થાનમાંથી બહાર લાવવો. કંઠસ્થાનમાંથી તે અખંડ નાદ ઉત્પન્ન કરી જીહ્વામૂલીય સ્થાનમાં થઈ મુખદ્વારા બહાર લાવે છે ત્યારે તે સ્થાનમાં અકાર વર્ણ બને છે. અને નાસિકા તરફથી જે અવાજ બહાર નીકળે છે તેમાં અનુનાસિક વર્ણત્વ હોય છે. ધારોકે એક બાળક હમણાજ જન્મ્યું છે. તે જાણતું નથી કે કંઠ જીહ્વા અને ઓષ્ટ મજબુત પકડી અખંડ નાદને મુખમાંથી બહાર જવા દેવાથી શુદ્ધ "અ" વર્ણ બને છે. તેમજ તેના જીહ્વામુલીય સ્થાનમાં પણ સ્થિરતા ન હોવાથી તેના કંઠનલિકામુખ સંવૃત થવાથી "અ" અવાજ બને છે; વિવૃત કંઠ થવાથી આ બની જાય છે, અને કંઠમાં ઘર્ષણ થવાથી "ગ્" એમ સ્પષ્ટ અવાજ નીકળતો જાય છે. તેમજ ઓષ્ઠદ્વારા અ અવાજ રોકવાથી ઉ કાર થાય છે. અને ન રોકવાથી અ વર્ણનુંજ સ્પષ્ટ ઉચ્ચારણ થાય છે. વાણીની યથાયોગ્ય વહેવાર કરવાની યોગ્યતા તે બાળકમાં આવેલી ન હોવાથી તેની વાક્ ઇંદ્રિયથી અવાજ માત્ર નીકળતો જાય છે. પણ તે અવાજ તેતે સ્થાનમાંથી બહાર નીકળી કેટલાક સ્પષ્ટ અને કેટલાક અસ્પષ્ટ રૂપમાં નીકળતા જાય છે. પણ તે અવાજ જેજે સ્થાનમાંથી નીકળતો જાય છે તે તે સ્થાનમાં થનારા અવાજને પ્રાપ્ત થતું વર્ણત્વ તેના (બાળકના) અવાજમાંજ સ્પષ્ટ હોય છે.

કંઠથી ઓષ્ઠ સુધી અ, આ, ગ, ઉ, એવા અવાજો નીકળતા જાય છે. અને તેમાં નાસિકાના તરફના આવાજ મળે છે ત્યારે અઁ આઁ ગઁ ઉઁ આવા આવાજ થતા જાય છે આ બધા અવાજોનું

મુખ્ય સ્થાનો ત્રણજ હોય છે. એક કંઠ, બીજુ ઓષ્ઠ અને ત્રીજું અનુનાસિક. કંઠના નીચે વર્ણત્વ પ્રાપ્ત થવાનું કોઈ પણ સ્થાન નથી. તે ઉપરથી વર્ણોત્પત્તિની પ્રથમ હદ કંઠજ છે એમ નિશ્ચિત થાય છે. બીજુ ઓષ્ઠની બહાર વર્ણ બનવાનું કંઈ પણ સાધન ન હોવાથી ઓષ્ઠજ વર્ણની બીજી હદ છે એમ માનવું પડે છે. અને અનુનાસિક સ્થાનની ઉપર કંઈ પણ વર્ણ ઉત્પન્ન થવાને સ્થાનજ નથી ત્યારે વર્ણોત્પત્તિની હદ દેખાડનાર તેજ તૃતીય સ્થાન છે એમ સ્પષ્ટ થાય છે. આ ત્રણ સ્થાનને સરળ રેષાથી જોડી લેવાથી તેનો એક ત્રિકોણ થાય છે.



બાલક પેદા થાય છે ત્યારે આ ત્રણ સ્થાનમાથી અવાજ કરે છે. અર્થાત આ ત્રણ સ્થાનમાથી જે અવાજ નીકળે છે. તે તો ઓમ્‌નાજ અનુવંશિક હોવાજ જોઇએ વર્ણોત્પત્તિના સ્થાનો તેની હદ અને તેનાં ઉત્પન્ન થનારા વર્ણો આ બધા સાધનોથી મનુષ્ય પ્રાણી જન્મની સાથે ઓંકાર અવાજ કરી "બ્રાહ્મ તનુની પૂર્ણતા મનુષ્ય દેહમાં છે." અને "તે શરીર મને પ્રાપ્ત થઈ ગયેલું છે એમ આખા જગતને પ્રગટ કરી દેખાડે છે.

પ્રિય મિત્રો! નૂતન જન્મ પામેલું બાલક યદૃચ્છાથી ઓંકાર વાણી પ્રગટ કરી જે બ્રહ્મોપદેશ કરે છે તેમાં મહાન રહસ્ય ભરેલું છે. જન્મ થયા પછી ઓંકાર વાચ્યની પ્રાપ્તિના સાધનો

પ્રાપ્ત થઈ આવેલા છે તેનો સદુપયોગ કરો, ઓંકારને પ્રાપ્ત કરીલ્યો અને અન્તે ઓંકારનો આનન્દાનન્દ સદૈવ અનુભૂત કરવા મળે એવા અમૃતપદને પ્રાપ્ત કરી લ્યો. એક નૂતન જન્મેલું બાલક જ્યારે એવો મહાન ઉપદેશ કરે છે ત્યારે જગતમાં તમારૂં શું કર્તવ્ય છે એવો જરા વિચાર તો કરો? નિરાશ થવાનું કારણ નથી. વેદમંત્રો અને ઋષિઓ તમને સહાય્ય કરવા માટે સદૈવ તૈયાર હોય છે ઇત્યોમ.

૨ भूः भुवः स्वः०—भूः કર્મ વિદ્યામ્ । भूरिति वै प्राणः "यः प्राणयति चराऽचरं जगत् सः भूः स्वयंभूरीश्वरः

(ભૂઃ ની ઉપાસનાથી આખા જગતની જે કર્મકાંડ વિદ્યા છે તેનું જ્ઞાન થાય છે. ભૂઃ જ પ્રાણ છે જે ચરાચર જગતજીવનનો આધાર, પ્રાણનો પણ પ્રાણ, પ્રાણથી પણ પ્રિય અને સ્વયંભૂ છે તે પ્રાણવાચક પરમાત્માનું ભૂઃ એ નામ છે.

भूवः—उपासनाविद्यां भुवरित्यपानः यः सर्व दुखमपानयति सोऽपानः ।

ભુવની ઉપાસનાથી જગતનીજ ઉપાસના વિદ્યા છે તેનું જ્ઞાન થાય છે ભુવઃ અપાન છે જે સર્વ દુઃખથી રહિત છે અને જેના સંગથી જીવ, સર્વ દુઃખથી છુટો થાય છે તે પરમેશ્વરનું નામ ભુવઃ છે.

स्वः—ज्ञानविद्यां स्वरितिव्यानः यो विविधं जगत् व्यानयति, व्याप्नोति स व्यानः ।

સ્વ:ની ઉપાસનાથી જે વિજ્ઞાનકાંડ વિદ્યા છે તેનું જ્ઞાન થાય છે. જે નાનાવિધ જગતમાં વ્યાપક થઈ સર્વનું ધારણ કરે છે તે પરમાત્માનું સ્વ: આ નામ છે.

ભૂ: ભુવ: અને સ્વ: ને વ્યાહૃતિ કહે છે. અર્થાત જેનાથી અનેક અર્થ પ્રગટ થઈ શકે છે તેને વ્યાહૃતિ આ સંજ્ઞા છે. આખા સંસારનું જ્ઞાન આપવામાં આ વ્યાહૃતિ પ્રસિદ્ધિ છે.

भूर्भुवः सुवरिति वा एतास्तिस्रो व्याहृतयः। तासामुह-
स्मैतां चतुर्थीम्। महाचमस्य प्रवेदयते। मह इति। तद्ब्रह्म।
स आत्मा। अङ्गान्यन्या देवताः। तैत्तरीय शिक्षा. अनु. ५.

અનેક અર્થ જેનાથી પ્રગટ થઈ જાય છે તે ભર્ભુવ: સ્વ: નામની ત્રણ મહાવ્યાહૃતિ કહેવાય છે. આ વ્યાહૃતિ ભૂ: આદિ શબ્દોથી વાચ્ય થઈ પૃથ્વી આદિ વાચક અર્થોને કહેછે. માટે તેને વ્યાહૃતિ આ નામ પણ અન્વર્થક છે. પૂર્વકાલમાં આવી શ્રેષ્ઠ વ્યાહૃતિ પદ વાચ્ય ત્રણ લોક, વેદત્રયી ચાર વર્ણ અને ચાર આશ્રમાદિની ચોથી હાલત ને મહા ચમસ નામક ઋષિના પુત્ર ઉત્તમ પ્રકારે જાણતા હતા. અથવા આ વ્યાહૃતિને જાણવાથીજ તેનો મહાચમસ્ય એ નામ પ્રગટ થઈ ગયેલું હતું. તેથી જે કોઈપણ અધ્યાત્મ વિદ્યામાં વ્યાહૃતિની ચોથી હાલત જે પરમાત્માજ છે, તે જાણી લેશે તો તે મહાચમસ થશે અને તેના સંતાન પણ મહા ચમસજ થશે. મતલબ આ છે કે, મહાપદ વાચ્યનો સાક્ષાત અનુભવ મહાચમસ્ય ઋષિને પ્રથમ થઈ ગયેલો હતો.

भूः भुवः स्व इति । આ વ્યાહૃતિને છાં. પ્ર. ખં. ૧૫-૩-૪ માં ઋષિ અરિષ્ટ કોશ (અક્ષય કોશ) સંજ્ઞાથી વર્ણન કરે છે. અમુકથી પ્રાણુની પ્રાપ્તિ થાય છે અમુકથી ભુની પ્રાપ્તિ થાય છે એમ તેમાં દેખાડેલું છે. આ જે **અન્તરિક્ષોદર કોષ છે**, તે જ્ઞાન કર્મ ઉપાસના દ્વારા પ્રાપ્તિ કરી લેવાથી પુત્ર, પૌત્ર, પ્રપૌત્ર ને નૈરોગ્ય પ્રાપ્ત થાય છે. તેમની વૃદ્ધિ થાય છે અને ચતુઃષ્પદાદિ પશુનિ પ્રાપ્તિ થાય છે.

ભૂઃ થી પૃથ્વી અન્તરિક્ષ અને દ્યૌની પ્રાપ્તિ થાય છે. તથા પુત્ર પૌત્ર અને પ્રપૌત્રની સાહાય્યતાથી ત્રૈ વિદ્યાનું જ્ઞાન થાય છે. અને લોકસ્થ પદાર્થના પરિજ્ઞાનથી યજ્ઞ, યાગ અને શિલ્પાદિ સર્વ વિધિનો નિર્વાહ થાય છે.

ભુવઃના ઉપાસનાથી અગ્નિ, વાયુ, આદિત્ય આ ત્રણ પ્રકારનું અગ્નિનું જ્ઞાન થાય છે. અને આ જ્ઞાનથી પુત્રપૌત્રાદિ સહિત નૈરોગ્ય પ્રાપ્ત કરવાથી મન એકાગ્ર થઈ શકે છે. જેથી કરી દેવતાની, વિજ્ઞાન અને પ્રાપ્તિ પણ થઈ શકે છે.

સ્વઃ ના ઉપાસનાથી–ઋક્ યજુઃ સામ આ ત્રણ વેદના વાચક સ્વઃ શબ્દ છે એમ પ્રત્યય થાય છે. અને વેદત્રયીની પ્રાપ્તિથી (સ્વઃ) સુખ પ્રાપ્ત થાય છે. વાણીના વિજ્ઞાનથી મનની એકાગ્રતા થાય છે, ત્યારેજ વેદવાણીની પ્રાપ્તિ થાય છે. પુત્રપૌત્રાદિકની સાહાય્યતાથી અને સ્વપરિશ્રમથી ત્રૈલોક્યસ્થ પદાર્થના પરિજ્ઞાન થવાથી ત્રૈવિદ્યાનું પૂર્ણ ફલ પ્રાપ્ત થાય છે એજ મહાવ્યાહૃતિની મહતા છે.

– अयंलोकः– अग्निः– ऋचः– प्राणः
ः–अन्तरिक्षम्– वायुः– सामानि– अपानः
ः– असौलोकः– आदित्यः–यजूंषि– व्यानः
ा– आदित्यः– चंद्रमा– ब्रह्म– अन्नम्

ा वा एताश्चतस्रश्चतुर्द्धा । चतस्रश्चतस्र व्याहृतयः । ता यो
द स वेदब्रह्मम् ॥ छा. प्र–३.

ાર પ્રકારની એક એવી ચાર વ્યાહ્રુવૃતિના ચાર પ્રકાર થવાથી સોળ પ્રકાર થાય છે. જે પુરૂષ આવ્યાહ્રૃતિને યથાતથ્ય છે તેજ બ્રહ્મને જાણે છે અને બ્રહ્માપદ પામે છે. માટે भूः स्वः બ્રહ્મના વાચક છે એમ સમજવું.

: तत्–वक्षमाण इंद्रियैरग्राह्यम् परोक्षम् ब्रह्मम् ॥

દ્રિયોથી ગ્રહણ ન થઈ શકે તેવા પરોક્ષ બ્રહ્મના વાચ્ય , तत्, सत् આ ત્રણ પ્રકારના સાંકેતિક નામના નિર્દેશ પર-ાનાજ સ્વરૂપને દેખાડે છે અને તે નામ વેદ અને લોકના ને અનુકુલ છે. એમ ઋષિલોકોએ નિશ્ચિત કરેલું છે.

ओंतत्सदिति निर्देशो ब्राह्मणास्त्रिविधः स्मृतः ।
ब्राह्मणास्तेन वेदाश्च यज्ञाश्च विहिताः पुरा ॥

गीता अ. १९. २३,२४,२९.

બ્રહ્મપદ વાચ્ય પરમાત્માના ओं–तत्–सत् આ ત્રણ પ્રકારના છે. એમ વેદમાં કથન છે. તેને પૂર્વકાલમાં વેદવેત્તા લોકો

ઋષિ, "વેદ અને યજ્ઞો," મંત્ર, જ્ઞાન અને કર્મથી સંસારના સંપૂર્ણ વ્યવહારોને લોકોમાં દાખલ કર્યા આ કારણથી વેદાનુયાયી લોકોમાં યજ્ઞ, દાન, તપ, આ ક્રિયાઓમાં નિરંતર "ओरम्" ના ઉચ્ચાર કરવાની પ્રવૃત્તિ થાય છે આ વેદવિહિત યજ્ઞાદિ ક્રિયામાં મોક્ષની ઈચ્છા કરનાર લોકો ફલેચ્છા ત્યજી દઈ યજ્ઞ, તપ અને દાનની ક્રિયા "तत्" શબ્દના ઉચ્ચારની સાથે કરે છે. તેમજ હે પાર્થ! "सत्य" સત્ય અને સાધુભાવમાં પણ સત્ શબ્દના પ્રયોગ હોય છે. તથા મંગલ કાર્યમાં પણ "सत्" શબ્દના પ્રયોગ કરવાની રૂઢી છે.

तदेजति तन्नैजति तद्दूरे तद्वन्तिके ।
तदन्तरस्य सर्वस्य तदु सर्वस्यास्य बाह्यतः ॥

यजु. अ. ४०-५.

तद्विष्णोः परमम्पदꣳसदा पश्यन्ति सूरयः ।
दिवीव चक्षुराततम् ॥ यजु. अ. ६-५.

ઇત્યાદિ વેદમંત્રમાં બ્રહ્મવાચક "तत्" શબ્દનું કથન કરી પરમાત્મા જ્ઞાનરૂપી યજ્ઞનું કથન કરે છે.

"सदेव सोम्येदमग्र आसीत्" આ વાક્યમાં "सत्" શબ્દથી બ્રહ્મયજ્ઞનું વર્ણન કરેલું છે. યજ્ઞ, તપ, અને દાનમાં જે સ્થિતિ છે (નિષ્ઠા અને ભાવ) તે "સત્" શબ્દથી કહેવાય છે અને તેમાં કર્મ

કરવાનું છે, તે પણ સત્ કહેવાય છે. અશ્રદ્ધાથી કરેલા યજ્ઞ તપ અને દાનને "અસત્" કહે છે. અસત્ ભાવ અને અસત્ કર્મથી કરેલા કાર્યનું ઇષ્ટ ફલ આ લોક તથા પરલોકમાં મળતું નથી. સત ભાવ, સત્ કર્મ, સત્ સ્થિતિ, સત્ નિષ્ઠા અને સત્ કર્મ એટલે બ્રહ્મભાવ, બ્રહ્મસ્થિતિ, બ્રહ્મનિષ્ઠા, અને બ્રહ્મકર્મ સમજવું. સત્ અને તત્ શબ્દના પ્રયોગ બ્રહ્માતિરિકત ઈતર પદાર્થમાં પણ આવે છે. પણ બ્રહ્મજ્ઞાન, બ્રહ્મકર્મ અને બ્રહ્મ-ઉપાસનામાં તો તેઓ બ્રહ્મનાજ વાચક છે એમ જાણવું વિવેચનનો સાર એજ છે કે આ મંત્રમાં તત્ શબ્દ પરમાત્માવાચકજ છે. આ વૈદિકકર્મમાં સત્ શબ્દના ઉચ્ચાર સાથે જે કર્મ કરાય છે, તે કર્મમાંના સત્ શબ્દમાં બ્રહ્મભાવદર્શક સત્તા હોય છે. એમ સમજીને જો કર્મ કરવામાં આવે તો તે સત્કર્મ એટલે બ્રહ્મકર્મ છે એમજ સમજવામાં આવે છે.

૪ **सवितुः**—षुञ्—अभिषवे षूङ्—प्राणि—गर्भविमोचने આ ધાતુ ઉપરથી સવિતા શબ્દ સિદ્ધ થાય છે. यश्चराचरं जगत सुनोति सूते वोत्पादयति स सविता परमेश्वरः । सविता पद-नाम । निघ० ५—४६। સવિતા શબ્દ નિઘણ્ટુમાં પદનામનાં વર્ગમાં આવે છે. તે શબ્દની નિરુક્તિમાં યાસ્કાચાર્ય કહેછે કેઃ—

सुविते, सु इते, सूते, सुगते, प्रजायामिति वा ।

सुविते मा. धा. इत्यपि निगमो भवति (सुविमा सुविधा)

नि. नै. अ. ४—११.

પ્રસવ અને ઐશ્વર્ય અર્થમાં સુ ધાતુ છે. તેનાથી સવિતા શબ્દ બને છે પ્રજામાં પ્રસવ અને ઐશ્વર્યાદિનો જે હેતુ હોય છે તેને જે યથોચિત ગતિ આપનાર છે અને તેની શ્રેષ્ઠ સ્થિતિ જેનાથી થાય છે, તે સવિતા છે. સારાંશ સમ્પૂર્ણ સંસારનું જ્ઞાન ગમન અને યથોચિત પ્રાપ્તિ એમનો જે હેતુ છે તે સવિતાજ છે. "सुवित्ते" આ શબ્દના જેવી "सु" ની સાથે मा. घा. શબ્દના સંયોગથી "सुविमा, सुविधा" એવા શબ્દો વેદમાં થાય છે.

શતપથ બ્રાહ્મણમાં સવિતા પદવાચ્યના શબ્દાર્થ જ્ઞાનથી, સવિતા શબ્દમાં જે સત્તા છે તેનું નિરુપણ કરવામાં ઋષિ એમ કહે છે કેઃ—

"सविता वै देवानां प्रसविता तपोहस्मां एते सवितृ प्रसूता एव सर्वे कामाः समृध्यंते"॥ शत. २–१. २. १९.

દેવોને જે પ્રસવ કરે છે અર્થાત પ્રગટ થવાના અને ઐશ્વર્યાદિની વૃદ્ધિ કરવામાં જે હેતુ છે તેઓની સવિતા આ અન્વર્થક સંજ્ઞા છે. આ સવિતા જે છે તેમાં સવિતૃ શક્તિ જ્યાંથી આવે છે તેનું (પરમેશ્વરનું) જ્ઞાન થવાથી સર્વે ઇષ્ટ સિદ્ધિની પ્રાપ્તિ થાય છે.

૯ **वरेण्यं**—वृ—ऋ, अर्—वर्—एण्यः वर+ए=वरेण्—इ+अ=य वृञ एण्यः। वरेण्यः। उ० ३. ९८. । व्रियते स्वीक्रियते ऽसौ वरेण्यः। श्रेष्ठो वा। સ્વીકાર અર્થમાં જે वृञ ધાતુ છે તેને उणादि "एण्यः" પ્રત્યયથી वरेण्यः શબ્દ થાય છે. જેને व्रियते

એટલે સ્વીકાર કરવા લાયક છે જેનો આખી દુનીઆ સ્વીકાર કરે છે અને જેઓ આખા સંસારનો સ્વીકાર કરી રહેલા છે, તેની **वरेण्यः** અન્વર્થક સંજ્ઞા છે. શ્રેષ્ઠનો બધા સ્વીકાર કરે છે. સર્વ શ્રેષ્ઠનો પણ શ્રેષ્ઠ પરમાત્મા છે તેથી સ્વીકાર કરવા લાયક જગતમાં, હરેક દિવ્ય ગુણવાન પદાર્થમાં પરમાત્મા સિવાય કોઈ શ્રેષ્ઠ નથી. જગતમાં હરેક દિવ્યગુણવાન પદાર્થમાં જે સામર્થ્ય છે તે, તે પરમાત્માથીજ લઈને તેવા તેવા પદાર્થો સ્વયં દિવ્ય-ગુણવાન થઈ ગયેલા છે. અને તેવા ગુણોથી તે તે પદાર્થ પોતે જ્યાંથી તે ગુણોનો સ્વીકાર કરેછે તે તેના (પરમેશ્વરના) સામર્થ્યની જગતને ઓળખાણ કરી આપે છે.

૬ भर्गः–' अञ्चूच्यञ्जियुजिभृजिभ्यः कुश्च ' इति भ्रस्ज-धातोरसुन्प्रत्ययः कवर्गादेशश्च । भर्जति पक्कं भवतीति भर्गः । प्रजापतिः तेजो वा । बाहुलकात्–ऊच्यते यत्र तत् ओकः । स्थानं वा । न्यङ्क्वादित्वात् कुत्वम् । भृजंति पापानि दुःख मूलानि येनतत् "

પાપરૂપ દુઃખોના મૂલોને નષ્ટ કરનારા પ્રભાવને भर्गः કહે છે.

૭ देवस्यः–देवं=" दातारं, हर्षकरं विजेतारं द्योतकं वा "

આવવું અને બધા પદાર્થને પ્રકાશીત કરવું, આ ક્રિયા કરનારો, તે દેવ, अस्य देवस्य–प्रकाशमयस्य शुद्धस्य सर्व सुख प्रदातुः परमेश्वरस्य=પ્રકાશમય, શુદ્ધ અથવા સુખ આપનાર પરમાત્માને દેવ કહે છે. दिवु ધાતુને अप्, પ્રત્યયથી દેવ શબ્દ થાય

છે. दिवु धातु (दिवादिगण) क्रीडा विजिगीषा व्यवहार द्युति स्तुति मोद मद स्वप्न कांति गतिषु ॥ આ અર્થવાચક છે दिवु ધાતુના ચુરાદિ ગણુમાંના પરીકુજન તરીકે દેખાડેલા છે. અર્થાત તે અવ્યક્ત નાદ, વા અસ્પષ્ટ નાદના વાચક છે, અને दिवु मर्दने ચગદાઈ જવું ઘોટવું અને નાશ થઈ જવો, આપણ દિવુધાતુના અર્થ છે.

૧ क्रीडा०—કરવામાં યોગ્ય આવી સૃષ્ટિની રચના કરનારો અને આ, પ્રમાણુમાં યોગ્ય સૃષ્ટિ છે તેના પર—

૨ विजयी०—થવાની ઈચ્છા કરનારને તે સ્થિતિ આપનારો, તેમજ જડ ચેતન જગતનો,

૩ व्यवहार०—ચલાવી તેનું અત્યન્ત જ્ઞાન છે તેનો,

૪ प्रकाश—કરનારો,

૫ स्तुति—તથા સૃષ્ટીમાંના અનેક તત્વના પોતાના અલ્પ બુદ્ધિથી નિરીક્ષણુ કરી તેમાં વિંટળાઈ જાય છે, તેમના,

૬ मदनो—મદનો નાશ કરનારો અને પરમત્માએ પ્રકાશીત કરેલા વેદ જ્ઞાનના ઉપદેશ જેવા આચરણુ કરનારો અને,

૭ मोद—(હર્ષ) ઉત્પન્ન કરનારો ઇંદ્રિયાધીન રહિ વ્યવહાર કરનારોની,

૮ स्वप्न०—સ્થિતિમાં પણ અન્તરયામીત્વથી પ્રેરણા કરનારો તેઓનું રક્ષણ કરનારો અને યોગાભ્યાસાદિ કર્મથી પોતાના આત્માની શક્તિની વૃદ્ધિ કરનારોની.

૯ कांतिनी०—વૃદ્ધિ કરનારો અને બ્રહ્મયજ્ઞ (સૃષ્ટિયજ્ઞ)નું જ્ઞાન પ્રાપ્ત કરી આપીને તેમાં સ્વતન્ત્ર.

૧૦ ગમન૦—કરવાની શક્તિ મુક્તાઆવસ્થામાં આપનારો, એક પરમેશ્વરેજ સર્વ શક્તિમાન હોવાથી તેનું નામ દેવ છે.

ભૌક્તિક અર્થમાં અવ્યક્ત અને અસ્પષ્ટ નાદ પ્રગટ કરનાર શક્તિને પણ દેવ કહે છે. અને શક્તિ સ્ત્રીલિઙ્ગી હોય છે માટે તે શક્તિને દેવી આ સંજ્ઞાથી ભાષામાં ઓળખવામાં આવે છે. આ દેવીમાં (શક્તિમાં) મર્દન એટલે ચગદવાની ક્રીયા કરવી, ઘોટવું, નાશ કરવો વગેરેની ક્રિયા કરવી આ પણ ધર્મ હોય છે. આ બધો અર્થ દિવુ ધાતુથી પ્રગટ થાય છે.

૮ **धीमहि०**—**दधीमहि । अत्र दुधाञ् धातोः प्रार्थनायां लिङ्। छन्दस्युभयथेत्यार्धधातुकत्वाच्छव् न । आतो पइटचेत्यकार लोपश्च । डुधाञ् धारण पोषणयोः ॥** अदा० ॥

ધારણ પોષણ અર્થમાં જે ડુધાઞ ધાતુ છે તે પ્રાથના અર્થમા લિઙ્ લકારના પ્રયોગથી વપરાયછે. તેથી ધીમહિ એટલે ધારણ કરવું કારણ, જગતમાં પરમાત્મા જેવો કોઈ શ્રેષ્ઠ નથી

અને સર્વ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ જે છે તેને ધારણ કરવાથી જગતમાં શ્રેષ્ઠતા પ્રાપ્ત થાય છે.

૯ धीयः०-धीरिति प्रजानामसुपाठितम् ॥ निघं. ३९९. प्रज्ञा, અને ઉત્તમોત્તમ ગુણકર્મ સ્વભાવ પ્રાપ્ત કરવામાં.

१० यः-सवितादेवः परमेश्वरः—જેવો અન્તર્યામી છે અને સર્વ સુખ આપનારા છે તે પરમેશ્વર.

११ नः-अस्माकं=લોકોની.

१२ प्र०-प्रत्कष्टार्ये-શ્રેષ્ઠ અર્થને માટે.

१३ चोदयात्-प्ररयेत्-प्रेरणा કરે.

---

(૩) ગાયત્રી મંત્રના પદાર્થ.

अ—વિરાટ્ અગ્નિ અને વિશ્વાદિ.

उ—હિરણ્યગર્ભ, વાયુ અને તેજસાદિ.

म्—ઇશ્વર આદિત્ય અને પ્રાજ્ઞાદિ.

भूः—(भुरिति वै प्राणः) સર્વ જગતનો આધાર છે.

भुवः—(भुवरित्य पानः) સર્વ દુઃખથી રહિત અને જેના સંગથી સર્વદુખનો લય થાય છે તે.

स्वः—(स्वरितिव्यानः) નાના વિધ જગતમાં વ્યાપક છે, તેથી સર્વ જગત ધારણ કરનારો છે.

तत्—તેવો.

सवितुः—સર્વ જગતનો ઉત્પાદક અને ઐશ્વર્ય દાતા.

वरेण्यं—સ્વીકાર કરવામાં યોગ્ય જે અતિ શ્રેષ્ઠ છે.

भर्गः—શુદ્ધ સ્વરૂપ અને પવિત્ર કરનારો.

देवस्य—સર્વ દિવ્ય ગુણયુક્ત સર્વ સુખનો આપનારો અને જેની પ્રાપ્તિની કામના (इच्छा) સર્વ કરે છે તે પરત્માનુંજ.

धीमहि—અમે ધ્યાન કરીએ છીએ કારણ કે,

यः—તેજ એક સામર્થ્યવાન શક્તિ છે કે જે

नः धियः—અમારી બુદ્ધિ યોગાચરણ તરફ લગાડવાથી.

प्रचोदयात्—ખરાબ કર્મમાંથી છુટો કરી સારા કામમાં પ્રવૃત્ત કરે છે.

મનુષ્યમાત્રને ઉચિત છે કે, સર્વ જગતને ઉત્પન્ન કરનાર, સર્વનો સાક્ષી, પિતાસદૃશ વર્તમાન, ન્યાયેશ, દયાળુ, શુદ્ધ સનાતન સર્વ આત્માનો સાક્ષી, સર્વ દોષનો નાશ કરનાર, અત્યન્ત શુદ્ધ પરમેશ્વરનીજ સ્તુતિ, પ્રાર્થના અને ઉપાસના કરવી. તેની ધારણા કરવાથીજ તે અપને ખોટા અને નઠારા પ્રાપ્ત થયેલાં કર્મોથી છુટો કરી સારા ગુણકર્મ સ્વભાવની પ્રવૃત્તિ પ્રાપ્ત કરી આપે છે.

પ્રાર્થનાનો મુખ્ય સિદ્ધાન્ત આ જ છે કે, જેમ અથવા જેવી રીતની પ્રાર્થના કરવી હોય–તેવાજ પુરુષાર્થથી કર્મ કરી તે પ્રાર્થના આચરણમાં લાવવી, અને આવી રીતે પવિત્ર પુરુષાર્થથી આચરણ કરવાથી જ ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

ગાયત્રી મંત્ર.

(૪) સરળ શબ્દાર્થ.

છોકરાઓના યજ્ઞોપવીત સંસ્કાર ઘેર કરી દ્વિતીય વેદારંભ સંસ્કાર ગુરુકુલમાં કરવો પડે છે. ત્યારે માતાપિતા અથવા આચાર્યોને વિદ્યાર્થી છોકરાઓને અને છોડીઓને અર્થસહિત ગાયત્રીમંત્રનો ઉપદેશ કરવો પડે છે, માટે ગાયત્રીના પ્રથમ સરળ શબ્દાર્થ દેખાડી આપીશું અને પછી તે મંત્રની મહત્વતા અને તેમાં જે રહસ્ય છે તે બતાવી આપશું.

હે પરમેશ્વર! હે સચ્ચિદાનન્દ સ્વરૂપ! હે નિત્ય શુદ્ધ બુદ્ધ મુક્ત સ્વભાવ! હે અજ નિરંજન નિર્વિકાર! હે સર્વાન્તર્યામિન્! હે સર્વાધાર! જગત્પતે સકલ જગદુત્પાદક! હે અનાદિ! હે વિશ્વેશ્વર! સર્વ વ્યાપિન્! હે કરુણામૃત વારિધે! "सवितुर्देवस्य तव यदों भूर्भुवः स्वर्वरेण्यं भर्गोस्ति तद्वयं धीमहि, दधीमहि, धरेमही ध्यायेमवा, कस्मै प्रयोजनायेत्यत्राह. हे भगवन्! यः सविता देवः परमेश्वरो भवानस्माकं धियः प्रचोदयात् स एवास्माकं पूज्य, उपासनीय इष्टदेवो भवतु नतोन्यं भवत्तुल्यं भवतोधिकंच किञ्चित् कदाचित् मन्यामहे ॥

હે ભાઇઓ! જે સર્વ સમર્થમાં સમર્થ, સચ્ચિદાનન્દાનન્ત સ્વરૂપ નિત્યશુદ્ધ નિત્યબુદ્ધ નિત્યમુક્ત છે અને જે કૃપાસાગર યોગ્યન્યાય કરનાર, જન્મમરણાદિ ક્લેશરહિત, આકારરહિત, સર્વજ્ઞ સર્વનો ધર્મ પિતા, સર્વને ઉત્પન્ન કરનાર અન્નાદિકથી

સર્વનું પોષણ કરનાર, સકલ ઐશ્વર્યયુક્ત જગતકર્તા શુદ્ધસ્વરૂપ, પ્રાપ્તિ કરી લેવા લાયક એવો જે શુદ્ધ ચેતન સ્વરૂપ પરમાત્મા છે. તેનીજ અમે ધારણા અને ધ્યાન કરીએ છીએ, કારણ કે, તે પરમાત્મા આત્મામાં વ્યાપક છે. તેથી તે અમને અધર્મયુક્ત માર્ગ અને દુરાચારથી દૂર કરી સુયુક્ત શ્રેષ્ઠ માર્ગમાં જન્મની પ્રેરણા કરે છે. પરમાત્મા સિવાય બીજા કોઈ પણ પદાર્થનું ધ્યાન ધરવામાં અમને પ્રવૃત્ત થવું ન જોઇએ. કારણ કે, પરમાત્મા તુલ્ય બીજો કોઈ નથી. માટે તેનાથી શ્રેષ્ઠ તો કોઈ હોયજ નહી. સર્વાન્તર્યામિ પરમાત્મા અમારો પિતા, ગુરુ, રાજા, ન્યાયાધીશ અને સર્વ સૌખ્ય પ્રદાતા છે.

(૫) ગુરોપદેશ.

ओ३म्—स एषः पूर्वेषामपि गुरुःकालेनाऽनवच्छेदात् ।
तस्य वाचकः प्रणवः ॥ यो० १—२६—२७.

ગાયત્રી મંત્રને ગુરુમંત્ર પણ અન્વર્થક સંજ્ઞા છે. કારણ કે, તે મંત્રમાં ગુરુનો ઉપદેશ (જ્ઞાન) આપવાની સત્તા છે, અને દેશ, કાલ વસ્તુથી અવિછિન્ન સદૈવ એક રસ જે પરમાત્મા છે તે સર્વે ગુરુના પણ ગુરુ છે. જેટલા આજ સુધી ગુરુ થઈ ગયેલા છે તેમાંથી બહુજ થોડાની સંખ્યા બાદ કરી બીજા સર્વ દેશકાલ જોઈ વર્તન કરનારા હતા, તેથી લોકસમૂહના વિચારમાં અનેક પ્રકારની ક્રાંતિ થતી જાયછે, અને તેથી કરી મનુષ્યસમૂહની સંઘશક્તિ તુટી જાયછે તેના પરિણામરૂપે આજ આપણે

અનેક મતમતાંતરો જોઇએ છીએ. અને નવા નવા ગુરુજી, બાબાજી અને સાઇજીના મત્તો પ્રગટ થતા જાય છે. માટે આ દેશની અને લોકસમૂહની અધોગતિ થતી જાયછે. સત્ ગુરુ એટલે શું તે લોકો સમજતા નથી અથવા કેટલાક સમજવાની દરકાર રાખતા નથી. પણ સદ્ગુરુના શોધક જરા ગીતા-જ્ઞાન-ચક્ષુથી જોઈ લેશો તો (ગીતા અ.૧૭ શ્લોક ૨૩, ૨૪, ૨૫.) તેમાં મનુષ્યને સારૂ મહર્ષિવ્યાસજી એ ઉત્તમ ખુલાસો કરી દેખાડેલો છે. સદ્ગુરુ એટલે બ્રહ્મગુરુ અને બ્રહ્મજ સદ્ ગુરુ છે. કારણ તેઓ સદૈવ એક રસ હોય છે અને તેથી તેમનો ઉપદેશ પણ સદૈવ એક રસ જ છે. જ્યાં સુધી ઋષિ પરમ્પરાની ઉપદેશ પદ્ધતિ ચાલતી હતી અને જિજ્ઞાસૂની બ્રહ્મચર્યના આશ્રયથી ગ્રહણ સ્થિતિ સારી હતી અથવા હોય છે ત્યાંસુધી (તત્સિદ્ધિ) બ્રહ્મજ્ઞાન બ્રહ્મકર્મ અને બ્રહ્મઉપાસનાની સિદ્ધિ થાય છે અને આના અભવિ તો અંધપરમ્પરા થતી જાય છે અને તે સ્થિતિનો આપણને હાલ પુરેપુરો અનુભવ છે. જુઓ સાંખ્ય સૂત્રોઃ—

जीवन्मुक्तश्च	सांख्य अ० ४—९८
उपदेश्योपदेष्टत्वात्तत्सिद्धिः	सां० अ० ४—९९
श्रुतिश्च....	,, अ० ४—८०
इतरस्यान्धपरंपरा	,, ,, ,, ८१

ઉપદેશ કરવા યોગ્ય, અને ઉપદેશ કરવાનો ભાવ જેમ હોય છે તેમજ તે ઉપદેશની સિદ્ધિ હોય છે. શ્રુતિપણ જીવન્મુક્ત

હોવો જોઇએ એમ ઉપદેશ કરે છે નહી તો અન્ધપરંપરાની પ્રાપ્તિ થાય છે. જીવન્મુક્તથી પણ જે પર છે. તે પરંગુરુ પરમાત્માના વેદમાનોજ ઉપદેશ કરી પરમાત્માનું સર્વ માન્ય ગુરુત્વ લોકોમાં કાયમ રહી શકે તેવી ઉપદેશ પરંપરા જ્યા સુધી ચાલુ રહે છે, ત્યાં સુધીજ "તત્"ની (બ્રહ્મની) સિદ્ધિ થાય છે. પણ જ્યારે પરમાત્મા ગુરુના વારસા લઈ ઘણા લોકો પોતે ગુરુ થઈ જાય છે, અને ગુરુમંત્ર જે ગાયત્રી અથવા સાવિત્રી મંત્ર છે તેની જગાપર નવા નવા મંત્રો બનાવી તેનો પ્રચાર કરે છે. ત્યારેજ ખરૂ અંધપરંપરાનું પ્રાબલ્ય હોય છે. અનેક ખદ્યોત એકત્ર થઈ ગયા હોય તોપણ સૂર્યની સરખામણી કરવાની સત્તા તેનામાં આવવાનીજ નથી. તેથી અથવા સર્વ જગતના બીજ (રસ) એકત્ર કરી લીધા હોય તોપણ તે બીજના બીજ જે મહાબીજ હોય છે તથા રસનો પણ રસ જે રસેશ્વર હોય છે તેની સરખામણી કરવામાં કોઈ સમર્થ હોતો નથી. ન્યાયથી જોતાં ગાયત્રી મંત્રની સરખામણી કરે આવો બીજો કોઈ મંત્ર ચારે વેદોમાં નથી. તો વેદમંત્રની બહારના કૃત્રિમ મંત્રની શી ગણત્રી કરવી ? તે વાચકોજ પોતે વિચાર કરી જોઈ લેશે તોજ તે મંત્રના ભાવ (સત્તા) તેમના ધ્યાનમાં આવશે.

तस्य वाचकः प्रणवः यो. सू. २७.

तज्जपस्तदर्थभावनम् „ सू. २८.

બ્રહ્મ પદ વાચ્ય જે ગુરુ છે તેનો પ્રણવ વાચક છે અને આ પ્રણવનું જપ સર્વોપરિ શ્રેષ્ઠ છે. જપ (**तन्मयतारूप भावनम्**)

એટલે વાચ્ય વાચકનો સંબંધ કેવો છે તે જાણવા માટે વાચ પદથી વાચકનો અર્થ જ્ઞાન પ્રાપ્ત કરી તેનાથી અન્તરાત્માર સત (બ્રહ્મ) ભાવના પ્રગટ કરી ચિત્તને બ્રહ્મભાવમાંજ નિમ કરવું આજ જપ છે અને આવી રીતે ક્રમ ક્રમથી જપ સિ થાય છે ત્યારે સમાધિ પણ સિદ્ધ થતી જાય છે અર્થાત્ પરમ ગુરુનોજ આશ્રય લેવાથી અને પ્રણવનોજ (ओ३म्) જ સિદ્ધ કરવાથી નિર્વિકલ્પ સમાધિ સુધી આત્મા પહોંચી શકે એમજ શ્રુતિ સ્પષ્ટ કહે છે.

(६) श्रुति उपदेश.

यथेमां वाचं कल्याणी मावदानि जनेभ्यः । ब्रह्मराजन्याभ्याᳬशूद्रायचार्याय च स्वाय चारणाय। प्रियोदेवानां दक्षिणायैदातुरिह भूयासमयं मे कामः समृध्यतामुपं मादो नंमतु ॥ यजु. २६॥२.

(यथे मां) જેમ આ કલ્યાણકારીણી (वाचं) વાણી—વે વિદ્યા (जनेभ्यः) સર્વ જીવોના ઉપકારને માટે પ્રગટ કરેલી (તેમજ સર્વ વિદ્વાન લોકોએ તેને બ્રાહ્મણ, ક્ષત્રિય, (अर्याय વૈશ્ય, શૂદ્ર (चारणाय) અતિ શૂદ્ર, અંત્યજ (स्वाय) સ્વકી પુત્ર, ભૃત્ય વિગેરે સર્વેને ઉપદેશ કરવો જોઈએ. હું પક્ષપા

ત્યજી સર્વનો ઉપકાર થાય તે કાર્ય કરું છું તેથી વિદ્વાનોને પ્રિય થઈ ગયેલો છું. તથા સર્વને સર્વસ્વદાન કરવું એ જે મારૂં શીલ છે તેથી પણ હું સર્વને પ્રિય થઈ ગયેલો છું માટે સર્વ વિદ્વાન લોકોએ પણ પરોપકાર બુદ્ધિ અને સદાચરણથી સર્વને વેદોપદેશ કરવો. (मे अयं कामः) મારા આ સંકલ્પનો (समृद्धयताम्) હે વિદ્વાનો, તમે યથાવત્ પાલન કરો. તમારી સદોપદેશ કરવાની ઇચ્છા વધતી જશે અને તમોને ઈષ્ટ સૌખ્ય પણ પ્રાપ્ત થશે આ મારો આશીર્વાદ છે.

દેવ, ઋષિ અને પીતરની યોગ્યતા પ્રાપ્ત કરવાનું સાધન જે વેદ છે, તેનો પ્રકાશક જો પરમાત્મા છે તેને આ મંત્રથી ગુરુ શિષ્યની પરંપરા કેવી હોવી જોઈએ અને નિરપેક્ષ બુદ્ધિથીજ ઉપદેશ કરવામાં આવે ત્યાં સુધીજ તે પરંપરા કેમ કાયમ રહે છે તેનું ઉત્તમ ચિત્ર વ્યક્ત કરેલું છે.

પરમાત્મા પોતાની જીવરૂપ પરા પ્રકૃતિને બ્રહ્મરૂપના અર્થાત અપરા પ્રકૃતિના મંત્રથી જે ઉપદેશ કરે છે તે મંત્રને ગુરુમંત્ર એવું કહેવાયછે. મંત્રદ્વારા ઉપદેશ કરવો અને તે મંત્રને સાક્ષાત્ કરી અન્યને તેનું અનુશાસન કરવું આજ ગુરુશિષ્ય પરંપરાનો માર્ગ હતો તેને ઋષિ પદ્ધતિ (વેદમાર્ગ) પણ લોકો કહે છે.

મહર્ષિ વ્યાસ મહારાજે ગીતા અ૦ ૭ શ્લોક ૪–૫–૬–૭ માં જે બ્રહ્મસ્વરૂપનું વર્ણન કરેલું છે તે વર્ણન વેદમાં જેમ જીવ, ઈશ્વર અને પ્રકૃતિની વસ્તુસ્થિતિનું વર્ણન છે તેમજ છે, અર્થાત્

બ્રહ્મવિષયક વેદોપદેશનો ગીતામાં વ્યાસઋષિ સરળ અનુપદેશ કરે છે.

भूमि रापोऽनलो वायुः खं मनो बुद्धि रे व च ।
अहंकार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा ॥
अपरेयमिस्त्वन्यां प्रकृतिं विद्धिमेपराम् ।
जीवभूतां महाबाहो ययेदं धार्यते जगत् ॥
एतद्योनि भूतानि सर्वाणीत्यपधारय ।
अहं कृत्स्नस्य जगतः प्रभवः लयस्तथा ॥
मत्तः परतरं नान्यत्किं चिदस्ति धनंजय ।
मयि सर्व मिदं प्रोतं सूत्रे मणिगणाइव ॥

ગીતા અ૦ ૭ શ્લોક ૪ થી ૭.

પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, મન, બુદ્ધિ, અને અહંકાર (इति) આવી (मे भिन्नः अष्टधा प्रकृतिः) રીતે મારી આઠ પ્રકારની પ્રકૃતિ છે. તેમજ (इतः अन्याः प्रकृतिः) આ પ્રકૃતિથી જે અન્ય પ્રકૃતિ છે તે (जीव भूतां परां) ઉપર કહેલી પ્રકૃતિ, તેનાથી પર છે. અથવા પૂર્વથી શ્રેષ્ઠ છે. તે પ્રકૃતિ જીવરૂપ છે. આ જીવરૂપ પ્રકૃતિથી તે મહાબાહુએ જગત ધારણ કરેલું છે તે મહાબાહુને તું નિશ્ચય પૂર્વક જાણીલે.

હે અર્જુન! (सर्वानि भूतानि एतद्योमि) સર્વ પ્રાણીમાત્રના શરીરો તથા સર્વ સૃષ્ટિમાં જે ભૂતો છે તે બધાની બે પ્રકારની

પ્રકૃતિ–યોની છે. અર્થાત્ પરા અને અપરા પ્રકૃતિરૂપી કારણ-યુક્ત આ બધો સંસાર છે. (इति उपधारय) આનો નિશ્ચય કરી લેવો. પણ (अहं कृत्स्नस्य जगतः) હું (પરમાત્મા) આખા જગતની ઉત્પત્તિ અને નાશનો કારણ છું એમ જાણી લેવું.

હે અર્જુન ! (मत्तः) મારા કરતાં (પરમાત્મા કરતાં) (परतरम् अन्यत् किंचित् न अस्ति) બીજો કોઈ પણ શ્રેષ્ઠ છેજ નહીં. (सूत्रेमणि गणाइव मयि इदं सर्वं प्रोतं) સૂત્રનાં આધારપર જેમ મણીકાઓનો સમૂહ રહે છે તેમજ આ સંસાર મારા આધારે પૂરેપૂરો ભરી રહેલો છે.

(૭) પરમાત્માનું ઐશ્વર્ય શું છે ?

इशा वास्यमिदं सर्वं यत्किञ्च जगत्याञ्जगत् ॥

यजु० अ० ४० । म० १.

જે આ જડ ચેતન યુક્ત જગત છે. તે ઐશ્વર્યવાન્ પરમાત્માથી ભરી રહેલો છે. તેમજ ઉપનિષદ્કાર રૂપી પણ કહે છે કે:–

**“ यतो वा इमानि भूतानि जायंते येन जातानि
जीवंति यत्प्रयंत्यभि संविशंति तद्विजिज्ञासस्व ॥”**

પરમાત્મ ઐશ્વર્યથી આ ભૂત સૃષ્ટિ ઉત્પન્ન થઈ ગયેલી છે. તેનાથીજ સર્વ જન્તુ જીવન્તપણાનો વ્યવહાર કરવામાં સમર્થ થાય છે. અને અન્તે શરીરત્યજી દીધા પછી તેનાજ અધારે

અસ્થિત્વમાં રહે છે આવો જે ઐશ્વર્યવાન પરબ્રહ્મ છે તેને જાણવો એજ આપણું કર્તવ્ય છે.

પરબ્રહ્મથી ભૂત સૃષ્ટિ ઉત્પન્ન થાય છે આ વિચાર દર્શાવણાર "यत" શબ્દ છે. તેનાથી કેટલાક લોકોને શંકા થાય છે કે શું પરમાત્મા ભૂતસૃષ્ટિના ઉપાદાન કારણ છે? એટલે પોતેજ જગતરૂપ બન્યા છે? નહીં. આ શંકાજ નિરાધાર છે. જે બ્રહ્મ અચલ અખંડ અને અકાય આદિગુણ વિશિષ્ટ છે તેને જગત સ્વરૂપી બની ગયલો એમ જાણવું આજ અજ્ઞાન છે. વેદ ભગવાન તે શંકાનું સ્વયં જે પદથી નિરાકરણ કરેછે તે પદ "इशा" છે. (यत्+किम्+च) જે કંઈ (जगत्याम्) સૃષ્ટિમાં (जगत्) સ્વસ્વરૂપથી ઓછા વત્તાં થવાના ધર્મવાન, સ્વભાવથીજ ચલાયમાન, ઘટ આદિ પ્રત્યક્ષ, અને શાસ્ત્ર વચનથી અનુમાન કરી જાણવામાં યોગ્ય, જે પરમાણુ, આકાશ, મન, બુદ્ધિ અને ચેતન શક્તિ આદિ પરોક્ષ જગત છે તે (इदम्) પરમેશ્વરની અપેક્ષા સ્થૂલ, સૂક્ષ્મ સર્વ પ્રત્યક્ષા પ્રત્યક્ષ (सर्वम्) કાર્ય અને કારણ જગત (इशा) જેની સરખામણી કોઈ નકરી શકે, અથવા જેનાથી અધિક ઐશ્વર્યવાન કોઈ નથી, તે પરમેશ્વરથી (वास्यम्) આચ્છાદિત થઈ રહેલા છે. ગીતામાં પણ જે બે પ્રકારની પ્રકૃતિનું વર્ણન છે, તેજ પરા અને અપરા પ્રકૃતિ પરમાત્માનું ઐશ્વર્ય છે. અને તેનાથીજ આ જગતની રચના, ધારણ અને સંરક્ષણ પરમાત્મા કરે છે. સારાંશ પરમાત્મા જગતનો ઉપાદાન કારણ નથી પણ નિમિત્ત કારણ છે. આજ શ્રુતિ ઉપદેશ છે.

न मृत्युरासीदमृतं न तर्हि न रात्र्या अन्ह आसीत्प्रकेतः ॥ आनीदवातं स्वधया तदेकं तस्माद्धान्यन्नपरः किंचनास ॥

ऋग्वे० अ० ८. अ० ७, व १७.

(तर्हि) તે વખતે [સૃષ્ટિના આરંભમાં] (नमृत्यरासीदमृतम्) મૃત્યુ અને જીવન એનો વ્યવહાર નહતો. (न रात्र्या अन्ह आसीत्प्रकेतः) રાત્રી અને દિવસનો પણ વ્યવહાર ન હતો. તો તે વખતે શું હતું? (तत् अवातम् एकम्) નિશ્ચય એક બ્રહ્મ (स्वधया आनीत) સ્વધા સહિત (સ્વતઃ ધારણ કરેલા ઐશ્વર્યની સાથે) પ્રગટ હતો. (तस्माद्धान्यन्नपरः किञ्चनास) આ સ્વધા સહિત બ્રહ્મથી અતિરિકત બીજું કાંઈ પણ ન હતું.

(૮) સ્વધા અને સ્વાહા.

સ્વધા અને સ્વાહાના પ્રયોગો કર્મકાંડમાં પીતર અને દેવતાને અનુકુળ કર્મમાં વાપરવામાં આવે છે. માટે સ્વધા અને સ્વાહાના અર્થબોધ કરવામાં શું સત્તા છે તે જોઇ લેશું. स्वाहा= सु+आह=स्वाह. આ શબ્દ વાણીના પ્રસવ કાર્યનું વાચક છે. શ્રેષ્ઠ વાણીનો વ્યવહાર કરનાર તેજ પીતર હોય છે. જેમકે:—

उर्जं वहन्तीरमृतं घृतं पयः कीलालं परिस्रुतम् । स्वधास्थ तर्पयत मे पितृन् ॥

यजुः अ० २ मं० ३४.

(उर्जं वहन्ती) સર્વ મનુષ્યો એ આપણા પુત્ર, પૌત્ર, સ્ત્રી, નોકર આદિ સર્વને એમ આજ્ઞા આપવી કે (मे पितॄन् तर्पयत) અમારા જે માન્યવર પીતા, પીતામહાદિ, માતા, માતામહાદિ, આચાર્ય અને તેનાથી ભિન્ન, અવસ્થા અને જ્ઞાનવૃદ્ધ થયેલા માન્ય કરવાલાયક જે વિદ્વાન છે તેમનો (उर्जं) ઉત્તમોત્તમ જલ, પૌષ્ટિક અને અન્તઃકરણમાં આનંદ ઉત્પન્ન કરનારા સુગન્ધિત પેયદ્રવ્યો (अमृतं) રોગનાશક અનેક વિધ સ્થિર રસ, ધૃત, આજ્યં, (पयः) દુગ્ધ, (किलालं) સંસ્કાર કરેલી અનેક વિધ અન્ન (परिस्रुतं) તથા કાલ પકવરૂપોના રસ આદિ પદાર્થોથી નિત્ય સત્કાર કરો.

स्वधा–उदकनाम, अन्न नामसुच । निघं० ७–१२।२–१७॥

स्वाहा–वाङ्नामसुच ॥ निघ० १–११॥

કર્મ કાંડી લોક સ્વાહા અગ્નિની સ્ત્રી અને સ્વધા શબ્દથી પીતૃની સ્ત્રી માની બેઠે છે વેદનો શબ્દ કોશ જેનું નામ નિઘણ્ટુ છે તેમાં સ્વધાજળ એટલે કર્મ સાધન અને કર્મ ધારણ વાચક અન્નનાનામમાં આવેછે અને સ્વાહા વાણીનો વ્યવહારસૂચક શબ્દ છે. વેદના સર્વશબ્દ યૌગિક અને યોગરૂઢિ હોય છે, કેવળ રૂઢિ શબ્દ માની વેદમંત્રના અર્થ કરવાથી તેનું સ્વારસ્ય જતું રહે છે. પિતર કેવા હોય છે અને તેમનો સત્કાર કરવાથી શું લાભ થાય છે તે વેદજ પોતે દેખાડે છે.

आयन्तु न पितरः सोम्यासोऽग्निष्वात्ताः पथिभिर्देवयानैः । अस्मिन् यज्ञे स्वधया मदन्तोऽधिब्रुवन्तु तेऽवन्त्वस्मान् ॥

यजु० अ० १९ मं० ५८.

(ये सोमास्य पितरः) જે શાન્ત સ્વભાવ યુક્ત થઈ રહેલા છે. જે સોમવલ્યાદિ વનસ્પતિ અને દિવ્ય ઔષધીનો રસ તૈયાર કરવામાં ચતુરવિદ્વાન પુરુષ છે તેઓ તે રસથી સોમ એટલે વિર્ય અને વિર્ય પ્રદાતા અન્તરાત્મા છે તેની પ્રાપ્તિના માર્ગના જાણીતા હોય છે તે (अग्निश्वाता) અગ્નિ એટલે પરમેશ્વરનો, અભ્યુદય સુખ (લૌકિક સુખ) ને માટે સ્વીકાર કરે છે. તથા હોમ કાર્ય અથવા શિલ્પ વિદ્યાની સિદ્ધિને અર્થે જેમને ભૌક્તિક અગ્નિ અને તેનું જે વિદ્યુત રૂપ છે, તે વિદ્યાનું સ્વરૂપ યથાવત જાણે છે, તે વિદ્વાન અને પાલક ધર્મવાન હોય છે તે અગ્નિશ્વાતા પીતરો (आयन्तुनः) આપ કૃપા કરી અમારી પાસે આવતા જાવ અથવા અમે આપના સમીપ નિત્ય આવતા રહીશું. (पथिर्भि देवयानैः) કારણ કે વિદ્વન્માર્ગને આપ લોકોએ જાણી લીધો છે અને તે માર્ગ અમને જણાંવવા માટે હે પીતરો તમો આવતા રહો આસન જલ આદિથી અમે તમારો નિત્ય સત્કાર કરી શું. (अस्मिन यज्ञे) હે પીતરો આ સત્કારરૂપ યજ્ઞમાં (स्वध या मदन्तोऽधि ब्रुवन्तु) અમૃતરૂપ વિદ્યાનું દાન અને

પ્રકાશ કરવામાં અત્યન્ત હર્ષિત થઈ અમારૂં નિત્ય રક્ષણ કરો. પિતરોનો (વિદ્વાન પુરુષોનો) સદૈવ સત્કાર કરવાથી તેઓ વિદ્યાનન્દ, ઔષધિ, જલ, અગ્નિ, વિદ્યુતાદિ વિદ્યાનો ઉપદેશ કરી જગતમાં જ્ઞાનનો પ્રકાશ કરે છે અને સાધ્ય એટલે મોક્ષ વિદ્યાનું પણ યથાવત જ્ઞાન આપે છે.

સારાંશ સ્વાહા જ્ઞાનવાચક શબ્દ છે અને સ્વધા કર્મવાચક છે. વાણીના ઉત્તમ વ્યવહારનો બીજો જે એક માર્ગ છે, તે માર્ગમાં કાયિક, વાચિક અને માનસિક કર્મરૂપી વાણીનો સ્વીકાર કરી તે કર્મ સંસ્કારના વિપાકથી લિંગદેહને રંગ ચઢાવેલા જન્તુ જન્મમરણના ચક્રમાં ગુંથવાઈ ગયેલો હોય છે. તેથી તેઓ પિતા-પુત્ર થઈ જવાના જે માર્ગ છે તેજ માર્ગને વળગી રહેલા હોય છે.

येषांतु यादृशंकर्म भूतानामिह कीर्तितम् । મનુ૦ ૧–૪૨.

પ્રાણીમાત્રના જેવાં કર્મ હોય તે કર્મ પ્રમાણે શરીર બંધારણ થઈ પ્રાણીઓ જગતમાં પ્રગટ થઈ કર્મફલરૂપીજ આ શરીર છે એમ દેખાડે છે. એજ તેમનું પિતૃત્વ અથવા કર્મગતિનો ઉપદેશ છે, એમ મનુના શ્લોકનો ભાવ છે. તે ઉપરથી જગત સંસ્કારવાન સર્વ આત્મા પણ પીતર છે એમ નિશ્ચય થાય છે. જગત સંસ્કારવાન આત્માની સાથે સ્વાહા અને સ્વધાના વ્યવહાર હોય ત્યારે તેનાથી કેવા અર્થ બોધ થાય છે તે દર્શાવ્યા પછી પરમાત્માની સ્વધા શું છે તે જોઈશું.

अपा॒ङ्‌ प्राङे॑ति स्व॒धया॑ गृभी॒तोऽम॑र्त्यो॒ मर्त्ये॑ना॒ सयो॑निः । ता शश्व॑न्ता विषू॒चीना॑ वि॒यन्ता॒न्य१॒॑न्यं चि॒क्युर्न नि चि॑क्युर॒न्यम् ॥

ऋग्० अ० २, व २१, मं. ३॥

अथाध्यात्ममपाञ्चयति प्राञ्चयति स्वधया गृभीतोऽमर्त्य आत्मा मर्त्येन मनसा सह । तौ शश्वद्गामिनौ विश्वगामिनौ बहुगामिनौ वा पश्यत्यात्मानं न मन इत्यात्मगतिमाचष्टे ॥ निरु० परी० अ० २. २३।

(यं स्वधया) જે સ્વધાનીસાથે વર્તમાન હોયછે, (अपाङ् प्राङ् एति) ઉલટા અને સીધા પ્રાપ્ત થાયછે, (यः गृभीतः मर्त्यः) તે મર્ત્યને ગ્રહણ કરી રહેલા હોયછે પણ પોતે મરણધર્મરહિતછે. આવા જીવ (मर्त्येन सयोनिः) મરણ ધર્મસહિત શરીરાદિની સાથે યોનિરૂપે થઈ પડેછે. (ता—तौ मर्त्यामर्त्यौ जड चेतनौ) તે બેઉ મર્ત્ય અને અમર્ત્ય અર્થાત્ જડ ચેતન (शश्वन्ता विषूचीना वियन्ता—वर्त्तेते) સનાતન, સર્વત્ર ગમન કરનાર અને નાના પ્રકારથી જગતમાં પ્રગટ થઈ જનારા ક્રિયાથી વર્તમાન હોય છે. (तं अन्यं विद्वान निचिक्युः) તેમાંથી એક શરીર આદિના ધારણ કરનાર છે તેને વિદ્વાન જાણે છે અને (अविद्वंसश्च अन्यम् न निचक्युः) અવિદ્વાન લોક એકને નથી જાણતા.

વેદમાં સ્પષ્ટ વર્ણન છે કે, જગતમાં બે પ્રકારના પદાર્થ છે. એક જડ છે અને બીજો ચેતન છે. તેમાં જડ, અન્ય પદાર્થ અને પોતાને નથી જાણતા તથા જે ચેતન છે તે પોતાના સ્વરૂપને અને અન્યને પણ જાણે છે. આવા બે પદાર્થ અનુત્પન્ના અનાદિ અને વિનાશરહિત છે. તેજ પરમાત્માની સ્વધા છે અને તેજ પરમાત્માનું ઐશ્વર્ય છે.

(૯) પરત્માનું સામર્થ્ય.

ભૂત સૃષ્ટિમાં જે જે સામર્થ્ય આપણે જોઇએ છીએ તે સામર્થ્ય પરમાત્માની શક્તિ છે. પરમાત્માની શક્તિ ધારણ કરીને તે શક્તિનો પ્રકાશ કરનાર જે વિભૂતિ છે. તેનો 'मर्त्य' આ સંજ્ઞા છે. પોતાના પાલકની શક્તિનો સંગ્રહ કરી, તેનો પ્રકાશ કરી પાલકનું સત્ય સ્વરૂપ પ્રગટ કરવાનું જે કર્મ છે તેજ સ્ત્રીકર્મ કહેવાય છે. જેમ પૃથ્વી સૂર્યની સ્ત્રી છે. અગ્નિરૂપ અને વિવિધ કાર્યદ્વારા સૂર્યશક્તિનું અથવા તેના સામર્થ્યનો પ્રકાશ પૃથ્વી કરે છે તેમજ ભૂતસૃષ્ટિના કારણરૂપી વિભૂતિ પરમાત્મશક્તિને ગ્રહણ કરી તે શક્તિનો પ્રકાશ કરે છે માટે તે વિભૂતિને પણ "शक्ति" આ અન્વર્થક સંજ્ઞા આવે છે. પરમાત્મશક્તિ ધારણ કરવામાં જે શક્ત-સામર્થ્યવાન છે તે શક્તિ હોય છે.

નિત્યાનંદસ્વરૂપી મોક્ષદાયી પરમાત્મસ્વરૂપ અને સૃષ્ટિની કારણરૂપી વિભૂતિ-શક્તિ આ બે ક્ષોભક અને ક્ષોભ્ય શક્તિદ્વારા

જગતનો આરંભ થાય છે. ભવપાશ બદ્ધક કર્મથી ચિત્તમાં જે વાસનારૂપ સંસ્કાર રહે છે તેનો ગ્રાહક થઈ જે ધર્મવાન બને છે તે બીજમાં ક્ષોભ્ય સત્તા હોય છે. પણ તે સત્તાને પ્રકટ કરનાર ક્ષોભક જ્યારે ક્ષોભ્ય સત્તા પ્રકટ કરવાની ક્રિયા કરે છે ત્યારે તે બીજ વૃક્ષાકાર થતું જાય છે. સૃષ્ટિ બીજનો વૃક્ષાકાર થવાનો સમય જાણીને તે બીજમાં ક્ષોભ કરવાને જન્તુને પરમાત્મા યુક્ત કરે છે કારણ કે એ સામર્થ્ય પરમાત્મામાંજ છે. આજ અર્થના વાચક "ऐक्षत" આવું પદ બ્રહ્મવિદ્યામાં આવે છે. આવી રીતે સૃષ્ટિના બન્ધનમાં જે જન્તુઓ પડે છે તેને માટે ઈશ્વરે શું કરેલું છે તે હવે જોઇશું.

(૧૦) સ્વર્ગ એટલે શું?

अथ ईश्वरः सर्वापि श्रुतिर्भवपाश बद्धानां जन्तुनां स्वर्गा च मुक्तये च समुपदिशतिस्म ॥ आगमशास्त्र.

સંસારમાં મોહપાશ બદ્ધ થઈ ગયેલા જન્તુને સ્વર્ગપ્રાપ્તિ કરવા માટે તથા મુક્તિને માટે સર્વ શ્રુતિને એકઠી કરીને મનુષ્ય શરીરમાં સ્થાપન કરી મનુષ્યની વાક્ ઇંદ્રિયદ્વારા તે શ્રુતિની જગતમાં પ્રગટતા કરી પરમાત્મા આખા સંસારનો ઉપદેશ કરી રહેલા છે. તે શ્રુતિને જાણવું આજ લોકોનું પરમ કર્તવ્ય છે. અર્થાત્ મનુષ્યને આસીમન્ત અંતર બાહ્ય જે જે છે તેનું વિજ્ઞાન પ્રાપ્ત કરી લેવું, તેનું નામ અપરાજ્ઞાન, શ્રુતિબોધ અથવા અપર બ્રહ્મજ્ઞાન છે.

સ્વર્ગ અને મુક્તિની પ્રાપ્તિને માટે શ્રુત્યુપદેશ છે એમ જ્યારે ઋષિ લોકો કહે છે ત્યારે સ્વર્ગ એટલે શું? આ સવાલ ઉત્પન્ન થાય છે. સ્વર્ગ પ્રાપ્તિ પ્રથમ છે. અને પછી મુક્તિનીપ્રાપ્તિ છે. ત્યારે સ્વર્ગમાં જન્તુ આવ્યા પછીજ મુક્તિની પ્રાપ્તિ થઈ શકે છે.

ધર્મના લક્ષણુમાં ઋષિ કણાદ પણ આજ ભાવદર્શક સૂત્ર કહે છે. જેમકેઃ—

यतोभ्युदय निश्रेयसिद्धि स धर्मः ॥ વૈ૦ અ૦ ૧. ૧.

અભ્યુદય સુખ અને મોક્ષસુખ જેનાથી પ્રાપ્ત થાય છે તેજ ધર્મ છે. મોક્ષપ્રાપ્તિની પહેલાં અભ્યુદય સુખ પ્રાપ્ત થવું જોઇએ. બીજી રીતે જોતાં સ્વર્ગ પ્રાપ્તિની પછી મુક્તિની પ્રાપ્તિ છે. ત્યારે સ્વર્ગ વા અભ્યુદય સુખ એકજ સ્થિતિના વાચક હોય છે. તેમજ નિશ્રેયસ વા મોક્ષ આ બે શબ્દ પણ એકજ હાલત દર્શાવનારા છે.

સ્વર્ગ	....	મોક્ષ
અભ્યુદય	....	નિશ્રેયસ
મનુષ્યત્વ	....	પુરુષત્વ.

(૧) રસ, (૨) રક્ત, (૩) માંસ, (૪) મેદ, (૫) મજ્જા, (૬) અસ્તિ, (૭) વીર્ય.

(૧) ચક્ષુ, (૨) કર્ણુ, (૩) નાસિકા, (૪) રસના, (૫) સ્પર્શ, (૬) મન, (૭) બુદ્ધિ.

सप्त मेघांन पशवः पर्यगृह्णन् य एषां ज्योतिष्माँ उत यश्चकर्श । त्रयस्त्रिंशतदेवतास्तान्त्सचन्ते स नः स्वर्गम भिनेष लोकम् ॥ अथर्व कां. १२, अनु. ३–१६.

સાત પ્રકારની (સાત ધાતુની) યજ્ઞ ક્રિયા, ઇંદ્રિઓ તેમની ગતિના જ્યોતિના પૂર્ણ પ્રકાશ કરનારી છે. તેમાં તેત્રીસ દેવતાઓનો વાસ છે. તે આ સપ્તજ્યોતિને સાહાય કરે છે અને તેજ અમારું સ્વર્ગ હોય છે. આ લોક એટલે નામ, જન્મ અને સ્થાનમાંના કોઈ એકજ લોક સ્વર્ગ નથી.*

સ્વર્ગમાં જન્તુ જાય છે ત્યારે તેની સહાયક જે શક્તિ ત્યાં હોય છે તેનું વર્ણન જે અથર્વ મંત્રથી દેખાડેલું છે તે ઉપરથી સ્પષ્ટ થાય છે કે, આ સર્વ શક્તિ મનુષ્ય શરીરમાંજ જન્તુને પ્રાપ્ત થાય છે અને આ સર્વ શક્તિની સહાયતાથીજ આત્મા જગતની સાથે યથાયોગ્ય વ્યવહાર કરવામા સામર્થ્યવાન થઈ શકેછે. આજ સ્વર્ગમાં–એટલે મનુષ્યદેહમાં આત્માને કામધેનુ–વેદવિદ્યા પ્રાપ્ત થાય છે. ત્યારેજ આ શક્તિનું સ્વરૂપ અને તેનો કાર્ય કારણ સમ્બન્ધ દેહની સાથે કેમ છે તેનો બોધ થવાથી સ્વર્ગનું

---

* त्रयो लोकानीभवन्तिनामानि, जन्मानि स्थानानि च

नाम॰ भूः, भूवः, स्वः । **जन्म**, जरायुज, अण्डज અને खेदज.

તથા **स्थान॰** पृथिवि, अन्तरिक्ष, द्योः इति.

ખરું સુખ આત્માને મળે છે. આ આશયનો ઉપદેશ યજુર્વેદ મંત્રમાં પણ છે; તે જોવાલાયક હોવાથી અહીં તેનો ઉતારો લઈ લેશું.

ओं त्रया देवा एकादश त्रयास्त्रिंशाः सुराधसः । यजु० अ० २० मं० ११.

જો પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, સૂર્ય, ચન્દ્ર અને નક્ષત્ર આ આઠ વસુ પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન, સમાન, નાગ, કૂર્મ, કુકલ, દેવદત્ત, ધનંજય અને અગીઆરમા જીવાત્મા આ અગીઆર રુદ્રો, બાર આદિત્ય, બાર મહિના, (છ પ્રકારના જેમાં વિદ્યુત્ વ્યવહાર કરે છે અને તે સર્વના એક વ્યવહારને વજ્ર કહેવાય છે. તે સંવત્સર બાર મહિનાના હોય છે. "संवत्सरोहि वज्रः" સંવત્સરજ વજ્ર છે.

१ अनिम्+अनानिम्	=	विद्युत्	वज्रः
२ अनिकम्+निकम्	=	,,	
३ सोमम्=असोमम्	=	,,	
४ शल्भम्+अशल्भम्	=	,,	
५ विष्णुम्+न विष्णुम्	=	,,	
६ कुलमलम्+अकुलमलम्=		,,	

કારણ તેમાં બાર શક્તિનો સમાવેશ થઈ તેમાં વજ્ર ધર્મ પ્રાપ્ત થાય છે. આ વજ્રસ્વરુપી વિદ્યુત્ અને યજ્ઞ આ તેત્રીસ દિવ્ય ગુણવાન પૃથ્વ્યાદિ પદાર્થોના ગુણ, કર્મ અને સ્વભાવના ઉપદેશથી સર્વ મનુષ્યોની ઉન્નતિ થાય છે.

કારણ કે આ પદાર્થોથી યુક્ત મનુષ્ય શરીર છે. સ્વર્ગ શબ્દમાં અર્ક અને અર્જ આ ધાતુઓ છે. अर्क स्तवने। चु०। अर्ज अर्जने। भ्वा०। अर्ज पुजायाम्। चू०। अर्ज प्रजियत्ने।

सु+अर्क=स्वर्क=સ્તવન કાર્યને પ્રસવણાર તે સ્વર્ક હોય છે. (सु+अ)+(ऋक्)=स्व+ऋक्=स्वर्क.

शंनो॑ भवन्तु वा॒जिनो॒ हवे॑षु दे॒वता॑ ता-

मि॒तद्र॑वः स्वर्काः—યજુ૦ અ૦ ૯. ૧૬.

स्वर्काः स्वञ्चना इति वा स्वर्चन इति वा स्वर्चिष इति वा।

नि० दै. ६—४४।

(स्वः) सुखम्=सुअञ्चना=स्वञ्चना—ઐશ્વર્ય, જ્ઞાન અને ગતિને પ્રસવણાર સ્વર્ક હોય છે. તેમજ પૂજા અને સત્કાર આ જ્યોતિને પ્રસવણાર પણ સ્વર્ક છે. આ સ્વર્ક જ્યોતિ જ્યાં હોય છે તેજ સ્વર્ગ.

स्व॒र्यन्तो॒ नापे॑क्षन्त॒ऽआद्या॑ꣳरोहन्ति॒ रो-

द॑सी ॥ યજુ૦ અ૦ ૧૭–૬૮.

स्वःयन्तः=स्वर्गच्छन्तः ॥

સુખપૂર્વક ગમન કરે છે તેજ યોગાભ્યાસના પૂર્ણ નિયમ પૂર્વક કર્મ કરે છે. (नः) તેના સમાન અત્યન્ત સુખની જે ઇચ્છા કરે છે, તે તેના જેવાં કર્મ કરવાથીજ ઇચ્છાપૂર્વક આકાશ અને

પૃથ્વી આદિ લોક લોકાન્તરોમાં જાય છે. સ્વર્ગમાં આત્મા આવીને જ્યારે યોગાભ્યાસના નિયમપૂર્વક આચરણ કરે છે ત્યારે તેઓ ઇચ્છાપૂર્વક લોક લોકાન્તરમાં અબાધિત ગમાગમનરૂપી મોક્ષ પ્રાપ્ત કરે છે. સારાંશ સ્વર્ગ સ્થિતિ મનુષ્ય શરીર છે. જેને જ કલ્પવૃક્ષ આપણ સંજ્ઞા છે.

सु+अ=स्वर्क=અર્કને પ્રસવણાર તેજ સ્વર્ક હોય છે ત્યારે અર્ક એટલે શું ?

गायन्ति त्वा गायत्रिणोऽर्चन्त्यर्क मर्किणः
ब्रह्माणंस्त्वा शतक्रत उद्वंशमिव येमिरे ॥

ऋ० अ० १-१-१९.

હે (શતક્રનો) અસંખ્યાત કર્મ અને શ્રેષ્ઠ જ્ઞાનવાન પરમેશ્વર, (ब्रह्माणः) વેદનો અભ્યાસ કરી ઉત્તમોત્તમ કર્મ કરનાર મનુષ્ય, શ્રેષ્ઠ ઉપદેશ, ગુણ અને શિક્ષાથી (वंशं) આપણા વંશને (उद्येमिरे) પ્રશસ્ત ગુણયુક્ત કરી ઉદ્યમવાન કરે છે. તેમજ (गायत्रिणः) પ્રશંસા કરવાલાયક છંદ રાગ આદિ અધ્યયન કરેલા ધાર્મિક અને ઈશ્વરની ઉપાસના કરનાર પુરુષ (त्वा) પરમાત્માની (गायन्ति) સામવેદાદિકના ગાયનોથી પ્રશંસા કરે છે તથા (आर्किणः) વેદમંત્રોના નિત્ય અભ્યાસી જે નરો છે તે (अर्कः) સર્વ મનુષ્યમાત્રને પુજનિય છે. તે પણ (त्वा) પરમાત્માને (अर्चन्ति) નિત્ય પુજે છે.

અર્ક શબ્દની નિરુક્તિ મહર્ષિ યાસ્કાચાર્ય દેખાડે છે કેઃ—

अर्कोदेवो भवति यदेनमर्चन्ति । अर्कोमंत्रोभवति यदेनार्चन्ति । अर्कमन्नंभवति अर्चति भूतानि। अर्को वृक्षोभवति कटुकिम्ना ॥ नि० रु० नै० ५—४.

દેવો—વિદ્વાનો જે પરમાત્માને નિત્ય પૂજે છે તે મનુષ્યોમાં અર્ક છે. જેનાથી પરમાત્માનું યથાયોગ્ય જ્ઞાન થાય છે, જેથી કરી તેનો યોગ્ય સત્કાર થઈ શકે છે, તે વેદમંત્ર પણ અર્ક સંજ્ઞક છે. સર્વ વાણીના અર્ક તેજ છે. અર્ક અન્ન છે જેનાથી સર્વ ભૂતનો સત્કાર થાય છે. કારણરૂપી પ્રકૃતિ ભૂતનું અન્ન છે. તેથી તે અર્કવત્ છે. અને જેમાં કટુવિર્ય છે તે વૃક્ષ સર્વ વૃક્ષમાં અર્ક રુપે છે. સારાંશ વેદમંત્ર, કારણ રુપ પ્રકૃતિ, (महत्तत्व) બુદ્ધિ, અને કટુવિર્યનો જ્યાં પ્રસવ થાય છે તે **સ્વર્ક** છે. ऋक् (વેદમંત્ર) " ऋगतौ " ધાતુથી બને છે—" ऋचन्ति स्तुवन्ति पदार्थानां गुण कर्म स्वभावानां यया सा ऋक् " જેનાથી સંપૂર્ણ જગતના પદાર્થોની સ્તુતિ થાય છે અર્થાત્ તેઓના ગુણ કર્મ અને સ્વભાવનું જ્ઞાન થાય છે તે ऋक् છેઃ—

" ऋक् असौ वेदाश्च ऋग्वेदः " અને આ ऋक् જ્ઞાન જેમાં છે તેને ઋગ્વેદ કહે છે. સર્વ વિવેચનનો સાર આ આવે છે કેઃ—ઋકનો જ્યાં પ્રસવ થાય છે, જ્યાં સ્વર્ક જન્મ પામે છે, સ્વર્કનો જ્યાં સત્કાર થાય છે અને સ્વર્ક પ્રાપ્તિના પ્રતિયત્ન જ્યાં થઈ શકે છે તેજ સ્વર્ગ હોય છે. અને આ સ્વર્જ જ્યાં-

પર ગતિમાન થાય છે તે સ્વર્ગ હોય છે. આ સર્વ સ્થિતિનો ભાવ મનુષ્ય શરીરમાંજ હોય છે. તેથી આત્મા મનુષ્ય શરીરમાં આવે છે ત્યારે તે સ્વર્ગમાં આવી ગયો એમ સમજવું. સ્વર્ગમાં આવ્યા પછી તેમનો આગળનો પ્રયત્ન મુક્તિને માટેજ હોવો જોઈએ. મનુષ્ય શરીર પશુ વ્યવહાર કરવાને માટે નથી આ બાબત હમેશાં સ્મરણમાં રાખવા લાયક છે એનું કારણ પણ એજ છે કે મનુષ્ય શરીરથી મુક્તિજ સાધવાની છે. પશુ ભોગ તો અન્ય યોનિમાં ઘણો કરેલો હોય છે એને માટે સ્વર્ગમાં કામધેનુ (वेदविद्या) અને (हंसत्व) સદસત્ વિવેક બુદ્ધિની પ્રાપ્તિ કરી લીધી હોય તોજ (अमृत) મોક્ષત્વ આજે સ્વર્ગ છે તે પ્રાપ્ત થશે. અને કામધેનુ અને હંસત્વની પ્રાપ્તિ ન કરેલી હોય તો મનુષ્યનું શરીર સ્વર્ગીય શરીર નથી. તેને નરકનું શરીર કહેવાય છે.

" नरकं न्यरकं नीचैर्गमनं न अस्मिन्नरमणं स्थानमल्पमप्यस्तिति वा ।" નિ૦ નૈ૦ ૧-૧૧.

નરક એટલો અધોગતિનો માર્ગ. જેમાં જ્ઞાનરૂપી રમણ નથી. અલ્પબુદ્ધિ, સાંકડા વિચાર, અદૂરદર્શિત્વ હોય છે, મુક્તિના માર્ગ કરતાં વિરુદ્ધદિશાનો જે માર્ગ છે તેજ નરક હોય છે. સ્વર્ગમાં દેવતા (विद्वान) ઋષિ (વેદજ્ઞાતા) વાસ કરે છે કારણ તેમની ગતિ મુક્તિ તરફ હોય છે. મનુષ્યદેહમાં વા બ્રાહ્મ્ય તનુમાં આવ્યા પછી મુક્તિ સુધી તેજ તનુ મળતું જશે આને માટે

મોટી ખબરદારી રાખવી પડેછે નહિં તો એકવાર મોક્ષનું સાધન ગુમાવી દીધું હોય તો તેવું પાછળથી જલદી મળવું અસંભવ છે. આને માટે પાંચ "બ્રહ્માહુતિ"ના ઉપદેશ છે જેવા કેઃ— "समुत्पदद्वक्दः" यो वै यज्ञमक्षर पंक्ति वेदाक्षर पंक्तिनायज्ञं न राप्नोति सुमत्पद्वग्द इत्येष वैयज्ञोऽक्षरपंक्तिना यज्ञेन राप्नोति एवं वेद । ए० पं० २ खं० ६ "सु" पूजितं, "मत्" प्रकहृष्टं, "पत्" सर्व व्यापि तच्च "वक्" सर्वस्य वक्तृब्रह्मैव दे फलानां प्रदातृतत् ।

મનુષ્ય વર્ગના ત્રણ મોટા ભાગ છે. ૧. રાક્ષસ વા અસૂર હિંસા કરવામાં જેઓ પ્રવૃત્ત રહે છે તે. ૨. મનુષ્ય જેમની વૃત્તિ સ્વાર્થ પરાયણ હંમેશાં હોય છે તે અને ૩. જો ભાગ દેવો-નો વિદ્વાનોનો હોય છે. આ ત્રણ જાતના માણસોને માટે દ, દ, દ, આ પાંચમી બ્રહ્માહુતિ છે. જેમકે વિદ્વાન દની આહુતિ કરે એટલે ઇંદ્રિયોનું દમન કરે, નહિં તો તેની વિદ્યા નિષ્ફળજ છે. મનુષ્યોપણ દનીજ આહુતી કરે એટલે દાન આપતા રહે, તોજ તેમની સ્વાર્થ વૃત્તિ ક્ષીણ થતી જશે. અને અસૂર પણ દની આહુતિ કરે એટલો દયાનો અંગીકાર કરતો રહે તો તેમાંથી અસુરત્વ ક્ષીણ થતું જશે. અને તેને બીજો જન્મ મનુષ્યનો મળશે. આ એક આહુતિ સિદ્ધ થવાથી બીજી ચાર આહુતિ સિદ્ધ થતાં વાર લાગતી નથી. કલ્યાણેચ્છુએ આ શ્રુતિ વિચારે અનુસરી પોતાનો આચાર સુધારવો જોઇએ.

(૧૧) બીજરૂપ શ્રુતિ તેજ ઓરમ્ ॥

મનુષ્યો–સર્વ શ્રુતિને એકઠી કરીને તમારા શરીરનું બંધારણ મે કરેલું છે. આવો ઉપદેશ શ્રુતિમાં આવે છે. ત્યારે શ્રુતિનો શું અર્થ છે તેપણ આપણે જોવું જોઇએ. શ્રુ–શ્રવણે–જે શ્રવણ કરેલું છે તે શ્રુત, અને જે નાદથી શ્રવણ કરતા આવેલો છે એ તે શ્રુતિ હોય છે. આકાશ વાયુના વડે સૃષ્ટિ શરીરમાંથી ઈક્ષણ પૂર્વક આન્દોલનો થઈ જેમ અનંત નાદો ઉત્પન્ન થાય છે તેમજ આ મનુષ્ય શરીરમાંથી પણ ઈચ્છાપૂર્વક નાદો પ્રગટ થાય છે. આ બે પ્રકારના નાદોનો સાપેક્ષભાવ સમજી લેવો એજ તત્વજ્ઞાન છે. અને તેજ જ્ઞાન મોક્ષસુખનું સાધન છે. આ બે જાતના નાદ વા શ્રુતિ જેમાંથી એકને વેદ વા શબ્દ બ્રહ્મ સંજ્ઞા છે અને બીજાને નાદ બ્રહ્મ કહે છે. શબ્દ બ્રહ્મનો આધાર જ્યારે મનુષ્ય શરીર છે ત્યારે નાદ બ્રહ્મનો આધાર કુલ જગત શરીર છે. આ બે પ્રકારના બ્રહ્મતત્વ બોધક ઓમ્ અને ભુઃ, ભૂવઃ, અને સ્વઃ આ બે ત્રીકોણ છે, જે શબ્દ બ્રહ્મ અને નાદ બ્રહ્મની હદ દેખાડે છે. ઋષિ છાન્દોગ્ય ઉપનિષદ પ્ર૦ ૧ ખં૦ ૨૩ માં આ બે બ્રહ્મનું વર્ણનુ કરેલું છે. તે આ લેખમાં “ સાવિત્રીનો શબ્દાર્થ સંબંધ ” પ્રકરણ છે. તેમાં જોઈ લેવું.

तत् सवितुः આ શબ્દો દેખાડે છે કે तत्–ब्रह्म सवितुः છે, બ્રહ્મ સવિતા છે એટલો આ બે જાતના બ્રહ્મને પ્રસવણાર એકજ મહાન પ્રણવ વાચ્ય પરબ્રહ્મ શક્તિ છે. આ અનન્ત કોટી બ્રહ્માંડને રચનાર એકજ મહાન શક્તિ હોવાથી તેણે જગત રચનાનો

જે ઉપદેશ કરેલો છે તેનો સ્વિકાર કરવાથી સર્વ જડ ચેતનાત્મક જગતનું નિર્ભ્રમ જ્ઞાન થાય છે. " અથર્વવેદ " એટલે "(नथर्वति, न चरति चर संशये.)" જે જ્ઞાન સંશયનું નિરસન કરે છે તે અથર્વ જ્ઞાન હોય છે. બ્રહ્મજ્ઞાન દર્શક વેદત્રયીનું અધ્યયન થયા પછી આ અથર્વ જ્ઞાનનો જે સ્વિકાર કરે છે તેજ બ્રહ્માની પદવી પામે છે. અર્થાત્ જ્ઞાનીઓમાં બ્રહ્મા થાય છે અને તેનેજ આ મહાન જગતના કુટનો ખુલાસો થાય છે. વિરાટ્ વાગ્રૂપી ચારે શ્રુતિનો બીજવત્ જે ગુરુમંત્ર છે તે બીજનાં પણ બીજ એટલે મહા-બીજ અથવા રસનો પણ રસ એટલે રસેશ્વર અને સર્વ ગુરુ-ઓના પણ ગુરુ છે તેનો વાચ્ય " ओम् " છે. ગાયત્રીમંત્રનો આરંભ " तत् " શબ્દથી થાય છે. ' तत् ' તેજ અનંત શક્તિ-માન પરબ્રહ્મ છે, જેણે આપણને–જીવરૂપ પ્રજાને ગુરુમંત્ર વિચારને અર્થે સાધનરૂપે આપેલો છે, તે મહાનમંત્રની વર્ણ-સ્વરૂપી પ્રકૃતિ તરફથી ક્રમથી ધ્યાન આપીને જોઇએ ત્યારે ખબર પડે છે કે આ મંત્રના પર અર્થ મહેશ્વર છે. અને અપર અર્થ સૃષ્ટિ વિજ્ઞાન છે. જેમ કે ' ओम् ' મંત્રબીજથી અખિલ જગદાકાર વૃક્ષનો ઉદય થાય છે તેને ओम् બોધ રુપી ફળ આપે છે. અને અન્તે તે વૃક્ષ ' ओम् ' માંજ પ્રવિષ્ટ થઈ રહે છે.

यो वेदादौ स्वरः प्रोक्तः । वेदान्ते च प्रतिष्ठितः ।
तस्य प्रकृति लीनस्य यः परः स महेश्वरः ॥

तै० आ० प० १०–१०–३.

વેદના (आदौ) આદિમાં (यः स्वरः) જે ઓંકારરૂપ સ્વર (प्रोक्तः) કહી રહેલો છે (च) અને (वेदान्ते) વેદમંત્રના અંતમાં (प्रतिष्ठितः) પણ જેનું ઉચારણ થાય છે (तस्य) તે (प्रकृति लीनस्य) ઓંકાર સ્વરૂપ શબ્દનો (यः परः) જે પર અર્થ છે (सः) તે (महेश्वरः) પરબ્રહ્મ છે.

ઓમ્‌નું ઉચ્ચારણ વેદમંત્રના ઉચ્ચારણના આરંભમાં તથા અંતમાં કરવાની પ્રથા છે, પણ પ્રકૃતિમાં લીન થઈ રહેલા અને જેનાથી ઓંકાર નાદ નીકળે છે તેની પર જે છે તેજ પરબ્રહ્મ છે. પ્રકૃતિમાં આત્મા લીન થાય છે અને પ્રકૃતિરૂપજ પોતાને સમજે છે, તેથીજ આ જગતનો વ્યવહાર ચાલૂ છે, તે પ્રકૃતિ છે, એટલે પ્રાકૃતિક જગતનું મૂળ સ્વરૂપ છે. અને મૂળસ્વરૂપની બીજ આ અન્વર્થક સંજ્ઞા છે. બીજથી આરંભ અને બીજમાં પરિસમાપ્તિ આવી રીતે અપર બ્રહ્મની સ્થિતિ છે. પણ પરબ્રહ્મ પરમ બીજ હોવાથી તેનો આરંભ અને તેની પરિસમાપ્તી હોય જ નહિં. તેથી તે સદૈવ એક રસજ છે, અને આ વૃદ્ધિ ક્ષય રૂપી બીજથી પરે છે. આવા અક્ષય બીજની સાથે અનન્ત (પરાન્ત) કાલ સુધી આનન્દમાં રહેવું આજ જીવનું કર્તવ્ય છે. વૃદ્ધિ ક્ષય ધર્મવાન બીજની સાથે આપણો વિષેશ સંબંધ હોવાથી અથવા આ વા બીજમાંજ લીન થઈ ગયેલા હોવાથી આ અપર બીજનો પૂર્ણ બોધ આપણને થવો અસંભવિત છે ત્યારે પર બીજનો તો ક્યાંથી પત્તો લાગશે. પરંતુ પરમ કૃપાળુ પરમાત્મા એ શ્રુતિના બંધનમાં રહી ગયેલા આત્માને

માટે શ્રુતિદ્વારા બીજ, વૃક્ષ અને અપરબીજ આ ત્રણેનાં વ્યષ્ટિ-રૂપે શું ગુણ કર્મ છે અને સમષ્ટિરૂપે તે કેવી રીતે કાર્ય કરે છે એનો આદ્યન્ત ઉપદેશ જે મંત્રોથી કરેલો છે અથવા જે મંત્રોમાં આ મહાન ઉપદેશ સમાઈ રહેલો છે તેજ આ ગાયત્રી સંજ્ઞક બીજ મંત્ર છે. શ્રુતિના અન્ય મંત્રોમાં બીજ અને વૃક્ષનો સાપેક્ષતા પૂર્વક ઉપદેશ છે પણ આ ગુરુમંત્ર, સંપૂર્ણ જડચેતનાત્મક જગતનું જ્ઞાન બીજ રૂપેજ આપે છે. આ મંત્રનો–બીજનો પણ બીજ ओरम् છે. તેથીજ તે મહાબીજ કહેવાય છે. આ ઓંકાર વાચ્યનો વાચક જે રસ છે, તે સોમ રસની આકાંક્ષા સર્વે ઋષી, મુની, યોગી કરે છે. સાવિત્રી તેઓને તે રસ પ્રાપ્તિને માટે સહાય કરવામાં સદૈવ તત્પર છે. ગાયત્રીની મદદથી દેવી અને દેવોને તે રસ મળે છે ત્યારેજ તેઓને આનંદની પરાકાષ્ટા થાય છે. માટે ઋષિઓ કહેતા આવેલા છે કેઃ—

रसं ह्ये वायं लब्ध्वा आनन्दि भवति ॥

આ પરમ રસ પ્રાપ્ત કરવા માટે મનુષ્ય દેહને સર્વસ્વ બ્રહ્માર્પણ કરવામાં તત્પર થઈ ગયેલો આત્મા ધન્ય ધન્ય છે.

॥ इत्योम् ॥

ओ३म्

ગુરૂમંત્ર મહિમા.

ગાયત્રી મંત્રનો અપરભાવ વિચાર.

ભાગ બીજો.

कर्मकांड.

ओम् भूर्भुवः स्वः । तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि ॥ धियो यो नः प्रचोदयात् ॥ यजु. ३६।३॥ ऋग्वे. मं. ३।५।६२।१०॥ यजु. ३ । ३५ । २२ ॥ यजु. २२ । ९ ॥ यजु. ३० । २ ॥ साम. उत्तर. ६ । ३ । १० ॥

ગુરુમંત્રનો શબ્દાર્થ મહત્વતા અને ભાવસમ્બન્ધીનું સામાન્ય વિવેચન પ્રથમ ભાગમાં કરેલું છે આ બીજા ભાગમાં તે મંત્રના અપરભાવ સમ્બંધી વિવેચન કરીશું. વેદનો દરેક મંત્ર જ્ઞાન, ઈચ્છા અને ક્રિયાશક્તિનો પ્રકાશક હોય છે અને આ ત્રણે વિ-

ષયોનો પરા અને અપરા વિદ્યામાં સમાવેશ થાય છે. અપરા વિદ્યાથી સૃષ્ટી સંબંધી ભૌતિક વિદ્યાનું જ્ઞાન થાય છે, પરંતુ તે વિદ્યા ગ્રહણ કરવાનું સાધન શબ્દ બ્રહ્મજ છે. અર્થાત ઓંકાર બીજમાં જે શબ્દ બ્રહ્મ છે તેનાથીજ भूर्भुवः स्वः માં જે નાદબ્રહ્મ છે તેનો સદ્બોધ થાય છે. નાદબ્રહ્મ તેજ તત્વરૂપ સૃષ્ટિશાસ્ત્રનો આધાર છે. ગાયત્રી બતાવે છે કે, ओम् (શબ્દબ્રહ્મ) અને भूर्भुवः स्वः (નાદબ્રહ્મ) ને પ્રસવણાર એકજ મહાન શક્તિ છે. માટે નાદબ્રહ્મ (તત્વરૂપ સૃષ્ટિ)ની રચના કરનાર પરમ આત્મશક્તિમાંજ સત્તા છે કે જે શબ્દબ્રહ્મ (વેદજ્ઞાન)નો પ્રકાશ કરી સૃષ્ટિતત્વ અને તેની રચનાનું ભવપાશ બદ્ધ જંતુને યથાવત્ બોધ કરી શકે. જે (सवितुः) સર્વ જડ ચેતનાત્મક જગતનો ઉત્પાદક ઐશ્વર્યપ્રદાતા અને જ્ઞાન પ્રચારક છે તેજ (वरेण्यं) અતિ શ્રેષ્ઠ હોવાથી સ્વીકાર કરવા યોગ્ય છે, અને તેજ એકનો સ્વીકાર કરવાથી જગતનું સત્સ્વરૂપ (ઉપાદાન કારણ) અને તેના વિકારસ્વરૂપ સમ્પૂર્ણ જગતનો બોધ થાય છે. અર્થાત્ ગાયત્રીના **પ્રથમ ચરણમાં** જગતના તત્વસ્વરૂપનું વિજ્ઞાન પ્રાપ્ત કરવા માટે પરમાત્માનો સ્વીકાર કરવો એવો ઉપદેશ છે.

સૃષ્ટીતત્વનું યથાર્થ સ્વરૂપ જાણવાની આવશ્યકતાનું કોને હોય છે? સાવિત્રી બતાવે છે કે જે અપવિત્ર હોય તેને. જંતુઓ જ્યારે અવિવેકથી શ્રુતિબંધનમાં (નાદબ્રહ્મમાં આવે છે ત્યારે તેઓ મલીન થઈ જાય છે અને તેઓની મલીનતાનું નિર્મૂળ

કરનાર જે (भर्गः) સ્વયં શુદ્ધસ્વરૂપ છે તેજ બીજાને પ
કરી શકે છે માટે તે (देवस्य धीमहि) દીવ્ય ગુણયુક્ત
સુખનો આપનાર જે પરબ્રહ્મ છે અને જેની પ્રાપ્તિની કા
(ઈચ્છા) સર્વ કરે છે તેજ પરમાત્માનું અમે ધ્યાન કરી ર
ધારણ કરીએ. કારણ કે તેના કરતા અમોને શુદ્ધ કર
સત્તા બીજામાં નથી. ગાયત્રીના **બીજા ચરણમાં** જીવાત
સ્વશુદ્ધિ માટે શુદ્ધસ્વરૂપ પરમાત્માનું ધ્યાન કરવાનો ઉપદેશ

બુદ્ધિને શુદ્ધ કરી પરમાત્મા તરફ ધ્યાન કરવાની પ્રે
કરવામાં તેજ (यः) એક સામર્થ્યવાન શક્તિ છે. જે (नः धि
અમારી બુદ્ધિ (પ્રચોદયાત્) યોગાચરણ તરફ લગાડી ર
જાળમાંથી છુટકારો કરી લેવા પ્રવૃત્ત કરે છે. ગાયત્રિના **તૃ
ચરણમાં** પ્રેરક પરમાત્મા, જીવાત્માને ખરાબ કામમાંથી
વૃત્ત થવાને સદૈવ પ્રેરણા કરે છે પણ જીવાત્માનું માયાજાળ
વધારે ખેંચાણ હોવાથી તેઓ અંતર આત્માની પ્રેરણા
ધ્યાન આપી શકતા નથી અને વધારે ને વધારે સંસાર રજ
બંધાતા જાય છે. આ રજ્જુ ઢીલા કરવાનો અનેક ઉપાય
સંસારમાં જેટલાં કર્મ કરવાં પડે, તે સારા કર્મ આસક્તિ ર
કરવાથી ધીરે ધીરે અભ્યંતર વૃત્તિ થાય છે અને પરમાત
પ્રેરણા તરફ ધ્યાન સ્થિર થઈ શકે છે.

(૧) બીજમંત્ર–અને તત્વસ્વરૂપ વિજ્ઞાન.

ગાગત્રીમંત્ર બીજ મંત્ર છે. સંસારના ત્રણ પ્રાણ અ
ત્રણ બીજનો ઉપદેશ ગાયત્રિના ત્રણ પાદમાં છે. ધ્યાનથી

ત્તની એકાગ્રતા કરી અન્તરમુખ થઈ ઋષિ લોકોએ જગતનાં ત્રણ કારણો જે નિશ્ચય કરેલાં છે તેનું વર્ણન શ્વેતાશ્વતરોપનિષદમાં છે. તેમાંથી ચાર શ્લોકોનો અનુવાદ અહિં કરીશું જેથી તે બીજ વિષય સમજવામાં સાધન રૂપ થાય.

જીવ, બ્રહ્મ અને પ્રકૃતિના પરસ્પર સંબન્ધના વિષયનું નિરૂપણ.

ज्ञा ज्ञौ द्वाव जा वीशानीशावजा ह्येका भोक्तृ भोगार्थयुक्ता ।
अनन्तश्चात्मा विश्वरुपो ह्यकर्ता त्रयं यदा विन्दते ब्रह्ममेतत् ॥
क्षरं प्रधानममृताक्षरं हरः क्षरात्माना वीशत देव एकः ।
तस्याभिध्याना द्योजनात्तत्वभावाद्भूयश्चान्ते विश्वमाया निवृत्तिः
ज्ञात्त्वादेवं सर्वपाशापहानिः क्षिणैः क्लेशैर्जन्म मृत्यु प्रहाणिः ।
तस्याऽभिधानात्तृतीयं देह भेदे विश्वैश्वर्य्यं केवल आत्मकामः ११
एतज्ज्ञेयं नित्यमेवात्मसंस्थं नातः परं वेदितव्यं हि किञ्चित् ।
भोक्ता भोग्यं प्रेरितारं च मत्वा सर्वं प्रोक्तं त्रिविधं ब्रह्ममेतत् १२

श्वेताश्वतरोपनिषदि. અ० ૧–૯, ૧૦, ૧૧, ૧૨,

(इशानीशौ) સર્વ શક્તિમાન અને અલ્પ શક્તિમાન (ज्ञा ज्ञौ) સર્વજ્ઞ અને અલ્પજ્ઞ (अजौ) અજન્મ અર્થાત અનાદી (द्वौ–स्तः) જીવાત્મા અને પરમાત્મા એ બેઉ છે. (हि) તેમજ નિશ્ચિત (एका) એક (अजा) સનાતની પ્રકૃતિ છે. આ અન્ન (भोक्तृ भोगार्थ युक्ता–अस्ति) ભોક્તા, જીવાત્મા ભોગ ઇંદ્રિયોથી વિષયોનું ગ્રહણ અને અર્થ એટલે ઇંદ્રિયોના વિષયોની

સાથે યુક્ત થાય છે (च) અને પૂર્વોક્ત બે અનાદિ આત્મામાંથી એક (अनन्तः आत्मा) સર્વવ્યાપક આત્મા છે (विश्वरूपः) તે સમસ્ત જગતને રૂપ આપે છે અર્થાત સંસારની રચના કરે છે (हि) તથાપી (अकर्ता) તેને સૃષ્ટીને માટે રાગદ્વેશાદિ કિંચિત નથી માટે તે અકર્તા છે, પરંતુ જગત રચનાનું કાર્ય સ્વભાવિક જ્ઞાનબળ અને ક્રિયાથી થાય છે, તે હેતુથી તેમાં કર્તા પણ, હોય છે. (यदा) જ્યારે (एतत् त्रयम्) દ્વૌ અજૌ અને એક અજા આ ત્રણુના સમુદાય (ब्राह्मम्) બ્રાહ્મ અર્થાત બ્રહ્મ અને તેના સંબન્ધિ પદાર્થોનાં છે એમ જ્યારે આ ત્રણેનુ જ્ઞાન થાય છે ત્યારે તે (विन्दते) બ્રહ્મને પ્રાપ્ત કરીલે છે અને તેનેજ બ્રહ્મ કારણુનું જ્ઞાન થાય છે ॥ ૯ ॥

(क्षरम्) અવસ્થાન્થાન્તર થનાર ધર્મવાન (प्रधानम्) પ્રકૃતિ સંજ્ઞક એક તત્વ છે (अमृताक्षरम्) અવિનાશી, અ વિપરિણામી જીવાત્મા દ્વિતીય તત્વ છે. (हरः) સંસારનું અદર્શન અથવા પ્રળય કરનાર હરઃ પરમાત્મા તૃતીય છે. (तत्र एकः देवः) તેવો અસાહાય દિવ્ય ગુણ યુક્ત પરમાત્મા (क्षरात्मानौ) પ્રધાનાત્મા અને જીવાત્માને (इशते) પોતાના અધિકારથી વશમાં રાખે છે (तस्य) તે પરમાત્માનુ (अधिध्यानात्) સંપૂર્ણ ભાવથી ધ્યાન કરવાથી (योजनात्) ચિત્તવૃત્તિ નિરોધરૂપ યોગ કરવાથી (तत्त्वभावात्) અને તત્વભાવ પ્રાપ્ત કરતાં કરતાં એક તત્વનું અવલંબન કરવાથી (भूयश्च विश्वमाया निवृत्ति) પુનરપી સર્વ પ્રકારની માયા અર્થાત અવિદ્યા છે તેનાથી નિવૃત્તિ થાય છે ॥૧૦॥

(देवम् ज्ञात्वा) પરમાત્માને જાણવાથી (सर्व पाशा पहानिः) સર્વ સંસાર પાશનો ઉચ્છેદ થાય છે (क्लेशैः क्षीणैः) અવિદ્યાદિ પંચ ક્લેશ ક્ષીણ થવાથી (जन्म मृत्यु प्रहाणिः) જન્મ મરણથી છુટકારો થાય છે. (तृतीयम्) જીવ પ્રકૃતિ અને પરમાત્મા આ ત્રણ પદમાં તૃતીય પદ પરમાત્માન્ છે તે પદ (विश्वेश्वर्य्यम्) સંપૂર્ણ ઐશ્વર્યવાન છે (तस्य अधिध्यानात्) તેનુ સદૈવ ચિંતન કરવાથી (देह भेदे) દેહથી છુટકારો થાય છે (केवलः आप्त कामः) ત્યારે દેહાદી સંગ રહિત થઈ કેવલ શુદ્ધ સ્વરૂપમાં સ્થિત થાય છે, અર્થાત તે ઉપાશકની સંપૂર્ણ કામના પૂર્ણ થાય છે ।। ૧૧ ।।

પૂર્વોક્ત ત્રણ શ્લોકમાં જે વિષય છે તેનો ઉપસંહાર આ શ્લોકમાં છે જેમકે (एतत् एव ज्ञेयम्) જગતનું કારણ જાણે છે તેને આ પૂર્વોક્ત ત્રણ કારણ સિવાય બીજું કંઈપણ મુખ્ય જાણવાનુ નથી, કારણ કે જગતનાં મુખ્ય કારણ આ ત્રણજ છે, આ ત્રણ કારણ (नित्यम्) આદિ અન્ત વિવર્જિત છે (આત્મ સંસ્થમ્) તેમજ આ ત્રણ કોઇનાં કાર્ય નથી તથા તેમનાં કોઈ પણ કારણ નથી તેથી તેઓ પોતેજ સ્થિત છે. આ ત્રણ જેવાકે (भोक्ता) જીવાત્મા (भोग्यम्) પ્રકૃતિ (च) અને (प्रेरितारम्) નિયન્તા છે તેને પરમાત્મા (मत्वा) જાણી લેવાથી (अतः परम् किञ्चित् वेदितव्यंन) તેનાથી આગળ બીજુ કંઈ પણ જાણવા યોગ્ય રહેતુ નથી.

"भोक्ता भाग्यं प्रेरितारं एतत् सर्वं त्रिविधम् ब्रह्मं प्रोक्तम्"
જગત્કારણ જાણવાના જીજ્ઞાસુ હોય તેમણે આ મુખ્ય ત્રણ કારણ જાણવા જોઇએ. ગાયત્રી મંત્ર પણ ત્રણ પાદથી આજ જગતના ત્રણ પાદનો ઉપદેશ કરે છે. અર્થાત્ ભોક્તા, ભોગ્ય અને પ્રેરિતાર આ ત્રણના એક ભાવનેજ બ્રહ્મ કરે છે.

ગાયત્રીમંત્રથી ત્રણ મહાબીજની સ્થિતિ અને તેની સત્તાનો પ્રકાશ દેખાડ્યા પછી બુદ્ધિનો ઉદય કરનાર બ્રહ્મની તત્વરૂપ અવસ્થાનું જ્ઞાન છે તે જોઇશું.

૨ ગાયત્રી ચોવીશ અક્ષરની હોય છે.

" चतुर्विंशत्यक्षरा गायत्री " छां. उ. २ ॥

अष्टाक्षरꣳहवाएकम् गायत्र्यैपदम् ॥ बृह. २९, १४, १.

ગાયત્રીના ત્રણે પાદના ૨૪ અક્ષરો.

		१	२	३	४	५	६	७	८
१	{	तत्	स	वि	तुः	व	रे	णि	यं
		अ	अ	इ	उ	अ	ए	इ	अं
२	{	भ	र्गो	दे	व	स्य	धी	म	हि
		अ	ओ	ए	अ	अ	ई	अ	इ
३	{	धि	यः	यः	नः	प्र	चो	द	यात्
		इ	अः	अः	अः	अ	ओ	अ	आ

चतुर्विंशति वैं संवत्सरस्यार्ध मासाः ॥ शथ. ३,४,४,२३.

" चतुर्विंशो वै पुरुषः "

૨૪ અક્ષરની ગાયત્રી હોય છે. અને પ્રાતઃસવનમાં મુખ્યતઃ ગાયત્રી છંદના પ્રયોગ હોય છે. આ ગાયત્રીછંદમાં આઠ અક્ષરનું એક એક પાદ હોય છે. અને ગાયત્રીના ત્રણે પાદ મળીને ૨૪ અક્ષરો છે. પ્રાતસ્સવનમાં ગાયત્રી છંદના પ્રયોગ છે તેનું કારણ જોતાં "સવન" શબ્દજ તેનો ખુલાસો આપે છે. "सवति उत्पादयति सुनोति निसारयति रसान वा स सवनः" પરબ્રહ્મ પ્રાપ્તિનો રસ જે અંતઃકરણમાં ઉત્પન્ન કરે છે, તેને બહાર વ્યવહારમાં લાવવાનો પ્રયત્ન કરાવે છે અને તેનો લોકમાં પ્રકાશ કરવાનો, કાર્ય કરાવવાનો જે પ્રથમ હેતુ છે તેજ "प्रातःसवन" છે. ગાયત્રીનાં પ્રાતઃસવન ૨૪ અક્ષરથી થાય છે. તેના વિચાર બ્રાહ્મણ ગ્રંથમાં પણ છે.—

तत्वरुपांचतुर्विंशति वर्णानां चतुर्विंशाति तत्त्वात्मकत्त्वात्तरुपता । तान्यक्षरन्यासेवक्षन्ते । अनेन गायत्र्यैक्षरै सार्द्ध तत्वन्यासो पिसूचितः ॥

ગાયત્રીના તત્વરૂપ ૨૪ વર્ણમાં ૨૪ આત્મતત્વરૂપતા છે. તેના અક્ષર ન્યાસથી વર્ણન કરેલા છે, તેનો વિશેષ ખુલાસો આગળ કરીશું.

अष्टाकपालाः सर्वे पुरोडाशाभवन्ति ।
अष्टाक्षरा वै गायत्री गायत्रमग्निश्छन्दः

स्वे नैवैन मेतच्छन्दसा धत्तेतानि सर्वाणी चतुर्विंशतिः कपालानि सम्पद्यन्ते चतुर्विंशत्य-क्षरा वै गायत्री—શથ. ૨, ૨, ૧, ૧૭.

कपालं—कं जलं पालयति तत् कपालं कं शिरो जल पालयति तत् कपालं । જળનું પાલન કરે છે તે કપાળ છે. માટે મસ્તકમાંના જળનું જેનાથી પાલન થાય છે તે ખોપરીને કપાળ સંજ્ઞા આપેલી છે. ઈંડાના ઉપરનું જે કઠણ આવરણ છે તે પણ કપાળજ છે. શરીરની રસક્રિયાનું પાલન કરવાને માટે જે કઠણ આવરણ છે તેને પણ કપાળ કહેવામાં આવે છે. અને નરમ પણ સ્નિગ્ધ આવરણ જે ચર્મરૂપમાં હોય છે તેને કૃષ્ણાજિન આ અન્વર્થક સંજ્ઞા હોય છે. "कं" શબ્દ જળવાચક કેમ હોય છે તેનો ભૂતલિપીથી ખુલાસો થાય છે અને તે શબ્દનો અર્થ પ્રતિપાદિત મંત્ર વર્ણ (Symbols) કેમ બને છે તેનું પણ જ્ઞાન થાય છે.

क् = અન્તર્યામી અગ્નિ દેવતાવાન વાયુ.	}	વાયુ ક્રિયાવાન તત્વ હોય છે.
अ = આત્મા „ આકાશ.	}	આકાશ દિપ્તિ ક્રિયાનું આધારવાન
म् = વરૂણ „ આકાશ.	}	તત્વ હોય છે.

रसवायु ज्योतिवायु	} રસબીજ कः વરૂણ વાયુ. }	૨ રસ બીજ + ૧ જ્યોતિવાયુ (वँ वँ) + (रिं)=(वँ^{२} रईं) વારી

वारि=($H^{2}0$) E. । વારી શબ્દ જળવાચક મંત્રવર્ણ (Symbols) થી બનોલો છે. વારી શબ્દમાં इ વિદ્યુત્ (ईन्द्र) વાચક

વર્ણુથી પૂર્ણુતા આવેલી છે. તેમ (H_2O) માં નથી. આ વિચાર કરવા લાયક બાબત છે.

પ્રાચિન ધાતુવાદ (Chemistry) થી અપરિચિત તથા વેદની યોગ્યતા ન જાણુનારા લોકો કહે છે કે પ્રાચિન કાળના લોકો જળઆદિ પંચભૂતનેજ તત્ત્વ સમજતા હુતા તેઓ જળનું પૃથક્કરણુ જાણુતા નહુતા. આ લોકોને માટે कं અને वारि શબ્દનું સ્પષ્ટિકરણુ અત્રે આપેલું છે તેનો વિચાર કરી, વેદ મંત્ર જળને માટે શું તત્વ બોધ આપે છે તે જોઈ લેવું.

देवानां मानें प्रथमा अंतिष्ठन्कृन्त त्रांदेषामुपंराउदांयन् । त्रयंस्तपन्ति पृथिवीमंनूपा द्वाबूबूंकं वहतः पुरीषंम् ॥

ऋग्वे० अ० ७ अ० ७ व १९. निरु० नै० २-२२.

देवानां-देवगणानाम्=દિવ્ય ગુણુવાન ગણુને माने-निर्माणे-પ્રગટ કરવાને માટે. प्रथम इति मुख्यनाम प्रतमो भवति=પ્રથમ એટલે મુખ્ય સ્થિતિ જેમાં સત્ત્વના અતિરેકથી. તમ ષંઢ વા બીજ સ્થિતિવાન હોય છે તે સમજવું. મધ્ય સ્થિતિના દેવગણોની આ સ્થિતિ હોય છે.

कृन्तत्रम्-अन्तरिक्षम्=कस्मादन्तराक्षा-

न्तं भवति अंतरि इमे इति वा शरीरेश्वन्तरक्षयमिति वा । निरु० नै० अ० २-१० ।

સુખસ્વરૂપ પરમાત્મામાં આ પ્રત્યક્ષા પ્રત્યક્ષ જગત ગુણોથી પૃથક હોય છે અને મૂળસ્વરૂપમાં કહે છે, તે પરમાત્માની સત્તાને અંતરિક્ષ આ નામ છે. તેમજ પીંડ વા બ્રહ્માંડ શરીરના સ્થૂળ ભાગનું પૃથક્કકરણ થઈ મૂળરૂપમાં બીજ રાખવાના હેતુથી આકાશાવરણને 'અંતરિક્ષ' આ અન્વર્થક નામ હોય છે.

उदायन–उदकं–अयन् [अय–गतौ ल्युट् (अन्–कृत् प्रत्यय) उद्–उत्कृष्टे ऊर्ध्वे क्रियायोगेषु] ઉર્ધ્વાદિ ગતિનો આધાર તેજ उदायन् એટલે उदक–उंद्–ण्वुल अक कृत प्रत्यय) જે ઉપર એકત્ર થતું જાય છે તે ઉદક કહેવાય છે. અથવા મેઘપણ તેનું અન્વર્થક નામ હોય છે.

कृन्तत्रमन्तरिक्षं विकर्त्तनं–मेघानां विकर्त्तनेन उदकं जायते= અંતરિક્ષ મેઘનું પણ નામ હોય છે. તે મેઘરૂપ અંતરિક્ષ અને (विकर्त्तनं) એ વિશેષ પ્રકારનું કાપવાનું અથવા પૃથક કરવાનું કર્મ થવાથી મેઘનું ઉદક નામ થાય છે. માટે મેઘનો ભૂતાર્થ જાણવાથી વિશેષ ખુલાસો થશે. मेघः–कस्मान् मेहतीति सतः । आ उपर उपल इत्येत्याभ्यां साधारणानि पर्वत नामभिः । उपर उपल मेघो भवति । उपरमन्तेऽस्मिन्नभ्राण्युपरता आपइति वा–मेहः । मिट्–घन् (अ–પ્રત્યય) मिह–સેચને (भ्वादि) જેનાથી અક્ષય

કોષનું સેચન કાર્ય થઈ તેને અપ તત્વમાં લાવવાનું કાર્ય થાય છે તે પરમાત્મ શક્તિનું નામ મેઘ છે. ઉપર, ઉપલ આ સાધારણ ગતિવાચક શબ્દથી મેઘનો બોધ થાય છે. કારણ જે અંતરિક્ષમાં ઊર્ધ્વ ગતિવાન કંપ લાવી તેમાં અભ્રનું ભરણ કરે છે તેથી મેઘનું ઉપલ પણ નામ હોય છે. આજ મેઘસંજ્ઞક અંતરિક્ષમાં જે જળ પ્રાપ્ત થાય છે, તે ત્રણમાં (विकर्त्तन) કંપન થવાથી જળ બને છે. તે ત્રણ "पृथिविमनूपांः । द्वा वृ वूकं वहतः पुरीषम् । पाचयति इति अनुपा. अनुपवन्ति (डुवप–बीजसन्ताने छेदने च । भ्वादि" ॥ માંથી એક બીજમાં સમાઈ રહેલા તત્વને બહાર કાઢી તેનો ફેલાવ કરવાને સત્તાવાન પૃથ્વીના અણુ કે જે સૂક્ષ્મ હોવાથી વાયુરૂપ હોય છે પણ વજનમાં ભારી હોય છે અને જેમાં છેદન ધર્મ પ્રાપ્ત થઈ ગયેલો હોય છે તેનો એક ભાગ (Oxygen તે આજ તત્વ) અને બીજા ભાગમાંના બે ભાગ (बृवूकं) જેવા કે ઊર્ધ્વ ગમન કરનાર જળ તત્વનું ધારણ કરનારા, તેને જળ પૂર્ણ કરનારા અને તેમજ જે વાહક ગતી લાવવામાં સહાય કરે છે તેવા અણુઓ મળી જાય છે. અને આ वृवूकं અણુ જેમાં અગ્નિતત્વ ગર્ભમાં એકત્ર થઈ રહેલું હોય છે તેમાં વિદ્યુતથી મહાન્ કમ્પ ઉત્પન્ન કરવાથી તે ગર્ભનું અગ્નિતત્વ નાદની સાથે બહાર આવી જાય છે. આવી રીતે આ ત્રણ મળી તેનું જળરૂપ થાય છે.

બ્રહ્મયજ્ઞની સામગ્રીનું આઠ વિભાગમાં વર્ણન કરેલું છે. તે

આઠ ભાગને કપાલ સંજ્ઞા છે. કારણુ તે આઠ ભાગમાં સંપૂર્ણ પુરોડાશનો સમાવેશ થાય છે. નાશ રહિત આઠ ભાગનો સમાવેશ તે ગાયત્રી છંદ છે.

"गायत्रमग्नेच्छन्दस्त्रिकपालो" ऐ० ब्रा० १–१.

ગાયત્રાખ્ય છંદ ત્રણુ ભાગના અગ્નિસંબંધી છંદ છે. જેને પ્રજાપતિનું મુખ કહે છે. પ્રજાપતિ એ જ્યારે પ્રજા નિર્માણનું કાર્ય આરંભ કરી ત્રિવૃત્ત મુખ નિર્માણુ કરવાનું ઈક્ષણુ કર્યું, ત્યારે તુર્તજ તે ત્રિવૃત મુખને અગ્નિ દેવતા અનુસરી તેજ આ ગાયત્રી છંદ છે. તે ગાયત્રીનાં પ્રતિપાદના આઠ અક્ષર છે. માટે તે આઠ ભાગના અગ્નિ સંબંધી પુરોડાશ*–અન્ન છે.

વિશ્વનું પુરોડાશ અગ્નિ અને વિષ્ણુની† પ્રક્રિયાથી થાય છે.

अग्ना वैष्णवं पुरोडाशं निर्वपन्ति । ऐ० ब्रा० १–१.

આ ક્રિયામાં અન્ય સર્વ દેવતાઓનો સમાવેશ થાય છે. અગ્નિ અને વિષ્ણુની પ્રક્રિયાથી જે પુરોડાશ થાય છે.

"तदाहुर्यदेकादशकपालः"—ऐ० ब्रा० १–१.

---

* पुरोडाशमिति स्वादति कर्मा । निरु० नै० ४–१० ॥

જેના સેવન પાચન આદિ ક્રિયાથી સૃષ્ટિવ્યવહાર ચાલે છે તે પુરોડાશ કહેવાય છે.

† प्रक्रियतेऽनया इति प्रकृति । જેનાથી જે બને છે તે તેની પ્રકૃતિ કહેવાય છે.

તેઓને એકાદશભાગનું પુરોડાશ કહે છે. આ પુરોડાશ અગ્નિ અને વિષ્ણુના અભિસંબંધના પરિણામરૂપે છે. તેના વિભાગની "कॢप्ति" કલ્પના આમ છે કે આઠ અક્ષર ગાયત્રી, અને ત્રીકપાલ અગ્નિ મળી ૮+૩=૧૧ ભાગનું પુરોડાશ થાય છે. તેમ આઠ અક્ષર ગાયત્રી અને ૧ અક્ષર પ્રણવ મળી ૮+૧=૯ નવ કપાલ પુરોડાશ થાય છે. શથ–૩–૪–१–९. આ નવ કપાલના હિસાબે ૯×૩=૨૭ અક્ષર થવા જોઇએ. નવ કપાલ નવ દેવતા વાચક છે. પણ પ્રણવ સર્વેની પ્રતિષ્ઠા છે. અને તે તો એકજ છે. તેથી ૮×૩ =૨૪ અને ૧ પ્રણવ મળી ગાયત્રીના ૨૫ અક્ષરગણની ગાયત્રી કરેલી છે. *સાંખ્યશાસ્ત્રમાં જે ૨૫ તત્ત્વની ગણત્રી છે તેનો મુળ આધાર આ અષ્ટ કપાલ પુરોડાશ છે. જેમ કેઃ—

सत्त्वरजस्तमसां साम्यावस्था प्रकृतिः ॥
प्रकृतेर्महानमहतोऽहंकारोऽहंकारात्पंच
तन्मात्राण्युभयमिंद्रियं तन्मात्रेभ्यः
स्थूलभूतानि पुरुषइति पंचविंशतिर्गणः ॥

सांख्य० अ. १–६१.

---

* **संख्यायन्ते ज्ञातव्याविषयायेन तत्सांख्यं ॥** જાણવા યોગ્ય વિષયની ગણત્રી કરી વર્ણન કરે છે તે સાંખ્ય શાસ્ત્ર હોય છે. અથવા. **सम्+ख्या । सम्यक् बुद्धि ।** એક ભાવ થઈ રહેલી બુદ્ધિને–જ્ઞાનને પણ સાંખ્ય બુદ્ધિ કહેવામાં આવે છે.

૧ પ્રકૃતિ		
૧ મહતત્ત્વ		
૧ અહંકાર		
૫ તન્માત્રા	} પરમાત્માની અપરા પ્રકૃતિ	
૧૦ ઉભય ઇંદ્રિયો		
૫ સ્થૂલ ભૂત		
૨૩		
૧ જન્તુઓ	,,	પરા પ્રકૃતિ
૧ પરબ્રહ્મ	....	પરમ આત્મા.
૨૫		

भूमिरापोऽनलो वायुः खं मनोबुद्धिरेवच ।
अहंकार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा ॥ ગિ૦ ૭—૪.
अपरेयमितस्त्वन्यां प्रकृतिंविद्धि मे पराम् ।
जीवभूतां महाबाहो ययेदं धार्यते जगत् ॥ ગિ૦ ૭—૬.

भूमिः, आपः, अनलः, वायुः, खं, मनः, बुद्धि અને अहंकार, એ મારી ભિન્ન આઠ પ્રકારની પ્રકૃતિ છે, અને પૂર્વ વર્ણિત જે આઠ પ્રકારની પ્રકૃતિ જેમાં ૨૩ ગણુનો સમાવેશ થયેલો છે તેનાથી અન્ય જે મારી પ્રકૃતિ છે તે જીવરૂપ છે. જે પરા નામ-વાળી છે. આ પરા નામવાળી જીવરૂપ પ્રકૃતિથી આ શરીરરૂપી જગત ધારણ કરેલું છે. તે જીવરૂપ પરા પ્રકૃતિનો આધાર પ્રણવ

છે. તે અપરા પ્રકૃતિના ૨૩ ગણુની સાથે જે પરા પ્રકૃતિ છે તે મળી ૨૩+૧=૨૪ ગણુવાળું જગત છે. પણ પરા પ્રકૃતિ જે પ્રણુવ વાચ્યના આધારે કાર્ય કરે છે તેને ગણત્રીમાં લેતાં કુલ વિશ્વ ૨૩+૧=૨૪+૧=૨૫ ગણુવાન છે. એમ જ્ઞાન થાય છે. પરમાત્મા અખીલ જગતમાંના જીવરૂપ આત્મામાં પ્રવેશ કરી રહેલા છે. તે તેના કર્મના પ્રમાણુમાં તેને નામ રૂપવાન કરે છે. આ આશય છાન્દોગ્ય ઉપનિષતમાં પણ છે. જુઓઃ—

अनेन जीवेनाऽत्मनाऽनु प्रविष्य नामरूपे व्याकरणवाणि०—
छा० ६ । ३ । २ ।

आत्मनाअनुप्रविश्य. આ બે પદ ઉપર ધ્યાન આપવાની જરૂર છે. પરમાત્મા જીવ થઈ અધમ શરીરમાં પ્રવિષ્ટ થાય છે આવા નિરાધાર વિચાર મગજમાંથી સમૂળગા કાઢી નાખવાને માટે ઉપલા વિચારને લઈ કર્મ કરવામાં આવશે તોજ જીવકોટી ઉન્નતિ પામવા લાગશે.

આ વૈષ્ણુવથી કુલ જગતનો વ્યવહાર થાય છે. તેની આધિભૌતિક પ્રતિષ્ઠા "अप" છે અને તે अप પછીથી સર્વ દેવોનો વ્યવહાર છે. મનુ આજ અપ પ્રતિષ્ઠાને સૃષ્ટિની આધિભૌતિક પ્રતિષ્ઠા કહે છે જેમકેઃ—

सोऽभिध्याय शरीरात्स्वात्सि सृक्षुर्विविधाः प्रजाः ।
अपएवससर्जादौ तासु बीजमवासृजत् ॥
मनु० १-८, ९-१०.

જીવમાં અનુપ્રવેશ થઈ રહેલા પરમાત્મા અધિષ્ઠાતારૂપે પોતે સ્વધારૂપ શરીરથી નાના પ્રકારની પ્રજા ઉત્પન્ન કરવાના વિચારથી અપરૂપી પ્રતિષ્ઠાને પ્રથમ નિર્માણ કરેછે. અપને નારા કહે છે. અને નરનામ જીવાત્મા અને પરમાત્માના છે જેનાથી નારાની પ્રકટતા થાય છે, માટે પરમાત્માને નારાયણ કહે છે. અને જે સમ્પૂર્ણ જગતના નિત્ય, અવ્યક્ત, સદસદાત્મક ઉપાદાન કારણ છે તેને વ્યવહારમાં લાવેછે ત્યારે તે પરમાત્માને લોકમાં "બ્રહ્મા" કહેછે.

અષ્ટાક્ષરા ગાયત્રી અને ત્રિકપાલ અગ્નિ મળી અગીઆર (૧૧) ભાગનું પુરોડાશ થાય છે. એમ ઐતરેય બ્રાહ્મણમાં વર્ણન છે. તેજ વિષયને તૈતિરેય સંહિતામાં ત્રિવૃત્ત મુખને અગ્નિ દેવતા અનુસરિ તેવો આ ગાયત્રી છંદ છે એમ વર્ણન કરેલું છે. તેજ ત્રિવૃત્ત અગ્નિ મુખ કેમ છે તે આપણે જોઇશું.

(૩) ત્રિવૃત્ત અગ્નિમુખ.

त्वष्टुर्हवैपुत्रः । त्रिशीर्षः—शतपथे १–६–२–७.

त्वष्टा त्विष्यतेऽसौत्वष्टा । सूर्यो वा=इकारस्याकारः ।

उणा. २–९५.

त्विष् दिप्तौ । થી ત્વષ્ટા શબ્દ બને છેઃ–

"त्वष्टा–तुर्णमश्नुतइति" तूर्णिःक्षिप्रनामसुपठितम्। निघं. १-१-४.

वहिश्रिश्रुयुद्रुग्ला हात्वरिभ्यो नित् । उ०-४-५७.

तूर्णि–त्वराति सम्यग्भ्रमतीति तूर्णिः । मनो वा ।

બહુ જલદીથી વ્યાપવાનું કામ કરે છે તે ત્વષ્ટા.

"तूर्णि-मन" त्विषेर्वास्याद्-दिप्ति कर्मणाः । अक्षतेर्वा-स्यात् करोति कर्मणा । माध्यात्मिक त्वष्टा । समा-म्नातोऽग्निरितिशाकपूणिः । नैरु० दै० २-१३-१४.

અગ્નિમાં ત્રિવૃત્ત ક્રિયા છે તેની એક ભાવરૂપી પ્રગટતા તે અગ્નિનું ત્વષ્ટારૂપ છે. એમ ઋષિ શાકપૂણી કહે છે. તૂર્ણિ કર્મ તેજ મન કર્મ હોય છે. વિશ્વમાં જેટલી વિવિધ ક્રિયા છે તેનું એકભાવરૂપ તેજ મન છે. આ મનને તેજ કારણથી 'પ્રજાપતિ' આ સંજ્ઞા છે. "प्रजापतिर्वैमनः"........ઇંદ્રિયોમાં, ચક્રમાં, શકટ વાયાનમાં તથા વ્યવહાર આદિમાં વિવિધ ક્રિયાની એક ભાવરૂપે પ્રગટતા થાય છે માટે તેમાં પણ ત્વષ્ટુત્વ છે, તેમજ પૃથ્વીની પ્રજનની, ભૂતરૂપને પ્રગટ કરનારા અને તેઓને યથા અભિષ્ટ છે તેનું દાન કરનાર જે દેવતા છે તે ત્વષ્ટા છે એમ વિદ્વાન્ માત્ર જાણી શકે છે.

વિશ્વની અનેક ક્રિયાના ભાવરૂપી જે મન છે તેમાં સંસારની ગતિમાંથી તારવાનું કાર્ય કરવાની યોગ્યતા છે. એ મનરૂપી મહાન બક્ષીસ પરમાત્માએ શરીર સાથે જીવાત્માને આપેલો છે. તે બક્ષીસનો દુરુપયોગ કરવાથી આત્માનું બંધન વધારે ને વધારે દૃઢ થતું જાય છે અને તેનો યોગ્ય ઉપયોગ કરવાથી તેજ મુક્તિ સુખ આપવાનો હેતુ બને છે. જેમ કેઃ—

मनः-જ્ઞાનવાચક મન્ ધાતુથી મન શબ્દ બને છે. પણ જ્ઞાનથી સ્તંભનક્રિયા થાય છે તે મન તત્ત્વ છે. માટે વિશ્વની વિવિધ

ક્રિયાનો એક ભાવ તે મન છે એમ કહેવાય છે. તેનું તત્ત્વજ્ઞાન થવાથી મનરૂપી મહાનભૂત આત્માને તાબામાં કેમ લાવવો તેનો બોધ થાય છે. પશ્ચાત તેને ઇચ્છાપૂર્વક કાર્ય કરવામાં લગાડવાના અભ્યાસ યોગનું આચરણ કરવાથી તે મનદ્વારા આત્મા વિશ્વમાંની ગમે તે ક્રિયા હોય તેની સાથે સાક્ષાત સંબંધ ધરાવી શકે છે. અર્થાત ગમે તે સંકલ્પ કરેલો હોય તો તે ક્રિયા મનદ્વારા આત્મા કરે છે તથા આત્મા શીવસંકલ્પ કરે છે ત્યારે તે મન શાંત થઈ રહે છે. આજ મનને "त्रिवृत्त चक्र" એવી સંજ્ઞાથી યોગીઓ ઓળખે છે. વિવિધ ગતિનો જ્યાં એકભાવ થઈ ગયેલો હોય તેની "चक्र" આ અન્વર્થક સંજ્ઞા છે. એમ શબ્દનું સત્યાર્થ જાણવાથી બોધ થાયછે. ત્યારે ત્રિવૃત્ત ચક્ર એજ મનચક્ર છે એમ નિશ્ચય થાયછે. આ ચક્ર જેમ વિશ્વમાં કુલ વિશ્વક્રિયાનું મુર્દ્ધસ્થાની (આશ્રય સ્થાની) છે, તેમજ મનુષ્ય શરીરનું શિર વા વિવિધ ક્રિયાનું આશ્રય સ્થાન મુર્ધા છે તે આ મનચક્રની સ્થિતિ છે માટે मै.उ. प्रपाठक ૬-૩૪ માં કહેલુંછે કેઃ—"मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः। बन्धाय विषयासङ्गि मोक्षो निर्विषयं स्मृतम् ॥ મનુષ્યના બંધ અને મોક્ષનો અવસ્થાનો હેતુ મન છે. મન જ્યારે વિષયાસક્ત થાય છે ત્યારે બંધનો હેતુ બને છે અને વિષયરહિત થાય છે ત્યારે મોક્ષસિદ્ધિ આપે છે. માટે મનની સત્તાના સ્વરૂપનું જ્ઞાન થવાથી બંધમાંથી છૂટવાનો વિચાર થશે અને તેને માટે કેવું કર્મ કરવું જોઇએ તેનો વાચકવર્ગ પોતેજ નિશ્ચય કરશે.

(૪) મનની સત્તાનું સ્વરૂપ.

सर्वेषामपि जन्तुनांमूर्ध्नि तिष्ठति चन्द्रमा ।
अधोभागे रविः प्रोक्तो मृत्युकालेविपर्ययात् ॥

आगम शास्त्र ॥

કુલજન્તુના મુર્દ્ધા સ્થાનમાં ચંદ્રમાની—મનની સ્થિતિ છે અધો ભાગમાં રવિ–અગ્નિ છે. પરંતુ મૃત્યુકાળમાં મુર્દ્ધામાં અગ્નિ જાય છે અને ચંદ્રમાં અધો ભાગમાં જાય છે. જે યોગી આ ચંદ્રસૂર્યની ગતિના વિપર્યાય થાય છે તેને જાણે છે તેજ ઇચ્છા મરણ પામે છે. ચંદ્રમાને–મનને–અથવા સોમને અર્થાત્ વિર્યને મૂર્દ્ધામાં જે દૃઢ કરવાની ક્રિયા જાણે છે તેજ ઈચ્છામરણી થાય છે. જેમકે ભિષ્મ પીતામહ બ્રહ્મચર્યને પ્રતાપ અને યોગાંગાનુષ્ઠાનથી ઈચ્છામરણ થઈ ગયા હતા. બ્રાહ્મણ ગ્રંથ પણ મનદેવતા વિષયનું વર્ણન કરી દેખાડે છે ત્યારે કહે છે કેઃ—

तस्मादाहुः । मनोदेवा मन्युष्यस्या जानन्तीति मनसा संकल्पयति तत्प्राणमपिपद्यते प्राणो वातं वातो देवेभ्य आचष्ट यथापुरुषस्य मनः ॥ ६ ॥

तस्मादेत दृषिणाभ्यनूक्तम् । मनसा

संकल्पयति तद्वातमपिगच्छति । वातो देवेभ्य आचष्टे यथा पुरुष ते मन इति॥७॥

शत० ३-४-२-६-७.

વિદ્વાનો, તમે આવા, મન અગ્નિના એક ભાવ રૂપે છે એમ જાણો છો. તમે મનથી જે જે પ્રાપ્ત કરવાનો નિશ્ચય કરો છો તે પ્રાણ પ્રાપ્ત કરી આપે છે. વાયુ પ્રાણ છે. અને મન જેટલું ગુણવાન હશે તેટલુંજ વાયુ પણ મનનું કાર્ય કરે છે. માટે વેદ કહે છે કે જેવું મન જે સંકલ્પ કરે છે તેવો વાયુ (પ્રાણ) તે પ્રાપ્ત કરાવે છે.

અષ્ટાક્ષર ગાયત્રી અને ત્રીકપાળ અગ્નિથી કુલ વિશ્વનું. પુરોડાશ (અન્નનું ધારણ) થાય છે. ત્રીકપાલ અગ્નિ મન છે. જેમાં વિશ્વની સંપૂર્ણ ક્રિયા શૂન્ય રૂપમાં (બીજ વા કેંદ્ર) છે તેનું સવન (જ્ઞાન પ્રસવ કર્મ) આઠ અક્ષરથી ગાયત્રી વા પ્રાણવિદ્યા કરે છે. તે મનનું અષ્ટદલ ચક્ર—આ નામ છે. તેની સ્થીતિ કુલ વિશ્વનું બીજરૂપ જે માનુષ શરીર છે તેની સાથે વ્યવહાર કરવાનું સ્થાન મુર્દ્ધામાં સર્વોપરી છે. પણ મનદેવતાનો વાસ તો હૃદયમાંજ છે. જ્યાંથી કુલ વ્યવહારનો આરંભ થાય છે. અને મુર્ધ્ધામાં તાર ઓફીસ છે ત્યાંથી "तरु तारं" કુલ તાર વ્યવસ્થા એટલે ધારણ, ताडन અને प्राणन् એટલે ગમન વ્યવહાર ચાલે છે. જેમ વેદ કહે છે કે:—

युवं पेदवे पुरुवार मश्विना स्पृधां श्वेतं तरुतारं दुवस्य थः । शर्य्यैरभिद्युं पृतनासुदुष्टरं चर्कृत्यमिन्द्रमिव चर्षणीसहम् ॥

ऋग० १-८-२१-१०.

हे × अश्विना × युवं × पेदवे × स्पृधां × पृतनासु × चर्कृत्यं × श्वेतं × पुरुवारं × दुष्टरं × चर्षणि × सहम्.
शर्य्यैं × अभिद्युम् × इन्द्रम्ऽइव × तरुतारं × दुवस्य थः ॥

હે સર્વ વિદ્યા વા દિપ્તિના વ્યાપક વિદ્યાનો વા દેવતાઓ × ઉભય ગુણવાન તમો × પ્રાપ્ત કરવામાં વા ગાતઓમાં × શત્રુએ વા અનિષ્ઠોને ઈર્ષાથી બોલાવનારી × સેનાઓ સમાન, ધર્મવાન દ્રવ્યોમાં × નિરંતર કરવા યોગ્ય × અતિવ ગમન કરવામાં વૃદ્ધ થએલાં × અને જેમાં ઘણાં લેવા લાયક યોગ્ય કામો થાય છે × જો શત્રુ તથા અનિષ્ઠ સ્થીતિ આને દુઃખોની સાથે ઉલંઘે છે × જેનાથી મનુષ્યો શત્રુઓ અને અનિષ્ઠાને સહન કરી શકે છે × જે તોડવાના, ફાડવાના, યોગ્ય પેચોથી બાંધેલા છે. વા × જેમાં કુલ વ્યવહારમાં વિદ્યુતની આગ ચમકે છે તેવો × સૂર્ય જેમ દૂર રહી કીર્ણોદ્વારા કુલ વ્યવહારમાં વર્તમાન હોય છે, તેમ × સંદેશાને જ્યાં ત્યાં પહોંચાડવાનું ભૌક્તિ તારયંત્ર વા અધિદૈવિક મન છે. × તેનું સેવન કરો.


મનુષ્યોએ મન અને તેનો દૈવિક અને ભૌક્તિ વ્યવહાર જાણી લઈ પરમાત્મસિદ્ધિ અને તારવિદ્યા સિદ્ધ કરી જગતમાં સુખ પ્રાપ્ત કરવું જોઈએ. જે લોક યોગીઓના (નિષ્કામ કર્મ કરનારા) સંગથી સમસ્ત વિદ્યાને પ્રાપ્ત કરે છે તેજ વ્યવહાર અને પરમાર્થ સિદ્ધિને પ્રાપ્ત કરે છે.

કુલ વિશ્વના પુરોડાશનું સંરક્ષણ અને વ્યવહાર આઠ કપાલમાં થાય છે. તેનું સ્વરૂપઃ—


મનુષ્યના શિરોભાગમાં (૨૨) બાવીસ અસ્થિ છે પણ તેમાં મુખ્ય શિરોસ્થી (૮) આઠજ છે.

આર્યકપાલ.


आ० १.



आ० २.



આ૦ ૩.




८	Occipital	...	...	...	... शिरपृष्ट
७	Mazellary	...	...	...	... मुखाधार
६	Nasal	...	...	...	... नासिक्य
५	Molar	...	...	...	... दन्ताधार
४	Temporal	...	...	...	... शंखास्ति
३	Sphenoid	...	...	...	... कापालाधिष्ट
२	Parietal	...	...	...	... तनुकरण
१	Frontal	...	...	...	... ललाटपट्टीकाधार.

आ मुख सहित शिरना आठ अस्थिना विभागनो चित्रो छे.

આર્યકપાલ શાસ્ત્રમાં હજારો ગતિના વ્યવહારના વર્ણનનો આઠ કપાલ અને આઠ શક્તિની અંદર સમાવેશ કરી દેખાડેલો છે તેનું જે કપાલમાં સ્થાન છે તે નીચે દેખાડેલું છે.

आर्य कापालशास्त्रनुसार आठ भागनुं चित्र.

આ૦ ૪.



૧ શિરપૃષ્ઠાસ્થિ	આશ્રમિકાશક્તિ	
૨ કર્ણવિવરાધારાસ્થિ	સ્વસંરક્ષણ	,,
૩ તનુકરણાસ્થિ	સ્વોત્કર્ષિણી	,,
૪ પ્રકૃત્યાસ્થિ	સ્વપ્રવર્તની	,,
૫ લલાટપટ્ટિકા	જ્ઞાનપ્રવર્તિકા	,,
૬ નાસિક્યાસ્થિ	વિષયગ્રાહિણી	,,
૭ નૃકપાલાસ્થિ	વિવેચની	,,
૮ પૌરુષાસ્થિ	મનોવ્યવહાર	,,

૧ ગ્રામ્ય. ગ્રહપ્રવૃત્તિ	સત્તા—	તારસંબંધ મૂલબંધ		૪	અક્ષર
૨ સ્વાહુત પરનિષ્ઠ	,,	સ્વાધિષ્ઠાન	,,	૬	,,
૩ સ્વાર્થભાવ	,,	મણિપુર	,,	૧૦	,,
૪ સાત્વિક ભાવ	,,	અનહત	,,	૧૨	,,
૫ અર્ધચિત ભાવ	,,	વિશુદ્ધાખ્ય	,,	૧૬	,,
૬ વિષય ગ્રહણ	,,	આજ્ઞાચક્ર	,,	૨	,,
૭ ચિચ્છક્તિ	,,	સહસ્રદલ	,,	ૐ	,,
૮ સુપ્ત	,,	બીજ અક્ષરાણિ—		...	....

* प्रतिभतारा, महत्तत्व वा तृतीय नेत्र.

अष्टकपालाधिष्ठ पचास सत्ता.

तथा

अष्टचक्रमाना दलाक्षर अने तेना परापर अर्थभाव.

चित्रपट अंक १.

सं०		चक्र दलाक्षर	दलनाम.	दलगुण.	मस्तिष्कस्थानीय दार्शिक सत्ता.		कपालास्थि.	श्वाससंख्या.
			परा अर्थ.		अपरा अर्थ.			
१			**मूलबंध.**	**आधारचक्र.**	**गुदोर्ध्वं.**		शिरपृष्ठास्थि	पृथि० लँ ६००
	१	मृ	योगानन्द	पिता	काम्यप्रवृत्ती	amativeness	1		(वँ³+लँ⁵)
	२	षृ	वीरानन्द	वाहाक	दाम्पत्यप्रेम	Conguguality	A		कँ
	३	श्रृ	महजानन्द	आगेहा	आपत्यस्नेह	Parental love	2		
	४	वृ	परमानन्द	गेहावा	आसक्तता	Friendship	3		धराप्राणाधिरूढ:
२			**स्वाधिष्ठान.**	**वरुणचक्र**	**लिङ्गमूलदेशस्थं.**			कर्णविवरास्थि	जल वँ ६०००
	५	लृ	पारिपूर्णी	मूर्च्छेना	निवासानुराग	Inhabitiveness	4		(वँ²+रँ²) रज
	६	रृ	अमूर्ती	अविश्वास, अवज्ञा	अविच्छेद्य	Continuity	5		वँ
	७	यृ	रोहिणी	कुबुद्धि	प्राणस्नेहन	Vitativeness	E		
	८	म	संग्राहिणी	गर्विनी—गर्वता	शौर्यता	Combativeness	6		
	९	भ	वारुणी	कीर्ति—क्रूरता	उच्छेदत्व	Destructiveness	7		नीलवर्ण जलाधिरूढ:
	१०	ब	अव्यक्ति	प्राणशक्ति, विनय	पोषणशक्ति	Alimentiveness	8		अग्निसमजल.
३			**मणिपूर.**	**वैश्वानरमंडलं.**	**नाभिपद्म.**			तनुकरणास्थि	अग्नि रँ ६०००
	११	फृ	दक्षिणी	निद्रा—कषाय	प्राणीधर्म	Acquisitiveness	9		
	१२	पृ	द्विशीर्षी	विपदा—विषाद	गोपन	Secretiveness	10		(वँ+यँ+रँ)
	१३	नृ	रोचना	गृहण—मोह	जागृत	Cautiousness	11		विष्णु वीज
	१४	धृ	तोषिणी	काम्रा—घृणा	स्वप्रशंसा	Approbation	12		रँ
	१५	दृ	कर्षणी	अनादि—भय	आत्ममर्त	Self esteem	13		वरुणवीज सोमवीज
	१६	थृ	शान्ती	आशा—लज्जा	दार्ढ्यता	Firmness	14		
	१७	त	भद्रा	पिशुन—पिशुन	अन्त:करणप्रवृत्ति	Conscientiousness	15		नीलाम्भोज प्रकाश
	१८	णृ	जया	लज्जा—ईर्षा	आशालु	Hope	16		इव. त्रिकोणमंडल
	१९	ढृ	शोषिणी	तृषा—तृष्णा	आत्मव्यवहार	Spirituality	17		अग्न्याधिरूढ:
	२०	डृ	वांक्षी	इच्छा—सुषुप्ति	आत्मभाव- पूज्यता	Veneration	18		
४			**अनाहत.**	**वायोर्मण्डलं.**	**हृदिपंकजे.**			प्रकृत्यास्थि	वायु यँ ६०००
	२१	ठृ	नाग	अहंकृति—शाठ्य	औदार्य	Benevolence	19		
	२२	टृ	सर्वरेखा	विवेकि-तत्वज्ञानी	शिल्पज्ञान	Constructiveness	20		
	२३	ञृ	सारंगिणी	वैकल्प-(अपूर्णता)	मानसिक कल्पना	Ideality	21		(वँ³ + लँ¹)
	२४	झृ	बध्रिकी (षंढ)	दंभ (असीमता)	प्रौढी (प्रतिमा)	Sublimity	B		यँ
	२५	ज	सुवार्मा	समता	जनकत्व—अनुकरणता	Imitation	22		
	२६	छृ	सारोहिणी	समीहा	निर्मिलत्व - अनुरूपता	Mirthfulness	23		
	२७	चृ	शोभना	चिंता	व्यक्तिता- ममता	Individuality	24		धूम्रवर्ण
	२८	ङृ	त्रिमाया	प्रकाश	रूपग्रहण. विषयस्पृहा	Form	25		कृष्णनील
	२९	घ	पद्मिणी	आशा	प्रमाणग्रहण. हसनकर्म	Size	26		अग्निजिह्वारूढ:
	३०	ग	विलया	अनुतापिता	गुरुत्वग्रहण	Weight	27		
	३१	ख	रतिप्रिया	प्रकटवितर्क	वर्ण (रंग) ग्रहण	Colour	28		
	३२	क	संभार	लोल्यप्रगल्भ्य	व्यवस्थाकर्म	Order	29		
५			**विशुद्धाख्य**	**नभोमंडलं.**	**कण्ठस्थान.**			ललाटपट्टिका	आकाश. हँ १०००
	३३	अ:	विष	नास्ति	गणित. मानसिक. ग०	Calculation	30		
	३४	अं	नि न ज्ञात	नि:शंका	आदिति विज्ञान	Locatity	31		
	३५	औ	ध उप ..	प्रभा	स्थल विज्ञान	... ...			
	३६	ओ	प प्रत ..	भानमति	वृत्तान्त विज्ञान	Eventuality	32		
	३७	ऐ	म उत् ..	नभ्रवर्णता	बिज विज्ञान	... ...			
	३८	ए	ग आन .	नम्रता	काल ज्ञान	Time	33		शुक्लवर्ण
	३९	लॄ	री प्र ..	उन्मनी	श्रुति ज्ञान	... ...			
	४०	लृ	गा हुं ..	मदालसा	राग ज्ञान	Tune	34		हँ
	४१	ॠ	अमृत	नि:संगी	वर्ण अक्षर ज्ञान	... ...			
	४२	ऋ	नमस	सभागी	भाषा ज्ञान	Language	35		रुद्रप्राणाधिरूढ:
	४३	ऊ	स्वाहा	ग्राहणी	गति विज्ञान	... ...			रजधर्मवान प्रकृति
	४४	उ	स्वधा	लोहिता	गति हेतु	... ...			सहित जीव
	४५	ई	वषट्	संकटारी	कार्यकारणविज्ञान	Casuality	36		
	४६	इ	हुं फट्	प्रीतघातनी	तुलना. निरूपण	Comparison	37		
	४७	आ	ऊद्गीथ	प्राणधारिणी	मनुष्य स्वभाव	Human nature	C		
	४८	अ	प्रणव	भद्रता	रम्यता. सौम्य	Agreeableness	D		
६			**आज्ञाचक्र.**	**अनाहतध्वनिस्थान.**	**भ्रूमध्य.**			नासिक्यास्थि	१०००
									(मृ+सोम+ अग्नि)
									स्थाना मध्यमा मननो निवासस्थान. प्रणव वीज. नादारूढ.
	४९	हं	चंद्र	चंद्रकला १६	महत्तत्व	... .			
	५०	हः	सूर्य	सूर्यकला १२	सृष्टिविज्ञान	... ...			
									महत्तत्वस्थान. ब्रह्मनाडीनुं उगमस्थान.

७ ॐ **महस्रदल**—ललाट सहित **शिरोस्थि स्थान**—मस्तक—विद्युल्लिस्थलीन शून्यरूक. आ स्थानमां निर्वाण शक्ति छे. शिवस्थान, तुरीयस्थान **अथवा** परमज्योतिस्थान अर्थात ब्रह्मस्थान एटले मोक्षनुं द्वार छे. श्वास... ... ... १०००

२१६००


८ ० **अष्टदलमनचक्र**—मुद्रास्थान. आ स्थानथी आत्माने माटे मन प्राणापानथी समजण चलावे छे. श्वास... ... ... २१६००

मानुषी वर्षसंख्या... ४३२००

कल्पवर्ष संख्या ... ४३२०००००००

આઠ કપાળમાં જેટલી સત્તા છે તેમાંથી કુલ ૪૨ અપરા સત્તાવું જ્ઞાન સામાન્ય લોકોને થાય છે. પણ તેમાંની આઠ સત્તા જે મનોવ્યવહારમાંજ સમાયલી છે તેનો બોધ ફક્ત યોગાચરણ કરનારાઓનેજ થાય છે. તે આઠ શક્તિ ૧. પ્રભા=પ્રકાશ જ્ઞાન, ૨. નમ્રવર્ણતા=બીજ જ્ઞાન, ૩. ઉન્મની=શ્રુતિ વિજ્ઞાન, ૪. નિઃસંગી=વર્ણાર્થ સમ્યબ્ય જ્ઞાન, ૫. બ્રાહ્મણી=ગતિ વિજ્ઞાન (સ્વાહા), ૬. લોહિતા=ગતિહેતુ (સ્વધા), ૭. ૧૬ ચંદ્રકલા, ૮. ૧૨ સૂર્યકલા. આ શક્તિ છે. તે મળી ૫૦ શક્તિ હોય છે તેનું ચિત્ર અત્રે આપેલું છે તે વિચાર કરવા લાયક છે. જુવો ચિત્રપટ અંક ૧.


આ૦ ૫.



ઉપર નિર્દિષ્ટ ચક્રોને વિચારપૂર્વક જોવાથી પોતામાં નૈસર્ગિક શું સત્તા છે અને તેનું પરા સ્વરૂપ કેમ છે અને અપરામાં એકદમ કેમ વિરૂદ્ધ વ્યવહાર હોય છે તેનું જ્ઞાન થવાથી પોતાની જીંદગી સુધારવાનો એક સીધો રસ્તો ખ્યાલમાં આવશે. જેમ કે પરામાં જ્યાં યોગાનંદ છે ત્યાં અપરામાં કામ્ય વ્યવહારનો આનંદ હોય છે

અને તેમાંથી કયા આનંદ તરફ જવું તેનો વિચાર કરવો આજ બુદ્ધિવાનોનું કામ છે.


આ૦ ૬.



મનનો વ્યવહાર કેમ ચાલે છે તે પણ મનુષ્યોને જાણવાની જરૂર હોય છે. જેમકે, મન પાંચ પ્રાણ દ્વારા સાત ચક્રોનો વ્યવહાર ચલાવે છે. અને મનની કાર્ય નિર્વાહક (adminis-tratvie) કચેરી મુર્દ્ધામાં હોવાથી ત્યાંથી કુલ સત્તાની સાથે તાર જોડી વ્યવહાર ચાલે છે. માનુષી મુર્દ્ધા સર્વથી શ્રેષ્ઠ હોવાથી તે કચેરીનું કાર્ય તેજ મુર્દ્ધામાં જોવાથી મનનું શ્રેષ્ઠ કામ કેમ ચાલે છે તેનું જ્ઞાન થાય છે ને મનચક્રનાં ચિત્ર નીચે આપેલું છે. મનચક્રનું સ્થાન શિરોભાગમાં છે ખરૂં પણ મન દેવતાનું સ્થાન હૃદય છે. આત્માના સંદેશને અનુકુલ મનદેવતા મનચક્રના જે દલ (બીજની સાથે તાર જોડે છે તે દલ સાથે વ્યવહાર થાય

છે. અને દલની વસ્તુસ્થિતિ અનુસાર શરીર ઈંદ્રિયાદિનો વ્યાપાર ચાલે છે.

अष्टदल मनचक्र.



यदि मनदेवतानो व्यवहार०—

૧ પૂર્વદલમા હોય તો—શ્વેત (સર્વ રંગદાતૃત્વ) ધૈર્ય, ઔદાર્ય ધર્મબુદ્ધિ થાય છે.

२ आग्नेय— रक्त–રાતું. પ્રમાદ, આલસ્ય, નિદ્રા, મંદબુદ્ધિ.
३ दक्षिण— कृष्ण–જામળી. દ્વેષ, ક્રોધ, દુર્બુદ્ધી.
४ नैर्ऋत्य— नील. મોહની, સંસારાસક્તિ, સ્રી, પુત્ર, પિતાદિ પ્રત્યેનો મોહ.
५ पश्चिम— कपिलकृष्ण. (સર્વ રોગભક્ષક) અજ્ઞાનાનંદ, હાસ્ય, વિનોદ.
६ वायव्य— लीलो–ગેરાલીલો. ચિંતા, ઉદ્વેગ, અસ્થિરપણું, વૈરાગ્ય.
७ उत्तर— पीत–પીળો. અષ્ટભોગ, શૃંગારભોગાદિમાં પ્રેમ.
८ ईशान्य— पींगल–(ગૌર) કૃપા, ક્ષમા, શાંતિ, જ્ઞાન.

સંધિ ભાગમાં મિશ્રવર્ણ બને છે ત્યાં મનનો વ્યવહાર કરવાથી મન વ્યાધિગ્રસ્ત થાય છે. અને મધ્ય ભાગે જે પુંડરિક આકાશ છે અને જેનું સ્થાન હૃદય છે ત્યાં મન વર્તમાન હોય છે ત્યારે શાંતિ સમાધી ચૈતન્ય ગતિ હોય છે.

ઉપરોક્ત સાત શક્તિમાં પચાસ (૫૦) સત્તાનું વર્ણન છે.

તેમાંથી પ્રત્યેક સત્તા મનની ભાવના (સત્તા રૂપસ્થિતિ) પ્રમાણમાં આઠ ભાવમાંથી જે જે ભાવનું પ્રાબલ્ય હશે તે તે ભાવને અનુસરી વ્યવહાર કરે છે. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય, અધર્મ, અજ્ઞાન, અવૈરાગ્ય અને અનૈશ્વર્ય એ ભાવાષ્ટકના ભાવ હોય છે. આ આઠ ભાવનું પ્રાબલ્ય કુલ સત્તા પર છે. જેમકે વિષયગ્રાહિણી સત્તા કોઇની સારી હોય છે અને અધર્મ ભાવનું તેમાં પ્રાબલ્ય હોય તો તે સત્તા અધર્મવિષયગ્રાહક થશે માટે

મન ચક્રમાં જે શ્વેત સ્થાન છે તેની સાથે આત્મા દૃઢ ઉપાસના કરી અર્થાત્ આત્મગતિને મનની શ્વેત ગતિની સાથે તાર જોડી દઈ ત્યાં દૃઢ કરે તો જે વિષયગ્રાહિણી સત્તા અધર્મવિષયગ્રાહક હોય તે ધર્મવિષયગ્રાહક થશે. ધૈર્ય, ઔદાર્ય, (દાતૃત્વ) અને ધર્મબુદ્ધિ (વેદજ્ઞાનમાં નિશ્ચય) આ મનના શ્વેતસ્થાનમાંના ઉપાસનાયોગ છે. આવી રિતે મનચક્રના આધારે ઉપાસના કરવાથી ૫૦ તો શું પણ અસંખ્ય સત્તા આ શરીરમાં સમાયલી છે તેનો સદુપયોગ થવા લાગશે. મનચક્રના જ્ઞાનના અભાવથી મનુષ્યો કેટલી ઉત્તમ સત્તાઓ દુરૂપયોગમાં વાપરીને પરિણામે દુઃખનો અનુભવ કરે છે. અને પોતાના અજ્ઞાનથી सम्-सृति સંસારને अ–सृति અસાર કહેવરાવે છે. મન ચક્રનું સ્થાન મુર્દ્ધામાં છે તેથી તે ચક્ર અધોમુખ થઈ પોતાની નીચે જેટલાં ચક્રો છે તેને ગતિ આપે છે. પણ તેજ જ્યારે ઉર્ધ્વમુખી થાય છે ત્યારે તેની ગતિનો પ્રવાહ બ્રહ્મલોકમાં જવા લાગે છે. પણ અથાહ બ્રહ્મલોકમાં મનોગતિને થાહ ન મળવાથી તેની કુલગતિ શાંત થાય છે. યોગી માત્ર મનચક્રને પ્રાણાયામ સિદ્ધથી ઉર્ધ્વ મુખ કરી શકે છે.

મનચક્ર તેના વિષય સાથે અષ્ટ કપાલ (બીજના ઉપરનાં છોલાં છે તે પણ કપાલ છે)માં સમાઈ રહેલા હોવાથી તેની ક્રિયા કપાલની બહાર થતી નથી અને અધોમુખથી શરીરમાંજ થાય છે. પણ બીજનો આત્માસાથેનો સંબંધ કાયમ રાખીને જ્યારે તેના આવરણનું છેદન થાય છે, ત્યારે તે બીજમાંથી અંકુર નીકળે

છે અને પછી તે વૃક્ષાકાર થાય છે. તેમજ મનનું આવરણ છેદન કરવાની ક્રિયાનું પ્રત્યય થઈ તે ક્રિયા સાધ્ય થાય છે ત્યારે મનની તાર (વિદ્યુતક્રિયા) પરચિતનું જ્ઞાન આત્માને કરાવે છે. એટલુંજ નહિ પરંતુ પ્રારબ્ધ કર્મરૂપ જે બંધ છે તેના કારણને શિથિલ કરવાથી, અને મન સામર્થ્યને શરીરમાંથી બહાર લઈ જવું અને પાછું લાવવું આ ક્રિયા કરવાની જે નાડીઓ છે તેનું જ્ઞાન થવાથી ચિત્તનું આપણને શરીરથી અન્ય કોઈ પણ વિશ્વ શરીર–વિશ્વચેષ્ટા હોય તેમાં પ્રવેશ કરવાનું સામર્થ્ય આવે છે. મનની આવી યોગ્યતા ધારણાથી આવે છે. પણ પ્રાણાયામથી મનના પ્રકાશપર જે આવરણ છે તે ક્ષીણ થાય છે, ત્યારે ધારણામાં ચિત્ત યોગ્ય થાય છે. ચિત્તનું દેશવિશેષમાં સ્થિર કરવું ધારણા છે. મૂર્દ્ધ જ્યોતિમાં પ્રતિભતારા–મહત્તત્વ છે. (જુવો આકૃતિ ૪.) ત્યાં યોગ્યતાયુક્ત મનનું સંયમ કરવાથી આત્મા ઇચ્છા કરે છે તે વિશ્વના શરીરાવયવમાં મનશક્તિ કાર્ય કરવાનું સામર્થ્ય ધરાવે છે. આ સત્તા જે પ્રાપ્ત કરશે તેજ જગતમાં રાજેંદ્ર, યોગેંદ્ર વા જ્ઞાનેંદ્ર થશે. માત્ર આ સત્તા આપણામાં લાવવા માટે ઋષિ–યોગી પ્રણિત રસ્તાઓ છે તેનું યથાયોગ્ય જ્ઞાન લઈ જે કર્મયોગી થાય છે તેનેજ સિદ્ધિ મળે છે. પણ આ મહાન્ સિદ્ધિ મનનું વિશ્વગતિ સાથેના સંબંધમાં તો સિદ્ધિ તરીકે છે. પણ કૈવલ્ય મુક્તિમાં તો આ કુલ સિદ્ધિ વિઘ્ન છે. માટે પ્રાકૃતિક પુરુષાર્થ રહિત બુદ્ધિદ્વારા પરિણિત ગુણોના કારણમાં લય કરવું આનુંજ નામ કૈવલ્ય છે. ચેતનસ્વરૂપ પુરુષ બુદ્ધિના સંબંધથી

રહિત થઈ આપણા પોતાના સ્વરૂપમાંજ સ્થિત થાય છે ત્યારે કૈવલ્ય પ્રાપ્તિ કહેવાય છે.

मनोधर्मः—

कामः संकल्पो विचिकित्सा श्रद्धाऽश्रद्धा धृतिरधृति र्ह्री र्धी र्भीरित्येतत्सर्वं मन एव तस्मादपि पृष्ठत उपस्पृष्टो मनसाविजानाति ॥ शत० कां० १४ अ० ४.

१ कामः—मनसा विविच्य पुनरनुष्ठातव्यम् । शुभगुणानामिच्छाकामः=પ્રથમ વિચાર કરી કુલ ઉત્તમ વ્યવહારનું આચરણ કરવું અને ખોટું કામ છોડી દેવું આનું નામ કામ છે.

२ संकल्पः—तत्प्राप्त्यनुष्ठानेच्छा संकल्पः । સુખ અને વિદ્યાદિ શુભ ગુણોને પ્રાપ્ત કરવા માટે પ્રયત્નથી અત્યન્ત પુરુષાર્થ કરવાની ઈચ્છા તેને સંકલ્પ કહે છે.

३ विचिकित्सा—पूर्वं संशयं कृत्वा पुनर्निश्चयकरणेच्छा संशयो विचिकित्सा=જે જે કામ કરવાનું હોય તેમાં શંકા કરીને ખરો નિશ્ચય કરવાને માટે જે સંદેહ ઉત્પન્ન કરવાનો છે તેનું નામ વિચિકિત્સા છે.

४ श्रद्धा—ईश्वर सत्यधर्मादिगुणानामुपर्य्यन्तं विश्वासः श्रद्धा=ઈશ્વર અને તેના સત્ય ધર્માદિ શુભ ગુણોમાં નિ-

શ્ચયથી વિશ્વાસને સ્થિર કરવો તેનું નામ શ્રદ્ધા સમજવું.

૫ अश्रद्धा—अनीश्वरवादा धर्माद्युपरि सर्वथा ह्यनिश्चयोऽश्रद्धा=અવિદ્યા, કુતર્ક, ખરાબ કામ કરવું, ઈશ્વરને ન માનવું, અને અન્યાય આદિ અશુભ ગુણોથી સર્વ પ્રકારે અલગ રહી જવામાં નિશ્ચયી ન થવું તેનું નામ અશ્રદ્ધા છે.

૬ धृतिः—सुखदुःख प्राप्त्यापीश्वर धर्माद्युपरी सदैव निश्चयरक्षणं धृतिः=સુખ, દુઃખ, હાનિ, લાભ આદિ થાય તો પણ પોતે ધીરજ ન છોડવી તેનું નામ ધૃતિ છે.

૭ अधृतिः—अशुभ गुणानामाचरणं नैवकार्य्यमित्यधैर्य्यमधृतिः=અશુભ ગુણયુક્ત કાર્યમાં દૃઢ થવું તે અધૃતિ છે.

૮ ह्रीः—सत्यधर्मानाचरणेऽसत्याचरणे च मनसः संकोचो घृणा ह्रीः=જૂઠાં આચરણ કરવામાં અને સાચાં કામો ન કરવામાં મનને લજ્જિત કરવું તેને હ્રી કહે છે.

૯ धीः—शुभगुणान् शीघ्रं धारयेदिति धारणावति वृत्तिर्धीः= શ્રેષ્ઠ ગુણને શીઘ્ર ધારણ કરનાર ચિત્તવૃત્તિને ધી કહે છે.

૧૦ ભીઃ—असत्याचरणादीश्वराज्ञाभंगात् पापाचरणादीश्वरो नः सर्वत्रपश्यतीत्यादि वृत्तिर्भीः=ઈશ્વરની આજ્ઞા ભંગ કરવામાં પાપ જાણવું અર્થાત્ સત્યાચરણાદિ ધર્મકાર્ય કરતા જવું પણ તેનાથી વિરુદ્ધ અસત્યાચરણાદિથી નિત્ય ડરતા રહેવું તથા ઈશ્વર અમારા સર્વ કામોને યથાવત્ જુએ છે એમ જાણી તે પરમાત્માની પાપકર્મમાં ભીતિ રાખવી અને પુન્યકર્મમાં પ્રસન્નતા રાખી કાર્ય કરવું તેનું નામ ભીઃ છે.

ઉપરોક્ત દશ ગુણવાળી વસ્તુ જેનું નામ મન છે તેને સર્વ પ્રકારે સર્વને સુખ આપવામાં યુક્ત કરવું.

(૫) અગ્નિના ત્રણ મુખનું સ્વરૂપદર્શન.

ત્રિવૃત્ત અગ્નિકર્મ તેજ મન હોય છે. તેના ત્રણ મુખનું દર્શન નીચે પ્રમાણે છે.

त्वष्टुर्ह वै पुत्र स्त्रिशिर्षा षडक्षा आस तस्य त्रीण्येव मुखान्यासुस्तद्यदेवं रुप आस तस्माद्विश्वरूपोनाम ॥ १ ॥ तस्य सोम पानमेवैकं मुखमास । सुरापाणमेकमन्यस्माऽशनायैकं तमिन्द्रो विद्वेष तस्यतानि शिर्षाणि प्रचिच्छेद ॥ २ ॥

शतपथे १-१-२-१.

ત્વષ્ટુ પવિત્ર કર્મકારક હોય છે. તેના ત્વિષકર્મ હિંસાપરક કરવાવાળા ત્રણ મુર્ધાદેશ હોય છે. તેને ૬ અક્ષકર્મ છે. જે ગતિ, દિપ્તી, દાન ઇ૦ કર્મ કરનારા છે. આ ત્વષ્ટુના પોતાના વિષયોનો સ્વિકાર અથવા ધારણ વિષયો જેવાં કે ખનન કર્મ છે તેનાં ત્રણ અંગ હોય છે. તેને મુખ કહેવામાં આવે છે. આ કારણથી ત્વષ્ટાનું વિશ્વરૂપ આ નામ હોય છે. તેનાં ત્રણ મુખનાં પૃથક્ કાર્ય અને સમગ્ર કાર્ય કેવાં હોય છે તે આપણે જોઇશું.

૧. મુખ સોમપાન કરે છે. તે कपिञ्जल થાય છે.

૨. મુખ સુરાપાન કરે છે તે कलविङ्क થાય છે.

૩. મુખ અશનાયાસ કરે છે તે तित्तिरिः થાય છે.

અગ્નિનું પણ આ ત્રણ મુખથી વ્યવહાર કરવાનું રૂપ હોય છે. તેને લીધે તેનું પણ વિશ્વરૂપ આ અન્વર્થક નામ હોય છે. આ ત્રણ મુખનો જ્યારે એક ભાવ હોય છે ત્યારે તેને ઇંદ્રત્વ પ્રાપ્ત થયેલું હોય છે એમ કહેવાય છે. ભૌક્તિક શક્તિમાં ગમે તેટલી પૂર્ણ શક્તિ પ્રાપ્ત થઇ ઇંદ્રત્વ પ્રાપ્ત થાય તોપણ તે શક્તિ પરમાત્મા સાથે સ્પર્દ્ધા કરવા લાયક થાયજ નહિ.

३ त्रण मूर्धादेश ६ छ अक्षकर्म ३ त्रण खननकर्म	આ દ્વાદશકર્મ ત્વષ્ટામા હોય છે પણ તેઓ સમભાવમાં રહેવાથી જીવાત્મ.

૧૨

શરીરનું વા જગતનું કોઇ પણ વ્યવહારની ક્રિયા ન બનવાથી ઇંદ્રસંજ્ઞક જીવાત્માએ અને પરમ ઐશ્વર્યવાન્ ઇંદ્ર પરમાત્માએ

ભૌતિક અગ્નિનો ઇંદ્રપણાથી વિશ્વવ્યવહારની વ્યવસ્થા કરવાને માટે ત્વષ્ટુનાં ત્રણ શિર અલગ કરી નાંખ્યાં અર્થાત્ ત્રણ મુખ અલગ થયાં. તથા જે છ અક્ષ હતા તે એકેક ભાગની સાથે બે બે થયા. આ ત્રણ ભાગમાનું પહેલું જે સોમપાન કરનાર મુખ હતું તે પૃથક્ થવાથી કપિંજલ થઈ ગયું.

गृत्समदमर्थमभ्युत्थितं कपिञ्जलः—निरु० दै० ३–४.

બુદ્ધિને તૃપ્ત કરવાના કાર્યમાં સર્વ પ્રકારથી તત્પર હોય છે તેને 'કપિંજલ' એવી અન્વર્થક સંજ્ઞા છે. પણ આજ કપિં-જલ વિશ્વવ્યવહાર 'बभ्रूकं' સંજ્ઞાવાન કહેવાય છે. જેમકે "बभ्रु इवहि सोमो राजा" સર્વ દિશામાં ધારણકાર્ય કરી તૃપ્તિ કરે છે તેજ અગ્નિનું ધારણ કર્મ હોય છે. "ધારણ કરનાર અગ્નિ તેજ આ સોમ રાજાનું સ્વરૂપ." ઇંદ્રભાવ–પરમાત્મભાવનો સ્વીકાર વા તદ્ધર્માપત્તિથી, મન ત્રણ ભાવનું એક ભાવરૂપ છે તેનાથી મનની હિંસાવૃત્તિનું છેદન કરવાથી કપિંજલ થાય છે. તેમજ ઇંદ્રભાવથી ત્વષ્ટારૂપ અગ્નિનું હિંસાપરક ભાવનું છેદન કરવાથી તેનું સોમરૂપ પ્રગટ થાય છે.

(૨) બીજું મુખ સુરાપાન કરનાર હતું. તે પૃથક્ થવાથી તેની સાહ્યકારી સોમશક્તિ પ્રથક્ થઈ ગઈ. માટે તે મુખ 'कलविङ्क' થઈ ગયું. અર્થાત્ તે "अभिमाद्यक" સર્વ ભાવમાં મદ કર્મ કરવા લાગ્યું. આજ કારણથી 'अभिमाद्यति इति सुरापीत्वा वदति' સુરાનું સેવન કરનાર માદક વાણી બોલતા જાય છે. સુર

શબ્દ દેવ અથવા વિદ્વાનનો વાચક છે. सुनोति, सवति, उत्पादयत्यैश्वर्यवान् वा भवतीति सूरः ॥ स्त्रियां सुरामद्यं वा माद्यत्यनेन कारणे यत् तन्माद्य । मद्–घन्=माद । વિદ્યાથી જે ઐશ્વર્યવાન્ થાય છે તે સુરા સંજ્ઞાથી ઓળખાય છે. પણ જેની સોમશક્તિ નષ્ટ થઈ જાય છે અને તે વિદ્યાનું ધારણ કરે છે ત્યારે ધારણશક્તિના અભાવે મદ્યપિ જેવા અંડબંડ બકવાદિ થાય છે અને આનુંજ નામ મદ્યપિ કહે છે. 'मदतृप्तयोगे' અતિતૃપ્તિયોગ માદક યોગ છે. તે યોગ સાથે પુંસત્વ હોય તો તે યોગનું યોગ્ય ધારણ થઈ સુરત્વ આવે છે. અને પુંસત્વના અભાવે સ્ત્રીત્વ બાકી રહે છે ત્યારે તેનું સુરાપણું પ્રગટ થાય છે. "પુંસત્વની સહાયતા વિના એકલું સ્ત્રીત્વ મદ્યપિ જેવું છે. રજ આજ અગ્નિનું દ્વિતીય મુખ છે. આ રજસંજ્ઞક અગ્નિના મુખમાંથી મનુષ્ય સમાજની પડતીનું કારણ જાણવામાં આવે છે તે એ છે કે જ્ઞાનનો માદ અને સોમરાજાનો અભાવ એટલે ન્યુનત્વ જ્યારે અમલમાં આવે છે ત્યારે બુદ્ધિ હોય તો પણ તે બુદ્ધિ સ્ત્રીબુદ્ધિ થઈ જવા લાગે છે અને "स्त्रीबुद्धि प्रलयंगतः ।" સ્ત્રીબુદ્ધિ નાશ કરવાનો હેતુ હોય છે. સ્ત્રીના અનુયાયીની બુદ્ધિ મદ્યપિ જેવી સમજવી.

સ્ત્રીમાં પુરુષ શક્તિની સહાય વિના સ્વૈરત્વ છે, કારણ પુરુષમાં સોમરાજ (વીર્ય) છે, જે સ્વૈર્યતાને નિયમમાં રાખવાની શક્તિ ધરાવે છે. પણ સ્ત્રીમાં રજ અને જ્ઞાન હોવાથી પણ તે સૌમ્ય અગ્નિસ્વરૂપ જેવું ચંચળ છે તેથીજ તેમાં સ્વૈરત્વ છે. એક

ચેતનશક્તિ, જેમાં વીર્ય અને જ્ઞાનથી દૃઢતા આવેલી છે તે પુરુષશક્તિ હજારો વોલ્ટસ (Volts)ની શક્તિવાળી વિદ્યુત્ અથવા સેંકડો અશ્વશક્તિની બાષ્પશક્તિને નિયમમાં રાખે છે. તેજ સોમશક્તિનું સામર્થ્ય દેખાડે છે.

ધારણકાર્યનો અભાવ અને ગતિનો અતિ તૃપ્તિયોગ તેજ સુરા. અને આજ સુરા કલવિંક કાર્ય કરનાર અગ્નિમુખ સમજવું.

(૩) तृतीयमुख—અશનાયસ છે. એ શીરનું છેદન થવાથી ત્રીજું પણ પૃથક્ થઈ ગયું ત્યારે તે "तित्तिरिः" વહી જવાનું કાર્ય કરનાર રહી ગયું.

तरतिप्लवतेऽसौ तित्तिरिः। पक्षीभेदो वा तृधातोरिः प्रत्ययः सचकित सन्वत् कार्यमभ्यासस्य तु गागमश्च ॥

उणा० ४–१४३.

આ અગ્નિમુખ વહી લઈ જવાનું કાર્ય કરનાર છે માટે તેનું 'વિશ્વરૂપ' સંજ્ઞાનું રૂપ પ્રગટ થાય છે.

"घृत्स्तोका, मधुत्स्तोका, त्वत्पर्णेष्वाश्रुतिता एवं रूपं विश्वरूपं"। जिधर्त्ति, सञ्चलति दीप्यते वा तत् घृतम्। उदकः सार्पिः प्रदीप्तं वा सिनोति बध्नाति इति सितम्। शुक्रं वा। ऊणा० ३–८९.

मन्यते बुध्यते यद्येन वा तत् मधु पवित्र द्रव्यं वा ॥

उणा० २–११६.

" असौ वा आदित्योदेव मधु " પૃ० ૬–૮।

આદિત્ય દેવ તેજ મધુ. ચંદ્ર (સોમ) અને આદિત્ય (કલ-વિક્રુક્) રહિત અગ્નિનું પવિત્ર સ્વરૂપ જેમાં ગતિમાત્ર છે અને જે સકળ વિશ્વને વહેવડાવી જાય છે અને જગદુત્પન્ન કોઈ પણ દ્રવ્યથી નષ્ટ ભ્રષ્ટ થયેલું નથી હોતું તે ત્વષ્ટાનું તૃતીય સ્વરૂપ છે. તેજ અશનાયસ ધર્મવાન મુખ હોય છે.

મનનું સ્વરૂપઃ—

૧ સોમ ૨ સુરા ૩ પ્રાણ	આ ત્રણ જ્યારે એક ભાવમાં વસે છે ત્યારે તેની શક્તિ પણ સંજ્ઞા હોય છે. પણ તે ભ્રાજક અગ્નિ નથી.

यदा निवाते जायत तदा अग्नि वैतद्ब्रूयात् ॥ शत०

સર્વવ્યાપક અગ્નિનું સ્વરૂપ છે તેથી તે નિવાત સ્થિતિમાં હોય છે. પણ—

यदा मन्थइष्यन्स्यातदा अश्वमानेत वैब्रूयात् ॥ शत०

પણ જ્યારે તેમાં મન્થન ક્રિયા કરવામાં આવે ત્યારે તે તરતજ અશ્વરૂપમાં પ્રગટ થાય છે.

ત્રણ શિરનુંઃ—

श्रीयत आश्रीयते तत्राशिरा । मस्तकम् । शिरसी । शिरांसि । उणा० ४–१९४.

અર્થાત્ પરસ્પરના આધારપણાનું છેદન થવાથી ત્વષ્ટા ક્રોધિત થઈ જાય અને તેથી જ્યાં ત્વષ્ટાથી ઉત્પન્નશક્તિનું છેદન થાય છે, ત્યાં ત્યાં તેની શક્તિ ઉપેન્દ્રવત્ (ઇંદ્રના અનુગતવાત ઉપેંદ્ર) થતી જાય છે. સોમશક્તિ તેજ અપઇંદ્ર પ્રમાણુશક્તિ છે. વિશ્વરૂપનું દર્શાન કરાવનાર તેઓ ઇંદ્ર છે. આજ ઇંદ્ર સોમના અંતરગતમાં રહી વિશ્વનું સમદર્શાન કરાવે છે. તોપણુ તેઓ જે બળાબળ હોય છે તેવું દર્શાન કાર્ય કરે છે. દ્રોણુ કળશ અર્થાત જેમાંથી પાણીનો વર્ષાવ થાય છે, તેમાં ઇંદ્રનું દર્શાન કાર્ય સ્પષ્ટ પ્રગટ થાય છે. ત્યારે ઇંદ્ર-શત્રુની વૃદ્ધિ થઈ એમ કહેવાય છે અને તે સ્થિતિ અગ્નિરૂપ છે. માટે ઋષિ કહે છે કે:—

अग्निषोमावेवाभि सम्ब भूव सर्वा विद्याः सर्व्वं यशः
सर्व्वमन्नाद्यꣳसर्वाꣳश्रीम् । शत० १–६–२–८.

વિશ્વમાં સર્વ વિદ્યા, યશધારણાદિ સર્વ પ્રતિષ્ઠા અને ઐશ્વર્ય અગ્નિ અને સોમના અભિસંબંધથી થઈ ગયેલાં છે. તેને જે જાણે છે તેજ કુલ જગતની પ્રતિષ્ઠા (પરમાત્મા) જાણે છે અને પ્રતિષ્ઠિત થાય છે.

(૬) ભૂતલિપિ.

૪૨ અક્ષરની ભતલિપિ છે, એમ કહેલું છે; પણુ શતપથમાં ચોવીસ કપાલ સંજ્ઞા નિશ્ચિત કરી દેખાડી છે તથા કપાલ તેજ અક્ષર એમ કહેવાને માટે—

" **चतुर्विंशत्यक्षरा वै गायत्री ।**" शत० २–२–१–१७.

૨૪ અક્ષર—નાશરહિત ગતિ સમુહરૂપી ૨૪ બીજથી સાવિત્રી કુલ વિશ્વનો તત્ત્વ બોધ કરે છે, તે પ્રતિ તત્ત્વ શબ્દનો બ્રહ્માના અક્ષર સાથે સંબંધ છે.

" द्विचत्वारिंदक्षरैर्भूतलिपिप्रोक्तः "

तत्त्वरुपां चतुर्विंशति वर्णानां चतुर्विंशति तत्त्वात्मकत्त्वात्तरुपता । तान्यक्षरन्यासेवक्षन्ते ॥

अनेन गायत्र्यक्षरै सार्द्धतत्त्वन्यासो पिसूचितः ।

दक्षिणा भूमिसंहिते.

૪૨ અક્ષરની ભૂતલિપિ છે અને ૨૪ તત્ત્વરૂપ વર્ણમાં ૨૪ આત્મતત્ત્વરૂપતા છે. તે અક્ષરન્યાસથી વર્ણન કરેલું છે. તેમાંથી પ્રથમ आन्तर्यामिनું સ્વરૂપ જોઈશું.

न्यासः—देवतात्मकत्वात स्वात्मनो देहकल्पना ।

ન્યાસમાં જે આત્માનો વા બીજનો જે દેવતા હોય છે તે આત્મવત હોય છે અર્થાત્ તે દેવતા મુખ્ય પ્રયાજા (વ્યવહાર હેતુ) હોય છે અને સ્વ આત્મા વા બીજરૂપ તે અન્તરાત્માનું શરીર છે અને તેજ અનુયાજા છે. (अनुयाजा—દેવતાની શક્તિનો પ્રકાશક) આ વિચારથી બધા વિશ્વમાં પ્રયાજા અને અનુયાજાનાં જે જે સ્વરૂપ છે તે ન્યાસથી સ્પષ્ટ થાય છે.

સંધ્યામાં ओं वाक्—वाक् । ओं प्राणः—प्राणः । ओं चक्षुः—चक्षु । ओं श्रोत्रं—श्रोत्रं । ઈત્યાદિ ન્યાસરૂપેજ સમજવું. જેમ કે વાક્ શરીર (ચેષ્ટાકાર્ય)માં વાક્ દેવતા અન્તરાત્મા હોય છે. ગાય-

ત્રીના ચોવીશ વર્ણ જે જે દેવતાના વાચક હોય છે તે દેવતા આત્મવત્ જાણી લેવા અને વર્ણ તે દેવતાત્મક આત્માના શરીર છે એમ સમજી લેવું. આવી રીતે તત્વન્યાસ કરવાથી ચોવીશ તત્ત્વ એટલે શુદ્ધ સ્વરૂપ નિર્મળ સ્થિતિ અથવા તે કેવળ સ્વરૂપનો બોધ થાય છે. જે સ્વરૂપ આત્માનું હોય છે તેની સાથે ચોવીશ શરીરરૂપી વર્ણનો પણ યથાર્થ સમાવેશ થાય છે.

અન્તરાત્મ દેવતાની પ્રતિષ્ઠાની વસ્તુસ્થિતિ સંબંધી બ્રહદરણ્યક ઉપનિષદમાં જનક અને યાજ્ઞવલ્કયનો સંવાદ છે તે ચિન્તનીય છે.

એક સમયની વાત છે કે જનક રાજા પ્રજાની સાથે અનેક વિષય ઉપર વિચાર કરતા બેઠેલા હતા ત્યારે અનાત્મવાદી અને અલ્પજ્ઞ જનસમૂહની સાથે વિશેષ પ્રસંગ થવાથી જનક સમ્રાટ્ અયથાર્થ ગ્રાહી થાય આ ઉદ્દેશથી મહર્ષિ યાજ્ઞવલ્કય ત્યાં દૃષ્ટ થયા. અનવસર યાજ્ઞવલ્કય આવેલા જોઈ તેની વિધિવત્ પૂજા–સત્કાર કરી આસનાદિ અર્પણ કરી જનક સમ્રાટ્ ઋષિને કહેવા લાગ્યા કે આપ અનવસર આવેલા છો તો–આપ ગોધનની ઈચ્છાથી આવ્યા છો, વા કોઈ અત્યન્ત સૂક્ષ્મ તત્ત્વના સંબંધમાં વિચાર-ઉપદેશ કરવાને આવ્યા તે કૃપા કરી સંભળાવો એમ બોલ્યા. યાજ્ઞવલ્કય ઋષિ કહે છે કે હે સમ્રાટ્, પશુગ્રહણ અને તત્વનિર્ણય આ બે કાર્યને માટે મને આ વખતે આવવું પડ્યું છે. અને તેથી આપે તત્વજ્ઞાનના સંબંધમાં અન્યાન્ય આચાર્યોને જે કંઈ કહી દીધેલું હોય તે મને પ્રથમ કહી સંભળાવો.

જનક સમ્રાટ્ કહે છે કેઃ—"वाग्वै ब्रह्मेति" વાણીજ બ્રહ્મ છે. વાણીજ આદરણીય વસ્તુ છે. એમ શૈલિનિજીત્વાએ મને કહી સંભળાવ્યું છે. ઋષિ યાજ્ઞવલ્કય કહે છે કે–બરાબર છે. શૈલિનિનું કથન સત્ય છે. કારણ જે લોક ભાષણ કરતા નથી અથવા ઐહિક અને પરલૌકિક ફળ ત્યાગ કરી વાણી દ્વારા પણ કોઈ કાર્યમાં પ્રવૃત્ત થતા નથી અને તેમાંજ પરમ ધર્મ માની મૌન્ય ધારી બેસે છે વા પોતાનેજ બ્રહ્મ સમજી "अहंब्रह्मास्मि" નું જ માત્ર ઉચ્ચારણ કરી સર્વ કર્મમાંથી નિવૃત્ત થઈ મૌન્ય રાખે છે એવા મનુષ્યથી પોતાને અને જગતને શું લાભ થવાના છે? માટે વાણી આદરણીય છે. પરંતુ આ વાણીનું आयतन અને प्रतिष्ठा શૈલિનિ આચાર્યોએ આપને કહી દીધેલાં છે કે? જનક સમ્રાટ્ કહે છે કે–નહિ, આપજ કૃપા કરી મને કહો. યાજ્ઞ૦–આયતન અને પ્રતિષ્ઠા આપને ન દેખાડેલી હોય તો તે ઉપાસના એક ચરણની થઈ. આયતન અને પ્રતિષ્ઠા ન જાણવાથી 'अहं ब्रह्मास्मि' વાણીનું ઉચ્ચારણ માત્ર કરવાથી અપૂર્ણ જ્ઞાન થવાથી બ્રહ્માસ્મિનું વિપર્યય થઈ પોતાને જ બધા બ્રહ્મ સમજી બેઠેલા છે. એક શુદ્ધ બ્રહ્મ સૃષ્ટિ કર્મરૂપી વ્યવહાર કરી કુલ બ્રહ્માંડને સુખ, યશ, કિર્ત્તિ આદિ આપે છે અને આર્યાવર્તમાં તો બધા બ્રહ્મ બ્રહ્મજ થઈ ગયેલા છે, છતાં પણ તે દેશવાસીઓની દહાડે દહાડે નીચ સ્થિતિ થતી જાય છે તેનું કારણ શું? માટે દુરાગ્રહ છોડી વાણીનું આયતન અને પ્રતિષ્ઠા સમજી સાંપ્રતના બ્રહ્મ જે મૌન્ય બ્રહ્મ છે તે તદ્ધર્માપતિને

સ્વીકાર કરી બ્રહ્મકાર્ય કરવા નીકળશે તોજ મનુષ્યમાત્રની ઉન્નતિ કરવાનો તેઓ હેતુ બનશે.

વાણીનું આયતન (શરીર–ચેષ્ટા કરવાનો આધાર) (વાગેવ) વાણી છે. વિવિધ મનુષ્યભાષા, પશુ પક્ષીઓના મધુર ધ્વનિ એના તત્વના વિચાર આજ વાણી શાસ્ત્રનો આધાર છે. આજ વાણીનું શરીર છે. (आकाशः प्रतिष्ठा) આકાશ ભૌતિક પ્રતિષ્ઠા છે અને અંતર્યામી પરમાત્મા વાણીના આશ્રય છે. હે સમ્રાટ ! આ વાણીરૂપ બ્રહ્મને (प्रज्ञाने) ઉત્તમ વિજ્ઞાન માનીલઈ વાણી-સંબંધી ગુણોનું અધ્યયન કરવું આજ શ્રેષ્ઠ કર્મ છે.

સમ્રાટ્ પૂછે છે—વાણીની પ્રજ્ઞતા–જાણવાનું કયું શાસ્ત્ર છે ? ઋષિ–વાણીજ વાણી જાણવાનું શાસ્ત્ર છે. કારણ વાણીથીજ બંધુ, મિત્ર, નિજ, પર, આ સર્વેનું જ્ઞાન થાય છે.

“ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વાંગીરસા ઇતિહાસ, પુરાણ-વિદ્યા, ઉપનિષદ, શ્લોકો, સુત્રો, અનુવ્યાખ્યાનો, વ્યાખ્યાનો આ સર્વ વાણી વિષયની વાણીથી જ્ઞાન થાય છે, માટે હે સમ્રાટ્ વાણીજ પરબ્રહ્મ છે. અથર્વ વેદમાં કહેલું છે કે ‘वाचावणि-ग्तरति ’ વાણીથી વણીતરે છે.

જે કોઈ ઉપાસક વાણીશાસ્ત્રને આવી રીતે જાણીને તેનું અધ્યયન કરે છે તે ઉપાસક ને વાક્શાસ્ત્ર છોડી દેતા નથી. આવા સાધકોનું સર્વ પ્રાણી રક્ષણ કરે છે. અને વાણીશાસ્ત્રના પ્રભાવથી તેઓ દિવ્યગુણવિશિષ્ટ થઈ વિદ્વાન્ થાય છે. અને અપૂર્વ જે વસ્તુ છે તેની (પરબ્રહ્મની) પ્રાપ્તિ કરે છે.

આ તત્ત્વોપદેશ સાંભળી લીધાથીજ માત્ર સમ્રાટનું અન્તઃકરણ પ્રફુલ્લિત થઈ યાજ્ઞવલ્કયને તેઓ કહે છે કે હે ઋષી, હું આપને એક હાથી જેવો બળવાન્ વૃષભ અને સો ગાય અર્પણ કરું છું તેનો આપ સ્વિકાર કરો. પણ યાજ્ઞવલ્કય કહે છે કે હે સમ્રાટ્, મારા પિતાનો એવો ઉપદેશ છે કે શિષ્યને પરિપૂર્ણ જ્ઞાન બોધથી કૃતાર્થ કર્યા વિના પ્રતિગૃહ લેવું ગેરવ્યાજબી છે. માટે આ વખતે હું આપની પાસેથી કંઈ લઈ શકતો નથી.

વાક્શાસ્ત્રની મહુત્તાનું અજ્ઞાનપણું જગતમાં કેવાં વિપરીત પરિણામ લાવે છે તે આ સમ્રાટ્ અને ઋષિસંવાદપરથી યથાયોગ્ય જાણવાનું છે. કયાં યાજ્ઞવલ્કય બ્રાહ્મણના ધીરોદાત્ત વિચાર અને કયાં આજના કર્મકાંડી બ્રાહ્મણ, જે સ્પષ્ટ કહેછે કે બારમો હોય કે બારસો હો, તેની સાથે અમને કંઈ લેવું દેવું નથી. અમોને દક્ષણાથી કામ છે.

શતપથ બ્રાહ્મણમાં યોગી યાજ્ઞવલ્કય અને ગૌતમ ગોત્રોત્પન્ન ઉદ્દાલકનો સંવાદ આવે છે, તેમાં ઉદ્દાલકના બે પ્રશ્નમાંથી એક પ્રશ્ન અન્તર્યામીના વિષય સંબંધી છે. તે પ્રશ્નના ઉત્તરમાં યાજ્ઞવલ્કય યોગીએ ચોવીસ તત્ત્વમાં સંપૂર્ણ સંસારનું બંધારણ દેખાડી અંતર્યામીનો સંપૂર્ણ જગતની સાથે શું સંબંધ છે તે સ્પષ્ટીકરણ કરી દેખાડે છે. યાજ્ઞવલ્કય કહે છે કે—

याज्ञवल्क्या अन्तर्यामिणं ब्रूहीति । બૃહ૦ અ૦ ૬ શ્લો૦ ૭.

यः पृथिव्यांतिष्ठन् पृथिव्या अन्तरो यं पृथिवि नवेद यस्य

पृथिवि शरीरं यः पृथिविमन्तरो यमयत्येष त आत्मान्त-र्याम्यमृतः ॥

જેઓ પૃથ્વીમાં રહેછે તોપણ પૃથ્વીની બહાર પણ વિદ્યમાન છે, જેને પૃથ્વી નથી જાણુતી, જેનું શરીર પૃથ્વી છે તેઓ અન્તર અને બહાર સ્થિત રહી પૃથ્વીનું શાસન કરે છે; તેજ આત્મા છે, તેજ અમૃત છે અને તેજ અન્તર્યામી છે. આ રીતે સ્વઆત્માને દેહરૂપી સમજી પરમાત્માને એ દેહના આત્મા જાણી જે ન્યાસ કરવાનો હોય છે તે પણ *આભ્યન્તર આત્મા સંબંધી ન્યાસ છે. જેમ કે—

य आत्मनि तिष्ठन्नात्मनन्तरोयमात्मा न वेद यस्या-त्मा शरीरम् आत्मनोन्तरोयमयति स त आत्मान्तर्या-म्यमृतः ॥ शथ० १४–६–५–३०॥

જેઓ આત્મામાં છે અને આત્માની બહાર પણ વિદ્યમાન્ છે, જેને આત્મા નથી જાણુતો કે જેનું શરીર આત્મા છે, જે આ-ત્મામાં અંદર અને બહાર રહી તેનું શાસન કરે છે, તેજ આત્મા છે, તેજ અમૃત છે અને તેજ અંતર્યામી છે. સર્વાંતરયામી આત્મા સંપૂર્ણ બ્રહ્માંડનો આયતન અર્થાત્ પ્રતિષ્ઠા છે, એમ નિશ્ચય થયા પછી તે બ્રહ્માંડના ચોવીશ તત્ત્વોનું અવ બોધ કરી

---

* ચોવીશ તત્ત્વની બહાર અને અંદર રહી તેને પોતાના વ્યાપારમાં સ્થિત રાખે છે તેજ અન્તર્યામી છે. अन्तरं बहिर्योगोपसंव्यानयोः ૧।૧।૫૦. અન્ત શબ્દ બહિર્યોગમાં પણ વાચક છે. તેથી જે મોક્ષપ્રદ છે, સર્વને પૂજ્ય છે, તેજ સર્વની બહાર અને અંદર અર્થાત્ અન્તર્યામિ બ્રહ્મ છે.

લેવા ઠીક પડે છે. પરંતુ અન્ય સર્વ વિજ્ઞાન અન્તર્યામીના વિજ્ઞાનથી કનિષ્ટ દરજ્જાનું છે. આ વાત દૃઢ કરવાને માટે યોગી યાજ્ઞવલ્કય કહે છે કે જે સ્વયં અદૃષ્ટ, અશ્રુત, અમર્ત, અવિજ્ઞાત છે, તેજ અંતર્યામી છે, તે અમૃતવાન્ છે અને તેને માટેજ તેઓ તમારા, મારા, અને સર્વના આત્માઓને પૂજ્ય છે. હે ગૌતમ ! આ વિજ્ઞાનથી અન્ય જે વિજ્ઞાન છે તે સર્વ દુઃખગ્રસ્ત છે. અંતર્યામીનું વિજ્ઞાનજ યથાર્થ વિજ્ઞાન છે. ગાયત્રી જે ચોવીશ તત્ત્વાત્મક વિજ્ઞાન આપે છે તે આ અંતર્યામીના વિજ્ઞાનને સહાયક હોવાથીજ શ્રેષ્ઠ છે. માટે અંતર્યામીની પ્રતિષ્ઠાનો વિચાર છોડી દઈ ચોવીશ તત્ત્વનુંજ વિજ્ઞાન પ્રાપ્ત કરવાનો જે પ્રયત્ન કરશે તેની મુર્દ્ધા જરૂર કપાઈ જશે અર્થાત તે મૂર્ખ જેવો અંધાવત્ બકવાદ કરનારો થશે.

અન્તર્યામી બ્રહ્મનું તત્ત્વ બોધ કરી લેવું આ એક સાધારણ કામ નથી, કારણ તે વિષય બહુજ સૂક્ષ્મ છે. સ્થૂલ શક્તિનો વિચાર કરનારાઓને તેનો યથાર્થ બોધ થવો અસંભવજ છે. યોગાચરણથી સૂક્ષ્મ બુદ્ધિ કરી સવિચાર અને નિર્વિચાર સમાપત્તિથી (ચિત્ત જે વિષયમાં સંલગ્ન થાય છે અને સ્ફટિકમણી જેવું પ્રતિત થાય છે, તે તદાકારાપત્તિ તેજ સમાપત્તિ કહેવાય છે) સૂક્ષ્મ વિષયોની પ્રતિતી થાય છે. સૂક્ષ્મતાની અવધી અલિંગ સુધી હોય છે. અલિંગ તેજ પ્રધાન તત્ત્વ છે. જેનો કોઈમાં લય થાય એવું જ્યાંપર કોઈ તત્ત્વજ નથી હોતું અથવા જે કોઈની સાથે મળે એમ પણ જ્યાં કોઈ નથી હોતું તે પ્રધાન

अन्तर्यामि ब्राह्मणप्रतिपादित चतुर्विंशति तत्त्वरूपावस्था.

चित्रपट अंक २.

		तत्त्वरूपावस्था		प्रयाजा	अनुयाजा	उपयाजा
	१	पृथिवी ...	प्रधान	प्रधान	पृथिवी (प्रकृति)...	गन्ध
	२	अप्सु	प्रकृति+जन्तु ...	प्रकृतिसहजन्तु ...	अप ,, ...	रस
	३	अग्नौ-रूप ...	महान (अन्न)...	महत्तत्व ...	तेज (स्निग्ध) ...	रूप
	४	,, -स्पर्श ...			वायु (रुक्ष) ...	स्पर्श
	५	अन्तरिक्षे ...	रजः	रजः	आकाश (कशाय)	शब्द
	६	वायौ-प्राण ...	दशप्राण	पंचप्राण	ज्ञानेन्द्रिय	प्राण
	७	,, -अपान ...		५ उपप्राण	कर्मेन्द्रिय	अपान
आधिदैविक	८	दिवी	आदिति ...	आदिति	दिवी	निर्वात
	९	आदित्ये ..	सूर्य (ग्रह) ...	इन्द्र	आदित्य	सूर्य
	१०	दिक्षु	दिशा	व्योम्	दिक्षु	,, रश्मि
	११	चन्द्रतारके ...	नक्षत्र	नक्षत्र वायु	चन्द्रतारका ...	चन्द्र ,, केतवः
	१२	आकाशे ...	वातावरण ...	अग्निधर्मवानवायु ...	आकाश	वातावरण
	१३	तमसी	जल	जल ,, वायु ...	तम	,,
	१४	तेजसी... ...	पृथिवी... ...	गन्ध ,, पृथिवी ...	तेज	अग्निज्वाला
	१५	आत्मनि ...	जन्तु	परमात्मा	जीवात्मा	लिंगशरीर
	१६	सर्वभूतेषु ...	अखिल योनी ...	सर्वभूत	विविधबीज ...	विविध योनि
	१७	प्राणे	नासिका ...	गन्धनप्राण	गन्ध	नासिका (प्राण)
	१८	वाची	रसना	रसन् ,, ...	स्वाद	जिह्वा (वाक्)
	१९	चक्षुषि... ...	नेत्र	तेजन् ,, ...	रूप	चक्षु
आधिभौतिक	२०	श्रोत्रे	कर्ण	नादन् ,, ...	शब्द	श्रोत्र
	२१	मनसि... ...	मन	अशन् ,, ...	मन	१४ लोक
	२२	त्वचि	शरीर	स्पर्शन् ,, ...	स्पर्श	त्वचा
	२३	विज्ञाने... ...	बुद्धिसहित आत्मा.	भावना (आत्मगुणः)	विज्ञान	बुद्धि
	२४	रेतसि	शरीरसत्व ...	आत्मतेजः	रेतः	शुक्रः
आधि[illegible]आत्मिक ...	२५	शुद्धपुरुष अने ...	परम पुरुष ...	... ...	... ...	...

તત્ત્વ છે. સમાપત્તિનો વિષય બતાવતાં યોગશાસ્ત્રકાર ઋષિ કહે છે કે સ્થૂળ અર્થમાં "સવિતર્ક, નિર્વિતર્ક" અને સૂક્ષ્મ અર્થમાં "સવિચાર અને નિર્વિચાર" આ ચાર સમાધિની આવશ્યકતા હોય છે અને આ સમાધિની સૂક્ષ્મતા અલિંગ–પ્રધાન સૂધી હોય છે. આ સમાપત્તિથી ૨૪ તત્ત્વરૂપ અવસ્થા જાણવામાં આવે છે, પણ સ્થૂલ દૃષ્ટીવાન પુરુષને તે સાધન હાથમાં નથી આવતું તેને માટે ચોવીશ તત્ત્વનું ચિત્ર દેખાડેલું છે.

સવિતર્ક સમાપત્તિ૦—શબ્દ. અર્થ, અને જ્ઞાનને વિકલ્પદ્વારા એટલે જે શબ્દજ્ઞાન શબ્દમાંજ મળી જઈ રહેલું હોય છે, તે જ્ઞાન સંકિર્ણ અર્થાત્ સિમાબદ્ધ હોય છે. અને તે જ્ઞાન સવિતર્ક સમાપત્તિથી પ્રાપ્ત થાય છે. તે જ્ઞાનને માટે સમાધિસ્થ બુદ્ધિમાં બેસી રહેલા યોગી પુરુષ જ્યારે गौ શબ્દને વિચાર કરે છે ત્યારે गौ આ શબ્દ, गौ આ અર્થ અને गौ એ જ્ઞાન એ ત્રણેમાં એકતા છે એમ જાણે છે. પણ જ્યારે गौ શબ્દના વર્ણ પૃથક્ કરીને જુએ છે ત્યારે તે વર્ણના ગુણ તથા અર્થ ભિન્ન છે એમ જોવામાં આવે છે. અને તેમજ વિજ્ઞાનના ગુણ પણ મૂળ શબ્દથી પૃથક્ છે એમ પ્રતીતિ થાય છે. (क् + ऽ) ग् + (आ+उ) औ = गौ. क् જલવાચક, સુખવાચક તથા દિપ્તિવાચક વર્ણ છે.

"**कः कमनीयो भवति; सुखो भवति, क्रमणीयो वा तद्यथा–कः कमनो वा क्रमणो वा सुखो वा इति ।**"

निरु० दै० ४–२२॥

ग् વર્ણ કર્મવાચક છે.

"**गकारमनक्तेर्वादहतेर्वा ।**" निरु० दै० १–१४

ग् વર્ણનો ग् ગુણ, ग् કર્મ અને ग् જ્ઞાન છે. ग् વર્ણ અપ-કર્મ સ્વરૂપી રસવાચક વર્ણ છે."

"**पवित्रं वा अपः ॥**" शत० १।

જે વર્ણ પવિત્ર ગુણકર્મ અને જ્ઞાનનો વાચક છે તે ग् વર્ણ છે. તે ग् વર્ણની સાથે આત્મભાવ વ્યવહારનો દર્શક જે औ સ્વર વર્ણ છે તેનો યોગ કરવાથી औ વર્ણ ग् વર્ણનો આત્મભાવ પ્રગટ કરે છે, અને આ બે વર્ણનો યોગ કરવાથી गौ અર્થ, गौ ક્રિયા, અને गौ જ્ઞાનવાચક गौ આ પ્રતિપાદિત થાય છે. તે गौ નો અર્થ पयः છે.

पयः सहस्रसामृषिति ॥ शत० २–३–४–१३।

અસંખ્ય જ્ઞાન વા કર્મસ્વરૂપી બીજોનો જેમાં એકભાવ થઈ રહેલો હોય છે તે **પય** છે. ગાયત્રીનું પય–દુગ્ધ ओं છે. આ વર્ણસ્વરૂપી પય છે. પશુસ્વરૂપી ગૌનું પય અન્નસ્વરૂપી દુગ્ધ છે. પંચભૂતરૂપી પશુઓનું પય બળસ્વરૂપી વિર્ય હોય છે. આ રીતે વિકલ્પાનુવિદ્ધ જ્ઞાન (શબ્દાર્થ સંબંધથી જાણી લીધેલું જ્ઞાન)માં જે સમાપત્તિ (ચિત્તની તદાકારાપત્તિ) હોય છે તેજ સવિતર્ક સમાધિ છે.

નિર્વિતર્ક૦—પરંતુ જ્યારે યોગી શબ્દના શ્રુત અને અનુ-મિત સંકેત અથજ્ઞાનને વિકલ્પરહિત (શબ્દોચ્ચાર ન કરી પ્રાપ્ત કરેલું જ્ઞાન) સમાધિસ્થ બુદ્ધિમાં જુવે છે ત્યારે તે અર્થ કેવળ પોતાના સ્વરૂપને, અન્ય પદાર્થોના સ્વરૂપથી ચિત્તને જુદું કરી-

નેજ પ્રાપ્ત કરે છે અને તે સ્વરૂપમાં કેવળ શુદ્ધ **સ્મૃતિઅર્થ** અવશિષ્ટ રહેલી હોય છે તે માટે નિર્વિતર્ક સમાપત્તિ હોય છે. આ સમાપત્તિને યોગી લોક **પર પ્રત્યક્ષ** સમજે છે. **પરા વાણી** તે આજ છે. આ વાણી શ્રવણ અને અનુમાનનું બીજ હોય છે. શ્રવણ અને અનુમાન જ્ઞાનની સાથે થાય છે. માટે આ **બીજજ્ઞાન** સીમા રહિત તથા અન્ય પ્રમાણોની અપેક્ષા રહિત હોય છે. કારણ આ જ્ઞાન નિર્વિતર્ક સમાધિજ છે.

જીવાત્મા પ્રત્યક્ષ જ્ઞાન સ્વરૂપી છે, માટે જાતક સંસ્કારમાં પિતા બાળકને કાનમાં કહે છે કે:—

"अङ्गादङ्गात्संभवसि हृदयादधिजायसे । वेदोवैपुत्र-नामासि स जीव शरदः शतम् ।" गृह्यसूत्र जातकसंस्कार ।

હે બાલક, મારા શરીરના અંગ અંગથી પ્રાપ્ત થઈ ગયેલા વિર્યરૂપી પયથી તારૂં શરીર બનેલું છે. અને તે શરીરના હૃદયમાં તું પ્રગટ થવાથી તે શરીરમાં ચેતનતા આવી રહેલી છે. કારણ તું પોતે ચેતનસ્વરૂપ છે. જ્ઞાન તારો સ્વભાવ છે. તું સો વર્ષ સુધી આ શરીર ચલાવી તારૂં **જ્ઞાન** આ નામ અન્વર્થક કર. જીવાત્મા પરિચ્છિન્ન અવસ્થાવાન્ હોવાથી તેના જ્ઞાન અને સ્મૃતિના ઉપર પ્રાકૃતિક વિષય સંસ્કારનું આવરણ આવી જાય છે. તેને શ્રવણ અને અનુમાનથી **પરા જ્ઞાન** પ્રાપ્ત કરી દૂર કરી દીધેલું હોય ત્યારે સ્મૃતિ શુદ્ધ હોય છે. સ્મૃતિ શુદ્ધ થવાથી જીવાત્માનો જ્ઞાન ધર્મ પ્રકાશિત થાય છે. અર્થાત્ સ્મૃતિ શુદ્ધ કરવાને માટે સવિતર્ક સમાપત્તિની અપેક્ષા હોય છે. આ સમાપત્તિની સિદ્ધિ થયા પછી જીવાત્માને સ્વરૂપશૂન્ય (સ્વ-

સ્વરૂપમાં જે જ્ઞાનબીજ છે તેનું)નું ભાન થાય છે. આજ નિર્વિતર્ક સમાધિ છે. આ સાધન જીવાત્માને મનુષ્યશરીરમાં આવવાથી પ્રાપ્ત થાય છે. માટે મનુષ્યશરીરમાં આવેલા જીવોનું મુખ્ય કર્ત્તવ્યજ છે કે પોતાનાજ સ્વરૂપમાં જે શુદ્ધ જ્ઞાન છે તેની થઈ ગયેલી વિસ્મૃતિ દૂર કરવાનો પ્રયત્ન કરી પુનઃ શુદ્ધજ્ઞાનસ્વરૂપ થઈ જવું. આ એક વારંવાર યાદ રાખવા લાયક મહાન્ વાત છે કે મનુષ્યશરીર પશુવ્યવહાર અને પશુભોગ કરવાનેમાટે નથી.

સવિતર્ક૦—સવિચારવાળી સમાપત્તિ છે. કારણ આ સમાધિ, વિચારસહિત હોય છે. સૂક્ષ્મ ભૂતોના આશ્રયથી જે ધર્મ હોય છે તેમાં દેશ, કાળ, નિમિત્તાદિ સાધન દ્વારા અનુભવથી ચિત્તને સંયુક્ત કરેલું હોય છે માટે તેને સવિચાર સમાપત્તિ કહેવામાં આવે છે. આ સમાધિમાંજ નિશ્ચળ બુદ્ધિથી ગ્રહણ કરવા યોગ્ય સૂક્ષ્મ ભૂતોનો ધર્મ પ્રત્યક્ષ થઈ જાય છે અને નિવિતર્ક અર્થાત જે નિર્વિચારવાળી સમાપત્તિ છે, તેમાં સર્વ પ્રકારથી અને સર્વ બાજુથી વસ્તુના સર્વ ધર્મરહિત જે સમાપત્તિ હોય છે તે નિર્વિચારવાળી છે. આ સમાપત્તિમાં વસ્તુના સ્વરૂપનો બુદ્ધિ આશ્રય કરતી નથી. આમાં બુદ્ધિસ્વરૂપ શૂન્ય થાય છે. અને અર્થ માત્ર સમાધિસ્થ બુદ્ધિમાં રહેલા હોય છે.

સ્થૂલ વિષયનો આશ્રય કરનાર (સ્વરૂપ આશ્રયવાળી) સવિચારા અને સૂક્ષ્મ વિષયનો આશ્રય કરનાર (અર્થ માત્રનાજ આશ્રયવાળી) નિર્વિચાર સમાપત્તિ હોય છે. આ સમાધિમાં સંકલ્પ વિકલ્પની નિવૃત્તિ થાય છે અને સ્વસ્વરૂપમાં જે જ્ઞાન

છે તેનું ભાન થાય છે. માટે તે નિર્વિતર્ક સમાધિ કહેવાય છે. સૂક્ષ્મ વિષયનો અનુભવ કરવા માટે ઉપરોક્ત સમાપત્તિની આવશ્યકતા છે.

સૂક્ષ્મ વિષયોનું પર્યવસાન અલિંગ પર્યન્ત છે અને અલિંગ તેજ **પ્રધાન છે.** આ સૂક્ષ્મ જગત્ કારણુ એકઠું કરવાથી **પ્રકૃતિ** બને છે. પ્રકૃતિથી કાંઈક સ્થૂલ **મહત્તત્ત્વ** થાય છે. આ વિચારો પ્રથમ સવિચાર સમાધિ દ્વારા અનુભૂત કરાવવાના છે. માટે પ્રથમ શ્રવણુની આવશ્યકતા હોય છે. શ્રવણુનો આધાર શ્રુતિ છે અને તે શ્રુતિના વિચાર અલ્પજ્ઞ જીવોને સમજી લેવાને માટે પ્રકાશિત કરેલા ઋષિ ગ્રંથો હોય છે. તે ગ્રન્થથી શ્રવણુ કરેલું જ્ઞાન અનુમાનમાં લઈ અલ્પજ્ઞ જીવોને પ્રત્યક્ષ કરવાનું હોય છે. આ રીતેજ જીવાત્માની સ્મૃતિ શુદ્ધ થતી જાય છે. ઋષિઓ કહે છે કે મહત્તત્ત્વથી અહંકાર બને છે, અહંકારથી **મન, ૧૦ ઇંદ્રિયો** અને **પંચતન્માત્રા** બની જાય છે. તન્માત્રાથી સ્થૂલ અવસ્થાવાન્ **૫ સ્થૂલભૂત થાય છે.** તેનાથી નાનાપ્રકારની **ઔષધી,** ઔષધીથી **અન્ન,** અન્નથી **વિર્ય** અને વિર્યથી **શરીર** થાય છે. આવી રીતે અમૈથુની સૃષ્ટિનો પ્રચાર થયા બાદ મૈથુની સૃષ્ટિનો પ્રવાહ ચાલુ થાય છે.

સૂક્ષ્મ તત્ત્વોનો વિચાર કરવાનું સાધન જાણી લીધા પછી સાવિત્રી ૨૪ અક્ષરથી સૃષ્ટિપ્રવાહના ૨૪ તત્ત્વોનું જે જ્ઞાન પ્રગટ કરે છે તેનો વિચાર કરીશું. તથા તે તત્ત્વોના શરીર દ્વારા પ્રગટ થનારા આત્માના ૨૪ ગુણો છે તેનું પણ પછીથી વિવેચન

કરીશું. અહીંઆં પહેલાં જગદ્દ્વ્યવહાર સહાયક અને તેના આધાર તત્ત્વ છે તેની વસ્તુસ્થિતિ જોઈશું !

(૭) તત્ત્વ શબ્દનો ભૂતાર્થ.

અલિંગ–પ્રધાન આજ સૃષ્ટિનું મૂળ તત્ત્વ છે. તત્ત્વજ્ઞાન વિષયોનું ઉહાપોહ કરવું હોય ત્યારે તત્ત્વ શબ્દનો ભૂતાર્થ જાણી લેવો આ એક આવશ્યક બાબત છે.

तदपि नित्यं यस्मिंस्तत्त्वं न विहन्यते । किं पुनस्तत्त्वम्, तद्भावस्तत्त्वम् । आकृतावपितत्त्वं न विहन्यते । महाभाष्य.

જેનું તત્ત્વ નાશ રહિત હોય છે, તેને પણ નિત્ય કહેવાય છે. ત્યારે તત્ત્વ એટલે શું? પદાર્થમાં જે સત્તા છે તેજ તત્ત્વ છે. સત્તા સામાન્ય હોય છે, તથા સત્તા નાશરહિત છે. સંસારની આકૃતિ અર્થાત્ ચાલકશક્તિ નિત્ય છે. માટે સંસાર અનિત્ય નથી. તેથીજ સંસારનું રૂપ પ્રવાહથી નિત્ય હોય છે. આવા વિચારથી સર્વની નિત્યતા નિત્ય છે. એમ જે જાણે છે તે સર્વને અનિત્ય કહી નથી શકતા. માટે વિશ્વનું પ્રાકૃતિક મૂળતત્ત્વ જે પ્રધાન છે તે નિત્ય છે એમ જાણી લેવું.

સંસારની ચાલકશક્તિ૦—સંસારની ચાલકશક્તિ જે પ્રકૃતિ છે તેનો વિચાર કરીશું. પ્રધાનતત્ત્વનાં માયા, પ્રકૃતિ, શક્તિ ઈ. અન્વર્થક નામો હોય છે. તે માયા પરમાત્માથી જે બળ પ્રાપ્ત કરી લે છે તે પ્રયત્નથી સૃષ્ટિની ચાલકશક્તિનો વ્યવહાર શરૂ થાય છે. માયાની શક્તિ વા પ્રયત્ન તેજ ઈનાર્શિયા (Inertia) છે એમ સમજવું. માયાનું આયતન અન્તર્યામી

પરમાત્મા છે. તે સર્વસમર્થ પાસેથી સામર્થ્ય લેવાની શક્તિ માયાજ ધરાવે છે અને તેથીજ પરમાત્માના સામર્થ્યસહિત જે માયાશક્તિ તેજ શક્તિ કહેવાય છે. આ મહામાયા પરમાત્મા પાસેથી શક્તિ લઈ ત્રણ ગુણોથી તેની પ્રગટતા કરે છે.

		સત્વ.	રજ.	તમ.
		अ	उ	म्
		જ્ઞાનશક્તિ	ક્રિયાશક્તિ	ઈચ્છાશક્તિ
૧	आकाश	વિષ્ણુ	બ્રહ્મા	રુદ્ર
૨	वायु	પ્રાણ	સમાન	અપાન
૩	अग्नि	સૂર્યદેવતા	ઇંદુદેવતા	વન્હિદેવતા
૪	जल	મિત્ર	અર્યમા	વરૂણ
૫	पृथ्वी	સ્નિગ્ધ	સ્થાવર	રુક્ષ.

આવી રીતે ત્રણ ગુણોની કર્મ અને સ્વભાવદર્શક વ્યવસ્થા છે. સત્ત્વ વા સ્નિગ્ધ ધર્મ વિષ્ણુપદથી સારી રીતે વ્યક્ત થાય છે. विशप्रवेशने "तु० प० अ०" "वेवेष्टि व्याप्नोति वास विष्णु" જે તત્વ સર્વત્ર વ્યાપ્ત થઈ સંસારને ધારણ કરે છે તે વિષ્ણુતત્ત્વ છે. આ સત્ત્વ તત્વનો વેદ હિરણ્યગર્ભ શબ્દથી પ્રકાશ કરે છે.

हिरण्यगर्भः समवर्त्तताग्रे भूतस्य जातः पतिरेकं आसीत् ॥ स दाधार पृथिवीं- द्यामुते मां कस्मै देवाय हविषा विधेम ॥

यजु० अ० १३ मं० ४.

ज्योतिर्वै हिरण्यम् ॥ शत. कां. ७.४-१५. સ્વપ્રકાશ સ્વરૂપ અને પ્રકાશ કરનાર સર્વ જ્યોતિના ગર્ભમાં વ્યાપ્ત થઈ તેમને કેંદ્રાભિસરણ કરાવનાર જે સત્તા છે તે (भूतस्य) ઉત્પન્ન થનાર અને થઈ ગયેલા સંપૂર્ણ જગતના (जातः) પ્રગટ સ્વરૂપ (पतिः) સ્વામિ (एकः आसीत्) એકજ અસહાયક છે. (अग्रे) અને તેઓ સર્વ જગત ઉત્પન્ન થવાની પૂર્વે પણ (समवर्तत) વર્તમાન હતાં. (सः + ज्ञाम् + पृथिवीम् + उत + द्याम् + दाधारः) તેઓ આ અપ્રકાશરૂપ અને પ્રકાશસ્વરૂપ અથવા કારણ અને કાર્યસ્વરૂપ જગતને ધારણ કરી રહેલાં હોય છે. (कस्मै) હિરણ્યગર્ભ જેવું સૂક્ષ્મતર કે અન્તર્યામિન્ તત્ત્વ જાણવું હોય તો તે સુખસ્વરૂપ (देवाय) પરમાત્માને યોગાભ્યાસ દ્વારા પ્રાપ્ત કરવો.

ગાયત્રીના ૨૪ અક્ષરથી જે "પ્રાતઃસવન"થી પ્રથમ રસ જ્ઞાન લઈ, તત્ત્વબોધ પ્રાપ્ત કરવાના બ્રાહ્મણ ગ્રન્થમાંના વિચાર જોઈ લીધા પછી હવે આપણે વર્ણેશ્વરી દેવતા, જગદ્ધાત્રી શ્રી ભૂતલિપિ દેવતા જે સાવિત્રી છે તેના સ્વરૂપનું ચિત્ર જોઈ લઈએ.

" द्विचत्वारिंशदक्षरै भूतलिपीमोक्तः "

૪૨ અક્ષરની ભૂતલિપિ છે. તેનું ચિત્ર આગળ દેખાડેલું છે. તેમાં વર્ગ વર્ણ ભૂતાત્મક સ્થાનમાં ગણાયલા છે. અને નવ વર્ગ દેવતા ન્યાસરૂપે છે. અર્થાત્ આ નવ દેવતા આત્મરૂપે છે. એમ સમજી પાંચ ભૂતોને દેહસ્થાને લઈ ૪૨ વર્ણદ્વારા તત્ત્વવિચાર કરવાથી સાવિત્રી ૨૪ વર્ણદ્વારા ૨૪ अर्णः वा अरार्णः = શ્રેષ્ઠ અપતત્ત્વમાં જે સૃષ્ટિરૂપી પુર, ઓહળ, જળ વા અક્ષર વહેતું રહેલું છે તેનો યથાવત્ બોધ થાય છે.

भूतलिपिदर्शक चित्रपट–अंक ३.

वर्णस्वरूपी मंत्रानां (वाग्बीजानां) देवता०–वर्णेश्वरी जगद्धात्री श्रीभूतलिपि.

" " ऋषि०–दक्षिणा मूर्ति.

" " छन्द०–गायत्री.

वर्गदेवता	ब्रह्मा	विष्णु	रुद्र	अश्वि.	प्रजाप.	इन्द्र	यम	वरुण	सोम	भूतवर्ण
वर्गे वर्णानां भूतात्मवतम् ।										
	१	२	३	४	५	६	७	८	९	
आकाश	अ	ए	हः	ङ्	ञ्	ण्	न्	म्	षः	निल
वायु	इ	ऐ	यः	क्	च्	ट्	त्	प्	शः	हरित
अग्नि	उ	ओ	रः	ख्	छ्	ठ्	थ्	फ्	सः	लोहित
जल	ऋ	औ	वः	घ्	झ्	ढ्	ध्	भ्	...	शुक्ल
धरा	ऌ	...	लः	ग्	ज्	ड्	द्	ब	...	पिङ्गल
भूतलिपि	५	४	५	५	५	५	५	५	३	४२
गायत्री	५	४	५	५	१	१	१	१	१	२४
शेषवर्ण	९	४	०	०	४	४	४	४	२	३१
अयोगवाहः	...	...	...		...		...	...	...	८
विश्वरूपबोधक वर्ण संख्या			...		...		...	...	...	६३
नव वर्गे देवतानी त्रिरावृत क्रिया छे जेमके क्रिया, ज्ञान, अने इच्छाशक्ति.										

(૮) મંત્રવિચાર.

વર્ણસ્વરૂપી મંત્રોની દેવતા જગતને ધારણ કરનાર વર્ણેશ્વરી છે, જેને વેદ વાગામ્ભૃણી દેવતા નામથી એક સૂક્તમાં વર્ણન કરેછે. તે વાણીના વિશ્વાયુ, વિશ્વધાયા અને વિશ્વકર્મા આ ત્રણ પ્રકાર છે. આ વર્ણસ્વરૂપ મંત્ર અથવા બીજ નામથી કહેવાય છે.

मन्त्रः-मननं-विश्वविज्ञानं, त्राणं संसारबन्धनात् यतः करोति संसिद्धः तन्मंत्रः॥

જેનાથી મનન કાર્ય-વિચાર કરવાનું કાર્ય થાય છે તે મંત્ર છે, "मननं" એટલે વિશ્વવિજ્ઞાન અને "त्राणं" એટલે સંસારબંધનથી છુટી જવાની સિદ્ધિ. આ સિદ્ધિ જેનાથી થાય છે તે, મંત્ર કહેવાય છે. આ મંત્રવર્ણ અર્થવાન્ હોય છે.

अर्थवन्तो वर्णाः । धातु प्रातिपदिक प्रत्यय निपाता-नामेक वर्णानामर्थ दर्शनात्। धातवा एकवर्णा अर्थवन्तो दृष्यन्ते । प्रातिपदिकान्येक वर्णान्यर्थवन्ति । निपाता-एकवर्णा अर्थवन्तः । महाभाष्य ।

ધાતુ, નામ, પ્રત્યય અને નિપાત આમાંના દરેક વર્ણ અર્થવાન્ છે એમ પ્રતિત થાય છે. તેથી વર્ણ અર્થવાન્ છે એમ જાણવું. ધાતૂ એક વર્ણનો અર્થવાન્ હોય છે, નામો અનેક વર્ણના સંયોગી થઈ અર્થવાન્ થાય છે અને નિપાત એક વર્ણનો અર્થવાન્ છે.

अक, इक, उख, ऋ ઈ૦ ધાતૂના અર્થ ધાતૂપાઠમાં આપેલા છે. તે તે અર્થ કેમ પ્રગટ થયેલા છે, તે જાણવાને આપણે મંત્રના અંગ અંગના સ્વરૂપ જાણવાં પડે છે.

अ૦—પ્રણવવાચક વર્ણ છે. તેનો ગુણ ભદ્રતા છે અને તેનો અપરા અર્થ રમ્યતા સૌખ્ય અભિમતતા છે.

इ૦—હું ફટ્વાચક વર્ણ છે. હસ્કાર વિદ્યુતવાચક છે. વિદ્યુતશક્તિની વ્યવહારદશાનો વાચક इ વર્ણ છે તેથી "इकारश्चंद्रमा, इकारः प्रजापतिचंद्रमा, प्रजापति" આદિનો અર્થબોધ આ इ વર્ણથી થાય છે અને તેથી તે વર્ણના અપરા અર્થ નિદર્શન, નિરૂપણ વ્યાખ્યા આદિ થાય છે.

उ૦—સ્વધાવાચક વર્ણ છે. સૂર્ય સ્વધા છે, કારણ તેજ સંપૂર્ણ જગતનું અન્ન છે અર્થાત્ ધારણ કરવાની સત્તાવાળો છે. उ વર્ણના ગુણ લોહિતા છે માટે અપરા અર્થ ગતિહેતુ છે તે જેમ પ્રાણીશરીરમાં લોહી (रक्त) ગતિહેતુ છે તેમ તે જાણવું.

ऋ૦—नमः; સ્વીકારવાચક વર્ણ છે. સભાગી તેનો ગુણ છે, ભાષા પ્રવૃત્તિ, ઈ૦—તેના અપરા અર્થ છે.

આ અર્થ કરતાં બીજા સ્થાનકૃત, કરણકૃત, પ્રયત્નકૃત અને યદૃચ્છાકૃત વર્ણના અર્થ હોય છે તેના પણ ધાત્વાર્થ માટે વિચાર કરવો પડે છે અને આનાથીજ ચાર પ્રકારના શબ્દની પ્રવૃત્તિ છે જેમકે—

चतुष्टयी शब्दानां प्रवृत्तिः जातिशब्दाः, गुणशब्दाः, क्रियाशब्दाः यदृच्छाशब्दाश्चतुर्थाः ॥ महाभाष्य। ऋ लृ क्॥

જાતિવાચક શબ્દ, ગુણવાચક શબ્દ, ક્રિયાવાચક શબ્દ અને યદૃચ્છાશબ્દ આ ચાર પ્રકારના શબ્દ હોય છે "**यदृच्छाशब्दा अशक्तिजानुकरणे वा**" પા. શિક્ષા. યદૃચ્છાશબ્દ અશક્તિથી અથવા અનુકરણથી ઉત્પન્ન થાય છે. પ્રકરણ ૬ જેમ ऋ નો ऌ થાય છે અથવા બાલક અને ક્ષુદ્રબુદ્ધિવાન્ મનુષ્યો પરંપરાથી અધ્યયન ન કરવાથી અપભ્રંશરૂપી શબ્દના ઉચ્ચારણ કરતા જાય છે તેજ યદૃચ્છા શબ્દ હોય છે.

(૯) વિશ્વબોધ વિધાયિની વર્ણતનુનું વર્ણન.

વિશ્વબોધ અને વિશ્વરચના વિધિનો સર્વને બોધ થઈ જવો તથા જ્ઞાનશક્તિના પ્રસાર કરનારા આત્માઓને અને તેના ઉત્પાદકોને વૈખરી મધ્યમા, પશ્યંતિ અને પરા આ વાણીના રૂપની વિધાયિની અને ઉનમીલીની શક્તિના અર્થને લિધે વર્ણતનુ જાણવાની જરૂર હોય છે.

'**हलो बिजानी स्वरः शक्तयः परमेशानीति एतेएव-बीजशक्ति प्रपंच योगव्यतिरिक्त भूतलिप्यन्त सर्वं मातृका मन्त्राणामिति ज्ञेयं** ॥

"**बीजमस्य स्मृतं घोषः शक्तिर्जीव प्रकीर्तित इति** ॥"

હલવર્ણને બીજવાચક વર્ણ કહે છે અને બીજ તેજ ઘોષ (**कंप**) સમજવું. સ્વરવર્ણ પરમેશની શક્તિવાચક છે અને તેની શક્તિ

જીવ પ્રગટ કરે છે. આ બીજ અને શક્તિથી સંપૂર્ણ પંચભૂતાત્મક જગતનો વ્યવહાર ચાલે છે. બીજ ઘોષને (કંપને) પ્રગટ કરે છે અને તેના કંપને જન્તુ પ્રગટ કરે છે આ બેના સમવાય સંબંધથી ત્રણ શક્તિ પ્રગટ થઈ ગયેલી છે. જેમકે—

अ	...	જ્ઞાનશક્તિ	...	...	અગ્નિદેવતા	...	વિષ્ણુ
उ	...	ઈચ્છાશક્તિ	...	...	ઇંદુદેવતા	...	બ્રહ્મા
म्	...	ક્રિયાશક્તિ	...	...	સૂર્યદેવતા	...	રુદ્ર

આ ત્રણ શક્તિની અન્તર્ગત અનન્તશક્તિનો સમાવેશ થઈ ગયેલો છે. સ્વર વર્ણની શક્તિ છે અને શક્તિ જીવથી પ્રગટ થાય છે તેથી છાન્દોગ્ય ઉપનિષદમાં સ્વર વાણીનું અન્ન—આધાર છે એમ વર્ણન કરેલું છે. તેનેજ વાણીનો આત્મા પણ કહેવામાં આવે છે. ચક્ષુ, ત્વગ્, કર્ણ, નાસિકા, રસના અને હસ્તપાદાદિ ઇંદ્રિયોની ગતિ ચિત્તની જે જે ગતિ હોય છે તે તે પ્રગટ કરે છે. તે ગતિઓના ભંડાર આકાશ, વાયુ અને શરીર છે પરંતુ ગતિનો પ્રસવ અને પાલન કરવાની સત્તા ઈશાત્મા અને જીવાત્મામાં છે. ચિતિસત્તા અને ચિત્તનું જેમ ઇક્ષણ અને ઈચ્છા હોય છે તેમ અનેક પ્રકારની વાણી પ્રગટ થાય છે.

परावाणी—આત્મામાં જે સ્થિત છે તે વાણી પરાવાણી હોય છે. તે વાણી સવિચાર અને સવિતર્કના પર છે. તે વાણી અન્તરાત્માથી આત્મામાં પ્રગટ થાય છે પણ તે વાણીનું જ્ઞાન, યોગદૃષ્ટિ અને જ્ઞાનદૃષ્ટિથીજ જાણવી પડે છે. અત્રે આપણે સ્થૂલ દૃષ્ટિથી જે જ્ઞાન થાય છે તે જ્ઞાનથી ભૂતલિપીને જાણવાનો પ્રયત્ન

કરવાનો છે. માત્ર મૂલવાણીના પ્રકાશક પરમાત્મા છે તેને માટે વેદ જે કહે છે તે જોઈ મૂળ વિષય પર આવીશું.

(૧૦) આર્ત્વિજીનાઃ કોણ થઈ શકે છે ?

"चत्वारि," यो वा इमां पदशः स्वरशोऽक्षरशो वाचं विदधाति स आर्त्विजीनो भवतिः । महाभाष्य प. आ.

જે આ ચાર પ્રકારની વાણી છે તેના પદ, સ્વર અને અક્ષર જાણે છે તેજ પુરુષનો વાગ્યજ્ઞ સફલ થાય છે.

चत्वारि शृङ्गा त्रयो अस्य पादा द्वे शीर्षे सप्त हस्तासो अस्य । त्रिधा बद्धो वृषभो रोरवीति महो देवो मर्त्याँ आ विवेश ॥

चत्वारिशृङ्गाणि०—ચાર વેદ. ચાર પાદ = નામ, આખ્યાત, ઉપસર્ગ, નિપાત.

त्रयोपादा०—त्रीणि सवनानि । ત્રયઃકાલા–ભૂતભવિષ્યદ્વર્તમાના.

द्वे शीर्षे०—प्रायणीयः, उदयनीयः । द्वौशब्दात्मानौ નિત્યશબ્દ, કાર્યશબ્દ.

सप्तहस्तासः०—सप्त छन्दांसि । सप्त विभक्तयः

त्रिधाबद्धः०—मंत्र, ब्राह्मण, कल्पैः । ત્રણ સ્થાનમાં બદ્ધ થયેલા, ઉર, કંઠ અને શિર.

वृषभः०—वर्षणात्-જ્ઞાનપૂર્વક ફલવૃષ્ટિ કરવામાં સમર્થ હોવાથી તે પરમાત્માને વૃષભ કહેવામાં આવે છે તેઓ.

रोरवीति०—रोरवणम् = સવનક્રમ. ઋગ્, યજુ અને સામ આ સવનક્રમ છે. તથા રોરવ ઇતિ-શબ્દક્રમ પ્રગટ કરનારા.

महोदेवः०—महान्देवः ।

मर्त्यां आविवेश०—મરણ ધર્મવાન જન્તુના વ્યવહારને માટે જે યજ્ઞક્રિયા પ્રગટ કરેલી છે તે આ વાગ્યજ્ઞ છે તેથી પરમાત્માએ પ્રગટ કરેલા આ મહાન્ વાગ્યજ્ઞને અંગઉપાંગસહિત જે મરણ ધર્મવાન મનુષ્યો જાણે છે તેજ ઇષ્ટસિદ્ધિ પ્રાપ્ત કરે છે.

तस्मादेतदृषिणाभ्यनूक्तम्-

च॒त्वारि॒ वाक् परि॑मिता प॒दानि॒ तानि॑ वि॒दुर्ब्रा॑ह्म॒णा ये म॑नी॒षिण॑ः । गु॒हा॒ त्रीणि॒ निहि॑ता॒ नेङ्ग॑यन्ति तु॒रीयं॑ वा॒चो म॑नु॒ष्या॑ वदन्ति ॥

चत्वारि वाचः परिमितानि पदानि तानि विदुर्ब्राह्मणाये मेधाविनो गुहायां त्रीणि निहितानि नार्थं वेदयन्ते ।

गुहा गूहतेस्तुरीयं त्वरते । कतमानि तानि चत्वारि पदानि । ओङ्कारो महाव्याहृतयश्चेत्यार्षम् । नामाख्याते चोपसर्गनिपाताश्चेति वैयाकरणाः । मंत्रः कल्पो ब्राह्मणं चतुर्थी व्यावहारिकीति याज्ञिकाः ॥ ऋचो यजूंषि सामानि चतुर्थी व्यावहारिकीति नैरुक्ताः । सर्पाणां वाग्वयसां क्षुद्रस्य सरीसृपस्य चतुर्थी व्यावहारिकीत्येके । पशुषु तूणवेषु मृगेष्वात्मनि चेत्यात्मप्रवादाः । अथापि ब्राह्मणं भवति सा वै वाक्सृष्टा चतुर्धा व्यभवेदष्वेव लोकेषु त्रीणि पशुषु तुरीयं या पृथिव्यां साग्नौ सारथन्तरे यान्तरिक्षे सा वायौ सा वामदेव्ये या दिवि सादित्ये सा बृहति सा स्तनयित्नावथ पशुषु ततो या वागत्यरिच्यत तां ब्राह्मणेष्वदधुस्तस्माद् ब्राह्मणा उभयीं वाचं वदन्ति या च देवानां या च मनुष्याणामिति ॥

नैरु० पा० अ० १–९.

વાણીના પ્રકાશક પરમાત્મા વેદ દ્વારા તેના વિશેષ ખુલાસા કરે છે જેમ કે વાણીના પરિણામના પાદ ચાર છે. તેને મેધાવી—બુદ્ધિમાન્ મનુષ્ય જાણે છે. તે ચારે પાદમાંથી પ્રથમ ત્રણ પાદ અજ્ઞાનાંધ અવસ્થામાં બુદ્ધિમાં ન આવવાથી તેનો અર્થબોધ અજ્ઞાની લોકોને થઈ શકતો નથી. તે ચાર પાદને બુદ્ધિમાન્ લોક કેમ જાણે છે તેનું વિવેચન યાસ્કાચાર્ય ઋષિ કરે છે કેઃ—

૧ ओंकार અને भु–भूवः–स्वः। આ ચાર પાદ ઋષિલોક માને છે.
૨ नाम, आख्यात, उपसर्ग અને निपात આ ચાર વૈય્યાકરણી લે છે.
૩ मन्त्र (વાણીના બીજ) कल्प (વર્ણાર્થસંબંધ જ્ઞાન) ब्राह्मण (વેદનિરુક્તિ) આ ત્રણના આધારથી બનેલી વ્યવહારિક સંસ્કૃત વાણી આ યાજ્ઞિક લોકોના વિચાર છે.
૪ ऋग् (જ્ઞાન) यजुः (કર્મ) साम (ઉપાસના) આ વેદત્રયીનો નિર્ભ્રમ વ્યવહાર દેખાડનાર ચતુર્થ અથર્વવાણી આ વેદનિરુક્તિ જાણનારા ઋષિઓના વિચાર છે.
૫ સર્પોની વાણી, પક્ષીઓની વાણી, જમીન પર ચાલનારા નાનકડા જન્તુ હોય છે, તેની વાણી આ ત્રણ વાણી સામાન્ય લોક નથી જાણી શકતા. પણ આ ત્રણ જાતીના પ્રાણીઓના વ્યવહાર જોઈ તેની વાણીનો જે નિશ્ચય કરવામાં આવે છે તે તે ચતુર્થ વાણી છે એમ આ પ્રાણીઓની વાણીના વિચાર કરનારા આચાર્યો માને છે.
૬ पशुमां (શરીર અને ઇંદ્રિયધારી પ્રાણીઓમાં) तूणवोमां (ઇંદ્રિયવ્યવહારરહિત પોલાં શરીરમાં.)

मृगोमां०—ઇંદ્રિયોમાં અને આત્મામાં જે વાણી છે તે આવી ચાર પ્રકારની વાણી આત્મવાદી વિદ્વાન્ લોક માને છે.

બ્રાહ્મણ ગ્રંથમાં, જેમાં વેદનિરુક્તિ દેખાડેલી છે, અને તેથીજ તે વેદવ્યાખ્યા ગ્રંથ છે એમ વિદ્વાન લોક માની તેનાથી

લાભ મેળવે છે તે ગ્રંથમાં પણ જ્યાં વાણીનું વિવેચન કરવામાં આવે છે ત્યાં ઋષિલોકો કહે છે કે વાણી ચાર પ્રકારની થઈ ગયેલી છે તેમાંથી *લોકમાં જે વાણી છે તે ત્રણ પ્રકારની છે અને જે તુરીય વાણી છે તે પશુમાં (શરીર અને ઇંદ્રિયધારી પ્રાણીમાં) હોય છે. લોકમાં ત્રણ પ્રકારની વાણી છે તેમાંથી પૃથ્વીમાં છે તે અગ્નિની વાણી છે આ અગ્નિ સંબંધી વાણી વેદમાં રથન્તર ઋચા પ્રગટ કરે છે. અન્તરિક્ષમાં જે વાણી છે તે વાયુ સંબંધી છે અને તે વાણી વામદેવ ઋચા પ્રગટ કરે છે. તૃતીય વાણી દ્યુ સ્થાનમાં (निर्वात्) હોય છે તે વાણી આદિત્ય સંબંધી છે. આ બૃહતી–મહાન્ વાણી, બૃહતીછંદ પ્રગટ કરે છે અને તે વાણી વિદ્યુતસ્વરૂપી છે તેથી તે ઇંદ્રિયસહિત શરીરધારી પ્રાણીઓમાં પ્રગટ છે અને આ ત્રણ લોકમાં વાસ કરનાર વાણી બ્રહ્મયોની–જેમકે મનુષ્યશરીર છે તેમાં ધારણ થઈ ગયેલી છે તેથી વિદ્વાન્ મનુષ્ય, દેવતામાં અને મનુષ્યમાં જે વાણી છે, તે ઉભય વાણીનું ઉચ્ચારણ કરવામાં સમર્થ હોય છે. સાર આ છે કે પરા पश्यन्ती અને मध्यमा આ દેવવાણી છે અને તુરીય જેનું ચતુર્થવાણી અથવા वैखरी નામ છે ત બ્રાહ્મણમાં હોય છે.

तुरीयं वा एतद्वाचो यन्मनुष्येषु वर्त्तते चतुर्थमित्यर्थः॥ મહાભાષ્ય.

મનુષ્યોમાં જે વાણી વર્તમાન છે અથવા મનુષ્યો જે વાણી બોલે છે તે તુર્યા વાણી છે અને તેનેજ ચતુર્થ વાણી કહે છે.

---

* त्रयोलोकानि भवन्ति । नाम जन्म स्थानानि । नाम=भू, भुवः, અને स्वः । जरायुज, अण्डज અને स्वेदज । स्थान=पृथिवी, अन्तरिक्ष અને द्योः । આ ત્રણ લોક છે.

સ્વર વર્ણની શક્તિ છે અને શક્તિ જીવથી પ્રગટ થાયછે એમ પ્રથમ કહી દિધેલું છે તેથી જે સ્વરના ભેદ જાણે છે તે પ્રાણી માત્રની ભાષા જાણે છે. અન્તઃકરણમાં જે રસ ઉત્પન્ન થાય છે તે વાણી દ્વારા પ્રાણી પ્રગટ કરે છે. સ્વરથી અતિરિક્ત જેટલા ઘોષ વર્ણ છે તે માતૃકાવિકાર (પ્રાકૃતિક પદાર્થના વિકાર)થી પ્રગટ થાય છે તેથી તેને ભૂતલિપિ કહેવામાં આવે છે. મનુષ્યશરીરથી પ્રાણાદિ વાયુ દ્વારા ઉત્પન્ન થનારા ૬૩ વર્ણ તેમજ પ્રાણાદિ દ્વારા માતૃકાવિકારથી ઉત્પન્ન થનારા વાણી રૂપી જગત્‌માંના ૬૩ તત્ત્વો હોય છે, તેનો પરસ્પર મેળ છે. આ નાદ અને શબ્દના અંતરભેદ જે જાણે છે તેજ વાણીનું તત્વ જાણે છે. ભૂતલિપિના બેતાળીશ વર્ણની સ્થૂલ ગણુના છે તેમાંથી નવ સ્વર બાદ કરવાથી ૪૨-૯=૩૩ તેત્રીશ વર્ણ બાકી રહે છે તે માતૃકાવિકારના ૩૩ તેત્રીશ દેવતા છે.

ધાતૂનો અર્થ બોધ કરી લેવા માટે જ્ઞાનદૃષ્ટિ, યોગદૃષ્ટિ અને સ્થૂલદૃષ્ટિ આ ત્રણ પ્રકારની દૃષ્ટિથી ક્રમવાર વિચાર કરવાની આવશ્યકતા હોય છે; ત્યારે-अक-ધાતૂનો “कुटिलगति” આ અર્થ કેમ થઈ ગયો તે ખબર પડે છે. क ઘોષવર્ણ અને ઉભય દેવતાવાચક છે તે બેઊ દેવતા જ્યારે પરસ્પર કાર્ય કરવા લાગે છે ત્યારે તેમાંથી કુટિલ અર્થાત્ કુંડલીની સ્વરૂપી ગતિ નિષ્પન્ન થાય છે પણ તે કાર્ય કરવાની શક્તિ શકત્યુત્પાદક સ્વરવર્ણુથીજ આપવામાં આવે છે. આવી રીતે ભૂતલિપિના ચિત્ર દ્વારા વિચાર કરનારાઓને સંપૂર્ણ પ્રગટ અને અપ્રગટ ધાતૂનો પત્તો લાગશે.

પુરુષાર્થની જરૂર છે તેનો દરેક મનુષ્યે ખ્યાલ કરવો જોઇએ. તૈ-આર વસ્તુ હોય અને તે પણ કોઈ લાવીને મોંમાં નાંખે તો દાંત હલાવવાનું કાર્ય પણ મુશ્કેલીથી કરીએ એવા આજે આર્યસંતાનમાં અનેક દોષ વસી રહેલા છે તેને પોતપોતાના કુલઋષિ તરફ ધ્યાન આપી પુરુષાર્થથી કાઢવાનો પ્રયત્ન થાય તો અધોગત થઈ ગયેલું ભારત પુનઃ ભારત સંજ્ઞાને અન્વર્થક કરવા લાયક ટુંક મુદતમાંજ થાય તો તેમાં નવાઈ જેવું કાંઈ નથી.

કુલવર્ણના મુખ્ય ત્રણ ભેદ છે.

૧ મનુષ્ય વાણીમાં=**અર્થોત્પાદક** વર્ણ છે તે = દ્રવ્યનિદર્શન કરે છે. અને તે ગુણકર્મ અને સ્વભાવવાચક છે.

૨ મનુષ્ય તથા ઇતર પ્રાણીમાં=**રસોત્પાદક** વર્ણ હોયછે તે= અંતઃકરણમાં જે રસ પ્રગટ થાય છે, તેને પ્રદિપ્ત કરે છે.

૩ મનુષ્ય તથા કિટપતંગાદિમાં=**ભાવોત્પાદક** વર્ણ હોય છે તે = અંગવિક્ષેપાદિ વ્યવહારદીપક હોય છે.

આ સૃષ્ટિમાં થતા આવેલા વાગ્વ્યવહાર જોતાં મનુષ્યોમાં સમ્પૂર્ણ જગતની વાણી પ્રગટ કરવાની સત્તા છે એમ પ્રતિત થાય છે. ભાષામાં **અર્થોત્પાદક** વર્ણનાં રૂપ તેના ઉચ્ચારિત સ્થાનનો વિચાર કરવાથી જાણવામાં આવે છે તેમજ સ્વરયુક્ત ધ્વનિ, જેમકે ઉદાત્ત અનુદાત્ત, સ્વરિત અને હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત આ ભેદથી જે નામ, રસ, ભાવ અને શ્રુતિવાચક હોય છે તે અને તેના સ્વરની ક્રિયાને જાણવાથી **રસોત્પાદક** વર્ણનો યથાયોગ્ય બોધ થાય છે. ઘોષ (વ્યંજન) બદલવાથી સ્વર-

ભેદ નથી થતો તે ધ્યાનમાં રાખવા લાયક બાબત છે. કોઈ મનુષ્ય આજ્ઞારૂપી ઉત્સાહી રસથી आगच्छ શબ્દનો ઉચ્ચારણ કરે છે તો તેજ રસમાં ઘોષ બદલી કોઈ, જાવો, જા, ગો (Go) ઈત્યાદિ ઘોષમાં તે રસ પ્રગટ કરેછે માટે પ્રાણીઓની ભાષા જાણવાનેમાટે રસ ઉપર ધ્યાન આપવું પડે છે અને પ્રપંચની ભાષા જાણવાને ઘોષ તરફ વિશેષ ધ્યાન આપવું પડેછે. આજવાણીશાસ્ત્રના ભેદ છે.

रस, भाव अने मुख्य श्रुतिदर्शक चित्रपट.

अंक ४.

रस	वीर	अद्भुत	रौद्र	शृंगार	हास्य	करुणा	बिभत्स्य	भयानक	शांत
भाष	उत्साह	विस्मय	क्रोध	रति	हास्य	शोक	जिगुप्सा	भय	शाम
श्रुति	दीप्ता			शृंगार	हास्य	करुणा			०
				मध्या					निःशब्द वृत्ति
शक्ति	इच्छाशक्ति			क्रियाशक्ति		ज्ञानशक्ति			
देवता	वह्निदेवता			इंदुदेवता		सूर्यदेवता			
भूत	वायु + तेज पुरुष			जल + पृथिवी स्त्री		आकाश नपुंसक			

શ્રુતિમાં બાહ્યશ્રુતિ અને અભ્યંતરશ્રુતિ આ બે ભેદછે. બાહ્યશ્રુતિ સ્વરોચ્ચારણથી પ્રગટ થાયછે પણ અભ્યંતરશ્રુતિ યોગદૃષ્ટિ વિના જાણવામાં આવતી નથી અને પરશ્રુતિ તો જ્ઞાનદૃષ્ટિનોજ વિષય છે તે સમાધિસ્થ થનારા યોગી માત્ર જાણે છે. માટે પુરુષાર્થ-વિના શબ્દશાસ્ત્રમાં કુતર્ક કરનારાઓ પોતાની હાનિ કરવાની-સાથે જગતમાં સંશયી અને કુતર્કી આત્માઓ તૈયાર કરવાનો હેતુ બને છે. તેમને એજ વિનંતિ છે કે તેમણે કુતર્ક છોડી શાસ્ત્ર જે વિચાર માત્ર આપવામાંજ સમર્થ છે તેની દ્વારા પુરુષાર્થ કરી શાસ્ત્રને શસ્ત્રરૂપમાં ધારણ કરનાર જ્ઞાનવીર થઈ જવું એજ મનુષ્યનું મનુષ્યપણું છે.

(૧૧) વિરાટસ્વરૂપ અને તત્ત્વવિચાર.

વાણીના બીજસ્વરૂપની સાથે વિરાટસ્વરૂપને જાણવાની જરૂર હોવાથી તેનું પણ સંક્ષેપમાં વિવેચન કરીશું.

विराड् वाग् विराट् पृथिवी विराडन्तरिक्षं
विराट् प्रजापतिः । विराण्मृत्युः साध्या-
नामधिराजो बभूव तस्य भूतं भव्यं वशे
स मे भूतं भव्यं वशे कृणोतु ॥

अथर्व० कां० ९ अ० ५ मं० २४॥

૧ વિરાટ્ વાગ્ = વાણીનું વિરાટ સ્વરૂપ ૧
૨ „ પૃથ્વી = વેદીનું „ ૨*
૩ „ અન્તરિક્ષમ્ = સૃષ્ટિના અનન્ત બીજનું વિરાટ સ્વરૂપ.
૪ „ પ્રજાપતિ = માનસિક સૃષ્ટિનું.... .... „
૫ „ મૃત્યુ = શરીરરૂપ સૃષ્ટિનું .... „

સૃષ્ટિનું અર્થાત્ સૃષ્ટિવિદ્યાનું સત્યસ્વરૂપ જાણવા માટે આ પાંચ વિરાટ્સ્વરૂપને ક્રમવાર જાણવાં જોઇએ. આ પાંચ વૈદિક શબ્દનો ભાવ લઈ જગત્‌ની વ્યાખ્યા કરવી હોય ત્યારેઃ—

"शब्दार्थ रूपं जगत्" શબ્દસૃષ્ટિ, અર્થસૃષ્ટિ અને રૂપસૃષ્ટિ આ ત્રણનો એક ભાવ તેજ જગત્ એમ વિદ્વાન્‌વર્ગ કહેતા આવેલા છે.

વિરાટ્ વાક્	}	શબ્દસૃષ્ટિ.
„ પૃથ્વી		
„ અન્તરિક્ષ	}	અર્થસૃષ્ટિ.
„ પ્રજાપતિ		
„ મૃત્યુ.		રૂપસૃષ્ટિ.

સાવિત્રીનો વિશેષ સંબંધ વિરાટ્ વાગ્ વા શબ્દબ્રહ્મ વા શબ્દ સૃષ્ટિની સાથે છે. કારણ શબ્દસૃષ્ટિમાં અર્થ અને રૂપસૃષ્ટિનો

---

* ब्रह्मायं वाचः परमं व्योम अयं यज्ञो विश्वस्य भूवनस्यनाभि·
पृथिव्याः परोऽन्तरियं वेदि· જેમાં શબ્દનું જ્ઞાન થાય છે, તે આકાશ અને વાયુરૂપ વેદી છે.

સમાવેશ છે. માટે સાવિત્રી ૨૪ વર્ણથી વાણીનું વિરાટ્સ્વરૂપ દેખાડે છે. [જુઓ ચિત્રપટ અંક ૧ અને ૩.]

તત્ત્વના વિચાર કરવા એનું નામ ઉપાસના છે. અહીંઆં વિચાર કરવો એટલે ગાયત્રીની ઉપાસના કરવી એમ સમજવું. સ્તુતિ, પ્રાર્થના અને ઉપાસના વેદત્રયી છે. તેમાંથી ઉપાસના શબ્દનો અર્થ તત્ત્વનો વિચાર કરવો એમ છે.

સાવિત્રી ૨૪ અક્ષરથી કુલ સંસારનો બોધ કરે છે કારણ તે ૨૪ વર્ણ તત્ત્વ રૂપ છે.

ભૂતલિપિમાં ૪૨ અક્ષરની ગણુત્રી કરેલી છે. પણ અથર્વ વેદ કહે છે કેઃ—

येत्रिंषप्ताः परियन्ति विश्वारूपाणि बिभ्रतः ।
वाचस्पतिर्बला तेषां तन्वो अद्य दधातु मे ॥

अथर्व का० १. मं० १.

જેનાથી આ સંપૂર્ણ વિશ્વનું રૂપ ધારણ થઈ રહેલું છે તે એક-વીસ ૨૧ સંખ્યાત્મક છે. સાત સંખ્યાને ૧ થી ૯ સુધી ગુણ-વાથી ૭, ૧૪, ૨૧, ૨૮, ૩૫, ૪૨, ૪૯, ૫૬, ૬૩. આ નવ સંખ્યા ઉત્પન્ન થાય છે. તે તે સંખ્યાથી વિશ્વના રૂપનું વર્ણન જુદી જુદી રિતથી કરી સૃષ્ટિતત્ત્વનો ખુલાસો વેદ કહે છે.

ભૂતલિપિથી જે વર્ણન છે તે ૪૮ અક્ષરમય છે. અર્થસૃષ્ટિનું વર્ણન ૪૫ અક્ષરમય છે. અને રૂપમય સૃષ્ટિનું સ્વરૂપ ૬૪ અક્ષરમય છે.

ભૂતાક્ષપિ ગાયત્રી અક્ષરથી અર્ધતત્ત્વ ન્યાસ સૂચવે છે. તેમજ સંવત્સર એટલે એક સંપૂર્ણ સૃષ્ટિવ્યવહારચક્રની ૨૪ સંખ્યા એટલે ૧૨ × ૨ = ૨૪ બાર માસના અર્ધમાસ છે. બાર માસનું એક ચક્ર આવા ૨૪ અક્ષરવાન્ ચક્રોથી એક સંવત્સર પુરો થાય છે.

શતપથમાં ઋષિ કહે છે કે:—૨૪ સંખ્યાત્મક પુરુષ છે. તે પ્રમાણમાં શરીર જોતાં તેના વિભાગ નીચે દેખાડેલા છે તેમ ૨૪ સંખ્યાત્મક થાય છે.

હસ્ત અંગુલીઓ	૧૦
પાદ અંગુલીઓ	૧૦

અને ચાર અંગ અધ્યાત્મક, કામ, હિરણ્ય અને મૃન્મય ૪.

પણ આત્મા શરીર દ્વારા જે જે શક્તિ પ્રગટ કરી શકે છે તે વિષે આગળ સ્વતંત્ર વિચાર દર્શાવીશું.

આ કુલ શક્તિ મારા તાબામાં આવી જાય એમજ વાચસ્પતિ પરમાત્મા પાસે માગવાનું છે. પ્રાર્થનાની સાથેજ વાચસ્પતિ શબ્દ તેનો પ્રતિધ્વનિ કરીને કહે છે કે વાણીનો પ્રકાશક અને પાલક પરમાત્મા કહે છે કે વાણીને પ્રથમ જાણી લેવી અને તે જ્ઞાનયુક્ત વાણીથી કર્મ કરો તો તમે જે ઇચ્છા કરો છો તે તમને મળશે માટે યોગીઓ કહેતા આવેલા છે કે:—

शब्द शब्द सब काई कहै, शब्दके हात न पाव ।
एक शब्द औषध करे, एक शब्द करे घाव ॥ १ ॥

शब्दहि कुंजी शब्दहि ताला, शब्दहि शब्द भया उजियाला।
जो जानैहै शब्दका भेद, आपहि कर्त्ता आपहि वेद ॥ २ ॥

સંપૂર્ણ સામવેદના, અવયવના વિચાર–તત્ત્વાવધારણ સુખકર છે એમ લાગે છે. કારણ સાધુ–કલ્યાણકારક જે જે વસ્તુ છે તેને વેદવિદ સામ કહેતા આવેલા છે. અને જે જે અકલ્યાણકારક છે તે અસાધુ અસામ છે. જેમકેઃ—

ॐ समस्तस्य खलुसाम्न उपासनꣳसाधु यत्खलुसाधु तत्सामेत्याचक्षते यदसाधु तदसामेति ॥ छां० २–१॥

આ ઉપનિષદ વિચાર જોતાં એમ નિશ્ચય થાય છે કે પ્રાચીનકાળમાં લોક ઉપાસનાવિધિનું સેવન કરતા હતા. તેને લીધે તેઓ તત્ત્વવિદ હતા, આધુનિક જનપ્રવૃત્તિ ભક્તિમાર્ગે સેવામાર્ગે ખેંચી લીધેલી છે, માટે વર્તમાનકાળમાં ભક્તિમાં સપડાયલા લોકો ઈશ્વરીય કૌશલ્યને જોતા નથી, તેથી કરી તેઓ તત્ત્વજ્ઞાન વિમુખ થઈ ગયેલા છે. સામ પ્રાપ્તિ જેવી કે ઉપાસના યોગથી મળે છે તેને બદલે જનસમુહનો વિશેષ વેગ અસામ પ્રાપ્તિ તરફ વહી જાય છે. પણ જ્યારેઃ—

यस्तद्वेद सवेद सर्वꣳसर्वादिशो बलिमस्मै हरन्ति सर्व मस्मीत्युपासीत । तद्व्रतम् । छां० व्रतोपदे. २–२१–१.

ઉપાસનાયોગથી–તત્ત્વાવધારણથી સામને જાણે છે તેજ સર્વ અને સર્વને જાણે છે. સર્વના જે ઉપાસક છે તેને સર્વ દિશાના નિવાસી ઉપાસના યોગને માટે ભોગ વસ્તુ લાવીને આપે છે,

માટે હું **સર્વ કરવાને સમર્થ છું** એવી ભાવના કરવી એજ મહાન્ વ્રત છે અને એજ દરેક મનુષ્યનું વ્રત હોવું જોઇએ. સર્વશક્તિમાન્ જે સર્વના સહાયક, તેની સહાયનો સ્વીકાર કરીને જ્ઞાન, કર્મ, ઉપાસનાદિ વ્યવહાર કરનાર કોઈ દહાડો પોતાને નિર્ધન, નિર્બળ યા નિરાધાર સમજશેજ નહિ અને ત્યારેજ હું "**સર્વ કરવાને સમર્થ છું**" આ મહાન્ વ્રત સિદ્ધ થાય છે.

(૧૨) સૃષ્ટિ ઉત્પત્તિ અને તત્વવિચાર.

વિરાટ્ સ્વરુપ વાણીથી જગતની પ્રતિતિ થાય છે એ વાત સત્ય છે. પણ વેદ ઉપદેશ કરે છે કે સૃષ્ટિનું તત્ત્વજ્ઞાન લેતાં પહેલાં નિમ્નલિખિત પ્રશ્નનો અન્તઃકરણમાં ઉદય કરો અને પરમાત્મા સિવાય તે પ્રશ્નનો જવાબ આપવા કોણ શક્તિમાન્ છે તે જોઈ લો.

को अद्धा वेद क इह प्र वोचत्कुत आ-जाता कुत इयं विसृष्टिः। अर्वाग्देवा अस्य विसर्जनेनाथा को वेद यत आ बभूव ॥ ऋग्. अ. ८, अ. ७, व १७, मं. ६.

१ कुतः इयं विसृष्टिः आजाताः = આ વિવિધ સૃષ્ટિ કોનાથી ઉત્પન્ન થયેલી છે.

२ इह कः अद्धावेद = તે આ જગતમાં તત્ત્વતઃ કોણ જાણે છે.

३ कः प्रवोचत् = અને તેનો તત્ત્વોપદેશ કોણ કરી શકે છે? કોઈ કહેશે કે વિદ્વાન્ લોક. તો તેને કહી દેવું કે,—

४ अस्य विसर्जनेन देवाः अर्वाक् = આ સૃષ્ટિ ઉત્પન્ન થઈ ગયા પછી વિદ્વાનોની ઉત્પત્તિ થાય છે ત્યારે શું જે કાર્ય પોતાના જન્મની પૂર્વે થઈ ગયેલું છે તેની હકીકત તેઓ કહી શકશે? કદી નહિ.

५ अथ कः वेद०=તો પછી સૃષ્ટિ કેમ ઉત્પન્ન થાય છે તે કોણ જાણે છે?

६ यतः आ बभूव = જે નિમિત્તકારણ પરમાત્માથી આ સૃષ્ટિ ઉત્પન્ન થયેલી છે તેજ સૃષ્ટિઉત્પત્તિ જાણે છે અને તેનો ઉપદેશ કરવાને પણ તેજ સમર્થ છે. માટે સૃષ્ટિઉત્પત્તિનું તત્ત્વજ્ઞાન પરમાત્મા દ્વારા થયેલો જે વેદોપદેશ છે તેના આધારે મેળવવું પડશે.

સૃષ્ટિ ઉત્પત્તિના ઉપદેશના વેદમંત્ર.

नासदासीन्नो सदासीत्तदानीं नासीद्रजो नो व्योमा परो यत् ॥ किमावरीवः कुह कस्य शर्मन्नम्भः किमासीद्गहनं गभीरम् ॥

ऋ० અ. ૮, ૭, ૧૭, ૧.

असत् न आसीत्०—સૃષ્ટિ ઉત્પન્ન થવાની પૂર્વે હૃદય જેવી સંકોચ વિકાસ કર્મ દ્વારા જગત્કારણુમાં કંપ ઉત્પન્ન કરનારી સ્થિતિ ન હતી એમ નહિ અર્થાત્ હતી પણુઃ—

तदानीम् सतनो आसीत्०—તેવા સમયમાં જગત્ કારણુમાં કમ્પરૂપી કર્મ નહોતું તેથી–

रजः न आसीत्०—સંકોચ વિકાસ કર્મ દ્વારા અવ્યક્ત વા પ્રધાનમાં રજત્વ એટલે પીંડ બનવા અને બનાવવાની યોગ્યતા પામેલા અણુઓ જેવા કે અન્ન વા ભોગ દ્રવ્યરૂપી થાય છે તે નહોતાં. અર્થાત્ પ્રધાનમાં કંપરૂપી કર્મનો પ્રાદુર્ભાવ ન હોવાથી તેમાં રજોધર્મ આવેલો નહોતો.

૧ મંત્રવર્ણાર્થ વિવેચન અને પ્રત્યય.

**सत्०—सः–" यःकश्चित् पुराणि बहुनि कर्माणि सि-
व्वतीति सः "**

सः–સીવનકર્મ કરનારા અર્થાત્ જગતમાં બહુ વ્યવહાર કરનારા, અને તેમાં ફસાઈ ગયેલા જે છે તે. सः છે.

त = હાલનાર કર્મ. સંકોચવિકાસકર્મ. જેમકે હૃદય, ગર્ભાશયમાંનું કર્મ ઈ૦.

सत् = સંકોચવિકાસરૂપી કર્મથી કમ્પ પ્રગટ કરનાર શક્તિવાન્ દ્રવ્ય તે सत् છે. ભૂતલિપિથી જોતાં પણ ઉપરોક્ત ભાવનુંજ દર્શન થાય છે.

૨ ભૂતલિપિ દ્વારા વિવેચન અને પ્રત્યય.

स = સોમ દેવત્વ જેમાં છે. અર્થાત્ સૃષ્ટિનું પ્રસવ કર્મ કરનાર હેતુ ભૂત અગ્નિ તેજ स છે.

त = યમ દેવતા અર્થાત્ નિયમન અને પુષ્ટિ કરવાના ગુણવાળો વાયુ અગ્નિકર્મને નિયમન કરવું અને તેને પુષ્ટ કરવું આ વ્યવહારવાયુ તેજ त છે.

સાર એ છે કે સૃષ્ટિપ્રસવકર્મ તેજ સંકોચવિકાસ ધર્મવાન્ હોય છે. તે કર્મને નિયમમાં રાખવું અને સૃષ્ટિકર્મને પુષ્ટ કરવું. આ કર્મના આધાર તેજ सत्.

सत् એટલે જીવાત્મદ્રવ્ય અથવા જીવાત્મદ્રવ્યથી સૃષ્ટિના ઉપાદાનદ્રવ્યમાં પ્રાપ્ત થઈ ગયેલી કંપ અવસ્થા તે પણ सत् સંજ્ઞાથી બોલાય છે.

૩ યોગિક શબ્દાર્થ પ્રત્યય.

सत्, अस्थित्व અને असत् = અસ્થિત્વ પ્રત્યય કર્મના અભાવ વા અદર્શન. आ सत् અને असत् ભાવ જગતમાં જ્યાં જ્યાં પ્રતિત થાય છે ત્યાં તે सत् અને असत् એ બે સંજ્ઞામાં છે એમ સમજવું.

रजः—

વર્ણાર્થ.

र—ગતિ, અગ્નિ, પ્રાણ, રમણ, ઈચ્છા, પ્રીતિ. અમૂર્ત્તવાચકવર્ણ.

ज = र ને જન્મ આપનાર. सुवासी, जातकत्व, अनुकरणता.

र વાચ્યાર્થનો જન્મ થાય છે. વા તેની પ્રકટતા થાય છે તેજ જગતનું અન્ન વા ભોગદ્રવ્ય હોય છે.

ભૂતલિપિદર્શક અર્થ.

र = રુદ્ર દેવતા ધર્મવાન્ અગ્નિ.

अव्यक्त જગત્ અણુમાં (એજત્વ), કમ્પ પામેલો અગ્નિભૂત.

ज = પ્રજાપતિ ધર્મવાન્ ધરાભૂત.

रजः = અવ્યક્ત કારણમાં કમ્પ, સંકોચ, વિકાસત્વનું પ્રજનન પ્રાપ્ત થઈ ગયેલી સ્થિતિ તેજ રજ હોય છે. તેજ જગતનું ભોગદ્રવ્ય છે અને ભોગ ઉત્પન્ન કરવાનો હેતુ છે.

યૌગિક શબ્દાર્થ.

रज = रजति तत् रजः = लोकः सूक्ष्म धूलिः स्त्रीपुष्पम् ॥

रंजः–रागे–असून् न लोपः = रजसः ।

વર્ણાર્થ.

व्योम—

व = સમાવેશ થઈ ગયેલું જે હોય તેનો વાચકવર્ણ જેનાથી વાયુ, હવા, વરુણ ઈત્યાદિ વૃદ્ધિકારકનો બોધ થાય છે.

इ = પાસે જવું, પ્રાપ્ત કરવું, કોઇ કામમાં પડવું, इકારશ્ચન્દ્રમા, પ્રજાપતિ.

ओ = આત્મભાવનું વ્યવહારદર્શક.

म् = સ્વીકાર કરવાનું કર્મવાચક, વિજસંરક્ષક, નિયામક ઇત્યાદિ.

व + इ = वि, वीत्यन्नं-वि અન્નવાચક છે અને અન્નમાંજ કુલ પ્રાણી પ્રવિષ્ટ થઈ રહેલાં છે.

वि + ओम् = व्योम्-અન્નના જ્યાં રક્ષણ, કાંતિ, ગતિ ઇત્યાદિ વ્યવહાર હોય છે તે व्योम् છે. તેમાં पर અને अपर આવા બે ભાવ છે. તેજ જાણવાનું છે તેજ તત્ત્વ છે.

व्योम् તેજ तम्, કારણ કે त હાલનાર ક્રિયા, (કમ્પ) જેમાં म् સંરક્ષિત થાય છે. તે કર્મકારકનો જ્યાં સ્વીકાર થયેલો છે. તેજ तम् છે.

૨ ભૂતલિપિ.

व—રુદ્રદેવતા	જળભૂત
इ—બ્રહ્મા ,,	વાયુ ,,
ओ—વિષ્ણુ,,	અગ્નિ ,,
म्—વરુણ ,,	આકાશવત્ પૃથ્વી.

આકાશવત્ ધરા, અગ્નિ, વાયુ, જળ, આ ચાર ભૂત જેમાં "अपरं" સ્થૂળ રૂપે વિરાટરૂપમાં હોય છે તેજ વ્યોમ.

૩ યૌગિકાર્થઃ—

व्योम्.—व्ययतिसंवृणोतीति व्योम् अन्तरिक्षं वा ।

व्येञ् (व्ययति-ते) संवरणे ।

व्य (मनिन् प्र०) व्योम—अन्तरिक्ष. હવાપાણી, જેમાં અપર જગતનું સંવરણુ—સ્વીકાર, સમાવેશ થયેલો હોય છે તેજ વ્યોમ છે.

સૃષ્ટિવિદ્યાનું તત્ત્વજ્ઞાન વેદના દરેક અક્ષરેઅક્ષરમાં સમાઇ રહેલું છે તે જાણવાનો ટુંકો રસ્તો અને ગાયત્રીના ૨૪ અક્ષર અને ભૂતલિપિનું ૪૨ વર્ણાર્થ, તત્વજ્ઞાન પ્રાપ્ત કરવામાં સહાયક કેમ થાય છે તેનું ટુંકમાં દિગ્દર્શન કરી દેખાડેલું છે. આજ રીતે બીજા મંત્રોના અર્થનું વિવેચન આ ગ્રંથમાં થશે. તેનો વર્ણાર્થ હવે પછી દેખાડવામાં આવશે નહિ. સુજ્ઞ વાચકવર્ગ ઉપરોક્ત રીતપ્રમાણે પોતે શોધ કરીને અર્થનો નિશ્ચય કરી લેશે. ઇતિ.

न व्योम परोयत्०—

अपर जगत्—સ્થૂલ જગતના નિવાસસ્થાન જેવું આકાશ ન હતું. વ્યોમ્ એટલે તમ્ હતું પણ જેમાં સ્થૂળ જગત્ વાસ કરે છે તેવું તમ્ ન હતું. અર્થાત સૃષ્ટિ ઉત્પત્તિની પૂર્વે

सत्—रज—तम्

અસ્તિમાં ન હતાં એટલે આ ત્રણેના વ્યવહાર ન હતા ત્યારે किमासित् । શું હતું ?

कुहकस्य अम्भः०—વિસ્મયકારક ભ્રામક જેવું પ્રાતઃકાલમાં ધૂમાકાર જળ હોય છે તેમ હતું. પણ તે આંધીવાલા જળથી શું થાય છે ? તે જળથી—

गहनं गभीर किं ?०—શું પૃથ્વી જળમય થવાની છે કે નદ નદીઓનો પ્રવાહ ચાલુ થવાનો છે. બિલકુલ નહિ. તેમજ સૃષ્ટિના આરંભમાં ધૂમાકાર જળ હતું તેનાથી શું જગતનો વ્યવહાર ચાલવાનો હતો ? અર્થાત્ નહિ.

शर्म्मन् आवरीवः किं ?०—આ ધૂમાકાર જળ શુદ્ધ અને કલ્યાણકારક બ્રહ્મ કરતાં ઘણુંજ અલ્પ હતું. ત્યારે તે અલ્પ જળ બ્રહ્મને આવૃત્ત કરવાલાયક હોય એ સંભવિતજ નથી અર્થાત્ સૃષ્ટિના આરંભમાં—

धूमाकार वा किञ्चित अपधर्मवान् સૃષ્ટિના કારણ તત્ત્વની સ્થિતિ હતી. અને તે પણ પરમાત્મા કરતાં અતિ અલ્પ હોવાથી પરમાત્માને આવૃત્ત કરવામાં અશક્ય હતાં. તેથી તેના આધારપર સ્થિત હતું અને તેથી કરી તેનાજ સામર્થ્યથી તે સૃષ્ટિ ઉત્પન્ન કરવામાં સમર્થ થાય છે.

સંકોચ વિકાસ ગતિનો અભાવ તે કાંઈ तम् નથી. તો જેમાં ગતિ ઉત્પાદક સામર્થ્યનો ભાવ છે પણ સામર્થ્ય અપ્રકટ હોય છે તે तम् કહેવાય છે. तम् એટલે કૃષ્ણાજિત આવરણ.

न मृत्युरासीदमृतं न तर्हि न रात्र्या अन्ह आसीत्प्रकेतः ॥ आनीदवातं स्वधया तदेकं तस्माद्धान्यन्न परः किं चनास ॥

ऋ० मं. १०, सु. १२९, मं. २.

तर्हि०—કુલ જગત્ ધૂમાકાર સ્થિતિમાં હતું ત્યારે—नमृत्युरासीदमृतम्०—આત્માઓ શરીર બનાવવા માટે કારણ તત્ત્વમાં પણ જ્યારે સંકોચ વિકાસ કર્મના વ્યવહાર કરતા ન હતા ત્યારે એક શરીરનું ઉપચય કર્મ બંધ કરવું તેનેજ મૃત્યુ કહે છે તે મૃત્યુ રૂપી વ્યવહાર ન હોવાથી સર્વે તે સ્થિતિમાં અમૃત હતા. કારણ કે-

न राऋया अन्ह आसीत्—પરમ અણુને એકત્ર કરવું એ રાત્રી કર્મ અને પૃથક્ કરવું એ અહન્ કર્મ છે તેના વ્યવહાર ન હતા. ત્યારે કાંઈક હતું કે નહિ અને હતું તો તે શું હતું?

तत् एकम् प्रकेतः अवातम् । નિશ્ચળ, સર્વજ્ઞ, સર્વપ્રકાશક એક બ્રહ્મ હતું.

स्वधया आनीत् तस्माद्धान्यन्न परः किञ्चनास०—તેનું સામર્થ્ય લઈ શક્તિમાન્ થાય છે અને સૃષ્ટિવ્યવહાર ચલાવે છે તે જે સ્વધા છે તેનાથી પર જે પરબ્રહ્મ તેનાથી અતિરિક્ત બીજું કાંઈ ન હતું. અર્થાત્ સ્વધાસહિત પરબ્રહ્મ હતું ત્યારે સ્વધા એટલે શું?

ओ३म् । अपाङ् प्राङेति स्वधया गृभीतोऽमर्त्यो मर्त्येना सयोनिः । ता शश्वन्ता विषूचिना वियन्ता न्यन्यं चिक्युर्न नि चिक्युरन्यम् ॥ ऋ०मं०१ अ०२२, सू०१६४ मं०३८.

“ **यः स्वधया अपाङ् प्राङ् एति** ” જેવો જલાદિ વા અન્નાદિની સાથે જ્ઞાન ગતિ પ્રાપ્તિ રહિત, અને શ્રેષ્ઠ જ્ઞાન ગતિ અને પ્રાપ્તિ-સહિત પ્રગટ થાય છે તેમાં—

“ यगृभितः अमर्त्यः मर्त्येन सयोनिः अस्ति = જે મરણધર્મ રહિત જીવ છે તે મરણધર્મવાન્ શરીરની સાથે એકસ્થાન–સમાનસ્થાનવાળા થાય છે.

“ ताशश्वन्ता विषूचिना वियन्तावर्तते ” તેઓ બે સનાતન, સર્વત્ર ગમન કરનારા અને નાના રૂપથી પ્રગટ થઈ રહેલા હોયછે.

तम् अन्यं विद्वांसः निचिक्युः अविद्वांसश्च अन्यम् न निचिक्युः– તેમાંથી એક જીવ અને શરીરથી જે જે પ્રગટ થાય છે તેને વિદ્વાન્ નિરંતર જાણે છે. પણ અવિદ્વાન્ તે બેમાંથી એકને (જીવને) તેઓ જેવા છે તેમ નથી જાણતા.

આ જગતમાં જડ અને ચેતન આ બે પદાર્થ વિદ્યમાન્ છે અને આજ પરમાત્માની સ્વધા છે. આ બેમાંથી જડ પોતાને તેમજ બીજાના રૂપને નથી જાણતા અને ચેતન પોતાને અને બીજાને જાણી શકે છે. આ બન્ને **અનુત્પન્ન, અનાદિ** અને **વિનાશરહિત** છે. જડ સંયોગ વા વિયોગથી સ્થૂળ વા સૂક્ષ્મ અવસ્થાને પ્રાપ્ત થાય છે પરંતુ ચેતન જીવ સંયોગ વા વિયોગથી પોતાના રૂપને નથી છોડી દેતા કિંતુ સ્થૂળ સૂક્ષ્મ શરીરના સંયોગથી સ્થૂળ સૂક્ષ્મ એમ ભાસ થાય છે. પરંતુ વાસ્તવિક તેઓ કુટસ્થ જેવાં છે અને તેમાજ રહે છે. સ્વધાને ધારણ

કરનાર આકાશવત્ પરમ આત્મા, જીવ તથા કાર્યકારણરૂપ જગતમાં વ્યાપ્ય વ્યાપક છે જેથી કરી સર્વ જીવાદ પદાર્થ પરમાત્મામાં નિવાસ કરી રહેલા છે. વેદાધ્યયન કરી આ જે વેદ પ્રતિપાદિત પ્રેમેય છે તેને જે નથી જાણુતા તેને વેદથી કાંઈ પણ ફળ પ્રાપ્તિ થતી નથી. પણ વેદાધ્યયન કરી જીવ, કાર્ય-કારણ જગત્ અને બ્રહ્મને તેના ગુણ, કર્મ અને સ્વભાવ સાથે જે જાણે છે તેઓ સર્વ ધર્મ, અર્થ, કામ અને મોક્ષની સિદ્ધિ કરે છે અને તેમને આનંદનો લાભ મળે છે.

વિદ્વાન જનો જીજ્ઞાસુ લોકને સૃષ્ટિવિદ્યાની બાબતમાં નિત્ય શું પ્રશ્ન કરવા અને તેના ખુલાસા કેમ આપવા તે વેદના પાંચ મંત્રથી દેખાડી રહેલા છે. તે પાંચ મંત્ર ઋ૦ મં૦ ૧ સૂત્ર૦ ૧૬૪ માંના છે.

१ प्रश्न०—हे विद्वंस्त्वा पृथिव्या परमन्तं पृच्छामि ?
२ ,, ,, यत्र भूवनस्य नाभिरास्तितं पृच्छामि ?
३ ,, ,, वृष्णोऽश्वस्यरेतस्त्वा पृच्छामि ?
४ ,, ,, वाचः परमं व्योमत्वां पृच्छामि ?

१ उत्तर–इयं वेदिः परोअन्तः पृथिव्या
२ ,, अयं यज्ञो भूवनस्य नाभिः
३ ,, अयं सोमो वृष्णो अश्वस्य रेतो
४ ,, ब्रह्मायं वाचः परमं व्योम

પ્રશ્ન ૧—હે વિદ્વાન્! પૃથ્વીનાપર અને અંત શું છે તે હું આપને પૂછું છું.

ઉત્તર ૧—આ જે વેદિ છે તે પૃથ્વીના પર અને અન્ત છે. (વિ-
દન્તિ શબ્દાન્ યસ્યાં સાઽઽકાશ વાયુસ્વરૂપા) અર્થાત્
જેમાં શબ્દનું જ્ઞાન થાય છે તે આકાશયુક્ત વાયુ
પૃથ્વીની ચારે તરફ છે.

પ્રશ્ન ૨—લોકસમૂહની નાભિ એટલે બંધન કરનાર શક્તિ કયી
તે હું આપને પૂછું છું.

ઉત્તર ૨—(यज्ञः-यष्टुं संगर्तुमर्हः सूर्यः) આ જે સૂર્યવાચક
આત્મા અને પરમાત્મા છે, તેઓ આ ભૂગોળ
સમૂહને બંધનમાં રાખવા સમર્થ છે તેથી તેઓ
ભૂગોળ સમૂહની નાભિ છે.

પ્રશ્ન ૩—અશ્વના જેવા વીર્યવાન છે તેઓના વીર્યની વર્ષા કર-
નારની બાબત હું પૃચ્છા કરૂં છું.

ઉત્તર ૩—સોમલતાદિ રસ અથવા ચંદ્રમા વર્ષા કરનાર અને
શીઘ્રગામિ સૂર્ય વા જીવાત્મા વીર્ય સમાન છે.

પ્રશ્ન ૪—પ્રકાશમાન્ વાણીનું વ્યાપક આકાશ અર્થાત્ પ્રતિ-
ષ્ઠાની બાબતમાં હું પૃચ્છા કરૂં છું.

ઉત્તર ૪—ચારે વેદોના પ્રકાશ કરનારા વિદ્વાન્-આત્મા, પર-
માત્મા વા મહાનાત્મા (મહત્તત્ત્વ) પ્રકાશસ્વરૂપી
વાણીના અવકાશ વા પ્રતિષ્ઠા છે તેને યથાવત્ જાણી લેવું.

सप्त × अर्द्धगर्भा × भुवनस्य × रेतः०—મહત્તત્વ, અહંકાર, પૃથ્વી, અપ, તેજ, વાયુ, આકાશ આ જે સાત અપૂર્ણ ગર્ભરૂપ છે તેના સૂક્ષ્મ અવયવ રૂપ *શરીરધારી જીવ સંસારના બીજને ઉત્પન્ન કરે છે. પણ—

---

* નિરુકતકાર યાસ્કાચાર્ય આ વેદભાવ પોતાના શબ્દમાં લખીને તે ગુઢ વિષયને સ્પષ્ટ કરે છે. તે પણ ચિન્તનીય છે.

"महाभाग्याद् देवताया एक आत्मा बहुधा स्तूयत एकस्यात्मनोऽन्ये देवाः प्रत्यङ्गानि भवन्ति ॥ अपि च सत्त्वानां प्रकृतिभूमभिर्ऋषयः स्तुवन्तीत्याहुः प्रकृतिसर्वनाम्न्याच्चेतरेतरजन्मानो भवन्तीतरेतरप्रकृतयःकर्मजन्मान आत्मजन्मान आत्मैवैषां रथोभवत्यात्माश्वा आत्मायुधमात्मेषवआत्मासर्वदेवस्य ॥ निरु० दै० अ० १—५.

મહાન ઐશ્વર્યવાન દેવતામાં સ્તુતિ કરવા લાયક એકજ સર્વ આત્માઓના આત્મા છે. એજ પરમ આત્માના અન્ય કુલદેવતા અંગવત્ કાર્યકારક છે. આ કારણથી વેદ, જીવાત્મા, પરમાત્માનું અંશ છે એમ કહે છે અને વેદમંત્ર અને મંત્ર દ્રષ્ટારા ઋષિઓ પરમાત્માની જે સત્પ્રકૃતિરૂપી ભૂમા છે તેની દ્વારા પરમાત્માના ગુણવર્ણનનો પ્રકાશ કરે છે અને તેનેજ પરમાત્માની સ્તુતિ એમ પણ કહેવાય છે.

૧ એક અંગરૂપ પ્રકૃતિ છે તે જગતમાં જેટલાં નામ અને રૂપે છે તે રૂપે પ્રગટ થાય છે. ૨ બીજી જે પ્રકૃતિ છે તે તેવા નામ અને રૂપને જન્મ આપવાના કર્મકારક રૂપે છે, જેથી કરી તે બીજી પ્રકૃતિ (પરા પ્રકૃતિ) આત્માને (શરીરધારી આત્માને પણ), આત્મગતિને પણ પ્રગટ કરવાના હેતુ રૂપ થાય છે. આ નામ રૂપના કર્મવ્યવહારમાં આત્મા તે અપરા પ્રકૃતિનો ચાલક હોય છે. કારણ કે "आत्मा अश्वा" આત્મામાં જ્ઞાન ગમન અને પ્રાપ્તિ કરવી કરાવવી આ ધર્મ છે. આજ આત્મા અપરા પ્રકૃતિને આયુધ-હથીઆરવત ધારણ કરી વાણીમાં સંસ્કાર (Inertia) ઉત્પન્ન કરી વાણીથી કામ કરાવી લે છે. તેમજ સર્વ દેવતાના આત્મા થઇને તેમનાથી પોતાના સૂક્ષ્મદેહપર સંસ્કાર ઉત્પન્ન કરીને જગતવ્યવહાર ચલાવવાનો હેતુ બને છે.

*ગર્ભશબ્દનું ભૂતાર્થ.

विष्णोः × प्रदिशा × विऽधर्मणि × तिष्ठन्ति॰

જીવો, વ્યાપક પરમાત્માની વેદોક્ત આજ્ઞા-રૂપવ્યવસ્થાવાન પોતાના ધર્મ કરતાં વિરુદ્ધ ધર્મવાન્ સંસાર બીજમાં સ્થિત હોય છે. તે શરીરધારી જીવ કર્મ અને વિચારની સાથે સર્વ પ્રકારની પરમાત્માની આજ્ઞા પાલન કરવાથી વિદ્યામાં કુશળ અને વિદ્વાન્ થાય છે. તે જીવોના યથાર્થ ભાવને જાણવા માટે વિદ્વાનોને પણ કષ્ટ ઉઠાવવું પડે છે. આ સૃષ્ટિક્રમ વ્યવસ્થાને જેઓ યથાર્થ જાણે છે તે વિદ્વાન્ સર્વ પ્રકારથી સત્કાર પામે છે અને નથી જાણતા તેઓ તિરસ્કારને પામે છે.

આગલા મંત્ર જીવાત્મા પોતાની અવસ્થાનું કેમ વર્ણન કરે છે તે દેખાડે છે:—

न वि जानामि यदिवेदमस्मि निण्यः
संनद्धो मनसा चरामि । यदा मार्ग-

---

* गर्भः—अर्तिगृभ्यां भनन् ॥ उ. अ. १५२.
अर्भ, गर्भ । गिरति गुणाल्युपादिशतीति ।
गर्भ=जठरं तत्रस्थो वा ।
गृ घृ सेवने । भ्वा. प. ॥ गृ निगरणे । तु. प. ॥
गृ. शब्दे । क्या. प. ॥ गृ विज्ञाने । चु. उ. ॥

જે સ્થિતિમાં પૂર્ણ સિંચન, (સાંપડવાનું કર્મ) ગળી જવું, શબ્દ કર્મ (ઉપદેશ કર્મ) અને વિજ્ઞાન ન હોય તે સ્થિતિ અપૂર્ણ ગર્ભસ્થિતિ કહેવાય છે.

न्प्रथमजा ऋतस्यादिद्वाचो अंश्नुवे भा-गमस्याः ॥ ऋ० मं० १-१६४-३७.

જીવાત્મા કહે છે કેઃ—"यदा प्रथमजाः मा आ अगन्" જ્યારે ઉપાદાન કારણ પ્રકૃતિના નિમિત્ત કારણથી ઉત્પન્ન થઈ આવેલા પૂર્વોક્ત મહત્વાદિ મને પ્રાપ્ત થઈ ગયા અર્થાત્ મને સ્થૂલ શરીરાવસ્થા પ્રાપ્તિ થઈ ત્યારે "आत् इत् ऋतस्य अस्याः वाचः भागम् अहम् अश्नुवे" તેના પછી સત્ય સ્વરૂપની આ મનુષ્યવાણી અર્થાત્ વિદ્યારૂપી મનુષ્યવાણી મને પ્રાપ્ત થાય છે.

"यावत् इदं प्राप्तो न अस्मि तावत् उक्तं यत् इव न विजानामि" જ્યાં સુધી આ મનુષ્ય શરીર પ્રાપ્ત નથી થતું ત્યાં સુધી સૃષ્ટિ વિદ્યાને યથાવત તેની વિશેષતા સહિત જાણી શકતો નથી.

મનુષ્ય શરીર અને તેમાં મનુષ્યવાણીની પ્રાપ્તિ થયા વગર સૃષ્ટિ વિદ્યાનો યથાર્થ બોધ થવો અસંભવિતજ છે સાવિત્રી મનુષ્યવાણી દ્વારા કુલ જગતનું જ્ઞાન પ્રકાશિત કરે છે અને ભૂતલિપિ તે જ્ઞાનનો સ્વીકાર અને ઉપદેશ કરવામાં સહાયક છે, આ લિપિ દ્વારા જગતના વિદ્યાભંડાર જે જોઈ શકે છે તેજ આ ગાયત્રી મંત્રનું મહત્ત્વ શું છે તે જાણી શકે છે.

સૃષ્ટિ ઉત્પત્તિની પૂર્વે શું ન હતું તેનો વેદમંત્ર દ્વારા વિચાર થયા પછી હવે પૂર્વે શું હતું તે વેદ કહે છે.

સૃષ્ટિવ્યવહાર નિદર્શન મંત્રાણિ.

तम॑ आसी॒त्तम॑सा गू॒ळ्हमग्रे॑ प्रके॒तं स॑लि॒लं सर्व॑मा इ॒दम् ॥ तु॒च्छ्येना॒भ्वपि॑हितं॒ यदासी॒त्तप॑स॒स्तन्म॑हि॒ना जा॑य॒तैक॑म् ॥

ऋ० मं० १०–सू० १२९ मं. ३.

इदम् तम अग्रे तमसागूढमासीत्०—મનુ કહે છે—आसीदितं तमोभूतम्०—આ પ્રત્યક્ષાપ્રત્યક્ષ જગત ઉત્પત્તિની પૂર્વે તમોભૂત અવસ્થામાં હતું.

તમોભૂત (પ્રથમાવસ્થા).

હૃદય વા ગર્ભ જેવી હાલનાર ક્રિયા વા સંકોચ વિકાસ રૂપી કર્મ કરનાર દ્રવ્યો જ્યાં સંરક્ષિત અવસ્થામાં આવી રહેલા હોય છે તેજ અવસ્થા તમોભૂત છે. “તમ નામ ક્રિયાનું સંરક્ષણ અને સ્વીકાર” એજ કર્મ કરવાની સત્તા જેનામાં હોય છે તેજ તમોભૂત અવસ્થા જાણવી. આજ અવસ્થાને વેદ कुहकस्य अम्भः કહે છે. વર્ષાૠતુથી અતિરિક્ત કાળની પ્રાતઃ વેળામાં કિંચિત અપધર્મવાન ધૂમસ્વરૂપ હોય છે અને તેમાં જેમ કુલ પદાર્થ અન્તરહિત થયેલા હોયછે તેવીજ અવસ્થાવાન્ કુલ સંસાર હતો.

તમોભૂત અવસ્થાનું વિશેષ લક્ષણ વેદ કહે છે કેઃ—

प्रके॒तं स॑लि॒लं सर्व॑मा इ॒दम्०—

મનુજી તેજ મન્ત્રના અનુવાદ કરે છે કેઃ—

आसीदिदं तमोभूतमप्रज्ञातमलक्षणम् ॥
अप्रतर्क्यमविज्ञेयं प्रसुप्तमिव सर्वतः ॥ मनु० १—५.

મહાપ્રલયકાળમાં જ્યારે સત્ રજ અને તમ આ ત્રણે સુપ્ત અવસ્થામાં હોવાના કારણને લીધે તેનો વ્યવહાર ચાલુ ન હતો ત્યારે જીવ પરમાત્માભિમુખ હોય છે. અર્થાત્ તેની અશ્વશક્તિનો પ્રવાહ પરમાત્મા તરફ વહે છે. જેમકે જીવની ગાઢ નિદ્રા અવસ્થામાં શરીરાવયવને જીવથી સાક્ષાત્ ગતિ મળતી નથી પરંતુ શરીરાવયવમાં સંસ્કારધર્મ હોવાથી તે અવયવોએ ગતિનો સ્વીકાર કરેલો હોય છે. અને તેથી જાગૃતિ સૂધી શરીર ચાલે છે. એનેજ જીવનપૂર્વક પ્રયત્ન (Inertia) આ સંજ્ઞાથી ઓળખવામાં આવે છે. પણ જ્યારે મહાપ્રલયમાં (મૃત્ય અવસ્થામાં) પ્રસુપ્તિ જેવી અવસ્થા હોય છે ત્યારે શરીરાવયવોનો જીવનપૂર્વક પ્રયાસ ખલાસ થાય છે. અને નવા સંસ્કાર જીવ તરફથી મળતા નથી તેથી કુલ શરીરાવયવો ચેતનવિરહિત સ્થિતિમાં હોય છે. આ જેવી પ્રસુપ્ત અવસ્થા હોય છે તેવીજ મહાપ્રલયમાં કુલ સંસારશરીરની અવસ્થા હોય છે. અવાન્તર પ્રલયમાં સમાધ વા સુષુપ્તિ જેવી સ્થિતિ હોય છે. અર્થાત્ મહાપ્રલયકાળમાં વિશ્વ સર્વ લક્ષણથી રહિત કારણરૂપી અપ્રગટ અવસ્થામાં સ્થિત હોય છે. તેથી તે તર્કદ્વારા અને સ્વરૂપથી જાણવા લાયક ન હોતું. આનેજ પ્રસુપ્ત અવસ્થા કહેવામાં આવે છે.

तच्छ येनाभ्वपिं हितं यदासीत् तपस-स्तन्मंहि ना जांयतैकंम् ०—

ततः स्वयंभूर्भगवानऽव्यक्तोव्यञ्जयन्निदम् । महाभूता-दिवृत्तौजाः प्रादुरासीत्तमोनुदः ॥६॥ यो असावतीन्द्रिय ग्राह्यः सूक्ष्मोऽव्यक्तः सनातनः । सर्वभूतमयोचिन्त्यः स एव स्वयमुद्बभौ ॥ ७ ॥ मनु० १—६—७॥

આ જે પ્રસુપ્ત અવસ્થા કહેવાય છે તેનું સ્વરૂપ વેદ અને તેની અનુવાદ કરી મનુ દેખાડે છે કે તે તુચ્છ અવસ્થા છે. એટલે જીવાત્માએછોડી મુકેલી એ પ્રાકૃતકારણની સ્થિતિછે પણ તે અવ-સ્થામાંજ કુલ જગત્ અને જીવ આચ્છાદિત હતા. તે પરમાત્મ સત્તાની આગળ તુચ્છ—અલ્પ અને જીવાત્માએ છોડી દીધેલી તેથી નિર્બળ હતું. તે કારણ જગતને પોતાના અનન્ત જ્ઞાનવાન્ ચેતન (જીવ) સામર્થ્ય દ્વારા એક મહાન્ સમર્થવાન્ જેવું પ્રગટ કર્યું.

તમોનુદ (દ્વિતીય અવસ્થા.)

ગાઢ નિદ્રામાં રાજા, રંક, પશુ, પક્ષી આદિનું શરીર તુચ્છ જેવું જ હોય છે પણ જ્યારે આત્મા જાગૃત થાય છે એટલે તે શરીરા-વયવને ચલાવેછે ત્યારે તે એક મહાન્ કાર્ય કરનારછે એમ પ્રતિત થાય છે. અથવા મૃતશરીર અર્થાત્ જીવાત્માનું તુચ્છ એટલે છોડી દીધેલું શરીર જ્યારે અગ્નિ સંસ્કાર વડે અન્તરિક્ષમાં રજ રૂપમાં જાય છે ત્યારે તે અન્તરિક્ષમાં મહાન્ કાર્ય કરનારા પુરૂષના શ-

રીરની રજ હશે આવી કલ્પના પણ કોઈ વખતે નથી થતી. તેજ અન્તરિક્ષમાંનાં રજ અન્ન અને પ્રાણ દ્વારા જીવાત્મા એકત્ર કરે છે ત્યારે તેનાથી આ એક આશ્ચર્યકારક શરીર તૈયાર થાય છે. પણ ગર્ભમાં પરમાત્માના આધારપર સ્થિત થઈ જેમ શરીરાવયવ એકત્ર કરવાનું કાર્ય જીવ કરે છે તેવીજ આ સૃષ્ટિની આરંભની ક્રિયા જાણવી. આ અવસ્થાને મનુ મહારાજ તમોનુદ અવસ્થા કહે છે.

તમોભૂતદશાની પછી સ્વયંભુ ભગવાને અવ્યક્ત ને પ્રગટ કરવાના કાર્યનો આરંભ કરવા માંડ્યો. અને પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ આકાશ આ ભૂતોનાં કારણો જે પ્રકૃતિમાં અપ્રકટ હતાં તેને પ્રકટ કરી કુલ જગતના કારણ સમુહનું બળ એકત્ર કરી આ મહાન તત્ત્વ પ્રગટ કરવાનું કાર્ય કરવા માંડયું તેજ આ તમોનુદ અવસ્થા વા સંસારની પ્રકૃતિ એમ કહેવાય છે. તેજ મન વા મહાભૂત સમજી લેવું.

તમોભૂત અવસ્થા પ્રથમ અવસ્થા છે. આ અવસ્થામાં હાલવાની વા કંપવાન ક્રિયા જેમાં સંરક્ષિત થઈ રહેલી હોય છે, તેજ તમ અવસ્થા છે. તે તમ (તમસા) આ વર્ણુથી કૃષ્ણાજી નથી ઢંકાયલી હતી માટે अप्रकेतम् જીવ કોટીને જાણવામાં અયોગ્ય પણ પરમાત્મા તે અવસ્થાને ઠીક જાણતા હતા. માટે તેઓ વેદ દ્વારા કહે છે કે "सर्वमाइदम् तम् प्रकेत सलिलमासीत" તમાશ્રિત સર્વ સંસાર જીવને જાણવાલાયક નહોતા. કારણ તેઓ સલિલવત હતા. અર્થાત્ સર્વ વ્યવહારશૂન્ય આ-

કાશવત હતા. આકાશ એટલે વ્યોમ. वी + ओम् = व्योम्. "वि–वियन्नं" અન્નમાં સર્વ પ્રાણી પ્રવિષ્ટ થઇને રહે છે. અર્થાત્ કુળ જગતના અન્નનું જ્યાં રક્ષણ થાય છે, જેમાં કાંતિ અને ગતિ ઈત્યાદિ વ્યવહાર થાય છે, તે વ્યોમ છે.

વર્ણ.	ભૂત.	દેવતા.
व	જળ	રૂદ્ર
इ	વાયુ	બ્રહ્મા
ओ	અગ્નિ	વિષ્ણુ
म्	આકાશ-પૃથ્વિ	વરૂણ

પૃથ્વી, અગ્નિ, વાયુ, જળ આ ચાર ભૂતના જેમાં સ્વીકાર હોય છે તેજ વ્યોમ છે. વ્યોમના પર અને અપર એવા બે પ્રકારના ભેદ હોય છે. વ્યોમ વા તમસા તમથી આવૃત્ત સ્થિતિમાં પ્રસુપ્ત જીવને જ્યારે પરમાત્મા પ્રેરણા કરી કારણ સ્વરૂપ ભૂતાંશને ગૃહણ કરવાનું કાર્ય કરવામાં પ્રવૃત્ત કરે છે ત્યારે તે સુષુપ્ત અવસ્થા ત્યજી રૂદ્ર–બ્રહ્મ–વિષ્ણુ–વરૂણ–સંસ્કાર ધર્મવાન જીવ આ ચાર તત્ત્વનું એકિકરણ કરે છે. ત્યારે (રૂદ્ર, બ્રહ્મ, વિષ્ણુ, વરૂણ) રૂપી શૂન્ય થાય છે. તેજ આ મહત્તત્ત્વ અર્થાત્ સૃષ્ટિનું આદિ તત્ત્વ છે એનીજ શીવ વા શંકર આ પણ સંજ્ઞા છે. શીવ કલ્યાણ કરનાર. પ્રકૃતિનું જે કલ્યાણ કરે છે તે પ્રકૃતિ સહિત જન્તુ શીવ છે. અને જન્તુનું કલ્યાણ કરનાર પરમાત્મા પરમ શીવ છે. પ્રકૃતિ સહિત જન્તુઓ જેનું શીવ સ્વરૂપ છે તેવા શીવોનું સંવરણ–એકત્ર થઇને કાર્ય કરવા લાગવું,

તેનું સંચલન અને તેમનું એકભાવમાં આક્રમણ થવું એજ નાશ અટલે અપ અવસ્થા છે. માટે તે અવસ્થાને क्लेदिनि પણ સંજ્ઞા છે.

वा॒चो ज॒न्तुः क॒वी॒नां पव॑स्व सोम॒ धार॑या ॥ दे॒वेषु॑ रत्न॒धा अ॑सि ॥

ऋ० मं० ९ सु० ६७ मं० १९.

સોમદેવતા–વિશ્વામિત્ર ઋષિ.

कविनां वाचः देवेषु रत्नधा असि तत् सोमधारया जन्तु पवस्व "कान्तदर्शनानां वाणिः" જગત્ પ્રકાશિત કરનાર પરમાત્માએ ધારણ કરેલી વાણી, જેવી કે, વિશ્વાયુ, વિશ્વધાયા અને વિશ્વકર્મા ધર્મવાન છે, તે દિવ્ય ગુણવાન પદાર્થોને દિવ્યતા ધારણ કરાવનાર છે. અને વિદ્વાનોને સુશોભિત કરનાર છે. આ વાણી વિશ્વામિત્ર ગુણવાન્ (સંસ્કારિત) જન્તુઓ શુદ્ધતાને લાવે છે. અર્થાત્ વાણીનું–કારણ પ્રકૃતિનું કલ્યાણ કરનાર તેજ શીવ છે. આજ તત્ત્વ 'इन्द्रो मायाभि पुरुरुप इयते' આ શ્રુતિથી પણ પ્રગટ થાય છે. ઇન્દ્ર નામ જીવનો પણ છે તે કારણ પ્રકૃતિ વડે અનેક રૂપ ધારણ કરી પ્રગટ થાય છે અને તેજ આશયથી આદિત્યશક્તિના મહાદેવ આ પણ સંજ્ઞા છે.

महशब्देन तेजोरुपा कुण्डलिनीत्युच्यते ॥ आगमे.

મહાદેવ તેજ કુન્ડલિની છે. "सृष्टिकुण्डलिनीति" આગમે.

શબ્દસૃષ્ટિ:—

शब्दसृष्टौ शब्दब्रह्मेति उक्तिः । अर्थसृष्टौ सदाशिवः । तत् (शब्दब्रह्म) प्राप्यकुंडलीरूपं प्राणीणां देहमध्य-गमः ॥ आगमे.

માટે કહેલું છે કે कुंडल्या शब्दार्थरूपं–परा पश्यन्ति मध्यमा वैखरी रूपत्वेन शब्द–जनकत्वात् । कार्य कारणोपचारात् शब्दरूपं, विषयत्वात् अर्थरूपं ।

અર્થસૃષ્ટિ:—

कलामाया तदात्मनातम् शब्दसृष्टिः

શબ્દબ્રહ્મને શબ્દસૃષ્ટિ કહેવાય છે. અને અર્થસૃષ્ટિને સદા-શિવ કહેવાય છે. શબ્દબ્રહ્મ અર્થબ્રહ્મ સાથે કુંડલીરૂપ થઈ પ્રા-ણીના દેહમાં સ્થિત થઈ परा, पश्यन्ति, मध्यमा, वैखरी રૂપથી શબ્દની જનની થાય છે માટે કુંડલિની કુલ જગતની જનની છે. આ કુંડલિની ષટ્ માતૃકા વા માયાબીજનું એકત્ર થઈ ગયેલું સ-પ્તમ માતૃરૂપ વા મહાબીજરૂપ છે. આનું અષ્ટમ રૂપ લક્ષ્મી છે. જે રૂપ લક્ષમાં આવે છે તેજ લક્ષ્મીરૂપ છે.

૧ मालिनि=मल्ल–मल्ल धारणे=માળા ધારણ કરેલું સ્વરૂપ. પ્ર-કૃતિરૂપી માળા ધારણ કરેલું જન્તુનું સ્વરૂપ.

अन्धन्तमः प्रविशन्ति येऽसंभूति मुपा-

सते ॥ ततो भूयं इव ते तमो यउ सम्भूत्या७रताः यजु० ४०, ९.

२ शीववल्लरी=वल्ल संवरणे संचलने च । માયા અને જન્તુનું સંવરણ, સંચલન અને સંક્રમણથી થયેલું બીજરૂપ સ્વરૂપ.

३ वातावर्त्ति–वर्तते सा वर्त्तिः । दिपोपकरणं वा । वर्तते तत्र येन वासवर्त्तिः" योगक्रिया साधनद्रव्य मार्गो वा वायवः–सर्व क्रिया प्राप्ती हेतवः । સર્વ ક્રિયા હેતુરૂપી તૃતિય બીજ વાતાવર્તિ સંજ્ઞક હોય છે.

४ कला०–कल्+कच्=कला । कल्–નાદ, ગણના, કળા, કટકા, ભાગ, સૃષ્ટિના ભાગોનું નામ કળા છે, કળા એટલે નાદ, (કમ્પમય બીજ)

आकाशवायुप्रभवः शरीरात्समुच्चरन् वक्त्रमुपैतिनादः ।

આકાશ અને વાયુના સંયોગથી ઉત્પન્ન થઈ નાભિના નીચેના ભાગથી ઉપર આવી મુખમાંથી જે આન્દોલનો બહાર પડે છે તેની નાદ સંજ્ઞા છે.

बिन्दुशिवात्मकस्तत्रबीजं शक्त्यात्मकं तयोर्योगोभवेन्नादस्तेभ्यो जाता स्त्रीशक्तयः ॥ आगमे.

શીવાત્મક બિંદુ અને શકત્યાત્મક બીજ આમાંથી નાદ ઉત્પન્ન થઈ તેનાથી ત્રણ શક્તિ ઉત્પન્ન થાય છે. નાદરૂપી મુખ્ય કળા ચાર પ્રકારની છે.

सुरा   ૧ **મુશળરૂપી** અર્થાત્ ટુકડા કરનારી.

सोम   ૨ **કરવાલરૂપી** „ અંગુલી ગતિની સ્વિકાર અને બહાર ફેંકી દેવાની ક્રિયા કરવાવાલી.

प्राण   ૩ **ખેટકરૂપી** અર્થાત્ ખાવાની ક્રિયા કરનાર અર્થાત્ ક્રિયા અન્દર સ્વીકારનાર અને તેને વ્યવહારમાં લગાડનાર.

मन   ૪ **હલરૂપી**=કંપ ઉત્પન્ન કરનાર.

આ ચાર કળાના અન્તર્ગત બધી કળાનો સમાવેશ થાય છે આ કળાના ત્રણ પ્રકારના વીર્ય હોય છે.

१   काल=કાળો અથવા ઘેરો લીલો રંગ (વિષ).

२   घन=કઠિનત્વ.

३   छवि=રંગ, પ્રકાશ, તેજ (શરીરનો રંગ અથવા તેજ)

કળારૂપ માયાબીજનો જગતના કારણ શરીર સાથે સંબંધ હોય છે તે શરીરથીજ પાંચમા બીજની ઉત્પત્તિ થાય છે.

૫ **પાંચમા બીજની**=વાણી આ સંજ્ઞા છે.

शब्दः—स्थानान्तरेपु प्रविभज्यमानोवर्णत्वमागच्छति स शब्दः ।

નાદથી શરીર દ્વારા વિભાજિત થઈ અનેક પ્રકારની વાણી ઉત્પન્ન થાય છે. આજ વાણી केन्द्रावर्त्ति થાય છે ત્યારે તે

૬ **બીજરૂપમાં** હોયછે અને वृत्तावर्त्ति હોયછે ત્યારે તે

૭ **શકિતરૂપમાં** જાય છે.

આ સાત બીજની કેન્દ્રવર્તી જે સ્થિતિ તેજ કુન્ડલિની છે માટે શિવ, કુન્ડલિની, પ્રધાન, મહત્ તત્ત્વ શબ્દતઃ પર્યાયવાચક છે.

મહત્તત્ત્વની વસ્તુસ્થિતિનું દિગ્દર્શન કર્યા પછી વેદ આગળની સૃષ્ટિરચના દેખાડે છે. જેમ કેઃ—

कामस्तदग्रे समवर्तताधि मनसो रेतः । प्रथमं यदासीत् । सतोबन्धुमसति निरविन्दन्हृदि प्रतीष्यां कवयो मनीषा ॥

ऋग्. मं. १०, सू. १२९, मं. ४.

तत् अग्रे कामः समवर्त्तत०—મહત્તત્ત્વની ઉત્પત્તિની આગળ "कामः" અહંકાર ઉત્પન્ન થાય છે. તેજ ત્રિગુણાત્મક મન છે. ઇચ્છા વા પ્રેમનું અસ્તિત્વ, વા પૂર્વ કલ્પમાંનાં પ્રાણીઓનાં કર્મો આજ "मनसोरेतः" મનનું બીજ હોય છે. यत् प्रथम मासित् તેનું અસ્તિત્વ હતું માટેજ જગતની ઉત્પત્તિ सत्માંનીજ છે એમ શ્રુતિ કહે છે.

"तत् कवयः हृदि प्रतिष्य" તે જે બીજ પૂર્વે હોય છે તે વિદ્વાન્, યોગિ વા ઋષિ લોકો હૃદયમાં સંયમ કરી "असति" અપ્રતિયમાન અવસ્થાનું અર્થાત જગતની મૂળ કારણ અવસ્થાનું જ્ઞાન કરી લઈ "सतः बन्धुम् निरविन्दत्"०—પ્રતિયમાન જગ-

તના સહાયક—જગતમાં બંધન થવાનાં કારણભૂત જે જે હોય છે તેને જાણી લઈ બંધમુક્ત થઈ જાય છે.

આ સૃષ્ટિની ઉત્પત્તિનું જ્ઞાન હવે વેદ પોતે ઉપસંહાર રૂપે દેખાડી મનુષ્યોના તે બાબતના વિચારો પકવ અને દૃઢ કરે છે. જેમ કેઃ—

तिरश्चीनो विततो रश्मिरेषामधः स्विदासी३ दुपरि स्विदासी३त् ॥ रेतोधा आसन्महिमान आसन्त्स्वधा अवस्तात्प्रयतिः परस्तात् ॥ ऋ० अ० ८ अ० ७ व १७.

" अधः स्विदासीत् " उपरि स्विदासीत् = સર્વત્ર નીચે ઉપર " एषामरश्मितिरश्चिना विततः आसन् " જગતના સ્થૂળ સૂક્ષ્મ પદાર્થનો સમુહ પોતાના કારણમાં અન્તર્હિત થઈ રહેલો હતો તેમજ૦—

रेतोधा आसन् = પોતાના કર્મ સંસ્કારથી વિપાક થઈ કર્મરૂપ બીજ સહિત અનન્ત જીવ સર્વત્ર નીચે ઉપર હતા. અને—

महिमान् आसन्०—કર્મરૂપ બીજનું દહન કરી મુક્ત થઈ ગયેલા પુરૂષ સંજ્ઞક મહાનાત્મા પણ હતા.

अवस्थात स्वधा०—સદા ઈશ્વરને આધીન એટલે પરમાત્મા સાથે ઓતપ્રોત થઈ રહેલી અને જે નિમિત્ત કારણ વિના કાર્યરૂપ

થવામાં અસમર્થ આવી સ્વધા-જેની માયા, સત્, અસત્ આ અન્વર્થક સંજ્ઞા છે ત પણ નીચે ઉપર હતી.

परस्थात प्रयाति०—પોતાના આધારપર સ્થિત રહી ગયેલી છે તો પણ તેને આધીન ન થઈ તેને નિયમમાં રાખનાર પરમાત્મા પણ સર્વત્ર હતા. અર્થાત્ અનાદિ કાળથી પરમાત્મા, જીવ અને સત્ આ ત્રણ અનાદિ વસ્તુની વિદ્યમાનતા પ્રલયકાળમાં પણ હતી. માત્ર તેઓ તમ વા આત્મરૂપમાં અસ્તિત્વમાં હતા. માટેજ ઋષી લોકો કહેતા આવેલા છે કેઃ—

आत्मा वा इदमेक एवाग्र आसीत्०—આ સંસાર પ્રલયમાં આત્મસ્વરૂપ હતું. પણ વ્યવહારશૂન્ય હતું. તેનો વ્યવહાર આરંભ તેજ કલ્પારંભ હોય છે.

પ્રલયકાળનો સમય પૂર્ણ થયા પછી કાર્ય દશામાં સૃષ્ટિ આવી રહેલી તે સ્થિતિનું જે તત્ત્વ જેને "વિશ્વનું મૂળ" આ અન્વર્થક સંજ્ઞા છે, તેજ મહતત્ત્વ કહેવાય છે.

મહતત્ત્વ તેજ અપ તત્ત્વ છે. જેનો ઉલ્લેખ મનુસ્મૃતિમાં આવેલો છે કે-

"सोऽभिध्याय शरीरात्स्वात्सिसृक्षुर्विविधाः प्रजाः ।
अप एव ससर्जादौ तासु बीजमवासृजत् ॥ मनु. १-८.

આપણે સ્વધાથી નાના પ્રકારની પ્રજા ઉત્પન્ન કરવાનું ધ્યાન કરી પ્રથમ અપ તત્ત્વ ઉત્પન્ન કર્યું.

મહત્શબ્દ—ઉદક નામવાચક અને મહન્નામ=શ્રેષ્ઠ, પૂજનીય, વૃદ્ધિ કરનાર ઈ૦ શબ્દના વાચક છે. એમ નિઘંટમાં છે. અપનો સદ્‌ભાવ જાણવાથી મહત્‌તત્ત્વની વસ્તુસ્થિતિ યથાવત્ જાણવામાં આવશે.

आपो नारा इति प्रोक्ता आपो वै नर सूनवः ।
ता यदस्यायनं पूर्वं तेन नारायणः स्मृतः ॥ मनु.१-१०.

અપને નારા કહે છે, અને નર જેવા કે પરમાત્મા તેનાથી જે અપની શક્તિનો પ્રકાશ થાય છે, તેવોજ જીવ નરસૂનવઃ (Son of God) પરમાત્માનો પુત્ર કહેવાય છે. બન્ધન પામેલા જીવ નારાના, પાર્વતી વા પ્રકૃતિના સન્તાન જગપતિ વા ગજપતિ કહેવાય છે. પરન્તુ પરમાત્માના સન્તાન જે શુદ્ધાત્મા છે, સ્વસ્વરૂપ વા કૈવલ્યમાં સ્થિત છે તેની कार्तिकस्वामि આ પણ સંજ્ઞા છે. જેઓ સમ્પૂર્ણ કર્મરૂપનો ભોગ કરી વિપાક દહન કરી નિર્ધૂતમય થઈ રહેલા છે તેજ પુરુષ વા મુક્તાત્મા હોય છે. સારાંશ નારા અને નરસૂનુનો અભિસંબન્ધ તેજ અપ વા મહત્‌તત્ત્વ હોય છે અને આનો જે આધાર તેજ નારાયણ એમ સમજવું. તેમજ સત્ અસદાત્મક નિત્ય અવ્યક્ત કારણ છે તેને કાર્યદશામાં નારાયણ લાવે છે ત્યારે તેને બ્રહ્મા સંજ્ઞાથી વિદ્વાનો ઓળખતા આવેલા છે.

આજ આશય શતપથ બ્રાહ્મણકાંડ ૧૪ માં વર્ણન કરી ત્યાં પુરુષવિધ આત્મ સ્વરુપ અને સૃષ્ટિવર્ણનનો ઉપદેશ કરેલો છે.

પુરુષવિધ આત્મસ્વરૂપ અને સૃષ્ટિ વર્ણન

વા

૧૩ પુરૂષવિધ જીવગુણોપાસના.

शतपथ कां. १४. बृह. उ. ब्रा. ४ कां. १ थी आगळ.

आत्मा + एव + इदम् + अग्रे + आसीत् + पुरुषविधः०—

આ સંસાર પ્રથમ પુરુષવિધ આત્માજ હતો.

पूः शरीरम् तत्र शेते पुरुषः = जीवात्मा । શરીરમાં વાસ કરવાવાળો પુરુષ—જીવાત્મા पुरि ब्रह्मांडे शेते पुरुषः = परमात्मा । બ્રહ્માંડમાં વાસ કરનારા પુરુષ પરમાત્મા છે.

આ સંસારનું પ્રથમ સ્વરૂપ, પરમાત્મા, જીવાત્મા અને જડાત્મા એ હતું એથી કરીને પ્રારંભથી આત્મસ્વરૂપ હતું એમ કહેવાય છે. પરંતુ એ આત્મસ્વરૂપ પુરૂષવિધ હતું. શરીરમાં શયન કરવાવાળો જીવ શરીરનો આશ્રિત થઇને જોવું, સાંભળવું આદિ ક્રિયા કરવાવાળો થાય છે એવી રીતે શરીરથી પૃથક થવા છતાં પણ સંકલ્પ માત્રથી તે સાંભળવું આદિ ક્રિયા કરે છે આ જીવને પુરૂષ કહેવામાં આવે છે. તેથી કરીને એમ કહેવાય છે કે આ સંસાર આરંભથી એટલે કે પ્રસ્તુત અથવા વ્યક્ત અવસ્થાની પૂર્વે પણ પુરુષવાળો હતો.

પુરૂષ સંજ્ઞક આત્માને ભૌતિક અથવા જડાત્મા શરીરની આવશ્યકતા હોતી નથી. આ આત્મા સંકલ્પ માત્રથીજ સર્વ

વ્યવહાર કરી શકે છે. પણ જીવ સંજ્ઞક આત્માની સ્થિતિ આથી વિપરિત છે.

अकृत्स्नोहि सः प्राणन्नेव प्राणो नाम भवति वदन् वाक् पश्यंचक्षु शृण्वन् श्रोत्रं मन्वानो मनस्तान्यस्यैतानि कर्म्मनामान्येव ॥ वृह० अ० १ । ब्रा० ४ । कां० ७ ॥

જીવાત્મા અપૂર્ણ હોય છે એથી કરીને એ પ્રાણ વૃત્તિને અર્થે પ્રાણવાચક થાય છે. વાણીને માટે વાણી, જોવાને માટે ચક્ષુ, સાંભળવાને માટે કર્ણ અને મનન કરવાને માટે મનરૂપ થાય છે. દૃક્ અથવા દર્શન શક્તિની એકાત્મતારૂપી અસ્મિતા વૃત્તિ વિના અપૂર્ણ સ્થિતિમાં રહેલો જીવાત્મા પોતાનો વ્યવહાર કરી શકતો નથી પરંતુ પુરુષ અથવા મુક્ત સંસ્કારવાન આત્માની સ્થિતિ અસ્મિતા વૃત્તિનું ક્ષય થયા પછીની હોય છે. આ અવસ્થામાં એને પોતાના સ્વાભાવિક સામર્થ્યથી સર્વ વ્યવહાર કરવાની સત્તા પ્રાપ્ત થાય છે જેમ કેઃ—

शृण्वन् श्रोत्रंभवति, स्पर्शयन् त्वग्भवति, पश्यन् चक्षुर्भवति, रसयन् रसना भवति, जिघ्रन् घ्राणंभवति, मन्वानो मनोभवति, बोधयन् बुद्धिर्भवति । चेतयश्चित्तम्भवत्यहं कुर्वाणोऽहंकारो भवति ॥

સાંભળવાને માટે શ્રોત્ર, સ્પર્શને માટે ત્વગ (ત્વચા), જોવાને માટે ચક્ષુ, સ્વાદ લેવાને માટે રસના, વાસ લેવાને માટે ઘ્રાણેં-

દ્રિય (નાક), મનન કરવાને માટે મન, વિવેક જ્ઞાનને માટે બુદ્ધિ, સ્મરણશક્તિને માટે ચિત્ત અને શરીરના ચાલકત્વને માટે અહંકાર એનો વ્યવહાર કરે છે, અર્થાત્ મુક્ત અવસ્થામાં આત્માને જ્યારે આવશ્યકતા લાગે છે ત્યારે સંકલ્પ માત્ર શરીર ધારણ કરે છે. જેમ ભવપાશબદ્ધ આત્મા શરીરના આધારપર સ્થિત થઇને ઇંદ્રીઓ અને તેની ગોલકદ્વારા સ્વકાર્ય કરી લે છે તેવીજ રીતે મુક્ત જીવ પરમાત્માના આધારપર સ્થિત થઇને પોતાની મુક્તિના આનંદનો ભોગ કરે છે અને જ્યારે આવશ્યકતા લાગે છે ત્યારે સંકલ્પ માત્ર શરીરદ્વારા જગતકાર્યમાં પોતાનું કાર્ય કરી લે છે.

देवा ऋषयः सिद्धाश्च स्वाध्याय शीलस्य दर्शनं गच्छन्ति कार्ये चास्यवर्तन्ते इति ॥

व्यासभाष्य० पा० यो० दु० सु० २–४४ ॥

देवाः = विद्वान, ऋषयः = મંત્રદૃષ્ટા અને सिद्धः = શંકર થઈ ગયેલા આત્મા વેદાધ્યયન કરવાવાળાના દર્શનને જઈ તેના જ્ઞાન કાર્યમાં ઉપસ્થિત થાય છે.

આ સિદ્ધિ પુરુષ જે “ साध्यानां अधिराजो बभूव ” સાધ્ય કરવાવાળાઓમાં શ્રેષ્ઠ થઈ ગયા છે, તે સૃષ્ટિના આરંભમાં સંકલ્પ માત્રથીજ શરીરને ઉત્પન્ન કરીને સૃષ્ટિ ઉત્પત્તિના સહાયક બને છે. આ હેતુને સમજાવતાં બૃહદારણ્યક ઉપનિષદકાર ઋષિ સૃષ્ટિનો આરંભ પુરૂષવિધ આત્માથી બતલાવે છે.

વિશ્વામિત્ર સંજ્ઞક જંતુ અર્થાત્ મુક્ત જંતુ "कविनां वाचः सोमधारया पवस्व ॥" પરમાત્મવાણી જગત્પ્રસવ માટે તમને એટલે કરણ તત્ત્વને શુદ્ધ સ્થિતિમાં પ્રગટ કરવાના હેતુ બને છે. તેથી સત્વ એટલે પરમાત્માના આધારપર સ્થિત થઈ રજની સાથે કર્મનો આરંભ થવાથી બીજ સહિત જીવોની (શરીરધારી જીવોની) પ્રગટતા થવા લાગે છે. આજ બીજ વ્યવહારની સ્થિતિ તે અપ સ્થિતિ (કર્મસ્થિતિ) કહેવાય છે. આ કર્મનો આરંભ થવાથી જગતનું ઉપાદાન કારણ રૂપી મહત્તત્ત્વ સંજ્ઞક બીજ પ્રગટ થાય છે. જેની પછી સંસારની ક્રમવાર ઉત્પત્તિ થતી જાય છે. જન્તુઓની શક્તિ કેવી અને કેટલી જાતની છે તેનો બોધ થવાથી મહત્તત્ત્વમાં શું સામર્થ્ય એકત્રિત થઈ રહેલું છે તેનું અનુમાન કરવામાં ઠીક પડે છે. જન્તુ અલિંગથી પર થવા છતાં પણ તેની શક્તિ મહાન છે અને તેને ચેતનશક્તિ કહેવામાં આવે છે. પરંતુ વ્યવહારમાં આ શક્તિના ચોવીશ પ્રકાર છે. શતપથ બ્રાહ્મણમાં ઋષિ કહે છે કેઃ—"चतुर्विंशो वै पुरुषः"

પુરુષ આ ચોવીશ શક્તિઓને પ્રગટ કરવાને માટે સંકલ્પ માત્ર શરીર નિર્માણ કરી કાર્ય કરે છે. પરંતુ બદ્ધ જીવોને ભૌતિક સંગદ્વારા શારીરિક કાર્ય કરવું પડે છે. આવી જે બદ્ધ-જીવ અને પુરુષત્વની ગુઢ સ્થિતિ થાય છે તેને જાણવી એને તત્ત્વજ્ઞાન કહેવામા આવે છે.

વેદમાતા સાવિત્રી વિદ્યાદ્વારા આ તત્ત્વજ્ઞાનનો જગતમાં પ્રસાર કરે છે. આ તત્ત્વજ્ઞાનનું સંરક્ષણ ઋષિસંતાનો આજ સુધી કરતા

अन्तर्यामी ब्राह्मणप्रतिपादित चोवीस तत्त्वरूप अवस्था.

चित्रपट अंक ५.

सं.	तत्त्व.	वर्ण.	चतुर्विंशो पुरुषः	पुरुषशक्तिनी साधक.	
	आधिदैविक.		**पुरुषशक्ति.**	**भूत.**	**देवता.**
१	पृथिवी	अ. आ. अ ३	बल	आकाश	ब्रह्मा
२	अप्सु	इ. ई. इ ३	पराक्रम	वायु	,,
३	अग्नौ स्पर्श ...	उ. ऊ. उ ३	आकर्षण	अग्नि	,,
४	,, रूप ...	ऋ. ॠ. ऋ ३	प्रेरणा	जल	,,
५	अन्तरिक्षे	ऌ. · ऌ ३	गति	धरा	,,
६	वायौ प्राण ...	ए २... ए ३	भीषण	आकाश	विष्णु
७	,, अपान...	ऐ २... ऐ ३	विवेचन	वायु	,,
८	दिवी	ओ२... ओ ३	क्रिया	अग्नि	,,
९	आदित्ये	औ२... औ ३	उत्साह	जल	,,
१०	दिक्षु	हः	स्मरण	आकाश	रुद्र
११	चन्द्रतारके... ...	यः	निश्चय	वायु	,,
१२	आकाशे	रः	इच्छा	अग्नि	,,
१३	तमसी	वः	प्रेम	जल	,,
१४	तेजसी	लः	द्वेष	धरा	,,
	आधिभौतिक.				
१५	आत्मानि	ङ्	संयोग	आकाश	अश्विनौ
१६	सर्वभूतेषु	क	वियोग	वायु	,,
१७	प्राणे	ख	संयोजक	अग्नि	,,
१८	वाची	घ	विभाजक	जल	,,
१९	चक्षुषि	ग	दर्शन	धरा	,,
२०	श्रोत्रे	ञ्. च, छ, झ, ज	श्रवण	आ.वा.अ ज.ध	प्रजापति मनः
२१	त्वचि	न्. त, थ, ध, द	स्पर्शन	,, ,, ,, ,, ,,	यम धर्मवान.,
२२	मनसि	ण्. ट, ठ, ढ, ड	स्वादन	,, ,, ,, ,, ,,	इन्द्र ,, ,,
२३	विज्ञाने	म्. प, फ, भ, ब	गंध	,, ,, ,, ,, ,,	वरुण ,, ,,
२४	रेतसी	स. श, ष	ज्ञान	,, ,, ,, ...	सोम ,, ,,
	आध्यात्मिक.				
२५	अन्तर्यामिन् ...				
	आठ वर्ण अयोगवाह	५५+८=६३			

આવેલા છે અને આગળ પણ એજ લોકો તેની સંભાળ રાખશે અને તેનો પ્રચાર કરશે. દસ્યુ વિચારવાન પ્રજાને આ ગુઢ તત્ત્વ જ્ઞાનનો અવબોધ થવો અસંભવિત નથી પણ મુશકેલ છે.

(૧૪) પુરૂષની ૨૪ શક્તિનું વિવેચન.

૧ बल०-शतपथ०—માં આત્માની ૨૪ શક્તિ દેખાડેલી છે. તેમાંથી પ્રથમ શક્તિ બળ છે. ભૂતાત્મા શિવસત્તા અથવા પુરુષત્વ પ્રાપ્ત કરી લે છે; ત્યારે આ ચોવીશ સત્તા એકજ્ઞાન સત્તાની અન્તર્ગત કાર્ય કરનાર હોય છે. અને તેઓ આ સત્તા સંકલ્પ માત્રથીજ કાર્યમાં લાવી શકે છે. કારણ તે અવસ્થામાં તેને પ્રાકૃતિક સાધનોથી અભિમાની બનવાનું કારણજ હોતું નથી. પરંતુ જીવાત્મા અવસ્થામાં તેઓ શરીરધારી હોય છે, માટે બળથી જ્ઞાન સુધી આત્માની જે ચોવીશ શક્તિ છે તે જાણવાની અત્યન્ત જરૂર હોવાથી તેનું અત્રે વિવેચન કરીશું !

૧ પૃથ્વીતત્ત્વ અને બળશક્તિ—કારણ તત્ત્વને પણ પૃથ્વીતત્ત્વ કહેવામાં આવે છે. આ મૂળાધાર તત્ત્વ કાર્ય અવસ્થામાં અર્થાત્ પ્રકાશ અવસ્થામાં આવવા લાગે છે ત્યારે મહામાયા કેન્દ્રની તરફ સંગ્રહ થતી જાય છે. અને તેથી જે દાબ ઉત્પન્ન થાય છે તેનાથી તેમાં આકુંચનત્વ આવવા લાગે છે અને જ્યોતી ધર્મના અત્યંત આકુંચિત કાર્યથી તેમાં રૂક્ષતા, ઘનતા અને જડતા પ્રાપ્ત થતી જાય છે.

આ અત્યન્ત સૂક્ષ્મ બાબત સમજવા માટે સ્થૂળ અગ્નિના કાર્યતરફ જોવાથી સૂક્ષ્મનું યથાવત્ અનુમાન થાય છે. યજુર્વેદમાં એક મંત્ર છે તેમાં કાર્યકારણ અગ્નિનાં સ્વરૂપ દેખાડેલાં છે તે વિચાર કરવાલાયક છે.

વિદ્યુત્ અને વિદ્વાન્ અગ્નિ કેવા હોય છે તેનો ઉપદેશ આ મંત્રમાં છે.

गौतमऋषिः । अग्निर्देवता । आर्षीत्रिष्टुप छन्दः । धैवतस्वरः ॥

अग्नावग्निश्चरति प्रविष्टऽऋषीणाम्पुत्रो अभिशस्ति पावा ॥ स नः स्योनः सुयजा यजेह देवेभ्यो हव्य ꣳसदमप्रयुच्छन्न् स्वाहा ॥

यजु० अ० ५—मं० ४ ॥

(यो मिशस्ति पावाअग्नौ) સર્વ પ્રકારની હિંસા અથવા પૃથક્ કરવાની ક્રિયાથી રક્ષણ કરનાર, અથવા તે ક્રિયાથી રહિત જે વિદ્યુત અગ્નિ છે, (प्राविष्टः) તે અંદર પ્રવેશ કરી (ऋषीणां पुत्रः) ગતિનું સંરક્ષણ કરી, (स्योनः सुयजा) એક એક અણુને સાંધી રાખનાર કલ્યાણકારી યજ્ઞનો પ્રત્યક્ષ સંગ કરનાર (अग्निः) અગ્નિસ્વરૂપી અન્તરાત્મા (अप्रयुच्छन) અન્તર ભાગમાંજ ન રહી બહાર પણ આવે છે. (सः + नः + देवेभ्यः) આ ધર્મવાન

અગ્નિ જગતમાં અમોને દિવ્ય ગુણો આપી (**हव्यं + सदं + स्वाहा–प्रयच्छति**) દિવ્ય ગુણુ આપનાર અને તેનો સ્વીકાર કરનાર દિવ્ય પદાર્થો પ્રાપ્ત કરાવી (**सुहुतं हविरन्नं**) ઉત્તમ અન્નાદિ પદાર્થો પ્રાપ્ત કરાવે છે.

કાર્ય અને કારણભેદથી જે આ બે પ્રકારના અગ્નિ છે, તે કાર્યરૂપમાં સૂર્યાદિ પદાર્થોમાં અને કારણરૂપથી વિદ્યુતરૂપમાં સર્વ મૂર્ત્તિમાન પદાર્થોમાં પ્રવેશ કરી રહેલા છે. તેને વિદ્યાભ્યાસંગથી જાણી સંસારમાં સંપ્રયોગ કરી વિદ્યત્ કાર્યમાં ઉપયોગ કરી સુખી થાઓ, આવો વેદનો ઉપદેશ છે.

કોઈપણ વસ્તુપર અગ્નિની ક્રિયા થવા લાગે છે, ત્યારે અગ્નિ પ્રથમ દ્રવ્યમાં એકત્ર થતો જાય છે અને એકત્ર થઈ જવાની ક્રિયાથી જે દાબ ઉત્પન્ન થાય છે તેનાથી તે વસ્તુને આકુંચિત કરી રુક્ષ (oxydized) કરે છે. અર્થાત્ તેને ઘન અથવા જીડ કરે છે (Agni Contracts) પણ જ્યારે તે વસ્તુમાં અગ્નિ એકત્ર થવાની ક્રિયા ચોકકસ હદ સુધી ચાલી જાય છે ત્યારે અગ્નિ બહાર પડે છે. આ સ્થિતિમાં દ્રવ્યની ઉપર જે બે દાબ છે તે અગ્નિના બહાર પડવાના પ્રમાણમાં ઓછા થઈ જવાથી તે વસ્તુ પ્રસરણ પામી વિરલ, સ્નિગ્ધ અથવા ઠંડ બની જાય *છે. (Cold expands).

* Heat expands and cold contracts, આ વિચાર સ્થૂળ છે.

Agni (concentrated heat) contracts and âpa (expanded heat) cold expands.

જુઓ "બરફ" તરફ અને વિચાર કરો.

આ ઉપરથી જોતાં રૂક્ષ દ્રવ્ય પોતાના અંગના દાબથી તેના કરતાં કમી દાબના (સ્નિગ્ધ) દ્રવ્યનો દ્રાવક બને છે. અને તે તેનો દ્રવ્ય બનાવવાનો હેતુ હોય છે. આવી રીતે સૃષ્ટિમાં એક એકના કરતાં ભારી દ્રાવક હોય છે. **દ્રાવક** અને **દ્રવ્ય** આ ક્રિયા સાપેક્ષ હોય છે. દ્રાવક ભોક્તા છે અને દ્રવ્ય ભોજ્ય હોય છે. માટે દ્રાવક જ સર્વમાં શ્રેષ્ઠ છે. દ્રાવકને **ક્ષોભક** અને દ્રવ્યને **ક્ષોભ્ય** સંજ્ઞા છે. અને આ સંજ્ઞા પણ અન્વર્થક જ છે. માટે આગમ શાસ્ત્ર-અપરા શાસ્ત્ર, સૃષ્ટિ સંબંધી વિવેચનમાં કહે છે કે "**क्षोभ्य क्षोभक रूपः सृष्टि हेतु**" ક્ષોભ્ય ક્ષુબ્ધ થઈ જનાર અને ક્ષુબ્ધ કરનાર રૂપ પદાર્થ સૃષ્ટિના હેતુભૂત હોય છે.

તત્ત્વ વિચારનો સાર આ છે કે સકલ સિદ્ધોના સિદ્ધ શંકર **પરમેશ્વર** છે તેના આધારપર સ્થિત થઈ રહેલી **મહામાયા** મૂળ સ્થાનથી ગર્ભ તરફ ચળી જવા લાગે છે ત્યારે તે માયાની ત્રણ અવસ્થા પ્રગટ થવા લાગે છે.

પ્રથમ અવસ્થા—સત્વાવસ્થા હોય છે. કેન્દ્ર વા ગર્ભતરફ એકત્ર થતી જનાર આ અવસ્થા છે. આ અવસ્થાનો સ્વીકાર કરનારા જડ દ્રવ્ય હોય વા ચેતન રૂપ હોય, તેઓ જગતના કેન્દ્ર તરફ સહજ જઈ શકે છે. આજ અવસ્થા મૂળ તત્ત્વ હોય છે અને તેનો સ્વામિ **વિષ્ણુ** છે.

દ્વિતિય અવસ્થા—તમ અવસ્થા હોય છે. સત્વાવસ્થા પૂર્ણ થઈ, જ્યારે બહાર દ્રવવા લાગે છે, ત્યારે તેમાં **ઘનત્વ**, **જડત્વ**

આવતાં જાય છે. આજ તમાવસ્થા છે. સત્વવસ્થા જેનાથી આવૃત્ત થઈ ગયેલા હોય છે, તેજ આ અવસ્થા છે અને તેનો સ્વામી રૂદ્ર છે.

रुदिर अश्रुविमोचने ॥ अ० प० ।

અશ્રુપાત કરવામાં જળ છોડવાની ક્રિયાદર્શક रुदिर ધાતુથી રુદ્ર શબ્દ બને છે.

रोदेर्णिलुक्च । उणा० २–२२ ॥

रुद् + रक् = रुद्रः । पापिनो रोदयती तिरुद्रः । इश्वरः प्राणादि । दशरुद्रा जीवोवा ॥ પાપીઓને વિષ્ણુ તરફ અર્થાત્ કેન્દ્ર તરફ ન જવા દેવાથી જે રડવા લાગે છે તેનો જે હેતુ છે તેજ રુદ્ર સમજવો. દશ પ્રાણમાં વિટળાઈ ગયેલો હોય છે તે સત્વતરફ જવા નથી પામતો માટે બધા પ્રાણોનું મૂળ પ્રાણમાં સ્થાપન કરી તેનાથી જે અલગ થાય છે, તેજ સત્વલોક, વિષ્ણુલોક, અથવા સૃષ્ટિના ગર્ભમાં સીધી રીતે ચાલ્યો જાય છે. માટે યોગિઓમાં એક કહેવત છે કેઃ—

आवत जानो कालकु, करो ब्रह्मपुर वास ।
जहां काल आवे नहीं, रहेन जमका त्रास ॥

બ્રહ્મ–પુરવાસ કરવાના સીધા રસ્તા યોગીઓ કહે છે કેઃ—

पवन स्थिरंता मन स्थिरे, मन स्थिरंता बिन्द ।
बिन्द स्थिरंता सब स्थिरे, यो भाके गोविंद ॥

પવન–પ્રાણુને સ્થિર કરવાથી મન સ્થિર થાય છે. મન સ્થિર થવાથી મણી–વીર્ય સ્થિર થાય છે અને વીર્ય સ્થિર થવાથી સર્વ સ્થિર થાય છે. સારાંશ રુદ્ર વીર્યને સ્થિર થવાના કાર્યમાં બાધક છે. તેથી રુદ્ર જેનો સ્વામી છે, તે ઘન, જડ વા સ્નિગ્ધ પદાર્થ સ્વયં અસ્થિર હોવાથી તેઓ બીજમાં સ્થિરતા નથી થવા દેતા. માટે વીર્ય સ્થિર કરવું હોય તો રુદ્ર જેનો સ્વામી હોય છે તે તે પદાર્થો પ્રથમ અલગ કરવા જોઇએ.

रसश्च मनश्चैव चंचलत्वं स्वभावतः ।
रसो बद्धो मनो बद्धो किं न सिद्धति भूतले ॥

रसार्णवः

રસ (પારદ) (વીર્યેન્દ્રિયાદિ વિષય) અને મન સ્વભાવથીજ ચંચલ હોય છે. પણ જે રસને બાંધી શકે છે તેમજ જે મન બાંધી રાખી શકશે તેને આ ભૂતળ ઉપર અસિદ્ધ એવું કાંઇજ નથી. અર્થાત્ તેને લૌકિક અને પરલૌકિક આ બન્ને પ્રકારની સિદ્ધિ સિદ્ધ થાય છે.

તૃતિય અવસ્થા—રજાવસ્થા છે. સત્વ અને તમના વચમાંની અને આ બેઉને આધારભૂત હોય છે તે સ્થિતિ રજાવસ્થા હોય છે. આ સ્થિતિના સાધનથીજ જન્તુઓ સૃષ્ટિ વ્યવહાર કરી રહેલા છે. રજાવસ્થાથીજ જીવ સૃષ્ટિમાં પોતાનું શરીર બાંધી શકે છે. રજ અવસ્થા આ સમઅ-

વસ્થા છે. રજ, સ્થાવર, બ્રહ્મા, અર્ય્યમા સમાન વાયુ, આકાર, ક્રિયાશક્તિ અને ઈન્દુદેવતા આ રજનાં રૂપ છે. આ અવસ્થા બગડી જાય છે ત્યારે શરીરમાંથી જેની તે અવસ્થા છે તેનો હ્રાસ થાય છે. વિદ્યુતોત્પાદક ક્રિયામાં રુક્ષ, સ્નિગ્ધ જેમાં સમાન સ્થિતિમાં હોય (C + H) આવા વૈશ્વાનર જળ બનાવવાની ક્રિયા જેને હાથ લાગે છે તેજ અખંડ પ્રવાહ આપનાર વિદ્યુત કુપ બનાવવામાં ફતેહમંદ નીવડશે. ઋષિગ્રન્થ તથા વેદનું વેદ-શૈલિથી અધ્યયન કરનારને અશક્ય કાંઈ નથી સૃષ્ટિના ઉત્પાદક બ્રહ્મા છે એ વચનમાં ઘણુંજ અર્થગાંભીર્ય છે અને બ્રહ્મ શબ્દનો સત્યાર્થ જાણુનારાઓને તેની પ્રતિતિ થાય છે. માટે સત્વ, રજ અને તમનું પ્રકૃતિ એવું અન્વર્થક નામ છે અને તે પ્રકૃતિથી જે બ્રહ્માનું સ્વરૂપ છે તેજ **મહત્તત્ત્વ** અથવા મહાન તત્ત્વ છે.


સૃષ્ટિકાર્યવ્યવહારનું સાધક આજ મૂળતત્ત્વ છે. આ મહાનતત્ત્વની **શીવશક્તિ, કુંડલિનિ, નાદબિંદુ, બીજ** એ યથાર્થ સંજ્ઞાઓ હોય છે.

પ્રધાન અથવા મહામાયા પરમાત્માના સામર્થ્યથી કુંડલાકાર ગતિ (Spiral) પામે છે અને તેથી ફરી તેમાં કેન્દ્રાભિસરણ ધર્મ પ્રાપ્ત થાય છે, માટે તે પ્રધાન વા મહામાયાની અવસ્થાને શિવશક્તિ (શિવ એટલે પરમાત્માથી પ્રાપ્ત થયેલી શક્તિ) કહે-

વાય છે. કુંડલાકાર ગતિથી પ્રધાન મધ્યવાર્ત્ત થાય છે. તેથી કરી તેને પણ કુંડલિની આ યથાર્થ સંજ્ઞા હોય છે. કુંડલિની

આ૦ ૮.

कुंडलिनि.



(Spiral Motion) ગતિદ્વારા પ્રધાન બિન્દુમાં એકત્ર થાય છે. તેથીજ તે બિન્દુ રૂક્ષ, ઘન, અથવા જડ બને છે. (Contraction is the property of agni) અગ્નિ આકુંચિત કાર્ય કરનાર તત્ત્વ છે. માટેજ તેનાથી રૂક્ષતા ઉત્પન્ન થાય છે. તે રૂક્ષ હાલતને બિન્દુ એ પણ અન્વર્થક સંજ્ઞા છે. રજ તેજ બીજ છે. અને બીજને ધારણ કરી રાખનાર રજ છે. રજને પુરૂષ શક્તિથી વીર્ય મળે છે. ત્યારેજ બીજ વિકાસિત થાય છે, માટે રજ આ તત્ત્વ સંપૂર્ણ સૃષ્ટિનું બીજ કહેવાય છે. તે પણ યથાર્થ જ છે. બીજને જે પ્રકારના સંસ્કારી પુરૂષનાં વીર્ય મળે છે, તેમ તેનાં વિકાસનાં રૂપ થતાં જાય છે. પુરૂષ આ બીજની સાથે તદાકાર થાય છે તેથી અહંકારની ઉત્પત્તિ થાય છે. આત્મા ત્રણ પ્રકારના સંસ્કારી હોવાથી અહંકાર પણ ત્રણ ગુણાન્વિત હોય છે.

સાત્વિક, અહંકારથી મન પ્રગટ થાય છે.
રાજસ, „ (૧૦) દશ ઇન્દ્રિયો અને
તામસ, „ (૫) પંચ તન્માત્રા પ્રગટ થાય છે.

બીજ અથવા બિન્દુ જ્યારે વિકસિત થવા લાગે છે ત્યારે ગંભીર નાદ ઉત્પન્ન થાય છે. નાદ એક પ્રાણુથી અથવા અપાનથી ઉત્પન્ન નથી થતો.

प्राणापानयोः सन्धिः सव्यानो यो व्यानः सा वाक् तस्मादप्राणन्ननपानन्वाचमभि व्याहरति ॥

छान्दोग्य प्र० १ खं० ३ प्रवा० ३.

કારણુ કે પ્રાણુ અને અપાનની સન્ધિ હોય છે તે વ્યાન છે. વ્યાન તેજ વાણી છે. માટેજ પ્રાણુ અથવા અપાનમાં વાણીનો વ્યવહાર નથી થઈ શકતો. પરંતુ વ્યાન તેજ વાણીના વ્યવહારનો હેતુ છે, તેથી વાણી અગ્નિનું રૂપ કહેવાય છે. પ્રાણાપાનની સંધિથી જેમ પ્રાણીના શરીરમાંથી નાદ પ્રગટ થાય છે, તેમજ સ્થાવર, પાષાણુ અને મૃત્તિકામાં અગ્નિના સંબંધથી વિકાર થાય ત્યારે નાદ ઉત્પન્ન થાય છે. કેટલીએક વનસ્પતિઓનાં બીજ એવાં વિલક્ષણુ હોય છે કે તેના ઉપર આઘાત કરવાથી અથવા પાણીમાં નાખવાથી મોટો નાદ પ્રગટ થાય છે. કારણુ બીજમાં પ્રાણાપાન વાયુ સમાન અવસ્થામાં હોય છે. પ્રાણાપાનની સન્ધિ સમાનાવસ્થામાં થાય છે ત્યારે તે સમાન અથવા બ્રહ્માવસ્થા કહેવાય છે. આજ કારણુને લીધે અગ્નિ, અપ અથવા નાદ


બ્રહ્મથી જગતની ઉત્પત્તિ થાય છે એમ જે શાસ્ત્રકાર કહે છે તે યથાર્થ છે.

સત્વાવસ્થા, રૂક્ષ, ઘન, જડ, શૂન્ય હોય છે, તે અવસ્થા પૂર્ણ દશામાં આવે છે ત્યારે તે વધારે રૂક્ષ, ઘનાદિ થતી જાય છે, અને તે સ્થિતિમાંથી બહાર પડવા લાગે છે અર્થાત્ બહાર પડવાની સ્થિતિ વૃત્તાવર્તિ થવા લાગે છે ત્યારે તે કુંડલિનિના બંધન-માંથી છૂટી જવાને લીધે પ્રસરણ પામે છે, એમ ઉપર કહેલું છે. આ અવસ્થાના ધર્મ સ્નિગ્ધતા, વિરલતા, શીતતા છે, (Rapid evaporation produces cold) તેથીજ આવા ધર્મની વૃદ્ધિ જે વસ્તુમાં થાય છે ત્યાંજ તેની પ્રતિતિ હોય છે.

૨ રૂક્ષ અને સ્નિગ્ધમાંના ભેદ.

રૂક્ષ-કેન્દ્રાવર્તિ હોય છે.


આ. ૯.



માટે ઘન થતો જાય છે.

સૂક્ષ્મ, સ્નિગ્ધ-વૃત્તાવર્તિ હોય છે.

આ. ૧૦.



માટે વિરલ હોય છે.

વંશાવળી.

પરમાત્મા (મહાન શક્તિ) મહામાયા શક્તિવાન કરનારા.

પ્રધાન (અલિંગ) સૃષ્ટિનું મૂળતત્ત્વ. (માયા, પ્રકૃતિ; શક્તિ.)

૧ + ૦ સત્ત્વ–વિષ્ણુ — તમ–રૂદ્ર ૨–૦

a condensing positive element. ૧ અનું ૨ + અને –, અથવા atomic self worked out by soul. આત્મા — Negateve element reflicting • + ૦ આનું સન્ધિ તેજ. Groundmatter ઉપાધિ, માયા.

રજ — બ્રહ્મા — મહત્તત્ત્વ

(શિવશક્તિ, કુંડલિનિ, નાદ-બિન્દુ, અપ, બીજ.)

creative element–Nature.

જ્ઞાન, ઈચ્છા, ક્રિયાશક્તિ, સમુચ્ચય તત્વ.

ક્ષોભ, ક્ષોભક સૃષ્ટિ હેતુ.

ક્ષોભક — ક્ષોભ્ય.

નાદ

સત્ત્વશક્તિ — રજશક્તિ — તમશક્તિ.

જ્યેષ્ઠનાદ.

અગ્નિદેવતા	ઈન્દુદેવતા	અર્કદેવતા.
વિષ્ણુ	બ્રહ્મા	રુદ્ર
શબ્દસૃષ્ટિ ઉત્પાદક	શબ્દાર્થસૃષ્ટિ ઉત્પાદક	શબ્દાર્થસૃષ્ટિ ઉત્પાદક
શબ્દાર્થસૃષ્ટિ ઉત્પાદક	અર્થસૃષ્ટિ ઉત્પાદક	અર્થરૂપસૃષ્ટિ ઉત્પાદક
શબ્દરૂપસૃષ્ટિ ઉત્પાદક	રૂપ શબ્દસૃષ્ટિ ઉત્પાદક	રૂપસૃષ્ટિ ઉત્પાદક

कला माया तदात्मनात्

શબ્દસૃષ્ટ્યાત્મક શક્તિ   કલોત્પત્તિ બીજ   કલોત્પન્નદેહ

बीज + शक्ति = प्रपञ्चयोगः | बीजघोषः = शक्तिर्जीवः

રજ + જીવાત્મક શક્તિ અથવા વીર્ય.

ત્રિગુણાત્મક અહંકાર : પંચભૂતાત્મા.

સાત્વિક અહંકાર	રાજસ અહંકાર	તામસ અહંકાર
મન	દશ ઇન્દ્રિયો	પંચ તન્માત્રા

રૂક્ષ (Oxydizing heat રૂપ)   સ્નિગ્ધ (Cold reducing)(સ્પર્શ)

તેજ

(तेजोरुप स्पर्शवत्) (वैशेशिक)

द्यौः——————हिरण्यगर्भ——————पृथिवी (વાયુરૂપી)

(પ્રાણ, અપાન, વ્યાન,)——સમાન——(નાગ, કુર્મ, કકલ.

ઉદાન.   ધનંજય.   દેવદત્ત.

સત્વાવસ્થામાં કેન્દ્રાભિસરણ ક્રિયા હોય છે. તેથી તે તત્વ સૃષ્ટિ કાર્ય નથી કરી શકતું. પણ આ તત્વ પૂર્ણાવસ્થા પામ્યા પછી જ્યારે તેનાથી છૂટા થયેલા પરમ અણુઓ વિકાર પામી **તમ** અવસ્થામાં આવતા જાય છે, ત્યારે તેમાં સ્નિગ્ધતા આ-વતી જાય છે. માટે તમ અવસ્થા સૃષ્ટિબન્ધારણનો હેતુ હોય છે. પણ જેમ અત્યન્ત સત્વાવસ્થા કોઈ પણ સૃષ્ટિ કાર્ય કરવામાં અસમર્થ હોય છે, તેમજ અત્યન્ત સ્નિગ્ધ પણ જડ બનવાથી કોઈ પણ કાર્ય કરવામાં સમર્થ નથી હોતું. પણ આ બેની વચમાંની જે સ્થિતિ છે તેજ સૃષ્ટિમૂલક હોવાથી તે અપ સંજ્ઞક તત્ત્વ ગણાયેલું છે. બીજ ધારણ કરવા આ તત્વલાયક હોય છે, તેથી અપથી સૃષ્ટિ ઉત્પન્ન થાય છે એવો શાસ્ત્રકારોનો વિચાર યથાર્થજ છે. ત્યારે **અપ** એટલે શું? "स्नेहोऽपां वि-शेष गुणः संगृह मृजादि हेतुः" (वैशेषिक). અપનો સ્નેહ, સ્નિગ્ધતા વિશેષ ગુણ છે. સંગ્રહ એટલે પિંડીભાવ અને શુદ્ધિનો હેતુ **અપ** છે. તેથી શતપથ બ્રાહ્મણમાં આરંભમાંજ ઋષિ કહે છે કે,—"पवित्रं वा अपः। मेध्यो वा अपः। पवित्र पुतो मेध्यो ऽपस्पृशति" ગમે તે યજ્ઞ કરવો હોય તો પ્રથમ **અપ** તત્વને એટલે બુદ્ધિને અને યજ્ઞદ્રવ્યોને શુદ્ધ કરી યજ્ઞ કાર્યને સ્પર્શ કરવો–એકત્ર કરવું, જેથી કરી યજ્ઞની યથાર્થ સિદ્ધિ થાય છે. કારણ કે, સૃષ્ટિયજ્ઞ **અપ** તત્વને–મહત્તત્વને મેધાવાન્ જીવ સ્પર્શ કરતા આવેલા છે. "यज्ञो वै विष्णु" વિષ્ણુ તેજ રુક્ષ ધર્મવાન્ અગ્નિ છે. આજ આકાશ તન્માત્રા છે

તેના બન્ધનમાંથી જે બહાર પડે છે, તેને સ્પર્શ કરવાથી—એકત્ર કરવાથી યજ્ઞક્રિયાની સિદ્ધિ થાય છે. ત્યારે વાયુ તન્માત્રા પ્રગટ થાય છે. આદિ સૃષ્ટિમાંથી આજ નિયમપર ચાલુ રહેલી ક્રિયાથી અથવા યજ્ઞથી હરેક સ્થૂલ, સૂક્ષ્મ દ્રવ્ય તૈયાર થાય છે.

અપમાં દ્રવત્વ ધર્મ છે. તે અપથી દ્રવ્ય બને છે. વહી જવાના કાર્યનું કારણ છે માટે તેને દ્રવત્વ કહેવામાં આવે છે. સાંસિદ્ધિક અને નૈમિત્તિક ભેદથી દ્રવત્વ બે પ્રકારનાં હોય છે. જળનો અર્થાત્ અપનો આ ગુણ સાંસિદ્ધિક છે. અપ તેજ રજ છે. માટે અપથીજ અર્થાત દ્રાવણ કરનાર રજથીજ દ્રવ્ય બને છે એમ ઉપર કહેલું છે તે સિદ્ધજ છે.

કારક (ઓલાં અથવા બરફ) આ જળની પિંડ અવસ્થા છે. તો પછી અપનો દ્રવત્વ ગુણ સાંસિદ્ધિક છે, એમ માનવું અયુક્ત નથી. કારણ કે દિવ્ય તેજ અર્થાત વિદ્યુત તેજ જેમાં પરમ અણુઓને કેન્દ્ર તરફ એકત્ર કરવાની સત્તા છે, તે તેજની સાથે અપનાં પરમ અણુઓ સંયુક્ત થઈ દ્રવ્યને ઉત્પન્ન કરનાર સંઘાત (ભેગું કરવું) નામનો સંયોગ થાય છે. તે સંઘાતથી પરમાણુનો દ્રવત્વ ધર્મ રોકવાથી હિમ (બરફ) કારક (વર્ષાના પત્થર) ઉત્પન્ન થાય છે. તેથી અપનો દ્રવત્વ આ જે સાંસિદ્ધિક ગુણ છે તેનો તિરોભાવ માત્ર થાય છે. અભાવ નથી.

અગ્નિના સંયોગથી જે પરમ અણુમાં વેગ ઉત્પન્ન થાય છે. તેથી પૃથ્વી અને તેજયુક્ત પદાર્થોમાં જે દ્રવત્વ થાય છે તે નૈમિ-

ત્તેક હોય છે. જેમ ઘી, મોમ, રાંગ અને આકરજ અર્થાત ખાણુ-
ાાંથી નીકળતી ધાતુઓનાં મૂળરૂપ દ્રવ્યો છે, તે દ્રવ્યોનાં કાર-
ામાં અગ્નિના સંયોગ અને વેગની અપેક્ષાથી કર્મની ઉત્પત્તિ
ાવાથી જેવા વિભાગ થાય છે, તેજ પ્રમાણુમાં દ્રવ્યના આરં-
ાક સંયોગ હોય છે. તે સંયોગ કર્મનો નાશ થાય છે, ત્યારે
ાર્ય દ્રવ્યની નિવૃત્તિ થાય છે અને ઔષ્ણ્યની (દાહ ધર્મની)
અપેક્ષા કરી અથવા ઔષ્ણ્ય લક્ષણુયુક્ત અગ્નિના અન્ય સંયો-
ાથી સ્વતંત્ર પરમાણુઓમાં દ્રવત્વ ઉત્પન્ન થાય છે. આજ ઉપ-
ાક્ત કારણુને લીધે અગ્નિના દ્રવ્ય કરવાના ધર્મ અને જળના
પિંડ બાંધવાનાં ધર્મકાર્ય પ્રતિત થાય છે. પ્રશસ્ત પાદમાંનું જે
ાચન આપેલું છે, તે દ્રવ અને દ્રવ્યને જાણુવા માટે વિશેષ
ાપયોગી છે. જેમ કે:—

"स्नेहोऽपां विशेष गुणः संग्रहमृजादिहेतुः । अस्यापि
गुरुत्ववन्नित्यानित्यत्व निष्पत्तयः ॥ वै० प्र० पाद.

સ્નેહ જળનો વિશેષ ગુણુ છે. તેથી તે સંગૃહ (પિંડ બાંધવો)
અને મૃજાદિનો (શુદ્ધિ આદિ) પણુ હેતુ છે. તે સ્નેહા-
દિની સિદ્ધિ ગુરુત્વની સમાન નિત્ય અને અનિત્ય છે. પણુ
સૌમ્ય અગ્નિની નિવૃત્તિ કરેલી હોય તો, દિવ્ય અગ્નિ પરમાણુ-
ઓને એકત્ર કરે છે, તેથી વર્ષાના કારણુ પરમાણુઓમાં દિવ્ય
અગ્નિના સંયોગથી જે વેગ ઉત્પન્ન થાય છે, તે અણુઓ ભોગી
આત્મા તરફથી અદૃષ્ટ કાર્યની અપેક્ષા કરનારાં હોય છે. આત્મા

અને વેગ પામેલાં અણુઓ તેના સંયોગના કારણ ગુણ ક્રમાનુસાર કર્મની પ્રગટતા થઈ દ્વયણુક આદિ ક્રમથી કાર્યદ્રવ્ય ઉત્પન્ન થવાના હેતુઓ બને છે. તેમજ તે કાર્યદ્રવ્યમાં રૂપની ઉત્પત્તિ થાય છે, તે વખતે કારણગુણના ક્રમાનુસાર પ્રથમ દ્રવત્વની ઉત્પત્તિ થાય છે.

અગ્નિ તેજ કુંડલિનિ છે. આ એક વિલક્ષણ તત્વ છે. આ તત્વ કોઇની સાથે વળગી જાય તેમ નથી. "अक्नोपतीत्यग्नि। नक्नोपति नस्नेहतीत्यग्नि" જે સ્નિગ્ધ નથી તે અગ્નિતત્વ છે. આ ધર્મને માટેજ અગ્નિને રૂક્ષતત્વ કહેવામાં આવે છે. આ અગ્નિતત્વ સતત કુટિલ ગતિમાં હોય છે, માટે (अक्–कुटिलायांगतौ) કુટિલ ગતિવાન્ "अक्" ધાતુથી પણ અગ્નિશબ્દની સિદ્ધિ થાય છે. કુટિલ ગતિકાર્ય સતત ચાલતું હોય ત્યારે તેની કુંડલાકારજ હાલત થાય છે. માટે કુંડલિનિ તેજ અગ્નિતત્વ છે એમ નિશ્ચય થાય છે.

કુંડલિનિ સ્વરૂપી અગ્નિ તત્વમાં એક વિલક્ષણતા છે. વર્તુલાકાર ગતિમાં અણુઓ કેન્દ્ર તરફ આકુંચિત થતા જાય છે ખરા, પણ અણુઓ અથવા અણુઓનો સંઘાત, ચક્રાકાર ગતિ–જેમાં આવી રહેલી છે, તેને વળગી રહેલા હોય તોજ તે સ્થિતિ આવે છે અને આનાથી વિરૂદ્ધ અવસ્થામાં ચક્ર તેને બહાર ફેંકી દે છે. આચક્રિયાને અવક્ષેપણ અને ઉત્ક્ષેપણ (Centrifugel and Centripital) આ સંજ્ઞા છે. પણ કુંડલાકાર ગતિમાં આવેલા

અણુઓ કેન્દ્ર તરફજ એકત્ર થતા જાય છે કુંડલાકારથી અલગ રહેલું ગતિવાન અણુઓનું સ્વરૂપ તેજ ભૌમ્ય અગ્નિ છે. ભૌમ્ય અગ્નિ તેજ અગ્નિનું પ્રત્યક્ષ સ્વરૂપ હોય છે. કુંડલિનિ સ્વરૂપી અગ્નિ તેજ દિવ્ય અથવા કારણસ્વરૂપી અગ્નિ છે અને આનાથી વિપરિત તેજ ભૌમ્ય અથવા કાર્યસ્વરૂપી અગ્નિ છે. અગ્નિતત્વનું વિશેષ વિવેચન કરવાનું કારણ એ છે કે રૂક્ષ અને સ્નિગ્ધની (આકાશ અને વાયુની) વસ્તુસ્થિતિનો યથાવત બોધ થઈ ગયેલો હોય તોજ અહંકાર તત્વનું વિજ્ઞાન પ્રાપ્ત કરવું સુલભ થાય છે.

સાત્વિક અહંકાર તેજ પ્રત્યક્ષ મનદ્રવ્ય છે. આ મનસંજ્ઞક મહાન્ અહંકાર સત્તાને સ્વેચ્છાનુકુલ ઈષ્ટ હેતુનેઅર્થે કાર્યમાં લાવવી હોય તો સાત્વિક અહંકારનુંજ અવલંબન કરવું પડે છે. કારણ સાત્વિક અહંકાર તેજ **આત્માનું મહાન બળ અથવા સામર્થ્ય હોય છે.**

૧૫ પુરૂષની બલશકિત.

બલ—આત્માની ચોવીશ શક્તિમાંથી બળ પ્રથમ શક્તિ છે. ભૂતાત્મા શિવસત્તા વા પુરુષત્વ પ્રાપ્ત કરે છે ત્યારે આ ચોવીશ સત્તા એક જ્ઞાનસત્તાનું અન્તર્ગત કાર્ય કરનાર હોય છે અને તેઓ આ સત્તા સંકલ્પ માત્રથીજ કાર્ય કરવામાં લાવી શકે છે. કારણ તે અવસ્થામાં તેને પ્રાકૃતિક સાધનોના અભિમાનનું કારણુજ નથા હોતું. પરન્તુ જીવાત્મા સંજ્ઞક અવસ્થામાં તેઓ શરીરધારી હોય છે માટે તેને શારિરિક, માનસિક અને આ-

ત્મિક બળને પ્રાપ્ત કરવાનું કારણ રહે છે. અર્થાત આ ત્રણ સત્તાને જાણવાની શરીરધારી આત્માને જરૂર હોય છે.

૧૫-૧ માનસિક બલ.

પવન (પ્રાણ) **મન** અને **મણી** આ ત્રણ સાધનની વસ્તુસ્થિતિ જેવી હોય તેવી આત્માના બળની યોગ્યતા હોય છે. પ્રાણ આત્માના તાબે આવવાથી મન તાબામાં આવે છે. પ્રાણ અને મન તાબામાં આવે છે ત્યારે બિન્દુ (વીર્ય) સહજ તાબે થાય છે. માટે જેના તાબામાં આ ત્રણે આવી જાય છે, ત્યાંજ આત્માનું પૂર્ણ બળ પ્રગટ થાય છે. આજ વસ્તુસ્થિતિને લીધે યોગી લોકો કહેતા આવેલા છે કે,—

मनबन्ध जोगी और दलबन्ध राजा

જેને તાબે મન હોય તેને જોગી કહે છે અને જેના તાબામાં લશ્કર હોય તેજ રાજા હોય છે તેજ પ્રમાણે જેના તાબામાં શરીરરૂપી દળનું એકત્ર થઈ ગયેલું બળ હોય છે તેજ આ કાયાનગરીનો રાજા કહેવાય છે. બાકી દળના ખીદમતગારો તો ઘણા હોય છે. શરીરરૂપી દળમાં બળ છે. પણ તે શરીર કેવું અને કેમ હોવું જોઇએ તેનો ખ્યાલ કરવાનું કામ કેટલા લોકો કરતા હશે તેનો વાંચકજ પોતે વિચાર કરશે તોજ ઠીક થશે.

૧૫-૨ કસરતી શારીરિક બલ.

શરીર સુદૃઢ કરવાને માટે કસરત, ગાયન, પૌષ્ટિક અન્ન, ટોનિક ગોળીઓ, રસાયનો ઈ૦ અનેક સાધનો પ્રચારમાં છે;

તેથી શારિરિક બળ પ્રાપ્ત થઈ શકે છે. આમ લોકોનું માનવું છે તે જેમ ખોટું નથી તેમ સર્વાંશે ગ્રાહ્ય કરવા લાયક પણ નથી. કસરત કરવાથી માંસપિંડ મજબૂત થતાં જાય છે, આ સિદ્ધાન્ત યોગ્ય છે. પણ જેના શરીરમાં સ્નિગ્ધ દ્રવ્ય ઓછું છે અર્થાત શરીરને ધારણ કરનાર ધાતુસ્વરૂપી દ્રવ્ય નબળું હોય તો તેના શરીરના માંસપિંડમાં દૃઢતા કેમ આવશે? કસરત કરનારાઓએ બ્રહ્મચર્ય પાળવું જોઇએ એ કોણ નથી જાણતા? પણ ઘણાએ દેખાવ-કાર્યના પ્રચારક આજના છોકરાઓ પાસે કસરત કરાવે છે તેનું ગંભીર પરિણામ શું થાય છે તેનો અનુભવ જરા પોતાની આજુબાજુ વિચારદૃષ્ટિથી જોવાથી ખબર પડશે.

૧૫-૩ આત્મિક બલ.

ગાયનનો પ્રચાર પણ હાલ મોટે ભાગે થતો જાય છે અને તે એક શરીર મજબૂત કરવાનું અને મન દૃઢ કરવાનું સાધન છે એમ લોકોને સમજાવવામાં આવે છે. તાત્વિકદૃષ્ટિથી આ વાત ખરી છે પણ તેનો જેવી રીતે વ્યવહાર ચાલે છે તે સિદ્ધાંતના પ્રમાણમાં ઈષ્ટ હેતુની પૂર્ત્તિ કરવા લાયક છે કે? જગતમાંના સર્વ પ્રકારના વ્યવહારો કાયમ રાખવા માટે નાદજ મુખ્ય છે. નાદક્રિયાથી શારિરિક અણુમાં ઉત્તેજક ધર્મ આવે છે અને તેથી તેવાં અણુઓ રોગ બીજને શરીરની પાસે આવવા નથી દેતા અને આજ કારણથી સવાર સાંજ અને અન્ય અનુકુળ કાળમાં પણ ગાયનથી પરમાત્માનું સ્મરણ કરવાની જે પ્રથા આપણા લોકોમાં છે તેજ આપણા પૂર્વજોનો નાદવિદ્યા સંબંધી

ભૂયોદર્શનની સાક્ષ આપે છે. ગાયનના અભ્યાસ કરનારના શરીરની પાસે રોગબીજ નથી આવતાં એટલુંજ નહિ પણ કેટલાક અન્દર રહેલાં રોગબીજને તે બહાર કાઢી નાખે છે. શરીરને રોગ રહિત કરવામાં અને મનને શીવસંકલ્પ કાર્ય કરવામાં ગાયન એક હિતચિન્તક મિત્ર તરીકે કાર્ય કરે છે.

ગાયન શ્વાસને નિયમિત વ્યવહાર કરવામાં લાવી શકે છે અને શ્વાસની તાકાદ પણ તેથી વધે છે. ગાનસ્વરૂપી નાદ લોહીને એટલા વેગ આપે છે કે તે રક્તમાંના નિર્જીવ કણોને (Morbid Matter) શરીરમાંથી મળ બહાર ફેંકી દેવાના છિદ્રરૂપ દ્વારતરફ લઈ જાય છે અને તેથી ફેફસાંની (Lungs) ક્રિયા જોરથી ચાલે છે અને છાતી પણ પહોળી થતી જાય છે.

પ્રભાતકાળે, અતિથિપુજાની વખતે, રાજસભામાં, યજ્ઞક્રિયામાં, લગ્નાદિ શુભ પ્રસંગોમાં, કે વિપત્તિમાં, પ્રવિલાપ કરવાને પ્રસંગે ગાયન વાજીંત્રનો ઉપયોગ કરવાની જે પ્રથા ચાલે છે, તે આરોગ્ય રક્ષણને માટેજ છે. પણ શું કંઠમાંજ વિશેષ પ્રયત્ન કરી સા, રિ, ગ, મ, પ, ધ, ની, આ ઉચ્ચારણની સાથે ગાયનનો પ્રકાર ગાવાથી શરીરના સમ્પૂર્ણ અણુઓમાં કંપ ઉત્પન્ન થશે કે? ષડ્જાદિ જે સાત સ્વર છે, તેનું ઉચ્ચારણ જે જે સ્થાનમાંથી નીકળવું જોઈએ તે સ્થાન માથે પ્રાણવાયુનો સ્પર્શ કરી નાદ પ્રગટ કરવામાં આવે તોજ તે સ્વરોથી યથોચિત કાર્ય થશે. જેમ કેઃ—

नासां कंठ मुरस्तालु जिव्हां दन्ताश्च संश्रितः ।
षड्भिः संजायते यस्मात्तस्मात षड्ज इति स्मृतः ।। ના. શિ.

નાભિ પ્રદેશમાં પ્રયત્ન કરી નાક, કંઠ, છાતી, તાળવું, જીભ અને દાંત આ શરીરનાં છ સ્થાનોને સ્પર્શ કરી જે નાદ છ સ્વરોથી ઉત્પન્ન થઈ શકે છે, તે ષડ્જ કહેવાય છે. ઋગ્વેદમાં પ્રથમ ૯ સુક્તના સ્વર ષડ્જ છે. સુક્ત ૧૦ ગાન્ધાર અને રૂષભ સ્વર છે. સુક્ત ૨૪ ધૈવત સ્વર છે. સુક્ત ૧૯ પંચમ સ્વર છે. સુક્ત ૩૧ નિષાદ છે. સુક્ત ૩૬ માં મધ્યમ સ્વર આવે છે. પરંતુ પ્રધાનતા ષડ્જ સ્વરનીજ છે. આ વંશાગત ષડ્જ, રૂષભ આદિ પ્રત્યેક સ્વરોના ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત ભેદથી સાત પ્રકાર થાય છે અને તેના હ્રસ્વ, દીર્ઘ, પ્લુત મળી ૭ × ૩ = ૨૧ પ્રકાર થાય છે. તેમાં એક શ્રુતિ સ્વર મળવાથી ૨૨ શ્રુતિ વા સ્વર થઈ જાય છે. પ્રતિપાદનમાં જેને શ્રુતિ કહે છે તેને પ્રયોગમાં સ્વર કહે છે; માટે વેદમંત્રના પ્રત્યેક નિર્દિષ્ટ ષડ્જાદિ જે સામાન્ય સ્વર હોય, તે કાયમ રાખીને અથવા તેને સપ્તકના મુળ સ્વર ગણી તેના સાત ભાગ કરીને તે ભેદ પરત્વે સ્વરોનું ઉચ્ચારણ કરવામાં આવશે તોજ તે પ્રકારના સ્વરોચ્ચારણથી શરીરમાં યથોચિત ક્રિયા થઈ શકશે. પણ શરીરમાં વીર્યનો ન્યુનભાવ હોવાથી વેદમંત્રના વેદશૈલિથી સ્વરોચ્ચારણ કરનારાઓનો દહાડે દહાડે અસ્ત થતો જાયછે. વેદમાંના એકશ્રુતિ સ્વરનું ઉચ્ચારણ કરવાની જગા, ચાર યમમાં જે ळ અક્ષર છે, તેજ છે. તેનું યથાયોગ્ય ઉચ્ચારણ કરેલું હોય તો તેનાથી ભેંસના જેવોજ અવાજ નીકળે છે. તે અવાજ વા સ્વર કાઢવાને કેટલી તાકાદ જોઈએ તેની તે સ્વરનું

ઉચ્ચારણ કરવાનો પ્રયત્ન કરવાથીજ ખબર પડે છે અને આજ નિર્બળ કારણને લીધે શુદ્ધ રાગમાં ગાનારાઓ અને સાંભળનારાઓ ઓછા જોવામાં આવતા જાય છે અને ટ્યાં, ટ્યાં, ટ્યાં, ટ્યાં સ્વરવાળા ગાયન કરનારની સંખ્યા મોટી થતી જાય છે.

सप्त ऋषयः प्रतिहिताः शरीरे सप्त रक्षन्ति सदमप्रमादम् । सप्तापः स्वपतो लोकमीयुस्तत्र जागृतो अस्वप्नजौ सत्र सदौ च देवौ॥ यजु० ३४ । ५५ ॥

પાંચ જ્ઞાનેન્દ્રિય, મન અને બુદ્ધિ આ શરીરમાં સ્થિર અને વ્યાપક થઈ વિષયોને પ્રાપ્ત કરી શરીરની રક્ષા કરી રહેલાં છે અને જ્યારે જીવ સૂઈ જાય છે ત્યારે આ સાત ઋષિ તમોગુણનો આશ્રય કરી અન્દર સ્થિર રહી જાય છે. અર્થાત્ આ સ્થિતિમાં બાહ્ય વિષયોનો ભોગ નથી થતો. સ્વપ્નાવસ્થામાં તેઓ તમોગુણથી ન દબાઈ જવાથી તેઓ સાત જીવાત્માની રક્ષા કરવામાં તત્પર રહી જાય છે, માત્ર આ બેઉ અવસ્થામાં પ્રાણ અને અપાન ફક્ત જાગૃત રહી જવાથી શરીરની રક્ષા થાય છે, અન્યથા મરણજ સંભવ છે.

सप्तशिरसि प्राणाः । प्राणाः—इन्द्रियाणि । ૨—શ્રોત્ર, ૨—નયન, ૨—ઘ્રાણ, ૧—જીહ્વા, = ૭ પ્રાણ: "ऋषि वै प्राणाः" આનેજ સપ્ત-ઋષિ પણ વેદમાં કહેલા છે. શરીરમાં આ સાત ઋષિ સ્થાપિત

કરેલા છે, હૃદય—આકાશરૂપ લોકમાં એજ સાત પ્રાપ્ત થઈ ગયેલાં છે અને તે વ્યાપક પણ છે.

૨ કાન = ગોતમ-ભારતદ્વાજ	૨ નયન=વિશ્વામિત્ર—જમદગ્નિ
૨ ઘ્રાણ = વસિષ્ટ—કશ્યપ	૧ વાણી = અત્રી-
૪	૩ = ૭.

આ સાતને હોતા કહે છે. કારણ કે આ સાત, અષ્ટમ મન, નવમો મનુ (જીવાત્મા) એ નવ સદા મળીને આન્તરિક યજ્ઞ ચલાવે છે. આ સપ્ત પ્રાણને પ્રયોગમાં સ્વર કહેવામાં આવે છે. આ સાત સ્વરનો નવ દેવતાની સાથે યોગ કરવાથી ૯ × ૭ = ૬૩ ત્રેસઠ રૂપ થાય છે. અને ઓંકાર જે એક સ્વરવાચક છે, જે સર્વ સ્વરોની પ્રતિષ્ઠા છે. તે મળી ૬૪ સ્વર થાય છે, જેમાંથીજ ૬૪ કળાની ઉત્પત્તિ છે. કારણ કલા તેજ નાદ અને " **કલાત્મા વર્ણજનની** " વર્ણની જનની જે સાવિત્રી છે, તે કળાની આત્મસ્વરૂપી છે. અર્થાત્ ઓંકાર શબ્દ બ્રહ્મનો આત્મા છે અને ભુઃ ભૂવઃ અને સ્વઃ નાદબ્રહ્મના આત્મા છે. સારાંશ ઉદ્ગિત, પ્રણવ, ઓંકાર વા એકશ્રુતિ ગાન તેજ આર્ચિક ગાન છે. આજ ગાયનથી એક તત્વાભ્યાસ કરી જીવ સમાધિભૂત થાય છે.

સપ્ત સ્વરનાં સાત પ્રકારનાં ગાયન છે. જેમકેઃ—આર્ચિક, ગાથિક સામિક, સ્વરાન્તર, ઔડવ, શાડવ અને સંપૂર્ણ.

આર્ચિકાદિ સપ્ત ગાયન પ્રકાર.

ચિત્રપટ અંક ૬.

મુખ્ય પ્રકાર	પારમાર્થિક		ગાન	સાવધાનક ગાન	અજ્ઞાનમૂલક (માયાવૃત્ત) ગાન		
નામ	આર્ચિક	ગાથિક	સામિક	સ્વરાન્તર	ઔડવ	શાડવ	સમ્પૂર્ણ
વર્ણન	ઉદ્ગિત, પ્રણવ, ઓંકાર વા એકશ્રુતિ	જીવ, ઈશગુણ ગાન	ઈશ, જીવ અને માયાનાં ગુણ ગાન	સાવધાનક ગાન ચાર ભૂતથી ઉત્પન્ન સંસારમાં ન ફસી જવું.	માયા, મોહ, પ્રેમ, હાસ્ય, યાચકત્વ ઇ૰ પ્રાપંચિક ગાન વર્ણન		
સ્વર	ષડ્જ	ઋષભ	ગાંધાર	મધ્યમ	પંચમ	ધવત	નિશાદ
સ્વર સંખ્યા	એકસ્વર	દ્વિ-સ્વર	ત્રી-સ્વર	ચતુઃસ્વર	પંચસ્વર	ષટ્સ્વર	સપ્તસ્વર

આ સ્વર વ્યવસ્થા જાણવાથી વેદના વિષય જાણી તેમના અર્થ સમજવાનું કામ સુલભ થાય છે.

આ સ્વર વિવેચન ઉપરથી વાંચકોને ધ્યાનમાં લેવા લાયક બાબત એજ છે કે આર્ચિક ગાયન સર્વ પ્રકારના ગાયનમાં શ્રેષ્ઠ છે અને મનુષ્યોને બલ આપિ મનુષ્ય બનાવવાની તેજ ગાયનમાં સત્તા છે. આર્ચિક શબ્દમાં શું સત્તા છે તે સ્વયં વેદ દેખાડે છે. જેમકે:—

आर्चिक–ऋचिभवः–ठभ् (इक्) (आ + ऋचि + इक) આર્ચિક ઋચા સંબંધી જે છે, તે ઋચિક અને જેમાંથી ઋચિકનું સ્મરણ થાય છે, તે आः + ऋचिक = આર્ચિક ગાન છે.

ऋचो अक्षरे परमे व्योमन्यस्मिन्देवा
अधि विश्वे निषेदुः। यस्तन्न वेद किमृचा-
करिष्यति य इत्तद्विदुस्तइमे समासते ॥

ऋग्वेद अष्ट० २ अ० ३ वर्ग० २१–१९

ऋचः। अक्षरे। परमे। विऽओमन्।
यस्मिन्। देवाः। अधि। विश्वे। निऽ-
सेदुः। यः। तत्। न। वेद। किम्।
ऋचा। करिष्यति। ये। इत्। तत्।
विदुः। ते। इमे। सम। आसते।

ઋગ્વેદાદિ વેદ માત્રથીજ જે પ્રતિપાદિત થાય છે, જે પરમ નાશરહિત સર્વત્ર વ્યાપ્ત છે, તેજ અક્ષર છે. સર્વ જડ ચેતનાત્મા દેવતા જેનો સર્વ પ્રકારે આશ્રય કરી રહેલા છે, તેનો આર્ચિક ગાનથી એક તત્વાલય કરવાનું જે નથી જાણતા તેઓ ચાર વેદજાણીને પણ શું કરશે? પણ જે પરબ્રહ્મનો એકતત્વ ગાનથી અનુભવ કરે છે, તેજ બ્રહ્મમાં સારી રીતે સ્થિર થઈ જાય છે; અને તેનાજ આત્મામાં **આત્મિક બળ** પ્રાપ્ત થાય છે.

આર્ચિક ગાન એટલે ઉદ્ગિત, ઓંકાર વા પ્રણવ ગાન છે અને આજ ગાયનથી મનબંધ અને રસબન્ધની સિદ્ધિ થવાથી ગાયકને જગતમાં અસિદ્ધ એવું કાંઈ રહેતું નથી. આ વિચાર શાબ્દિક જ્ઞાનથીજ માત્ર બળ પ્રાપ્ત કરવાનો ઉપદેશ કરનારાઓએ જરૂર ધ્યાનમાં રાખવો જોઇએ. કારણ—

एके साधे सब सधे । सब साधे सब जाय ॥

એક આર્ચિક સ્વર સિદ્ધ થવાથી બાકી સર્વ સ્વરની સિદ્ધિ થાય છે. પણ સર્વ સ્વર ગાનની પાછળ લાગવાથી બધાં હાથમાંથી જાય છે.

૧૫-૪ જ્ઞાન અને કર્મજન્ય શારીરિક બલ.

માનસિક કસરતી શારીરિક અને આત્મિક બળનો વિચાર કરી લીધા પછી હવે જ્ઞાન અને કર્મથી જે શારીરિક બળ પ્રાપ્ત કરવાનું હોય છે તેનો વિચાર કરીશું.

જ્ઞાનથી મુક્તિ થાય છે આ વિચાર સર્વથી શ્રેષ્ઠ છે ખરો, પણ જ્ઞાનની પ્રાપ્તિ કરવા માટે કર્મની પણ આવશ્યકતા હોય છે.

"प्रालब्धकर्मफलभोगायतनं शरीरमिति"

પ્રાલબ્ધ કર્મના ભોગનું આશ્રય શરીર છે. એટલે કર્મથી પ્રાલબ્ધ બને છે અને પ્રાલબ્ધનો ભોગ કર્મ સાથે કરવો પડે છે, ત્યારે શરીરજ ભોગનું સાધન છે આ વાત નિશ્ચિત છે. જુઓ કે જ્ઞાનથી શુદ્ધ થઈ ગયેલી બુદ્ધિ હોય તેની યોગ્યતા સકળ મહિતળ ફળ પ્રાપ્ત કરવા લાયક હોય છે, તેથી પૃથ્વી મંડળમાં અનેક કર્મ કરવાની પ્રવિણુતા આવી ગયેલી હોય છે તેના પરિણામરૂપે અનેક અર્થ એટલે વિવિધ ફળ ઉત્પન્ન કરી શકે છે તેમજ આર્થિક ગાનની વસ્તુસ્થિતિનું જ્ઞાન પરિપૂર્ણ રીતે મળી આવે છે. અર્થાત્ યોગ અને અનેકવિધ ભોગ ફળ ઉત્પન્ન કરવાની જ્ઞાનથી યોગ્યતા આવી ગયેલી હોય છે તો પણ તે યોગ અને ભોગ, શરીર–સાધન દ્વારા કર્મ કરી પ્રાપ્ત કરવાનું હોય છે. પણ મહાન્ કષ્ટથી કહેવું પડે છે કે શરીર સર્વો કૃષ્ટ હોય તોજ તે ફળ પ્રાપ્ત થવું સંભવ છે અને તે શરીર અસ્થિર હોય તો સર્વ જ્ઞાન નિષ્ફળ છે. માટે મહિતળમાં જેટલા ભોગ અને યોગ હોય છે તેમાં શરીર મુખ્ય સાધન સમજી આ નશ્વર શરીરને નિત્ય કરવાનો રાતદિવસ પ્રયત્ન કરતા રહેવું જોઇએ. કારણ શરીર નિત્ય હોય તોજ સર્વ નિત્ય છે એમ સમજવું.

શરીર નિત્ય (૬૭) કેમ થશે તે જાણવાને માટે વિશ્વામિત્ર ઋષિત્વ જેમાં છે, તે સાવિત્ર મન્ત્ર જે પિંડ અને બ્રહ્માંડ શરી-

રનું ગાયન એટલે વર્ણન કરે છે તેનું જ્ઞાન લઈ શરીર નિત્ય બનાવવાનું કર્મ કરતા જવું. "કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર" આ ષડ્ વિકાર શરીરમાં વાસ કરી રહેલાં હોય ત્યાં-સૂધી શરીરનો નિત્ય હ્રાસ થતો જશે અને આ ષડ્ વિકારોને શરીરમાંથી દૂર કરવાથીજ શરીર નિત્ય થવા લાગે છે. માટે શ્રી રામચંદ્રજીના ગુરુ રામને કહે છે કે, હે રામ! આકાશ, પાતાળ અને ભૂતળમાં એવું કોઇ સ્થાન નથી કે જેમાં મુક્તિ થશે. મુક્તિનો માર્ગ એકજ છે અને તે "સર્વ આશાનો ક્ષય એજ છે." शमो मोक्ष इत्याचक्षते "શમઃ=શાંતિ તેજ મોક્ષ છે." તેથીજ ઋષિઓ કહેતા આવેલા છે કે—ओ३म् शान्तिः शान्तिः शान्तिः. ओ३म्-કાર વાચ્ય પરમાત્મા શાન્તિ સ્વરૂપ છે. માટે શાન્તિનું સદૈવ સ્મરણ કરવું અને તે શાન્તિ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરતા રહેવું.

આ સર્વ શ્રેષ્ઠ વિચાર મૂકી દઈ કોઈ એમ માનતા હોય કે ઔષધિ અને રસાયનાદિ અનેક છે, તેનાં સેવનથી શરીર દૃઢ કરીશું તો તેમનું તે માનવું નિષ્ફળ છે. જુઓ કે સર્વ વનસ્પતિ નાગ (શિષ) માં લીન થઈ જાય છે, નાગ—વંગમાં, વંગ-શુલ્વમાં (તામ્રમાં) શુલ્વ—રૌપ્યમાં, રૌપ્ય—સૂવર્ણમાં અને સૂવર્ણ—પારદમાં લીન થાય છે. પણ પારદ અગ્નિમાં અસ્થિર છે ત્યારે ઔષધી અને રસાયનની તો શું કથા? કારણ જે પોતેજ અસ્થિર છે તે શરીરને કેમ સ્થિર કરશે? માટે રસબદ્ધ અને મનબદ્ધ કરવાની ક્રિયા કરનારને ભૂતળપર સર્વ પ્રકારની સિદ્ધિ મળે છે.

पंचभूतात्मकरसः

રસ પંચભૂતાત્મક હોય છે. તે રસ એટલે વીર્ય, રસરાજ બદ્ધ પારદ અને પંચભૂતાત્મક મન સ્વરૂપી રસ બદ્ધ થવાથી ઇન્દ્રિયોના રસ પણ બદ્ધ થાય છે. આ ત્રણ પ્રકારના રસ જે કોઈ બદ્ધ કરી શકશે તેને મહિતળમાં કોઇ કાર્ય અસિદ્ધ નથી.

શરીરાશ્રિત મનોધર્મના અસ્તિત્વથી શરીરમાં અસ્થિરતા આવતી જાય છે. માટે કામક્રોધાદિ મનોધર્મને પ્રથમ દબાવવા જોઇએ. આત્માની બળશક્તિ મનની વસ્તુસ્થિતિપર અવલંબિત હોય છે. આ દેખાડવા માટે ચિત્રમાં બલશક્તિના દેવતા બ્રહ્માને દેખાડ્યા છે. બ્રહ્મા, પ્રજાપતિ વા મન એકજ અર્થબોધ કરનારા શબ્દો છે. મનદેવતાનું કાર્ય વ્યક્ત કરનાર શરીર આકાશભૂત છે અને આકાશભૂતનું શરીરમાં વિશેષ સ્થાન શિર છે. તે શિરનાં પૃથ્વી તત્વ વા રજકણો સાત્વિક અવસ્થાનાં હોય અને મનની પ્રચાર સંવેદના (શરીરમાંથી મનને બહાર કાઢી તેનું પરકાયા પ્રવેશાદિ મહાન્ કાર્ય કરવાનું વિજ્ઞાન) જેને હોય છે, તેજ જગતમાં મહાન્ બળવાન્ હોય છે; પણ આ યોગ્યતા રસબદ્ધ કરવાથીજ પ્રાપ્ત થાય છે, એમ હમેશાં સ્મરણ રાખી વીર્યની રક્ષા, વૃદ્ધિ અને ઇંદ્રિયોની સ્થિરતા કરવાનો પ્રયત્ન કરતા જવું, જેનાથીજ આત્માની પૂર્ણ બળશક્તિ પ્રગટ થાય છે. આ સામર્થ્ય પ્રાપ્ત કરવાને માટેજ બ્રહ્મયોનિની—મનુષ્યયોનિની રચના છે. તેનો દુરુપયોગ ન કરવો અને આત્મામાં પૂર્ણ બળ પ્રાપ્ત કરવું આજ શ્રુતિ ઉપદેશ છે. જુઓ અથર્વ વેદ પ્રથમ મન્ત્રઃ—

ये त्रिषप्ता परियन्ति विश्वा रूपाणि बिभ्रतः । वाचस्पतिर्बला तेषां तन्वो अद्य दधातु मे ॥ अथ. १-१-१-१.

એકવીશ વિશ્વરૂપ, જેનાથી સમ્પૂર્ણ જગત ધારણ થઈ ગયેલું છે, અથવા જે એકવીશ રૂપ સર્વ જગતને વહી લે છે એવા હે વેદવાણીના પ્રકાશક વાચસ્પતિ સંજ્ઞક પરમાત્મા! આપ આજથી મારા શરીરથી તેના બળને ધારણ કરવાનું બળ આપજો જેથી કરી મોક્ષ પર્યન્ત જવામાં કોઈ પ્રકારનું વિઘ્ન ઉત્પન્ન થાય નહિ. આવી રીતે સૃષ્ટિશક્તિને તાબે રાખવાનો પ્રયત્ન કરવાને બદલે અજ્ઞાનાન્ધકારમાં આવૃત્ત થયેલી પ્રજા, જેવી કે દશ પ્રાણને ખાન, પાન, આહાર, વિહારથી તૃપ્ત કરવા સિવાય કાંઈ કર્તવ્યજ સમજે નથી તે હંમેશ પ્રેતલોકનીજ અધિકારી થશે અને સદૈવ જન્મમરણના ચક્રમાં ભ્રમણ કરતી રહેશે. કારણ સંસાર ચક્રના બળનો વેધ કરી તેનાથી બહાર પડવાનું બળ તેમાં નથી હોતું. પ્રેતરૂપી થઈ ગયેલી પ્રજામાં તે બળ ક્યાંથી હોય? માટે આવા લોકોને શ્રુતિ આત્મઘાતી કહે છે. આ દોષનું નિર્મૂલન કરવું એનુંજ નામ પુરુષાર્થ અને તે કાર્ય પૂર્ણ આત્મબળથીજ બને છે.

૧ અપતત્વ અને પરાક્રમશક્તિ.

સ્નેહ, સ્નિગ્ધતા આ અપતત્વનો વિશેષ ધર્મ છે. સંગ્રહ કરવું એટલે પિંડ બાંધવાનું કાર્ય કરવું અને શુદ્ધિનો હેતુ

થવું એ પણ અપતત્વનો ધર્મ છે. અપ તેજ રજ તત્વ છે, સ્થાવર-પાર્થિવ અપતત્વ છે. અર્યમા વા ઘૃતાચી-જળ સંબંધી અપતત્વ છે. સમાન વાયુ-વાયુ સંબંધી અપતત્વ છે. બ્રહ્મા-આકાશ સંબંધી અપતત્વ છે.

વાયુ અને અગ્નિ—રૂક્ષતત્વો હોય છે, (તેઓ આકાશના પરિણામ રૂપે હોય છે.)

જળ અને પૃથ્વી:—સ્નિગ્ધ તત્વો હોય છે, (તે વાયુના પરિણામરૂપે છે.)

આકાશ૦—ષંઢતત્વ છે. કારણ કે તેમાં ચારે તત્વનો એકભાવ થઈ ગયેલો હોય છે.

વેદમંત્રમાં દ્યૌ: તત્વ છે તે રૂક્ષતત્વ અને પૃથ્વી સ્નિગ્ધતત્વ છે. એમ તે તત્વના ગુણ વર્ણનથી નિશ્ચય થાય છે. આ રૂક્ષ અને સ્નિગ્ધ ધર્મવાન્ ચારે તત્વોની સમ અવસ્થા તેજ બ્રહ્મા-સંજ્ઞક તત્વ છે. જેને રજ પણ કહેવાય છે અને આસમ અવસ્થા હોવાથી તે તત્વ ગમે તે જાતના બીજને વ્યવહાર કરવામાં સહાય કરે છે.

પરાક્રમ૦—આત્માને પોતાના કર્મસંસ્કારાનુકુળ જેમ જેમ અનુકુળ વા પ્રતિકુળ રજ તત્વ મળે છે, તેમ તેમ તેના પરાક્રમ-શક્તિની જગતમાં શરીર દ્વારા પ્રગટતા થાય છે એક પુરુષ સ્વયં વીર્યવાન્ હોય છે, છતાં તેની સ્ત્રીનું રજ વિકૃત થઈ ગયેલું હોય, અથવા તે સ્ત્રીના રક્તમાં રંજન કાર્ય કરનાર દ્રવ્યોની શરીરમાં પ્રાપ્તિ ન થતી હોય અને તેથી રજ સ્થિતિવાન્ રક્ત બીજકોશમાં

પૂરતું ન હોય ત્યાં સન્તાન ઉત્પત્તિનો અભાવ હોય છે, અથવા કદાચ સન્તાન થાય તો તે રોગી નીપજશે. માટે રજ સ્થિતિનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરી લઈ તેના આધારે સૃષ્ટિનાં રજ, અપ અને બ્રહ્માનો બોધ કરી લે છે, તેજ પુરુષ પોતાની પરાક્રમરૂપી સત્તાનો ઉચ્ચ ભાવ જગતમાં પ્રગટ કરી શકે છે.

આ દૃષ્ટાન્તને સમજી પ્રાકૃતિક શક્તિને પોતાની સ્ત્રી રૂપ ગણી એક પુરૂષ તે પ્રકૃતિથી અનેક કલારૂપ સન્તાન નિર્માણ કરવાનો પ્રયત્ન કરે ત્યારે તે રૂક્ષ + સ્નિગ્ધની સમાન સ્થિતિ જે રજ સ્થિતિ તેને પ્રાપ્ત કરશે તોજ તેનું પુરૂષાર્થ વા પરાક્રમ પોતાને અને જગતને હિતકારક થાય છે. આ રજ સત્તાને આધારેજ પુરુષની પરાક્રમશક્તિ કામ કરે છે, તેથી તે શક્તિ વ્યવહારમાં લાવવાને માટે વાયુભૂતની જરૂર હોય છે. વાયુભૂત બળ અને પરાક્રમનો હેતુ કહેવાય છે. માટે તેની વસ્તુસ્થિતિને આપણે જોઈશું.

વાયુ:—" वागतिगन्धनयोः " ગતિ અને હિંસન કર્મવાચક અદાદિ ગણના ધાતુને उणादि उण् પ્રત્યયથી વાયુ બને છે. "वाति, गच्छति जानाति वेति वायुः पवनः परमेश्वरो वा." જ્ઞાન, ગમન, અને પ્રાપ્તિ આ સત્તાથી પરમાત્માનું વાયુ નામ છે. તથા ભૌતિક રૂપમાં જ્યાં આ સત્તા પ્રગટ થાય છે, ત્યાં વાયુ શબ્દ પવનવાચક હોય છે. નિઘન્ટમાં વાયુ શબ્દ પદ-નામમાં છે. અર્થાત્ વેદમાં વાયુ શબ્દના પદથી જે અર્થ-બોધ થાય છે તે વાયુનો ભૂતાર્થ છે એમ જાણવું. વાયુ

શબ્દના સર્વ પદાક્ષર સ્વર વર્ણ છે. "स्वरोऽन्नं" સ્વર સર્વનું અન્ન છે. એટલે સ્વરથી સર્વનું ધારણ થાય છે. માટે જેનાથી સર્વની ધારણા થાય છે તેની વાયુ આ અન્વર્થક સંજ્ઞા છે. કોઈ પણ સત્પ્રયોગથી બનેલા વા *પ્રતિપાદિક શબ્દના વર્ણ પ્રતિલોમ કરવાથી તે શબ્દના ક્રિયા અર્થની પ્રતિતિ થાય છે. उ, अ, ई । अ उ = उ + अ = व + इ = वि + आ = व्या = उ = व्यौ. વર્ણ વ્યત્યયથો व्यौ શબ્દ બને છે. व्यौ શબ્દમાં ધાતુ જોતાં "व्येञ् संवरणे" । भ्वा । સંવરણ અર્થાત્ સર્વ ભાવથી સ્વીકાર કરવો એ અર્થવાચક ધાતુ છે. સ્વીકાર કરી એક ભાવ થઈ જવું એ વાયુ કર્મ હોય છે. માટે વાયુની સાથે આત્મા જ્યારે એકભાવ રાખે છે, ત્યારેજ તે પરાક્રમી પુરુષ થાય છે. પછી તે વાયુ પરમાત્મા હોય કે ભૌતિક પવન હોય તેમ તેના પરાક્રમની વસ્તુસ્થિતિ થશે.

વાયુ શબ્દના વર્ણ વ્યત્યય કરવાથી †युवा શબ્દની પ્રાપ્તિ

---

* "अर्थवदधातुरप्रत्ययः प्रतिपादिकम्." पा. आ. १।२।४५। કેવળ ધાતુ અને પ્રત્યયથી પૃથક અર્થવાન શબ્દની પ્રતિપાદિક સંજ્ઞા છે.

† दस्राः युवाकवः सुतानसत्यावृक्तबर्हिषः ॥ आयातं रुद्रवर्त्तनी ॥ ३ ॥

ऋग्. म. १ सु. ३. मं. ३

(युवाकवः । यु. धातु अकुः प्रत्ययः ।) એક બીજામાં મળેલી અથવા પૃથક્ ક્રિયાને સિદ્ધ કરનાર (सुतः) પદાર્થવિદ્યાના સારને સિદ્ધ અને પ્રગટ કરનાર (वृक्तः बर्हिषः) અને તેના ફળને પ્રાપ્ત કરી દેખાડનાર, (रुद्रवर्त्तनी) જેનો પ્રાણ માર્ગ છે, તે (दस्राः) દુઃખનો નાશ કરનાર, (नासत्या) જેમાં એક પણ અસત્ય ગુણ નથી, તે પ્રાણાપાન (आयातम्) અનેક પ્રકારના વ્યવહારના પ્રાપ્ત કરાવનાર છે.

થાય છે. જેમાં પશ્યકત્વ છે, તે કશ્યપ છે. (સૂર્ય પરમાત્મા વા) જેમાં વેદત્વ છે. તે દેવ હોય છે. (विद्वाऽसोहि देवाः) વિદ્વાનોની દેવ સંજ્ઞા છે અને જેમાં હિંસત્વ છે તેને સિંહ કહેવાય છે. આ કશ્યપ, દેવ અને સિંહ શબ્દ વર્ણ વ્યત્યયથી બનેલા છે અને તેમાં પૂર્વ શબ્દની સત્તા હોય છે; તેમજ જેમાં યુવાન ધર્મ છે તેમાં વાયુત્વ છે. અર્થાત્ વાયુમાં યુવા સત્તા હોય છે.

युवा शब्द यु मिश्रणे अमिश्रणेच । અ૦ પ૦ ।

यु जुगुप्सायाम् । चु० आ० ।

આ ધાતુથી ઉણાદિ કનિન્ પ્રત્યય થઈ બને છે.

“**यौतिमिश्रयत्यामिश्रयाति वा स युवा मध्यावस्थ-स्तरुणोजनो वा** ॥ उणा० १–१६६.

જેનાથી જગત પુરોડાશનું મિશ્રણ અને અમિશ્રણ થાય છે, તથા જે કોઇનો પક્ષ ન લેતા હોવાથી સર્વનો તિરસ્કાર કરી પોતાની સત્તા સ્થાપન કરે છે, તે યુવા કર્મ છે અને તે કર્મમાં વાયુની બરાબર પ્રતિતિ થાય છે. મધ્ય અવસ્થા અથવા તરૂણ અવસ્થાનો એ ધર્મજ હોય છે કે કોઇનો પક્ષ ન કરવો અને તેથી પોતાની સત્તા સ્થાપન કરવી.

વાયુ શબ્દમાં अ, इ અને उ આજ પ્રધાન વર્ણ છે અને તે ત્રણ વર્ણ પ્રથમ ત્રણ ભૂતદર્શક વર્ણ છે અને તે વર્ણનો અન્તર્યામિ દેવતા બ્રહ્મા છે. બ્રહ્મા શબ્દ આત્માવાચક પણ હોય છે. જેમકેઃ—

श्वात्मा-मृगाणां मार्गकर्माणामिन्द्रियाणां श्येनां भवति गृध्राणामिति श्येन आत्मा भवति-श्यायतेर्ज्ञान कर्मणः ॥

निरु० परि० अ २-१३.

ઇન્દ્રિયદ્વારા માર્ગક્રમણ કરી જ્ઞાન પ્રાપ્ત કરી લે છે તેથી આત્માની શ્યેન સંજ્ઞા હોય છે માટે અન્તર્યામિ આત્મ દૈવત્વવાન્ શબ્દ, સ્પર્શ, તત્વયુક્તભૂત તેજ વાયુભૂત હોય છે. આ ભૂતના શ્રુતિ પ્રતિપાદિત ગુણ ધર્મનું વર્ણન છે તે હવે જોઈશું.

वायवा याहि दर्शतेमे सोमा । अरंकृताः । तेषांपाहि श्रुधी हवम् ॥ १ ॥

ऋग्० मं० १ अ० १ व० १ सू० २ मं० १.

વાયુ અનન્ત બળવાન, જ્ઞાન, ગમન, પ્રાપ્તિ, હિંસન કર્મ, સર્વનું ધારણ અને સંવરણ કર્મ અને મિશ્રણ અમિશ્રણ કરવાની સત્તાવાન્ અને યુવાન છે. તે જ્યારે સર્વાન્તર્યામિ અને જ્ઞાન સ્વરૂપ અર્થમાં ભાષામાં આવે છે ત્યારે તે પરમેશ્વરવાચક હોય છે. પણ સર્વ મૂર્ત્ત દ્રવ્યના આધારવાન અને જીવન હેતુ અર્થમાં તે ભૌતિક વાયુ છે એમ જાણી લેવું.

प्र वांवृजे सुप्रया बर्हिरेषामा विश्पतीव बीरिट इयाते । विशामक्तोरुषसः पूर्वहूतौ वायुः पूषा स्वस्तये नियुत्वान् ॥ यजु० ३३-४४.

(यथा) જેમ (पूर्वहूतौ) સંપૂર્ણ દાનાદાન કાર્ય કરનાર (सुप्रया) ઉત્તમ પ્રકારનું ગમન કાર્ય કરનાર (नियुत्वान् वायु) અગ્નિ, વિદ્યુત અને આકર્ષણ ધર્મવાન અશ્વ, અર્થાત્ શિઘ્રાકારી વેગાદિ ગુણવાન્ પવન અને (उषा) પોષણ ધર્મવાન્ સૂર્ય (एषाम) મનુષ્યાદિના (स्वस्तये) સુખને માટે (प्रवाव्रजे) ઉત્તમ પ્રકારથી ગતિવ્યવહાર કરે છે. આ મંત્ર દ્વારા નિરુક્તાકાર યાસ્કાચાર્ય ૧૦–૧–૨ માં નિરૂક્તિ કરતાં કહે છે કે વાયુ પરમાત્માનું નામ છે. પણ ભૌતિક અર્થમાં "पुष्टिकर्त्तारौ नियन्तारौ द्वावर्थौ वायु शब्देन गृह्यते" પુષ્ટીકારક અને જીવોને યથાયોગ્ય કર્મોમાં લઈ જવું આ બે મુખ્ય ગુણોનું ગ્રહણ થાય છે. તેમજ અન્તરિક્ષમાં જે જે દિવ્ય ગુણવાળું છે, તેમાં વાયુ પ્રથમગામિ છે. અર્થાત્ અન્તરિક્ષના પદાર્થોમાં રમણ કાર્ય કરનાર વાયુ છે. મનુષ્ય લોક વાયુ દ્વારા પ્રાણાયામ કરી અને વાયુના ગુણ જાણી પરમેશ્વર અને શિલ્પવિદ્યામય યજ્ઞનું જ્ઞાન પ્રાપ્ત કરે છે.

वायुः सोमस्य रक्षिता वायुमस्य रक्षितारमाह साहचर्या-द्रसहरणाद्वा ॥ निरु० ११. ५.

ઉત્પન્ન માત્ર પદાર્થોનું પણ રક્ષણ કરવાના ગુણને માટે વાયુ શબ્દ ઈશ્વિરવાચક હોય છે. સોમ ધર્મવાન્ વનસ્પતિ ગણનો રસ હરણ કરવો તથા સમુદ્રનું જલ ગ્રહણ કરી સૂર્યલોકમાં આપી દેવું આ વાયુનાજ ધર્મ હોય છે.

वायुर्वा अग्निः सुषमिद्वायुर्हि स्वयमात्मानं समिन्धे स्वयमिदं सर्वं यदिदं किञ्च वायुमेव तदन्तरिक्षलोक आया-

तयाति–वायुर्वै प्रणीर्यज्ञानाम्–वायुर्वै तूर्णिर्हव्य वाड् वायुर्हीदं सर्वं सद्यस्तरति यदिदं किञ्च वायुर्देवेभ्यो हव्यं वहति ॥ ऐ० २ । ३४ ॥

વાયુ અગ્નિ છે, કારણ તે સર્વથા અગ્નિદિપક છે એમ સમજવું અને જ્યાં સંપૂર્ણ જગતના પ્રકાશક આ વાયુનો ભાવ હોય છે, ત્યારે તે પરમાત્માવાચકજ સમજવું. કારણ પરમાત્મા અન્તરિક્ષમાં વાયુને અગ્નિ જેવા પૂર્ણ ધર્મવાન્ કરી યજ્ઞાદિ કાર્યને વાયુમંડળમાં પહોંચાડી દે છે. કારણ જગત્ સામગ્રીનું અતિ શિઘ્ર સ્થિત્યન્તર કરવાની વાયુમાં સત્તા છે. વિદ્વાન્ લોક "વાયવાયાહિ" મંત્ર દ્વારા પરમાત્માની પ્રાર્થના કરે છે કે હે પરમાત્મન્!

૧ જ્ઞાન, ગમન, પ્રાપ્તિ અને હિંસન કર્મ.

૨ સર્વના ધારણ અને અનન્ત બળ.

૩ સંવરણ એટલે જેનો સ્વીકાર કરવો તેની સાથે એક ભાવ થઈ જવું.

૪ મિશ્રણ અને અમિશ્રણ કરવાની સત્તા.

૫ યુવાધર્મ અર્થાત્ કોઈનો પક્ષકાર ન થવું.

૬ શબ્દ અને સ્પર્શ ધર્મ જેમાં પ્રગટ થાય છે.

૭ સર્વ સૂક્ષ્મ સ્થૂલ મૂર્ત્ત દ્રવ્યના આધારવંત અને તેને જીવન આપનાર.

૮ પુષ્ટિકર્ત્તારૌ અને નિયન્તારૌ ગુણવાન.

૯ અન્તરિક્ષના પદાર્થોમાં રમણુ કાર્ય કરનારા અને–

૧૦ ઉત્પન્ન માત્ર પદાર્થોનું રક્ષણુ કરનાર, વનસ્પતિ ગણુનો રસ હરણુ કરનાર અને સમુદ્રજળ ગ્રહણુ કરી સૂર્યલોકને આપનાર, ઈત્યાદિ જે આપની વાયુ સત્તા છે, તેથી તમારી પ્રત્યક્ષતા થાય છે. પણુ આ સર્વ સત્તા સંવરણુ અને ગતિકર્મમાં સમાયલી છે. હે પરમાત્મન! જે તારી વાયુસત્તાઓ છે તેજ સંસારી પદાર્થોને અલંકૃત–સુશોભિત કરે છે. તેમજ તારો રક્ષક ધર્મ હોવાથી સ્થાવર અને પિંડજ શરીરનું વાયુદ્વારા તું રક્ષણુ કરે છે. તથા સ્પર્શાદિ ગુણુ અને સાંભળવાનાં કાર્ય વાયુ દ્વારા તારી સત્તાથી ચાલુ છે. આ પરમાત્માનો રચેલો વાયુ પોતાની સત્તાઓ રજ વા અપતત્વથી જગતમાં પ્રગટ કરે છે જેમ ભૂક્ત જળનું સૂક્ષ્મતમ પરિણુામ પ્રાણુવાયુનું સહાયક હોય છે. પૃથ્વીનું અણિમા પરિણુામ મનનું સહાયક છે, તેમજ તેજનું સૂક્ષ્મ પરિણુામ વાણીનું સહાયક હોય છે. માટે પુરુષમાં પરાક્રમનું પૂર્ણુ બળ પ્રગટ કરવું હોય તો આજ રજ અથવા સોમ–તત્વથી વાયુને સહાયતા કરવી, જેથી મન, મણી અને પવનની એકવાક્યતા થવાથી આત્માની પરાક્રમરૂપી પૂર્ણુ સત્તા પ્રગટ થશે. ઋગ૦ મં૦ ૧. સૂ૦ ૨. મં૦ ૧.

ઔષધિ આદિ ઉત્પન્ન માત્ર પદાર્થોનું રસજ્ઞાન પ્રાપ્ત કરનાર વિદ્વાન્ લોક વાયુના ગુણોને જગદ્વાણી દ્વારા જાણી લઈ તે સામાન્ય લોકોને જાણુવાને માટે પ્રગટ કરતા આવેલા છે. મં૦ ૨.

વાગ્વ્યવહાર અને વાણીની ફળ પ્રાપ્તિ જીવોને વાયુ દ્વારા પ્રાપ્ત થાય છે. મં૦ ૩. તે વાયુમાં અનેક ગુણોની ઉત્પત્તિ કેમ થાય છે તેના વેદમંત્ર જે ખુલાસા કરે છે તે ચિન્તનીય છે.

પ્રાણવાયુની પ્રગટતા.

ઈન્દ્રવાયુ—સૂર્ય અને વાયુનો યોગ થઈ વાયુમાં અનેક ગુણોની ઉત્પત્તિ થાય છે. જળ ક્રિયામય બ્રહ્મયજ્ઞનો હેતુ પણ તેજ ઈંદ્ર વાયુશક્તિ હોય છે. મં. ૪.

સૂર્ય સમુચ્ચય વાયુ ઉત્પન્ન માત્ર પદાર્થોને ધારણ કરી જીવોને તે તે પદાર્થ દૃષ્ટિગોચર કરે છે. તેનાથી જીવ તે તે પદાર્થોની સમીપ શીઘ્ર જઈ શકે છે.

સંસારના સમ્પૂર્ણ પદાર્થોને પ્રાપ્ત થનારા, અન્તરિક્ષમાં સ્થિત સૂર્ય અને વાયુ એકત્ર થઈ **પ્રાણરૂપમાં** પ્રકટ થાય છે.

प्राणो वै वायुः ॥ शत. ८, १, ७, २.

અને તેથી તેમાં શીઘ્ર ગતિકાર્ય કરવાની શક્તિ આવે છે. તેમજ ધારણ, પાલન, વૃદ્ધિ અને ક્ષય આ હેતુથી અનેક પ્રકારના ઔષધિ રસ ઉત્પન્ન થતાં જાય છે, તથા ધારણ પાલનાદિ હેતુથી અંગઅંગને પ્રાપ્ત થઈ પુષ્ટિ આદિ ક્રિયામાં કારક બને છે. આ ઉપરિ નિર્દિષ્ટ આદિ અનન્ત ગુણોથી મહાન્ બળવાન્ થઈ રહેલા જે પ્રાણવાયુ છે તેને જીવ ધારણ કરનાર બુદ્ધિ અને કર્મથી પોતાના તાબામાં રાખવાનો પ્રયત્ન કરી શારીરિક

પૂર્ણ બળ પ્રાપ્ત કરી શકે છે, પણ આ કાર્યમાં જોઈતી બુદ્ધિ અને કર્મ સાધનોને અર્થે પરમાત્માની અપેક્ષા હોય છે તેનો હરહમેશ ખ્યાલ રાખવો. મં ૬. ગાયત્રી મન્ત્ર દ્વારા પરમાત્માએ પ્રાણની રક્ષા કરવાના ઉપાય દેખાડેલા છે. ગાયત્રી શબ્દજ પ્રાણની રક્ષાનો હેતુ ગાયત્રી છે એમ દેખાડે છે. "प्राणाः वै गयाः" ગય નામ પ્રાણનું છે. त्रै ધાતુથી त्र, त्री શબ્દ બને છે. માટે પ્રાણની રક્ષા કરવાનો જે હેતુ છે, તેને ગાયત્રી કહેવામાં આવે છે. પરમાત્મા, જીવાત્મા, આદિત્ય ઇંદ્રિય વ્યવહાર અને સત્ય આનાં વાચક પણ પ્રાણ હોય છે. "प्राणः वै सत्यम्" આત્માનું અન્વેષણ કરવાથી સર્વ પ્રાણ, સર્વ લોક, સૂર્યાદિ દેવ મહાભૂતાદિ આવિર્ભૂત થઈ શકે છે. તેથી આ સર્વનું નામ સત્ય છે. પણ સર્વમાં પરમાત્માજ સત્ય છે અને પરમાત્માના આશ્રયથી અર્થાત્ સત્યના આશ્રયથી બીજામાં સત્યતા આવેલી છે.

સૂર્ય અને વાયુના અન્ય નામોથી સ્પષ્ટીકરણ.

मित्रं हुवे पूतदक्षं वरुणं च रिशादसम् ।
धियं घृताचीं साधन्ता ॥ ऋग्. मं.१, सू.२, मं.७.

(पूतदक्षं मित्रं) જેમાં પવિત્ર બળ છે તે બ્રહ્માંડ અને પિંડ શરીરમાં વાસ કરી રહેલા મિત્રસંજ્ઞક સૂર્ય અથવા પ્રાણ અને (रिशादसम वरुणं च) રોગ શત્રુ આદિનું હનન કરી નાશ કર-

નાર, પ્રાણરૂપમાં શરીરની બહાર વાસ કરનાર, અને અપાન રૂપમાં શરીરમાં વાસ કરનાર છે તે વરુણ વાયુ છે. શરીરની બહાર અને અન્દર જે જે પદાર્થ રચેલા છે તે જાણવાને માટે, આ જે મિત્ર અને વરુણના અન્તરબાહ્ય ગુણ જાણી લેવા અને તેથી તેનું પવિત્ર શક્તિથી ધારણ થાય તેમ કર્મ કરો તો (घृतार्चौ साधन्ता–साधयन्तौ) જળ પ્રાપ્ત કરવાનું કાર્ય થશે, એમ અનુભવમાં આવશે.

મંત્રમાં **મિત્ર** અને **વરૂણ** આ બે નામ પ્રાણ અને અપાનના વાચક છે, અર્થાત્ મિત્ર અને વરુણ શબ્દથી પ્રાણ અને અપાનના ખુલાસા કરેલા છે. તેમાંથી મિત્ર શબ્દ "माङ् माने" વા "मिदिस्नेहने" આ ધાતુઓથી બને છે. "मिनोति मान्यं करोतीति मित्रं" જે સ્વીકાર કરે છે તે મિત્ર કહેવાય છે. અથવા "मिद्यति स्नेहातीति मित्रः" જે જેની સાથે મળી જાય છે, તે તેનો મિત્ર કહેવાય છે. વરુણની સાથે મળી જવાની જેમાં સત્તા હોય છે તે વરુણનો મિત્ર છે. માટે સંસારના સર્વ વ્યવહાર સુખદાયક થવાના જે હેતુ છે તે મિત્ર સંજ્ઞા પ્રધાન પક્ષમાં પરમાત્માની હોય છે. અપરા વિદ્યામાં તે સંજ્ઞા બ્રહ્માંડસ્થ સૂર્યની અને શરીરસ્થ પ્રાણની હોય છે. મિત્ર સંજ્ઞક વાયુ સંસારમાં શું શું કાર્ય કરે છે તેનો વેદમંત્રમાં જે ખુલાસો છે તે અત્રે આપેલો છે.

मित्रोजनान्यातयति ब्रुवाणो–મિત્ર પોતાની વાણીથી (ગતિથી) સંસારસ્થ રજને પ્રેરણા કરી લોકોને કર્મ કરવાને માટે સહાયક હોય છે.

मित्रोदाधारपृथिवीमुतद्याम्–મિત્ર, ભૂમિ અને અદિતિનું (પ્રકાશ અને અપ્રકાશિત લોકનું) ધારણ કરી રહેલા છે.

मित्रः कृष्टीरनिमिषाभिचष्टे–મિત્ર (कर्षिका) પાંચે ભૂતનું રજ ખેંચી શરીરની ધારણ કરનાર ક્રિયાથી સંસારના સર્વ પ્રકારના યજ્ઞ ચલાવે છે.

मित्राय हव्यं घृतवज्जुहोत–રૂક્ષ ધર્મવાન મિત્રને સ્નિગ્ધ ધર્મવાન હવિ અર્પણ કરવાથી ધૃતવત પદાર્થનું દાન કરી તેઓ સર્વના સુહૃદ છે એમ અનુભવ આપે છે.

जना पञ्चमित्राय अभिष्टि शवसे येमिरे–વિદ્વાન્ લોકોને પરમાત્મપ્રાપ્તિને અર્થે યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણ અને સમાધિ (ચિત્તવૃત્તિ નિરોધ)થી અને ઉત્પન્ન માત્ર પદાર્થોથી આત્માને અપેક્ષિત બળ પ્રાપ્ત કરવાને માટે પંચપ્રાણ સાધન રૂપ થઈ શકે છે. મંત્રનો ભાવટુંકમાં આપતાં બ્રાહ્મણ ગ્રંથમાં ઋષિ કહે છે કેઃ—

प्राणो वै मित्रोऽपानो वरुणः ॥ शत० ८।२।५।६.

મિત્ર અને વરુણ પ્રાણાપાનના ગુણ, ધર્મનો ખુલાસો કરી દેખાડે છે તેથી તેઓ પ્રાણાપાનના વાચકજ છે.

વરૂણ–વાયુ.

વરૂણ શબ્દ " **वृञ् वरणे, आवरणे** " ધાતુને ऊणादि, **उनन्** પ્રત્યયથી બને છે. " **वृणोति व्रियते वाऽसौ वरुणः** " જે સ્વીકાર

કરે છે તે વરૂણ હોય છે. મિત્રનો જે સ્વીકાર કરી શુદ્ધ જળ પ્રાપ્ત કરે છે તે વરૂણ છે.

वरुणो दक्षो अंशः ॥ निरु० दै० ६ । ३५ ॥

વરૂણ સૂર્ય અંશ હોય છે. અર્થાત્ જેમાં સૂર્યના શીઘ્ર રશ્મિનું આભરણ થઈ રહેલું હોય છે તેને સૂર્યનો અંશ વા વરૂણ કહેવામાં આવે છે. પરમાત્મા અને જીવાત્માના અંશાઅંશી ભાવનો આ વરૂણ વિવેચનથી સ્પષ્ટ બોધ થાય છે.

महः समुद्रं वरुणस्तिरो दधे । निरु० दै० ६ । ३२ ॥

મહાન્ (समुद्रियाश्च सर्वे च देवाः) ગુણવાન્ (सम्—उत्—द्रु—समुद्रः) જેમકે અનેક ગતિનો એક ભાવ થઈ ઉર્ધ્વગમન ગતિ જેનાથી પ્રાપ્ત થાય છે, તેમાં દિવ્ય ગુણ હોવાથી તેને દેવ કહેવામાં આવે છે, તેનો વરૂણની અંદર તિરોભાવ સ્થિતિમાં વાસ છે. આ વરૂણના ગુણ જે જાણે છે, તેજ ધિર પુરૂષ વરૂણના મિત્ર સાથે સમાગમ કરી જળ પ્રાપ્ત કરવાનું કર્મ કરે છે. અથવા પરમાત્માના આનન્દરૂપી જળની પ્રાપ્તિ કરે છે. વરૂણના ઉપરોક્ત ગુણોથી "उर्ध्व गमन बल हेतुमुदानं वायुः वरुणम्" ઉર્ધ્વ ગમન બળવાન્ વાયુનો જે હેતુ છે તે વરૂણ હોય છે. માટે અથર્વ વેદ मित्रावरुणौના ગુણોનું વર્ણન એ શબ્દમાંજ સ્પષ્ટ કરી દેખાડે છે.

"पूषा वरुणो मित्रो अग्नि ।" અથ૦ ૧।૯।૧॥

પુષ્ટીકારક ક્રિયાનો હેતુ તે વરૂણ છે અને અગ્નિ (ગર્ભમાં વાસ કરી રહેનાર શક્તિ) ધર્મવાન્ મિત્ર હોય છે, અર્થાત્ રૂક્ષ અને

સ્નિગ્ધ તત્વવાન્ પ્રાણ અને અપાન છે એમ નિશ્ચય થાય છે. આ પ્રાણાપાન વાયુમાં જે મહાન શક્તિ છે તેનો શ્રુતિ વચનોથીજ યથાયોગ્ય નિશ્ચય થાય છે ત્યારે તેને વશ કરવામાં એટલે પ્રાણાયામ કરવામાં પ્રવૃત્તિ થાય છે.

શ્રુતિ કહે છે કે:—

अन्तश्चरति रोचनास्य प्राणादपानती ॥
व्यख्यन्महिषो दिवम् ॥ यजु. ३–७.

(अस्य) પૃથ્વી આદિ ગોળાના પરિભ્રમણથી ઉત્પન્ન થનાર વાયુ, અગ્નિ અથવા સૂર્ય (रोचना) દિપ્તિ અર્થાત્ પ્રકાશરૂપ વિદ્યુત્ (अन्तः) બ્રહ્માંડ અને પિંડ શરીરમાં (प्राणात) ઉર્ધ્વ ગમન કરનાર વાયુથી અને (अपानती) અધોગમન શીલ વાયુથી (चरति) પ્રગટ થાય છે અને (महिषः) તેના પોતાના મહાન્ ગુણથી (दिवम्) પ્રાણાપાન સૂર્ય લોકને (व्यख्यत्) પ્રગટ કરે છે. પ્રાણાપાન વાયુ અને તેના દશ ભેદ થઈ દેહધારક કર્મ થાય છે.

"देहधारकप्राणाभिधोवायुः ॥ राजसः प्राणसंज्ञास्यात् मुख्यदेहस्य धारकः । तद्भेदादशविख्याताः यैर्व्याप्तंस्याच्छरीरकामिति ॥" યોગાર્ણવે.

મુખ્ય દેહ—લીંગદેહ ધારક જે પ્રાણ છે તેને રાજસ પ્રાણ કહેવામાં આવે છે. તે મુખ્ય પ્રાણ દશ ભેદથી શરીરમાં વ્યાપ્ત

થઈ શરીર વ્યવહાર ચલાવે છે, તેથી તેને શારિરિક પ્રાણ કહેવામાં આવે છે.

દશ શારિરિક પ્રાણ.

પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન આ મુખ્ય પ્રાણ છે.

૧ પ્રાણ૦—ઈન્દ્રનીલ પ્રતિકાશ.

यः सप्तरश्मिर्वृषभस्तु विष्मानवासृजत्
सर्तवे सप्त सिन्धून्। यो रौहिणमस्फु-
रद्वज्रबाहुर्द्यामारोहन्तं स जनास इन्द्रः॥

अथर्व. कां. २०—३४—१३.

यः सप्तऽरश्मिः वज्रबाहुः इन्द्रः सः जनसः द्याम् आरोहन्तम् रौहिणम् अस्फुरत् ॥

आ० ११.

इन्द्रधनुष्य.




સાત પ્રકારના કિરણોથી યુક્ત જે બાહુના જે કિરણસમુદ્રવાળો સૂર્યલોક છે, તે ઉત્પન્ન માત્રને પ્રકાશમય લોકમાં ઉપર ચઢાવીને ઉપર ચઢનારા શીલવાન મેઘને સ્ફુરણ આપે છે. નીલલોહીત, નીલકૃષ્ણ, હરિત, પીત, કૌસુંભ અને રક્ત આ રંગ ઈન્દ્ર ધનુષ્યમાં આપણા જોવામાં આવે છે. સૂર્યનાં શુભ્ર કિરણ જ્યારે મેઘના સૂક્ષ્મ બિંદુમાંથી જાય છે ત્યારે તેના પૃથગ્ભવન્ થઈ તેની અંદરની બાજુમાં પરાવર્તન થાય છે. અને તેથી ઇન્દ્ર ધનુષ્ય પ્રગટ થાય છે. સૂર્યનો પ્રકાશ તિર્યગ્ સ્થિતિમાં જળ બિંદુમાંથી જાય છે ત્યારે તેનું પૃથગ્ભવન અને પરાવર્તન થઈ આવા સાત રંગ જોવામાં આવે છે.

આ૦ ૧૨.

त्रिकोण भिंग अने प्रकाशनुं पृथक्भवन.

अतिनील
१ नीललोहित
२ नील कृष्ण
३ नील श्याम
४ हरित
५ पीत
६ कौसुंभ
७ रक्तलोहित
अतिरक्त



ત્રિકોણુ ભીંગ ઉપર પ્રકાશ કિરણુ આવી તેમાંથી બહાર પડે છે. ત્યારે તેની દિશામાં ફેરફાર થાય છે; તેમજ સૂર્યથી જે પ્રકાશ પ્રાપ્ત થાય છે તે એક પદાર્થમાંથી બીજા પદાર્થમાં જાય છે અને તેનું અનેક જાતના પ્રકાશમાં પૃથગ્ભવન થાય છે. આ વક્રિભવન ક્રિયાથી શુભ્ર પ્રકાશનું પૃથક્કરણુ થાય છે અને તેથી મુખ્યતઃ સાત રંગનું દિગ્દર્શન થાય છે.

सात रंगनी आन्दोलनोनी लम्बाई.

चित्रपट अंक ७.

	रंग	आन्दोलननी लंबायी इंच प्रमाण	एक सेकंडमां संख्या	
	Ultra Violet			
१	Violet	૦,૦૦૦૦૧૬૭	૭૨૭	कोटी
२	Indigo			
३	Blue...	૦,૦૦૦૦૧૯૭	૬૨૨	नु
४	Green			
५	Yellow	૦,૦૦૦૦૨૨	૫૩૫	कोटी
६	Orange			
७	Red	૦,૦૦૦૦૨૭૦	૪૫૦	
	Ultra Red			

આ આન્દોલનો નજરથી જોવામાં આવે છે પણુ અતિરક્ત અને અતિનીલ નજરથી જોવામાં નથી આવતુ તેને માટે કેટ-લીક ક્રિયા કરવી પડે છે. આન્દોલનોનું આકાશમાં ગમન-શક્તિનું પ્રમાણુ ૧ સેકંડમાં ૧૮૬,૦૦૦ મૈલ હોય છે. માત્ર

ટુંકાં આન્દોલનોનું ગતિ પ્રમાણ વધારે થઈ સર્વ આન્દોલનોનું આકાશમાં ગમન પ્રમાણ એક પ્રકારનુંજ થાય છે.

મેઘ-જળબિંદુ, આમાંથી પૃથગ્ભવન થાય છે, તે ત્રિકોણ ભીંગ હોવાથી સંસારના રજકણોની સ્થિતિ ત્રિકોણ જેવી છે, એવું જે ઋષિ વચન છે તેની સાક્ષી પુરે છે. જેમ કેઃ—

यथा शंकुनासर्वाणि पर्णानि सन्तृणान्येत्रमोङ्कारेण सर्वा वाक् संतृणा। ओंकार एवेद ॐ सर्वमोंकार एवेद ॐ सर्वम् ॥ छा० प्र० २. खं० २२.

સંસારવૃક્ષની ઉત્પન્ન માત્ર વસ્તુઓ જેને વર્ણ કહેવામાં આવે છે તે ત્રિકોણથી વ્યાપ્ત થઈ ગયેલી છે; તેમજ ઓંકાર રૂપી ત્રિકોણથી સર્વ બ્રહ્મવાણી વ્યાપ્ત થયેલી છે. માટે આજ ગતિ ઓંકાર છે અને ઓંકારથી જગતનું જ્ઞાન થાય છે. "नासिक, हृदय, नाभि, मध्यगे प्राणालय पादांगुष्टेऽपिकेचने" નાસિકા, હૃદય, નાભિ અને પાદાંગુષ્ટામાં પણ પ્રાણની એકાગ્રતા, સમતા વા શાંતતા થાય છે. માટે પ્રાણાલયને માટે ત્યાં ધ્યાન કરવું.

લય અને પ્રલય.

પ્રાણનો લય કેમ થાય છે તે જાણવા માટે લય અને પ્રલયના સ્વરૂપજ્ઞાનનું વિવેચન કરવાની જરૂર છે એમ સમજી તે વિષયનું થોડું દિગ્દર્શન કરીશું.

કોઈપણ વસ્તુસ્થિતિનું જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો અન્તઃ-

---

१ गायत्र्यै वा सोमस्य वा राज्ञस्तत्पातित्वा पर्णो अभवत् तस्मात्पर्णो नामतद्देवा ऋसोमस्य। शतपथ ॥

કરણુની એક વિશિષ્ટ પ્રકારની સ્થિતિ રાખવી પડે છે, અને તેનાંજ એકાગ્રતા, લય અથવા સમાવસ્થા એવાં અન્વર્થક નામ છે. આ સ્થિતિમાં ફેરફાર થાય છે અથવા લય અવસ્થા બગડી જઈ તેનાથી જે વિરુદ્ધ અવસ્થા ઉત્પન્ન થાય છે તેને વ્યગ્રતા, પ્રલય અથવા વિષમાવસ્થા કહેવામાં આવે છે. આ ઉભય અવસ્થાનો સંબંધ જગતના સર્વ પદાર્થોની સાથે હોય છે. તેનું સ્પષ્ટીકરણુ કેટલાક દૃષ્ટાંતથી કરવામાં આવશે પણુ તે દૃષ્ટાંતોનું અવલોકન લયમાં કરવામાં આવશે તોજ તે બુદ્ધિમાં નિશ્ચિત થશે અને ઉચ્છૃંકલ વિચારથી જેની બુદ્ધિની સમતા બગડી ગયેલી છે, તેને કાંઈ પણુ લાભ થવાનો નથી.

तत्तुसमन्वयात् ॥ वेदांत० अ. १, पा. १, सू. ४.

तत् । तु । " सम्–अनु–अयात् " समन्वयात् ।

બ્રહ્મજ્ઞાન આસક્તિથી પ્રાપ્ત થાય છે. એટલે ચુમ્બકમણી જેવા જે જે પદોનું પરસ્પર આકર્ષણુ હોય છે તે પદોના અર્થમાં એક ભાવનો લય કરવાથી બ્રહ્મજ્ઞાનનો રસ્તો હાથમાં આવે છે અને તેથી સર્વ વિરોધાભાવ નષ્ટ થાય છે. લયમાં શાસ્ત્રાવલોકન ન કરવાથી એકજ શાસ્ત્રમાં અનેક વિરુદ્ધ વિચાર પ્રગટ થાય છે અને તેના પરિણામે લોકસમૂહના વિચારની સમતા બગડી જાય છે. આજ વિષમ અવસ્થા દેશના પ્રલયકારક વિચારની જનની હોય છે.


લય અને પ્રલયના દષ્ટાંત.

૧ ભમરડા૦—લયનો બોધ કરનાર આના જેવાં બીજાં કોઈ

પણ યોગ્ય દૃષ્ટાંત જગતમાં નથી. માટે આપણે અત્રે લયની વસ્તુસ્થિતિ જોવા તેનો ઉપયોગ કરીશું.

આ० ૧૪.

પ્રલય.



આ० ૧૩.

લય.



ભમરડાની નીચેની બાજુ અણીદાર હોય છે. તે ગતિરહિત સ્થિતિમાં હોય ત્યારે આ. ૧૪ પ્રમાણે જમીનપર પડી રહેલો હોય છે. પણ તેને ગતિ આપેલી હોય તો તે એક બારિક અણીપર ભમરડાનો બધો ભાર સહન કરવા સમર્થ થાય છે. જુઓ ચિત્ર આ.૧૩. લયમાં ભમરડો 'ગું' અવાજ કરે છે. લયરૂપી બળ તેમાં હોવાથી તે નાદ કરે છે અને લય કાયમ છે ત્યાં સુધી તે જમીનપર પડી જતો નથી. કારણ લય સ્થિતિમાં તેને પડી જવાને અવકાશજ ક્યાં મળે છે? પણ તે લય સ્થિતિમાં યત્કિંચિત ખંડ પાડવામાં આવે તો તરતજ લય બગડી જાય છે. જગતમાં જે અનહત નાદ છે તે જગતની લય અવસ્થાનું પરિણામ છે. માટે નાદબિન્દુથી જગતનો વ્યવહાર ચાલે છે, એમ યોગી લોક કહે છે. જેમ કેઃ—

नाद बिंदसें उत्पत्ति प्रलय, जरा बिंदकी माया;
नादबिंदले सुनुमै रमिया, तो सुनमे ध्यान लगायारे.
अवधूत-रमता जोगी मोये पाया, जिने आवागमन मिटाया.


આજ ભાવ મૈત્રા ઉપનિષદમાં પણ ૠષિ લોક પ્રગટ કરે છે.

एकत्वं प्राणमनसोरिन्द्रियाणां तथैवच
सर्व भाव परित्यागो योग इत्यभिधियते ॥ मैत्रा. १४९.


લય એટલે યોગ અને પ્રલય એટલે વિયોગ. તેથી પ્રાણ, મન અને ઇન્દ્રિઓના સર્વ ભાવ ત્યજી ત્રણેને એકત્ર કરવાં તેનેજ લયક્રિયા અથવા યોગ કહેવામાં આવે છે. સારાંશ એકસરખી અને એક જગામાં એકત્રિત થાય તેને લય અને જે ગતિમાં ખંડ આવેલા હોય તો તેથી તે ગતિમાં ગડબડ થાય છે તેનેપ્રલય સમજવું. અર્થાત્ લયમાં અચલત્વ અને પ્રલયમાં ચલત્વ છે. આ વિવેચન પરથી સમજશે કે એકાગ્રતા, બિંદુ, મધ્ય, ગર્ભ, ધ્રુવ, અનેજત્વ, આનંદ, શાંતતા, અચલત્વ, સમતા આ લયના વાચક શબ્દો છે અને વ્યગ્રતા, વૃત્ત, નાશ, દુઃખ, ખળભળ, એજત્વ, ચંચળતા, વિષમતા આ પ્રલયના વાચક શબ્દો છે. પૃથ્વીના લયમાં બંધાયલાં ઘરો, જેને આપણે લંબમાં છે એમ કહીએ છીએ. તે ન પડવાનું કારણ લયજ છે. પણ જે ઘરો લંબમાંથી છટકી ગયેલાં હોય તેનો પ્રલયજ થાય છે. માટે લય અને પ્રલય વિષય ધ્યાનમાં રાખવા લાયક છે. તેમાંથી કેટલાંક ઉદાહરણ તરીકે અત્રે આપીશું.

આ० ૧૫.

प्रलयवृत्त.



આ० ૧૬.



ભમરડા પડવાનો
कुंडली मार्ग.

૧ મેંઢ માર્ગમાં છોડી દીધેલી ગાડી ઉલટી થઈ ગયેલી હોય તો પણ તે પડતી નથી.

૨ હાથના તળીઆ પર પૈસા મુકી જલદી ફેરવવાથી તે પડી જતા નથી.


૩ ઘડામાં પાણી ભરી તેને જલદી ફેરવવાથી પાણીનું એક ટીપું પણ બહાર પડતું નથી.

૪ નિરાલંબ આકારમાં અનન્ત ગોળ સ્થિત છે, તે લયમાં હોવાથી તેની આ સ્થિતિ છે.

૫ તેમજ આકાશમાં વિમાન સ્થિર

આ૦ ૧૭.

મંદમાર્ગ.



રાખવાની વિદ્યાનું મૂળ લયમાંજ છે. વાયુને પકડી તેને લયમાં લાવવાની ક્રિયા જાણતા હોય તેજ સુખપૂર્વક આકાશ ગમન કરી શકશે. મનુષ્યશરીર રૂપી વિમાન આજ લય સાધનથી પૃથ્વી આદિની આકર્ષણ શક્તિની વિરૂદ્ધ કાર્ય કરે છે માટે કહેવામાં આવે છે કે સૃષ્ટિતત્વોની સાથે સંગ્રામ કરવાથી આપણું જીવિત છે. સૃષ્ટિતત્વોની આકર્ષણશક્તિનો બળ થાય છે ત્યારે મૃત્યુ હોય છે અને ઇન્દ્ર સંજ્ઞક જીવાત્મા પોતાના બળથી સૃષ્ટિતત્વોનું આકર્ષણ કરી પિંડસ્થિતિ કાયમ રાખવામાં જય પામે છે, ત્યાંસુધી જીવિત કાયમ રહે છે.

૯ યોગાભ્યાસથી નાભિમાં પ્રાણાદિ વાયુનો લય સાધવાની ક્રિયા સિદ્ધ કરે છે, તે યોગી પુરુષ પૃથ્વીની આકર્ષણશક્તિનું પ્રાબલ્ય કાઢી નાખી સેંકડો માઈલ વિના પ્રયાસ ગમન કરી શકે છે. સામાન્ય જનસમુહના પ્રાણાદિ વાયુની ક્રિયા નાભિ પ્રદે-

શમાં આત્મા પ્રયત્ન કરી ચલાવે છે. પણ પ્રાણાદિને લયમાં લાવવાં તે પુરૂષાર્થી નરજ કરી શકે છે.

લયક્રિયા સાધવાનો અને બગાડવાનો કુંડલિનિ માર્ગ છે. તેનું મૂળ કિરણથી ભ્રષ્ટકિરણ એટલે તમ સ્થિતિ કેમ થાય છે તે દેખાડીશું. તેથીજ શાસ્ત્રકારો કહેતા આવેલા છે કે જગના ઉદ્‌ભવના હેતુરૂપ કુંડલિનિ છે.

આ૦ ૧૮.

मूलकिरणथी भ्रष्टकिरण थनार क्रियानुं मार्ग.



એક ત્રિધારી ભિંગ લઈ તેમાથી પ્રકાશકિરણ જવાં દેવાથી તેની લય ત્રિધાર ભિંગથી પાચર જેવી ફાટી તેની સપ્તકિરણ બને છે અને તે મૂલ કિરણ કરતાં નિશક્ત હોય છે; માટે ત્રિધારો શંકુની એક પુષ્પવતમાલા બનાવી તેમાંથી મૂલ કિરણ જવા દેવાથી તેઓ પ્રત્યેક શંકુમાંથી ફાટી જતાં જતાં ભ્રષ્ટ અને નિશક્ત થઈ આખર અંધકાર રૂપ થશે. મૂલકિરણ ભ્રષ્ટકિરણ બની જાય જે ત્યાંસુધીના માર્ગ જોતાં કુંડલિની સ્વરૂપી હોય છે. આવિરિતે લાયથી નિકળનાર જે કુંડલિની માર્ગ અથવા શક્તિ છે તેનું પૃથકભવન થતા થતા તેનું

રૂપ વિઘડી પ્રલયરૂપ થાય છે. જગતના આરંભમાં **તમ** હતું એટલે કોઈ ન હતું એમ ન સમજવું તો જગત્ ભ્રષ્ટસ્થિતિમાં હતા અને આ ભ્રષ્ટકિરણ પુનશ્ચ કુંડલિનિ શક્તિથી એકત્ર કરવામાં આવશે તો પ્રકાશકિરણ પ્રગટ થશે તેમજ કલ્પારંભમાં **અસત** વા **તમ** અવસ્થા હતી આ જે વેદનું કથન છે તેનું રહસ્ય આ ભ્રષ્ટસ્થિતી જાણવાથી સમજવામાં આવશે.

જ્ઞાનસ્વરૂપ ભૂતાત્માનું જ્ઞાન અનેક યોનિમાં દબાતાં દબાતાં અન્ધાર અવસ્થા કેમ આવે છે અને પુરૂષાર્થથી અજ્ઞાન સ્થિતિ સુધારતાં સુધારતાં શુદ્ધ જ્ઞાનસ્થિતિ આત્માની કેમ આવે છે તેનું પણ ગુહ્ય ભેદ લય સાધવાનો હેતુ જે કુંડલિનિ છે તેમાંજ છે. માટે કુંડલિનિને જગજનની કહેવામાં આવે છે. કુંડલિનિ ગતિનાં સવ્ય અને અપસવ્ય જાણવાથી ભાવનો તિરોભાવ અને તિરોભાવનો ભાવ થાય છે; તેનું જ્ઞાન થાય છે. તેમજ પ્રકાશનો અન્ધકાર, સુવાસની દુર્ગંધ, સ્પર્શનો અસ્પર્શ, ચવનું બેચવ, શબ્દનો નિઃશબ્દ આવાં અનેક મિશ્રણ અમિશ્રણ થાય છે; તેનું જ્ઞાન થાય છે.

ઘડિયાળ, નાડી, સેના, અશ્વ (વિદ્યુદાદિ), ગાયન, વક્તૃત્વ, ચિત્રલેખન, અર્થલેખન, શબ્દલેખન, આહાર, વિહાર, શાસ્ત્રાધ્યયન, સાંસારિક વ્યવહાર, ન્યાય, રાજનીતિ, શિક્ષણ, પંચમહાભૂતવ્યવહાર, તોફાન (વાદળ) અને યોગ આવી રીતની સંસારમાં થનારી ખટપટનુ કાર્યકતૃત્વ લય અને પ્રલયની વસ્તુસ્થિતિનાં કાર્ય હોય છે, એમ વિચારપૂર્વક જોવાથી ખબર પડે

છે. લયસ્થાન, કેન્દ્ર, બિંદુ, ધ્રુવ, અન્તરવૃત્તિ ઇત્યાદિ સાધ્ય કરવાથી સર્વ સાધ્ય થાય છે. માટે પ્રાણલય સિદ્ધ કરે છે તેજ જગતમાં પરાક્રમી પુરુષ હોય છે એમ સમજવું.

૨ **અપાન૦**—"इन्द्रगोपप्रतिकाशः । संध्याजलदसन्निभः" વર્ષાના આરંભમાં લાલ રંગના જીવ પેદા થાય છે તે રંગનો પ્રકાશ કરનાર પ્રાણ તેજ અપાન છે. તે સાયંકાળના લાલ મેઘ જેવા હોય છે. "बहिस्थं प्राणं शरीरस्थं अपानं वा" બ્રહ્માંડમાં જે પ્રાણવાયુ કાર્ય કરે છે તેને પ્રાણ અને શરીરમાં કાર્ય કરે છે તેને અપાન સંજ્ઞા છે. ઇંદ્રનીલ ઉર્ધ્વગામી બ્રહ્માંડવ્યાપિ પ્રાણ અને ઇંદ્રગોપ શરીરવ્યાપિ પ્રાણ છે અને આ બે નીલ અને રક્તના વચમાંનો પ્રાણ પીત સંજ્ઞક હોય છે. તેથી સત્વ–નીલ, રજ–પીત અને તમ રક્ત આ પ્રાણની વ્યવસ્થા હોય છે. પ્રાણને રક્તમાંથી પીતમાં લાવવું અને પીતમાંથી નીલમાં લઈ જવું આનેજ પ્રાણશુદ્ધિ કહેવામાં આવે છે. બ્રહ્માથી આરંભ કરી સ્થાવર પર્યંત, પ્રકૃતિથી થઈ ગયેલી સૃષ્ટિ વિવેક પર્યંત, પુરુષને પુરુષાર્થ માટે ઉપયોગી હોય છે. તે સૃષ્ટિ–

ऊर्ध्वं सत्त्व विशाला ॥ तमो विशाला मूलतः ॥ मध्ये रजो विशाला ॥ सांख्य० अ. ३, ४८, ४९, ५०.

ભૂર્લોકની ઉપર સત્વગુણયુક્ત, ભૂલોકથી નીચે તમોગુણાધિક, અને મધ્યમાં જે ભૂર્લોક છે તેમાં રજોગુણ વિશિષ્ટ હોય છે. તેથી પ્રાણને જે સ્થિતિમાં વ્યવહારમાં લેવામાં આવે છે, તેવીજ પ્રાણની સ્થિતિ હોય છે.

अपानयत्यपानोयमहारंच मलायितम् । शूक्रं, मूत्रं, तथोत्सर्गमपानस्तेन मारुतः । मेढ्रे, पायौ, उरु, वक्षण, जानु, जङ्घा, उदर, वृकाद्यां च नाभिमूले तिष्ठति–"

શરીરસ્થ અપાનવાયુ આહાર અને પુરીષને નીચે લઈ જાય છે, તેમજ શુક્ર (વીર્ય), મૂત્ર મળને પણ નીચે લઈ જવાના હેતુ થાય છે. મળમુત્રસ્થાન, જંઘા, સંધિ, ઘુટણ, જાંગ, ઉદર અને વૃકનો વ્યવહાર પણ નાભિમૂળમાં રહીને ચલાવે છે. તેનો બગાડ થવાથી ઉપરોક્ત સ્થાનમાં રોગ ઉત્પન્ન થાય છે. અર્થાત્ નાભિસ્થાનથી ઉપરના ભાગમાં વ્યવહાર કરનાર તે પ્રાણવાયુ, અને નાભિથી નીચેના સ્થાનમાં વ્યવહાર કરે છે તે અપાનવાયુ છે એમ જાણવું.

૩ વ્યાન૦—महारजत सुप्रख्यो हनो पादानकारकः । વ્યાન સંજ્ઞક વાયુ અતિરક્ત વર્ણને પ્રસવનાર છે અને તેજ વાયુ દુઃખ, વ્યાધિ ઉત્પન્ન કરવાનો હેતુ હોય છે. માટે "व्यानशयत्यन्नं सर्वे व्याधि प्रकोपनः" જે અન્નનો સ્વીકાર કરે છે અને સર્વ વ્યાધિને સ્ફુર્તિ આપે છે તે વ્યાન વાયુ છે. " संचाक्षी कर्ण यो र्मध्ये-कथ्यावे गुल्फयोरपि घ्राणेगल्ले स्फिगुद्देशे तिष्ठति निरन्तरम् ।" તે વાયુ નેત્ર, કર્ણ, ગુલ્ફઘુટણો, નાસિકા, ગળુ, ફુલાના ઉપલા ભાગમાં વાસ કરે છે. આ સ્થાનની વ્યાધિ વ્યાનની વિકૃત અવસ્થાથી ઉત્પન્ન થાય છે.

૪ ઉદાન૦—स्यन्दयत्यधरं वक्रं गात्रनेत्र प्रकोपनः उद्वेजयति मर्माणि उदानो नाम मारुतः विद्युत् पावक वर्णस्यादुत्थानासकारकः

पादयोर्हस्त्ययोश्चापि सतु सन्धिषु वर्त्तते । पीतं भक्षीतमाघ्रातं रक्त-पीत्तकफानिलान् ॥ અધરમુખ ભાગમાંથી જે રસને ટપકાવે છે, શરીર ગાત્રને જે ગરમ કરે છે અને મર્મસ્થાનને જે જાગૃત રાખે છે તે ઉદાન સંજ્ઞક વાયુ હોય છે. વિદ્યુતાગ્નિ જેવો તેને વર્ણ હોયછે. ઊઠવા બેસવાની ક્રિયાનો તે હેતુ છે; અને હસ્તપાદાદિ સંધિમાં તે વાસ કરે છે. તે ઉદાન વાયુ પીત્તને ભક્ષણ કરી રક્ત, પીત્ત, કફ અને વાતને વળગી રહે છે. આજ રજોધર્મવાન પ્રાણવાયુ છે. એને અન્નથી રજદ્રવ્ય મળવામાં ન્યૂનતા થાય છે ત્યારે તેમાં વિકૃતિ થાય છે અને મર્મસ્થ તથા સંધિરોગોની તેમાં ઉત્પત્તિ થાય છે.

૫ સમાન૦—संमनयति गात्राणि समानो नाम मारुत: गोक्षीरसदृशाकार: सर्व देहे व्यवस्थित: ॥ શરીરનાં સર્વ ગાત્રોને જે સમાન સ્થિતિમાં રાખે છે તે સમાન સંજ્ઞક પ્રાણવાયુ છે. તે ગાયના દૂધ જેવું તત્વવાન હોય છે અને સર્વ શરીરમાં વ્યવસ્થિત રીતે વાસ કરે છે. સમાન વાયુની સહાયતાથી સર્વ શરીરની સ્થિતિ સમ અવસ્થામાં રાખવાની ઇચ્છા હોય તો ગો-ક્ષીર (ગાયના દૂધ)થી તેની સહાયતા કરવી જોઇએ.

પાંચ ઉપપ્રાણ.

નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત અને ધનંજય આ પાંચ ઉપપ્રાણ છે.

૧ નાગ૦—उद्गारो नाग इत्युक्तो नील *जीमूतसन्निभ: ।
उन्मीलने स्थित: ॥

---

* जयति नभः । जीयते अनिलेन । जीवनं जलं मूतं बद्ध अनेन सत् जीमूतः वा जीवनं मुंचतीति जिमूतः ॥

બહાર ફેંકી દેવાની ક્રિયા જે કરે છે તેને નાગવાયુ કહેવામાં આવે છે. કાળો ઢગ અથવા જળ છોડનારો જે ઢગ તે આ વાયુનું કાર્ય છે. આંખ ઉઘાડવાની ક્રિયામાં તેની સ્થિતિ હોય છે.

"नागः–दहेर्गोहलोपो दश्चनः नगः। ऊणा. ९–६१.

नगः। दहति दह्यते वा स नगः। पर्वतो वृक्षो वा। बाहुलका-न्नकारस्य नाकारो नागः। सर्पभेदो वा। दह्–ભસ્મિકરણે ધાતુને ग આદેશ થઈ दग् રૂપ થાય છે. પછી द ની જગાપર न આગમ થઈ दग નું नग એવું રૂપ બને છે અને બાહુલકત્વાથી आ કાર થઈ नाग આવું રૂપ સિદ્ધ થાય છે. અર્થાત્ "नदहतीति नागः" જેમાં દહન કરવાની–પૃથક્ કરવાની સત્તા નથી, પણ બહાર ફેંકવાનું કાર્ય કરે છે અને જે (ધૃતનીલ) કૃષ્ણ મેઘ જેવું હોય છે, તે નાગવાયુ છે. આ નાગવાયુ મહાન વિષગુણયુક્ત હોય છે. તેથી તેમાં ભ્રાજક ધર્મનો અભાવ થઈ ગયેલો છે. "Ejaculation is उद्गार" ઉક્ષેપણ કર્મ જે વાયુથી થાય છે તેની નાગવાયુ એવી અન્વર્થક સંજ્ઞા છે.

વાયુમાં દાબ આવવાથી તેઓ ગરમ થાય છે, પણ નાગવાયુ ગરમ ન થાય એવો વાયુ છે. આજ વાયુના રજમાં ગુરુત્વ લાવવાથી જે પદાર્થ થાય છે તેજ મણી છે અને તેજ સૂર્યમાંથી સાક્ષાત્ વિદ્યુત્ સંગ્રહ કરી શકે છે.

ભીમાદિ જેવા નવ નાગવલી થઈ ગયા છે. તેમાં આજ નાગ-

વાયુનું બળ હતું. આ વિષયુક્ત વાયુ શરીરમાં ધારણ કરવાનું સાધન વીર્યબલ છે. જેમાં શરીરમાં સાત્વિક અથવા રાજસી વીર્યબલ એટલે અગ્નિબળ હોય છે, તેને વિષથી કે હિમથી કાંઈ થઈ શકતું નથી. "अग्निर्हिमस्य भेषजं" અગ્નિ હિમનુંજ ઔષધ છે તો પણ તામસી વીર્યમાં તે સત્તા નથી. તેથી મદ્ય માંસ (વાસ્તવિક પ્રેત)ભક્ષકનાં શરીરમાં જે રક્ત છે તે વિષથી બહુજ જલદી બગડી જવાનો સંભવ હોય છે અને તેને લીધેજ તામસી વીર્યવાન પુરુષોને વિસર્પાદિ રોગ (માતા, ગોવર, પ્લેગ, હેજા, રક્તપીત્ત, કાળપુળી) થાય છે અને તેમાંથી બચવું બહુ મુશ્કેલ પડે છે. માટેસંસારિક વ્યવહાર માટે રાજસી વીર્ય અને પરમાર્થિક માટે સાત્વિક વીર્ય વધારવાની કેટલી જરૂર છે તે આ નાગવાયુના વિવેચન પરથી વાંચકોને ધ્યાનમાં આવશે. ઇન્દ્રનીલ સંજ્ઞક પ્રાણવાયુ અને અપસંજ્ઞક વીર્યના સંબંધથી નાગવાયુનો વ્યવહાર કરવો જોઇએ. અપનો—વીર્યનો પ્રાણની સાથે સંબંધ થવાથી પ્રાણ વીર્યને ઉર્ધ્વ લઈ જાય છે. પણ માનુષી કપાળ (ખોપરી) ઉપરથી બંધ હોય છે ત્યારે તેના ઉપર ટકરાઈ જાય છે અને ખોપરીનું નીચેનું છેદ જેને અર્વાગ્વિલ કહેવામાં આવે છે, (આનું રૂપ ચમસ જેવું છે અને શિરોમંડળમાં તેનું મૂળ છે) ત્યાંથી નીચે શરીરમાં ઉતરીને શરીરને ફૂલાવે છે અને તેથી નાગવાયુ શરીરમાં બળ પ્રાપ્ત કરે છે. જેપ્રમાણે રામાયણમાં સમુદ્ર ઉલ્લંઘનનું કાર્ય કરવા હનુમાન તૈયાર થયા ત્યારે તેના શરીરનું વર્ણન આપેલું છે તે એવું છે કેઃ—स कपिवरा नाग

वरायुते नाग इव बभूव = હનુમાન નાગવાયુથી સર્વ શરીરમાં પોતે નાગ જેવા થઈ ગયા.

૨ કૂર્મો૦—भिन्नाञ्जनसमप्रभः । નાગથી ભિન્ન એટલે અંદર લેવાની ક્રિયા કરવાવાળો કૂર્મવાયુ હોય છે અને આંખમાં નાખવાનું કાજળ હોય છે તેમ જેનું તત્વપ્રકાશિત હોય છે તેનો તે આધારવાન છે.

"यः कूर्मः स द्यावापृथिवियश्च विज्ञेयाः" ॥ यजु० २४ । ३४ ॥

સૂર્ય અને ભૂમિ દેવતાવાન કૂર્મ છે એટલે અવક્ષેપણ (Overcoming, Subduing) નીચે ફેંકવાનું કર્મ વા દબાવવાનું જે કર્મ છે તે સૂર્ય અને ભૂમિ દેવતાવાન કર્મ છે. પ્રાણનો ભૂમિ દેવતાની સાથે સંયોગ કરવાથી તેમાં તે કર્મ થાય છે. તેમજ–

"शकुनि सादेन कूर्मान् प्राप्नुत ।"

यजु० २५-३॥

ગરૂડ, ગીધ, આદિ જે મોટાં પક્ષીઓ છે, તેમનામાં જો વ્યવહારથી સ્થીરતા લાવવામાં આવે તો તેથી કૂર્મની પ્રાપ્તિ થાય છે. કુંડલિનિ ગતિથી તેમાં સ્થીરતા આવી શકે છે. માટે કુંડલિનિથીજ કૂર્મની ગતિ ઉત્પન્ન થાય છે એમ જાણવું.

૩ કૃકલ૦—“ कृकलस्तु क्षुते चैव जपाकुसुमसन्निभः ” શીંકા ઉત્પન્ન કરવાની જેમાં સત્તા હોય છે તે વાયુ કૃકલ વાયુ કહેવાય છે. તે વાયુ રક્ત જાસ્વન્દના ફૂલ જેવું તત્વવાન અને આધારવાન હોય છે. અગ્નિની સાથે પ્રાણનો યોગ કરવાથી આ વાયુની પ્રગટતા થાય છે.

૪ દેવદત્ત૦—“ विजृम्भणे देवदत्तः स्फटिकसन्निभः ” બગાસામાં દેવદત્ત વાયુની ક્રિયા થાય છે. શુદ્ધ સ્ફટિકમણી જેવા તત્વાનો તે આધારવાન હોય છે. દિવ્ય ગુણવાન્ શુદ્ધ વાયુ અને પ્રાણવાયુના સંબંધથી દેવદત્ત વાયુ બને છે.

૫ ધનંજય૦—धनंजयस्तथा घोषे महारजत वर्णकः=

धनंजयाख्यो देहे स्मिनकुर्याब्दहुविधान् र वान् ।
सतु लौकिक वायुत्वात् मृतं च न चमुंचति इति ॥

તેમજ ધનંજય વાયુ ઘોષક્રિયામાં (નાદ, મહાકંપ) પ્રવૃત્ત થાય છે. અતિ રક્ત વર્ણમાં તેની સંપ્રાપ્તિ છે. શરીરમાં જે વાયુથી અનેકવિધ કંપ ઉત્પન્ન થાય છે, તે ધનંજય વાયુનું કાર્ય છે. આ વાયુ લૌકિક એટલે સર્વત્ર હોય છે. તેથી તે મૃત શરીરને પણ છોડી દેતો નથી. પ્રાણવાયુનો આકાશતત્વની સાથે સંબંધ થવાથી આ વાયુની સ્થિતિ છે. તેથી જ્યાં આકાશ છે ત્યાં આ વાયુ છેજ એમ સમજવું.

“ ललाटे चोरासि स्कन्धे हृदि नाभौ त्वगास्थिषु नागाद्या वायवः पञ्च सहैव परिधिष्ठता इति । લલાટ, ઉર, ખભા, હૃદય, નાભિ,

ત્વચા અને અસ્થિમાં નાગાદિ વાયુ પંચભૂત અને પ્રાણુ સાથે સમ્પૂર્ણ શક્તિથી રહી કાર્ય કરે છે. તેને જાણી આત્મા જ્યારે તેને તાબામાં રાખી અથવા પોતાના આજ્ઞાધારક સેવક પ્રમાણે તેની પાસે કામ કરાવે ત્યારેજ તેના પરાક્રમનો ખરેખરો પ્રકાશ જગતમાં થાય છે.

આકર્ષણાદિ બાકી રહેલી પુરૂષશક્તિઓને પ્રગટ કરવાના આધારરૂપ ભૂત, દેવ અને તત્ત્વ આ સર્વનું વિવેચન કેમ કરવું તે રસ્તો બળ અને પરાક્રમનું વિવેચન ધ્યાનમાં લઈ જે પરિશ્રમ કરશે તેને પુરૂષશક્તિઓનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થશે. અત્રે ગ્રંથની વૃદ્ધિ થાય છે માટે આ શક્તિનો વિષય વધારે લંબાવવાનું અનુચિત સમજી તેની સાથે દ્વિતીય ભાગ પણ પૂરો કરીશું. સાવિત્રી વિદ્યાનો વિષય એટલો મહાન્ છે કે તેની ઉપર જેટલું વિવેચન કરીએ તેટલું ઓછુંજ છે. તે વિષયોનો પાર જાણવો હોય તો બ્રહ્મજ્ઞાની અથવા તત્વદર્શી યોગીઓ પાસેથી બ્રહ્મ નામ વેદને જાણી લેવું પડશે અને અન્તમાં પરમાત્માની ઉપાસના સિદ્ધ કરી તેને હૃદયમાં પ્રકાશિત કરવાથીજ સાવિત્રીની સંપૂર્ણ મહત્તા સમાજમાં આવવા સંભવ છે. આ ગ્રંથમાં જે જે વિષયો આપેલા છે, તેનો હેતુ સાવિત્રી જ્ઞાનથી પરમાત્માની ઉપાસનામાં રુચી લાવવું એટલોજ છે. માટે ગુરૂમંત્રથી પરાવિદ્યાનો જે બોધ થાય છે તેનું વિવેચન તૃતીય ભાગમાં કરીશું.

ઈત્યોમ્

દ્વિતિય ભાગ સમાપ્તઃ

ओ३म्

ગુરૂમંત્ર મહિમા.

ગાયત્રી મંત્રનો પરભાવ વિચાર.

ભાગ ત્રીજો.

उपासना कांड.

नारायण ऋषिः। सवितादेवता ।
निचृद्गायत्री छन्दः । षड्ज स्वरः ॥

तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि ।
धियो यो नः प्रचोदयात् ॥ यजु. अ. ३०-२.

નારાયણ સંજ્ઞક ઋષિ કહે છે કે (यः नः) અમારી બુદ્ધિને અથવા ઉપાસના કર્મને જે (प्रचोदयात्) પ્રેરણા કરે છે તેઓ (सवितुः) સમગ્ર જગતના ઉત્પાદક અને સર્વ પ્રકારના ઐશ્વર્ય તેમજ (देवस्य) સુખના આપનાર ગ્રહણ કરવા લાયક સર્વ દુ:ખના નાશ કરનાર શુદ્ધ સ્વરૂપ ઈશ્વર છે તેને અમે (धीमहि) ધારણ કરીએ છીએ. (तत्) તે ઈશ્વરનું શુદ્ધ સ્વરૂપ હે મનુષ્યો, તમે પણ ઉપાસના યોગથી ધારણ કરી લો.

(૧) પ્રથમ પોતાને જાણી લેવો.

પરમાત્માને ધારણ કરનાર આત્માના સત્ય સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરવાની ઉપાસકોને ઘણી જરૂર હોય છે. કારણ કે જે ઉપાસકો પોતાને જાણશે તેજ અન્યને જાણી શકે છે. આત્માની વસ્તુસ્થીતિ એવી છે કેઃ—

य आत्मनि तिष्ठन्नात्मनोन्तरोयमात्मा न वेद यस्यात्मा शरीरम् । आत्मानोन्तरोयमयाति सत आत्मा आन्तर्याम्यमृतः ॥ शत. १४, ६, ५, १०.

પરમેશ્વર, આત્મા અર્થાત્ જીવાત્મામાં સ્થિર છે અને જીવાત્માથી ભિન્ન છે, જેને મૂઢ જીવાત્મા નથી જાણતો કે તે પરમાત્મા મારામાં વ્યાપક છે. પરમાત્માનું જીવાત્મા શરીર છે. એટલે જેમ શરીરમાં જીવ હોય છે અને તે શરીરને ચલાવે છે તેમ જીવમાં પરમેશ્વર વ્યાપક છે. તે જીવાત્માથી ભિન્ન રહી તેના પાપ પુણ્યનો સાક્ષી થઈ તેનાં ફળ જીવાત્માને આપી તેને નિયમસર ચલાવે છે. આજ અવિનાશી સ્વરૂપ સર્વનો અન્તર્યામિ આત્મા છે. તેને જાણવાથી અન્તરાત્માને ઉત્તમ કાર્યમાં ઉત્સાહ અને અધર્મમાં ભય, શંકા અને લજ્જા પ્રગટ થાય છે. આની તરફ જે ધ્યાન રાખે છે તેજ આત્મા પરમેશ્વરના આનન્દનો ભોગી થાય છે.

अनेन जीवेनात्मनानुप्रविश्य नामरूपे व्याकरवाणीति ॥

छं० प्र० ६ खं० ३. मं० २ ॥

આ વચનમાં એક પ્રવેશ કરનારા અને બીજા અનુપ્રવેશ કરનારા છે, પરમેશ્વર શરીરમાં પ્રવિષ્ટ થઈ ગયેલા જીવોમાં અનુપ્રવિષ્ટ જેવા છે. તેઓ અન્તર્યામિ રહી વેદદ્વારા નામરૂપ આદિ વિદ્યાને પ્રગટ કરે છે. આ બે આત્મામાં સાધર્મ્ય—અન્વય ભાવથી એકતા હોય છે. જેમકે આકાશથી મૂર્ત દ્રવ્ય જડ હોવાથી અને કોઈ કાળે પણ તે પૃથક ન થવાથી તેમાં એકતા છે અને આકાશ વિભૂ, સૂક્ષ્મ, અરૂપ, અનન્ત આદિ ગુણવાન્ અને અમૂર્ત્ત દ્રવ્ય હોવાથી પરિછિન્ન દૃશ્યત્વ આદિ વૈધર્મ્યથી ભેદવાન હોય છે. અર્થાત્ પૃથ્વી આદિ દ્રવ્ય આકાશથી ભિન્ન નથી હોતાં. પણ અન્વય અર્થાત્ અવકાશ વિના મૂર્ત્ત દ્રવ્ય નથી રહી શકતાં. અને વ્યતિરેક અર્થાત્ સ્વરૂપથી ભિન્ન હોવાથી તેમાં પૃથકતા હોય છે. તેમજ બ્રહ્મ વ્યાપક હોવાથી જીવ અને પૃથ્વી આદિ દ્રવ્ય પરમાત્માથી અલગ રહેતાં નથી અને સ્વરૂપથી એક થઈ શકતાં નથી. એક અન્વય તરફ ધ્યાન કરવાથી આત્માના સત્ય સ્વરૂપનું જ્ઞાન થવું અસંભવ છે. માટે **અન્વય વ્યતિરેકનો** વિચાર બ્રહ્મજ્ઞાનમાં કરવો પડે છે. કારણ જગતમાં કોઈપણ દ્રવ્ય નથી કે જેમાં સગુણ નિર્ગુણતા, અન્વય વ્યતિરેક સાધર્મ્ય વૈધર્મ્ય અને સામાન્ય વિશેષ ભાવ નથી.

विशिष्टस्य जीवत्व मन्वय व्यतिरेकात् ॥

सांख्य० अ० ६—६३ ॥

અન્વય અને વ્યતિરેકથી વિશિષ્ટોનું જીવત્વ હોય છે. જીવ ધાતુ શરીરધારણ અર્થનો સંજ્ઞાવાન્ છે. પંચભૂતનું બળ અને

પ્રાણધારણ એજ શરીરધારણ છે. તેથી જીવ શબ્દ પ્રાણીમાત્રનો વાચક હોય છે. જીવત્વધર્મ અહંકારવિશિષ્ટ પુરુષનો છે. કેવળ પુરુષનો તે ધર્મ નથી. અન્વય વ્યતિરેકથી વિચાર કરતાં તેમાં હેતુ શું છે તેનું જ્ઞાન થાય છે. અન્વય (સંયોગ) અને વ્યતિરેક (વિયોગ)થી જોતાં કેવળ અહંકારવાન્ પુરુષમાં બળ અને પ્રાણધારણ જોવામાં આવે છે. અહંકાર શૂન્યમાં નથી. તેમજ શરીરધારી આત્મા પણ અહંકાર છોડી દે છે ત્યારે ચિત્તની વૃત્તિનો રાગ-પ્રેમ, જે પ્રવૃત્તિનો હેતુ છે, તેનો વિરોધ થાય છે, પ્રેમ સ્પષ્ટ અનુભવમાં આવે છે. આનાથી વિશિષ્ટ પુરુષનું જીવત્વ છે. અહંકાર રહિત પુરૂષનું જીવત્વ નથી. ત્યારે જેનું શુદ્ધ આત્મસ્વરૂપ હોય છે તેજ મુક્ત સ્વરૂપ છે. અહંકારરહિત પુરુષ મુક્તરૂપ છે. આત્માનું વિશિષ્ટ સ્વરૂપ, અને શુદ્ધ સ્વરૂપ જાણી લેવું એજ મનુષ્ય શરીરધારી આત્માનું મુખ્ય કર્તવ્ય છે. માટેજ વિષયારંભમાં કહી દીધેલું છે કે ઉપાસકોના ઉપાસ્ય દેવતાનું સત્યસ્વરૂપ જાણવાને માટે પોતાનું સત્યસ્વરૂપ પ્રથમ જાણવું પડે છે.

(૨) આત્મા.

आतमत्वाभिसम्बन्धादात्मा-(वै० प्रश० आत्मात्रिकार:)

आत्मत्व :—"अतति निरन्तरं कर्मफलानि प्राप्नोति, व्याप्नोति वास आत्मा" सातिभ्यां मनिन्मणिणौ ।

उणा० पा० ४-१९-१.

अति बन्धने । भ्वा० प० से० ॥

अत–सातत्यगमने । भ्वा. प. । निरन्तर–सतत गमन । અર્થાત સતત જ્ઞાન ગમન અને પ્રાપ્તિ અર્થનો વ્યવહાર દેખાડવાની अत् ધાતુમાં સત્તા છે. આ કારણથી જે સદૈવ જ્ઞાની છે, જે ગમનકાર્યમાં સદૈવ વર્તમાન છે, જે નિરન્તર કર્મ ફળ પ્રાપ્ત કરે છે અને જે સર્વમાં વ્યાપ્ય વ્યાપક છે તે જે આત્મા પદ-વાચ્ય છે તેની સિદ્ધિ अत् ધાતુથી થાય છે, તથા બંધન અર્થ-વાચક 'अति' ધાતુને પણ ઉણાદિ મનિણ્ પ્રત્યયથી આત્મા શબ્દ બને છે. તો એ આત્મા શબ્દ જ્યારે કર્મફળ ભોગાર્થ શરીરબંધનમાં આવે છે ત્યારે તે જીવાત્માનો વાચક થાય છે.

"अंतः परिज्मन्नागहि०— ॥" ऋ. मं.१, सू.६ मं.९.

परिज्मन् = परितः सर्वतोगच्छन् । उपर्य्यधः सर्वान् पदार्थानितस्ततः क्षेप्ता । अयं अज धातोः प्रयोगः ।

श्वनुक्षन्०—उ० १, १५९.

इति कनिन्प्रत्ययान्तो मुडागमेनाकार लोपेन च निपातितः ॥

સર્વત્ર ગમન કરીને ઉપર નીચે પહોંચનારો આ अतः સ્થાન વાચકનો ભાવ છે.

इतो वा सातिमीमहे०— ऋ. मं १ सू ६ मं.१०.

दिवः वा पार्थिवात्–महः वारजसः अधि इन्द्रम् ईमहे तथा इतः व सातिम् ईमहे ॥

દિવ્ય અને ભૌમ્ય, મહાન અને રજ સ્વરૂપ, એ સૂર્યના અધિકારનો અર્થ છે એને જાણી તથા (इतः) આ જડ ચેતનાત્મક જગતથી પણ સર્વ પ્રકારના જગતના પદાર્થોનો વિભાગ કાર્યથી ભૌતિક અને જ્ઞાન સૂર્યના અધિકારને જાણો.

આ अतस् અને अति શબ્દોનો વૈદિક ભાવ જોવાથી મહર્ષિ પાણીનિ મુનીએ अत् અને अति ધાતુનો જે અર્થ દેખાડ્યો છે, તે અન્વર્થકજ છે એમ લાગે છે. કારણ આ વર્ણોમાં એ અર્થ પ્રગટ કરવાની સત્તા છે.

જેમકે:—ભૂતલિપિથી જોવામાં આવે તો अ વર્ણ આકાશ–ભૂતવાચક છે. સર્વત્ર ગમન ક્રિયા જેના છે તે આકાશ છે. अ વર્ણ જે ભૂતનો વાચક છે તેની અન્તર્યામિ ક્રિયાનો હેતુ બ્રહ્મા હોવાથી એમાં સતત ક્રિયા થાય છે અર્થાત્ નિરન્તર ક્રિયાનો વાચક अ એ વર્ણ છે. त् વર્ણ વાયુ–ભૂત અને યમદેવતા વાચક હોવાથી સતત ક્રિયા અથવા જ્ઞાનને નિયમપૂર્વક વ્યવહાર કરાવનાર સત્તાદર્શક त् વર્ણના મેળથી જે अत् ધાતુ બને છે તેમાં સાતત્ય ગમન દર્શાવનારી સત્તા હોય તો તે કાંઈ ખોટું નથી.

આત્મા શબ્દ પરમાત્મા વાચક છે એ વિષયનો મંત્ર.

आत्मा देवानां भुवनस्य गर्भो०—

ऋग्. मं.१० सू. १७० मं. ४.

બ્રહ્માંડમાં જે કોઈ દેવતાઓ છે એમનો અને સંપૂર્ણ જગતનો જે અંતર બાહ્ય સ્વીકાર કરી રહેલો છે, અને પુરૂષ-

વિધ દેવતાઓનો જે ઉપદેષ્ટા છે તે પરમાત્મા છે. તેને પરમ્ આત્મા કહેવામાં આવે છે.

૨ આત્મા શબ્દ જીવવાચક છે એ વિષયમાં જે અનેક મંત્રો છે, તેમાંનો આ એક છેઃ—

आत्मानं ते मनसारादजानामवो दिवा पतयन्तं पतङ्गम् । शिरो अपश्यं पथिभिः सुगेभिररेणुभिर्जेहमानं पतत्रि ॥ ६ ॥

ऋ. मं. १। सू. १६३, मं. ६ ॥

अन्वयः—हे विद्वन् यथाऽहं ते तवात्मानं मनसाऽऽरादपश्यं तथा त्वं मदात्मानं पश्य यथाहं तवावः पतत्रि शिरोऽपश्यं तथात्वं ममैतत्पश्य यथाऽरेणुभिस्सुगेभिः पथिभिर्जेहमानं दिवा पतयन्तं पतङ्गमग्निमश्वमजानां तथा त्वमपि पश्य ॥

હે વિદ્વાન જનો, જેમ હું આપને (આત્માને) વિજ્ઞાન દ્વારા દૂર અને સમીપ દેખું છું તેમ તમે પણ મને (આત્માને) જુઓ.

જેમ હું તમારૂં (આત્માનું) રક્ષણ, પતનશીલ, અને ધારણ કરવા લાયક ઉત્તમાંગ જે શિર છે, તેને દેખું છું, અર્થાત આ કર્મો વડે આત્માની સમીપમાં દેખું છું તેમ તમે પણ મને (આત્માને) જુઓ. અને રજ, સ્પર્શ રહિત જે આત્મા થાય

છે, તેમાં સુખપૂર્વક ગમનાધિકરણુ થાય છે અને આવી રીતે ઉત્તમ યત્નવાન થવાથી અંતરિક્ષમાં ગમનાગમન કરવાનાં પ્રત્યેક સ્થાનમાં પહોંચી શકે છે, તે આત્માને જેમ હું દેખું છું તેમ તમે પણ જુઓ. આ આત્માઓ રજ, સ્પર્શ રહિત થવાથી તેમને મુક્તાત્મા કહેવામાં આવે છે.

જે પોતાના અથવા પરાયા આત્માની, રજ, સ્પર્શ કરવાથી શિર ધારણ કાર્યથી સમીપાવસ્થા, અને રજ સ્પર્શ રહિત થવાથી સ્વેચ્છાપૂર્વક અન્તરિક્ષમાં દૂર જઈને બધાં સ્થળોમાં પહોંચવાની સત્તાયુક્ત મુક્તાવસ્થા થાય છે, એને વિજ્ઞાનથી જાણે છે તે પુરૂષ આ પ્રકારના આત્મજ્ઞાનથી રજવેષ્ટિત ભૌમ્ય-અગ્નિ અને રજસ્પર્શરહિત દિવ્ય વા વિદ્યુત અગ્નિને યથાવત જાણી સમીપ સ્થાનોમાં ભૌમ્ય અગ્નિ દ્વારા અને દૂર દેશમાં વિદ્યુત અગ્નિદ્વારા અન્તરિક્ષમાં ગમનાગમન કરવાવાળાં વિમાન આદિ યાનોને પણ ચલાવી શિઘ્ર ગમન કરવાને યોગ્ય બને છે.

આ મંત્રમાં આત્મા શબ્દ રંજ સ્પર્શ કરીને શરીર ધારણ કરવાવાળા જીવનો વાચક છે, એમ સ્પષ્ટ દેખાડેલું છે. તથા રજોબન્ધન, અને રજસ્પર્શવિમુક્ત એવી આત્માની બે અવસ્થા હોવાથી જીવ કોટીના આત્માનું અનાદિત્વ પણ પ્રકાશમાં લાવવામાં આવ્યું છે.

आत्मा—स्वयंभूर्जीवः । क्षत्रमस्तु=

અતિ દુઃખથી પણ રક્ષણ કરે છે.

(૩) આત્મા શબ્દ બ્રહ્મયજ્ઞાંગ વાચક પણ થાય છે.

आत्मादेवानां भुवनस्यगर्भो०—॥

ऋ. मं. १०. सू. १७०. मं. ४ ॥

બ્રહ્માંડની જે અપુરૂષ વિધા દેવતા છે, તેની અને જે સંપૂર્ણ જગતનો અંતર અને બાહ્ય સ્વીકાર કરી રહ્યો છે, અને એ દેવતાઓનો ગતિ વ્યવહારનો જે હેતુ છે, એ માત્ર સત્ સંજ્ઞક આત્મા છે. આ એક આત્માથી બધી અપુરૂષવિધા દેવતાઓ પોતાનો અંગવ્યવહાર ચલાવી રહી છે. મહર્ષિ યાસ્કાચાર્ય પુરૂષવિધ આત્માની સાથે આ અપુરુષવિધ આત્માનો અનુવાદ કરતાં લખે છે કેઃ—

व्याख्यातं दैवतं यज्ञाङ्गं च । अथात उर्ध्वमार्गगतिं व्याख्यास्यामः । सूर्य आत्मेत्युदितस्य हि कर्मद्रष्टा । अथै तदनु प्रवदन्त्यथैतं महान्तमात्मानमेषर्ग्गणः प्रवदन्तीन्द्रं मित्रं वरुणमग्नि माहु रिति । अथैष महानात्मात्मजीज्ञासयात्मानं प्रोवाचाग्निरस्मि जन्मना जातवेदा अहमस्मि प्रथमजाइत्येताभ्याम् ॥

निरु. प० २–१.

યજ્ઞ દેવતા અને યજ્ઞઅંગનું વેદ જે વ્યાખ્યાન કરે છે, તે કહેવામાં આવે છે. પ્રથમતઃ ઉર્ધ્વ માર્ગ ગતિવાન દેવતા આદિનું વ્યાખ્યાન કહેવામાં આવે છે. સૂર્ય ઉર્ધ્વ માર્ગના કર્મનો

આત્મા હોવાથી એ કર્મોની એજ દૃષ્ટિ છે. એ મહાન આત્માનો પ્રકાશ કરતાં વેદ બતાવે છે કે એ આત્મા છે કે જેને ઋગ્મંત્ર ઈંદ્ર, મિત્ર, વરૂણ, અગ્નિ, સુપર્ણુ ઈત્યાદિ પદોનો વાચક કહે છે. આ અધિભૌતિક આત્મા છે. પરંતુ અધ્યાત્મિક ધર્મમાં આ આત્મા આત્મજ્ઞાનના જીજ્ઞાસુઓને કહે છે કે હુંજ જાતવેદા અગ્નિને જન્મ આપવાવાળો છું. કારણ કે હું કાર્ય સૃષ્ટિના આરંભમાં પ્રગટ થાઉં છું.

વેદમાં જ્યાં આત્મા શબ્દ અધ્યાત્મ વાચક હોય છે, ત્યાં "अहमस्मि" આ પ્રથમ પુરૂષનો પ્રયોગ કરવામાં આવે છે. બીજે ઠેકાણે પ્રત્યક્ષ કે પરોક્ષમાં युस्मत् અને तद् નો પ્રયોગ આવે છે.

अग्निरस्मि जन्मना। जातवेदा घृतं मे चक्षुरमृतं म आसन। अर्कस्त्रिधातू रजसो विमानोऽजस्रो घर्मो हविरस्मि नाम। यजु. १८–६१.

अहमस्मि प्रथमजा ऋतस्य पूर्वं देवेभ्यो अमृतस्य नाभिः। यो मा ददाति स इदेवमावा अहमन्नमन्नमदन्तमाद्मि॥

જાતવેદા અગ્નિનો જન્મ આપવાવાળો હું અગ્નિ છું. (*घृतम्) પ્રદિપ્તિ મારાં ચક્ષુ છે. (अमृत) માયા, પ્રધાન, અને સત્, મારૂં આસન છે. (त्रिधातु) સત્વ, રજ તમ, [हिरण्यगर्भ-अजस्राहिरण्यशृंङ्ग]-ક્ષાર, આમા, લવણ (त्रिरई=સોરા, નવસાગર, ગંધ) અગ્નિના અર્ક છે. વિશેષત્વથી રજ ધર્મયુક્ત અને અજસ્ત્ર છે. (વિદ્યુત્પાદક વૈશ્વાનર રસ અજસ્ત્ર હોય તો સતત્ વિદ્યુત્પ્રવાહ પ્રાપ્ત થઈ શકે છે. સ્થૂળ દૃષ્ટિથી (H+C) અજસ્ત્ર થાય છે.) હું અગ્નિવ્યવહારકારક અન્ન છું, સર્વ દેવતાઓને ગતિ વ્યવહાર પ્રાપ્ત થવાની પૂર્વે અમૃત જે અલિંગ તત્વ છે તેમાં નાભિ સ્થાનથી પ્રગટ થાઉં છું. આથી જે બ્રહ્માગ્નિ સ્વરૂપી નાભિને પોતે પોતાને અર્પણ કરે છે તે આ સંસારમાં સર્વની અન્ન સ્વરૂપી હાલત છે તેને પ્રાપ્ત થાય છે. કારણ જે જગાએ સર્વ ગતિઓને એકભાવ અથવા કેન્દ્ર છે તે નાભિ છે. એ આત્મા છે. તથા ભૌતિક નાભિને અર્થાત આત્માને જે જે અર્પણ કરે છે તે પ્રાકૃતિક ધર્મવાન નાભિને પ્રાપ્ત કરે છે. સાર એ છે કે કારણ અગ્નિ—અધ્યાત્મિક અથવા ભૌતિક હોય એનો જે સ્વીકાર કરે છે, અગ્નિ એનો સ્વીકાર કરીને તેને નાભિ સુધી લઈ જાય છે. આથી અધ્યાત્મિક, અધિદૈવિક, અને અધિભૌતિક આત્માને જે જાણે છે તેજ જાણે છે.

---

* घृतम् उदक नामसुपठितम् । अघ्रि घ्रासिभ्यः क्तः । अर्कम् घृतम सितम् ॥ उणादि ३-८९. ॥ जिघर्त्ति सञ्ज्वलाति दिप्यते वातत् घृतम् । उदकं सर्पि प्रदिप्तं वा ॥

આત્મા શબ્દનો ભૂતાર્થ—સત્યાર્થને જાણવો હોય તો વેદ-વાણીથી લઈને વ્યવહારમાં આત્મા શબ્દ કયા પ્રકારના આત્માનો અર્થ બોધ કરવાને નિયુક્ત કરેલ છે તે પ્રથમ જાણવું જોઇએ.

अस्ति खल्वन्योऽपरो भूतात्माख्यो योऽयं सिताऽसितै कर्मफलैराभ भूयमानः परिभ्रमतीति० पञ्चतन्मात्रा भूतशब्देनोच्यन्ते–तेषां समुदायं तत् शरीरमित्युक्त मथ योह खलु वाव शरीर इत्युक्तं सभूतात्मेयुक्तम् । अथा-मृतोऽस्यात्माऽब्बिन्दुरिव पुष्करा इति । अथ अन्यत्रा-प्युक्तं यः कर्त्ता सो यं वैऽभूतात्मा करणैः कारयितान्तः पुरुषः ॥ मैत्रा० उ० प्र० ३–१–२.

શુદ્ધ અશુદ્ધ કર્મોના ફળોનો ભોક્તા થઈને, દૃશ્ય અને અ-દૃશ્ય અર્થાત જેમાં આત્મ વ્યવહારની પ્રગટતા છે અને જેમાં આત્મ વ્યવહાર પ્રગટ દેખાતો નથી, આ યોનિઓને પ્રાપ્ત થઇને ઉર્ધ્વ અધો અથવા બંનેની વચ્ચેની જે ગતિ હોય છે, તે ગતિને પ્રાપ્ત કરીને ભ્રમણ કરનારા આત્માને ભૂતાત્મા કહે-વામાં આવે છે. પંચતન્માત્રાને ભૂત શબ્દથી કહેવામાં આવે છે અને આ તન્માત્રાનો જે સમુદાય છે તેને શરીર કહેવામાં આવે છે. જ્યાં શરીરની સાથે આત્મા શબ્દ કહેવામાં આવે છે ત્યાં આત્મા શબ્દથી ભૂતાત્મા સમજવો જોઇએ. આ ભૂતાત્માનો પણ જે આત્મા છે તે સર્વત્ર હોવા છતાં પણ કર્મ-

ળપત્ર ઉપરના જળ બિન્દુવત અલિપ્ત છે. એથી કરીને તે **પરમાત્મા** છે. બીજે ઠેકાણે પણ કહેલું છે કે જે કર્તા છે તે અન્તર્યામી સ્થિત હોઈને ભૂતાત્માથી બધું બ્રહ્માંડ ચલાવી રહ્યો છે.

પરંતુ જ્ઞાન કાર્યરહિત સર્વત્ર પ્રાપ્ત થઈ રહ્યું છે, એ ભાવમાં આત્મા શબ્દ સુત્રાત્મા મહાન આત્મા-અનાત્મા વા પ્રધાનનો વાચક હોય છે. આ ત્રણે આત્માને પર, અપર અને પરાત્પર આત્મા પણ કહેવામાં આવે છે. અને ૧ વિશ્વાત્મા, ૨ ભૂતાત્મા અને ૩ આત્મા એ પણ એના અન્વર્થક શબ્દ છે.

मायामयं येषा सक्तस्तु भुतात्मा न स्मरेत परंपदम् ॥

मै. प्र. ४–२.

ભૂતાત્મા માયામય આત્મામાં (મહાન આત્મા, અનાત્મા વા પ્રધાન) આસક્ત રહે છે, ત્યાંસુધી વિશ્વાત્મા જે પરમ આત્મા છે અને પરમપદ છે એનું સ્મરણ પણ કરતો નથી. નામોચ્ચાર કરવાવાળા તો ઘણા છે પરંતુ નામસ્મરણ કરવાવાળા તો કવચિતજ દેખવામાં આવે છે. અર્થાત જે પરમપદનું સ્મરણ નથી કરી શકતો તેને તે પદપ્રાપ્તિ માટે કર્મ કરવાનો રસ્તો ક્યારે હાથ લાગશે? અને કર્મભાવમાં તેને લાભ થવો અસંભવિત છે.

સાવિત્રિ ભૂતાત્માની સાથે સંબંધ બાંધીને બ્રહ્માંડ વ્યવહાર કેવી રીતે ચલાવી રહી છે અને ચોવીશ તત્વો દ્વારા શરીર કેવી રીતે થઈ રહ્યું છે એ બતાવવામાં ભૂતાત્મા અને અનાત્માની વસ્તુ-

સ્થિતિ દેખાડી દીધેલી છે. એનાથી ભૂતાત્મા માયામય સ્થિતિની પૂરેપૂરી હાલત જાણી લઇને, એમાં આસક્ત થવાનું છોડી દઇને, અને પરમ આત્માનું સ્મરણ કરીને ઇષ્ટ ફળની પ્રાપ્તિ કરે છે'

ભૂતાત્મા છે, એ જાણુવાને કયાં કયાં સાધન છે એ બધું આત્માધિકારમાં બતાવ્યું છે અને તેનો ક્રમપૂર્વક વાંચકો વિચાર કરે તેટલા માટે અહીં પણ લખવામાં આવે છે.

(૧) **આત્મત્વ**—સામાન્ય અને વિશેષ ગુણોના સંબંધી આત્મા એ દ્રવ્ય છે એમ જ્ઞાત થાય છે.

અ૦—નિરન્તર કર્મફળોનું પ્રાપ્ત કરવું—

બ૦—શરીરમાં પોતાની શક્તિથી વ્યાપક થવું.—

ક૦—શરીર દ્વારા સુખદુઃખરૂપી કર્મફળ ભોગવવાં—અને

ડ૦—નિરન્તર સુખોની ઈચ્છા કરવી.

આ ગુણો જયાં પ્રતિત થાય છે ત્યાં આત્મત્વ દ્રવ્ય છે એમ જાણવું.

(૨) **સૂક્ષ્મ દ્રવ્ય** હોવાથી ઇન્દ્રિય દ્વારા તેનું જ્ઞાન થતું નથી.

અ૦—કોઈ પ્રયોજક વિના ઇન્દ્રિયાદિ તેના વિષયોનું ગ્રહણ કરી શકતી નથી.

બ૦—પરંતુ શબ્દાદિ વિષયજ્ઞાનનું ગ્રહણ કરવાની ક્રિયા જોવાથી પ્રયોજક અથવા જ્ઞાનસાધક આત્માનું અનુમાન થાય છે.

(૩) શરીર, ઇંદ્રિય અને મન આ ત્રણે જ્ઞાનરહિત છે. તેથી કરીને તેઓ પ્રયોજક થઈ શકતાં નથી.

અ૦—શરીર ઘટ જેવું જડતત્વથી બન્યું છે કારણ કે મરવા પછી ઘટ જેવું જડ બની જાય છે. આથી ચેતનતા એ શરીરનો ગુણ નથી.

બ૦—ઇન્દ્રિયો જ્ઞાન ગ્રહણ કરવાનું સાધન છે. કારણ કે ઇન્દ્રિયો નષ્ટ થયા પછી પણ અથવા ઇન્દ્રિયોનો વિષય તેની પાસે ન હોય તોપણ ઇન્દ્રિયવિષયોનું સ્મરણ થાય છે આ ઉપરથી જ્ઞાન એ ઇન્દ્રિયોનો ગુણ નથી એમ જ્ઞાત થાય છે.

ક૦—મન બધી ઇન્દ્રિયોથી એકસમયાવચ્છેદ કરીને વિષય પ્રાપ્ત કરી શકતું નથી. પરંતુ સ્મૃતિ બધી ઇન્દ્રિયોની થાય છે માટે જ્ઞાન એ મનનો ગુણ નથી.

ડ૦—શરીર, ઇન્દ્રિયો અને મન, જ્ઞાન ગુણવાન ન હોવાથી શેષ જ્ઞાનરૂપી જે કાર્ય થાય છે તેથી જ્ઞાનકાર્ય કરવાવાળો આત્મા છે એમ બોધ થાય છે.

ભૂતાત્માને જાણવાનાં બીજાં પણ કેટલાંક સાધન છે તે આ છે.

(૪) જેમ રથ ચલાવવાથી સારથીનું જ્ઞાન થાય છે તેમ શરીર રૂપી રથ અથવા વિમાન ચલાવવાથી અને આકાશમાં હિત–અહિત, પ્રીતિ–ત્યાગ, યોગ્યપ્રવૃત્તિ અને નિવૃત્તિ આ ક્રિયાઓ દ્વારા પ્રયત્ન કરવા વાળો શરીરનો

જે સ્વામી છે તેજ ચેતન આત્મા છે એમ અનુમાન થાય છે.

(૫) **પ્રાણાપાન કર્મથી આત્માનું અનુમાન થાય છે.** શરીરના પ્રાણ અને અપાનના કર્મોથી વિપરિત કર્મ દેખવામાં આવે છે. જેમકેઃ—વાયુનો સામાન્ય ધર્મ તિર્યક્ ગતિવાન છે. એનાથી વિપરિત એનામાં ઉપર અને નીચે જવા આવવાનું કર્મ જોવાથી એ પ્રકારનો કર્મકારક કોઈ પણ હોવો જોઇએ એમ અનુમાન થાય છે.

વાયુનો પ્રવેશ કરવો એ સ્વભાવ છે. શરીરપર હવાનો દાબ ઘણો ભારી છે. એક ઇંચ ચોરસ જગાપર ૧૫ પૈંડ જેટલું હવાના દાબનું પ્રમાણ છે મનુષ્યના શરીર ઉપરનું અજીન અથવા ચામડું કાઢીને તેને પાથરવામાં આવે તો ૨૦ ચોરસફુટ જેટલી જગા ઢંકાઇ જાય છે અને (૨૦ ફુટ × ૧૪૪ ઇંચ = ૨૮૮૦ ચૌ૦ ઇંચ × (૧૫–પૈંડ)=(૪૩૨૦૦) પૈંડ એટલી જગાપર હવાનું દબાણ તેતાળીસ હજાર બસો પૈંડનું થાય છે સામાન્ય અથવા મધ્યમ આયુવાળા મનુષ્યના શરીરનું પ્રમાણ ૧૬ ચોરસ ફુટ થાય છે. તો એના શરીરપર ચારે તરફથી મળીને ૩૫,૫૬૦ પૈંડ અર્થાત સરાસરી ૧૬ ટન જેટલું હવાનું દબાણ છે. ૨૧૬૦ પૈંડનો એક ટન થાય છે ૨૧૬૦ × ૧૬ = ૩૭,૫૬૦ પૈંડ કે ૧૬ ટન થાય છે. શરીરપર હવાનો આવો ભારી દાબ હોવાથી શરીરની અંદર જે પોલાણ છે તેમાં હવા ભરાઈ જાય છે. પરંતુ

ભાતા ફુકીને હવા બહાર ફેંકવામાં આવે છે તેમ એ અંદર ઘુસી ગયેલી હવાને બહાર ફેંકી દેવાનો પ્રયત્ન થતો જોવામાં આવે છે. એથી શરીરમાં કોઈ પ્રયત્નવાન્ આત્મા છે એમ અનુમાન થાય છે.

(૬) **લાકડાંનાં ચિત્રોથી** પ્રયોગ કરવા સમાન આંખ ઊઘાડ બંધ કરવાની ક્રિયા જોવામાં આવે છે.

અ૦—દેહની વૃદ્ધિ કરવાવાળો કોઈ જોવામાં આવે છે.

પંચભૂતાત્મક શરીરના પરમ અણુને હરેક ભૂત સજાતિય પરમાણુઓનું આકર્ષણ કરે છે પરંતુ એનાથી વિરૂદ્ધ પ્રયત્ન કરીને આકર્ષણ શક્તિથી પરમાણુઓનો સંયોગ કરાવીને પોતાના સંસ્કારાનુકુળ શરીર બનાવીને એની વૃદ્ધિ કરવાવાળું કોઈ શરીરમાં જોવામાં આવે છે.

બ૦—ઘરનો સ્વામી ઘરનો બગડી ગયેલો ભાગ દુરુસ્ત કરવાને પ્રયત્ન કરે છે તેમ આ શરીરમાં ઘાવ આદિ મટાડવાનો પ્રયત્ન કરવાવાળો કોઈ દેખવામાં આવે છે.

ક૦—ઇન્દ્રિયોને બે વિષય છે. એના મનરૂપી સાધનના નિમિત્તથી કર્મ કરીને, એ વિષયોના ગ્રાહક થઇને, ઘરમાં એક ખુણામાં બેસી રહીનો દડામાં પ્રેરણા કરવાવાળા બાલકના માફક પ્રેરણા કરવાવાળા આત્માનું અનુમાન થાય છે. બાલક દડાને જૂદી દિશામાં ફેંકે છે, વળી પાછો તેની પાસે જાય છે અને ફરી તેને ફેંકે છે આ બાળકની પેલક (દડા) ક્રિયા થાય છે.

ઙ૦—નેત્રથી તેનો વિષય જોયા પછી રસની રસના પ્રવૃત્તિ થાય છે. આ પ્રકારના અન્ય ઇન્દ્રિયોના અનુવૃત્તિ ક્રમને જોવાથી એક ઝરોખાની અંદર બેસીને અંદર અને બહાર બંને ઠેકાણે જોવાવાળાની માફક કોઈ ચેતન પુરુષ છે એમ જાણવામાં આવે છે.

(૭) **સુખ-દુઃખ ઇચ્છા-દ્વેષ અને પ્રયત્ન** આદિ ગુણોથી કોઈ ગુણી હોવાનું અનુમાન થાય છે. આ ગુણો શરીર દ્વારા પ્રગટ થાય છે તો પણ આ શરીર ઇન્દ્રીયો એનો ખાસ ગુણ નથી.

શરીર ઇન્દ્રિયોના વિશેષ ગુણ નહિ હોવાનાં કારણો.

અ૦—અહંકારથી (હું સુખી છું, હું દુઃખી છું) શરીર અને ઇન્દ્રિયોસાથે એકવાક્યતા નહિ હોવાથી.

બ૦—વ્યાપ્ય વૃત્તિ ન હોવાથી. અર્થાત શરીર અને ઇન્દ્રિયે દ્રવ્ય રહે છે ત્યાં સુધીન રહેવાથી, બાહ્ય ઇન્દ્રિયોથી પ્રત્યક્ષ નહિ હોવાથી તથા હું શબ્દથી પૃથ્વી આદિના શબ્દોમાં ભેદ હોવાથી સુખ આદિ શરીર અને ઇન્દ્રિયોનો વિશેષ ગુણ નથી.

ક૦—બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, ધર્મ, અધર્મ, સંસ્કાર, સંખ્યા, પરિમાણ, પૃથકત્વ, સંયોગ અને વિભાગ એ એના (આત્માના) ગુણ છે.

ડ૦—આત્મલિંગાધિકારમાં વૈશેષિક સુત્રકારના વચનથી બુદ્ધિ આદિ "આત્માનો લીંગ છે" એ સિદ્ધ છે.

ड०—એક આત્માના ધર્મ અને અધર્મ ગુણ બીજા આત્માનાં કારણ ન હોવાથી. वै. ६-१-१५ અર્થાત જે આત્મા ધર્મ અધર્મ કરે છે તેનેજ એનાં કર્મનાં ફળ પ્રાપ્ત થાય છે. આ ઉપરથી ધર્મ અધર્મ પણ આત્માના ગુણ છે.

फ०—आत्ममनसोः संयोगविशेषा त्संस्काराच्चस्मृतेः । ९-२-६ આત્મા અને મનના સંયોગ વિશેષથી અને સંસ્કારથી સ્મૃતિ હોય છે. સ્મૃતિ ઉત્પન્ન થવામાં આત્મામાં સંસ્કાર કારણ હોવાથી સંસ્કાર પણ આત્માનો ગુણ છે.

ज०—व्यवस्थातो नाना. ૩।૨।૨૦ શરીર વ્યવસ્થા અને અનેક યોનિયો એની વ્યવસ્થા જોવાથી આત્મા અનેક છે એમ નિશ્ચય થાય છે.

व०—અને ઉપરિ નિર્દિષ્ટ કારણોથી પૃથકત્વ (દરેક આત્માનું અલગ હોવું) પણ આત્મામાં છે એમ સિદ્ધ છે.

य०—विभवान्महानाकाशस्तथा चात्मा ७।१।२२ આકાશ સર્વત્ર પ્રવેશ કરે છે તેવી રીતે આત્મા સર્વત્ર પ્રવેશ કરી શકે છે. એ મહાન સત્તાથી આત્મા મહાન છે. મહાન પરિણામવાળા છે એમ કહેવામાં આવેછે.

ह०—સન્નિકર્ષમાંથી ઉત્પન્ન થવાથી સુખાદિના સંયોગ—

म०—અને એનો વિનાશક હોવાથી વિભાગ થાય છે એથી સંયોગ અને વિયોગ એ પણ આત્માનાજ ગુણ છે એમ સિદ્ધ થાય છે.

ભૂતાત્માનું પરિમાણઃ—જીવાત્માનું પરિમાણ અણુથી પણ પર છે, શ્વેતાશ્વેતર ઉપનિષદ્કાર ઋષિ કહે છે કેઃ—

बालाग्रशतभागस्य शतधा कल्पितस्य च । भागो जीवः स विज्ञेयः स चाऽऽनन्त्याय कल्पते ।

श्वेता० उ० नि० अ० ५–९.

વાળની નોકના સો ભાગ કરવામાં આવે, પછી એમાંથી એક ભાગ લઇને એના પણ સોભાગ કલ્પનાથી કરવામાં આવે અર્થાત્ એક વાળના[1] દશ હજારમા ભાગ જેટલી સુક્ષ્મતાની બરાબર જીવનું રૂપ અથવા [2]પરિમાણ છે. એમ જાણવું જોઇએ (स च आनन्त्याय कल्पते) અને એ અનન્ત હોવાથી સમર્થ છે. જીવાત્મા અતિ સૂક્ષ્મથી પર હોવાથી પરમાત્માના પ્રેરણાનુકુલ અનન્ત સામર્થ્યની સાથ જગતનું કાર્ય કરે છે. ભૂતાત્મા પરમ

---

૧ વાળાગ્રના ૧/૧૦૦૦૦ થી પરજીવ આત્મતત્વ છે. તેથી એ પરમઆણુનું પ્રમાણ માનવું યોગ્ય છે.

૨ ૧/૧૦,૦૦૦ × ૧/૬૦ = ૧/૬,૦૦,૦૦૦ વાળાગ્રના એક છ લક્ષાંશ અણુ પરિમાણ થાય છે.

૨ આણુ = ૧૨,૦૦,૦૦૦ અથવા એક દ્વ્યણુક = આકાશ કે શબ્દ તન્માત્રા.
૪ „ = ૨૪,૦૦,૦૦૦ „ ૨ „ = વાયુ કે સ્પર્શ તન્માત્રા.
૬ „ = ૩૬,૦૦,૦૦૦ „ ૩ „ = અગ્નિ કે રૂપ તન્માત્રા.
૮ „ = ૪૮,૦૦,૦૦૦ „ ૪ „ = જળ કે રસ તન્માત્રા.
૧૦ „ = ૬૦,૦૦,૦૦૦, „ ૫ „ = પૃથ્વી કે ગંધ તન્માત્રા.

અણુ જે અલિંગ વા પ્રધાન છે તેનાથી પણ પર છે. એથી એ પરમ અણુઓને એકત્ર કરીને એનું અણુરૂપ બનાવે છે અને તેથી અણુઓ વડે સૃષ્ટિવ્યવહાર માનવામાં આવ્યા છે. જેમકે:—

૬૦	પરમ અણુ મળીને	૧ અણુ બને છે.
૨	— અણુ ,,	૧ દ્વ્યણુક બને છે.
૩	— દ્વ્યણુક ,,	૧ ત્રસેરેણુ બને છે.

સ્થૂળ સૃષ્ટિથી વિચાર કરતાં સૂક્ષ્મ વિષયોની અવધિ પ્રધાન સુધી યોગી પુરૂષોના અનુભવમાં આવેલી છે એને પણ અલિંગ કહેવામાં આવે છે. જે કોઈમાં લય પામતું નથી, અને કોઈમાં મળી જતું નથી તે અલિંગ છે. સારાંશ સૂક્ષ્મ વિષયનો પર્યાવસાન અલિંગ પર્યંતનો કહેલો છે.

પૃથ્વીના અણુનો	ગંધતન્માત્રા	સૂક્ષ્મ વિષય છે.
જળના ,,	રસતન્માત્રા	,,
તેજના ,,	રૂપતન્માત્રા	,,
વાયુના ,,	સ્પર્શતન્માત્રા	,,
આકાશના ,,	શબ્દતન્માત્રા	,,

આ પાંચે તન્માત્રા વા અસ્રનું લીંગ અહંકાર, મન–પ્રજાપતિ છે. આ લીંગનો સૂક્ષ્મ વિષય અલિંગ છે. અલિંગથી સૂક્ષ્મ કોઈ નથી અને તેથીજ પ્રધાનને અલિંગ કહેલ છે. જો એમ કહીએ કે પુરૂષ તેનાથી પણ સૂક્ષ્મ છે તો તે સત્ય છે. સ્થૂળથી પર

સૂક્ષ્મ, લીંગથી પર અલિંગ સૂક્ષ્મ છે એવો પુરૂષનો વિષય નથી. પુરૂષમાં સ્થૂળ, સુક્ષ્મ, અતિસુક્ષ્મ એવા ભેદ નથી. જેમ દ્રવ્ય પરમ અણુથી અણુ, અણુથી દ્વયણુક, ત્રસરેણુ એ ક્રમથી સ્થૂળ બને છે તેમ પુરૂષ બનતું નથી. તેથી સૂક્ષ્મતાનો વિષય પુરૂષમાં માનવામાં આવતો નથી અથવા સ્થૂળ, સુક્ષ્મ આ શબ્દો પુરૂષમાં અન્વર્થક થતા નથી. સૂક્ષ્મ વિષયની અવધિ બુદ્ધિ સુધીની છે અને જેની બુદ્ધિ લીંગ માત્ર સુધીના જ્ઞાનથી શુદ્ધ થાય છે ત્યારે તેનો અલિંગમાં લય થાય છે. પુરૂષનો અહંભાવ તો રહે છે. **જીવાત્મા** એ સંજ્ઞાનો નાશ થઇને તેની પોતાની સ્વસંજ્ઞા તેને પ્રાપ્ત થાય છે અને તે આત્મભાવમાં સ્થિર થઇને પરમ આત્મ આનન્દને પ્રાપ્ત કરી લે છે.

(૩) સૂત્રાત્મા–મહાત્મા–અનાત્મા વા પ્રધાન આત્મા.

ભૂતાત્મા વા જીવાત્માનું સ્વરૂપજ્ઞાન શાબ્દિક વિષય દ્વારા કાંઈ સૂક્ષ્મ રૂપે બતાવવામાં આવ્યું છે. આ આત્મદ્રવ્ય અલિંગથી પણ પર હોવાથી અને લૈંગિક જ્ઞાનનો વિષય ન હોવાથી આ સદૃશ જગતમાં એવું કોઈ પણ દ્રવ્ય નથી કે જે એની પ્રતિ કૃતિ રૂપે થાય અને એ પ્રતિકૃતિ દ્વારા એને પ્રત્યક્ષ દેખાડી શકાય. એથી, બુદ્ધિને સુક્ષ્મતાના અવધીસુધી સાવિત્રી જ્ઞાનથી શુદ્ધ કરવાથી આત્મા પોતાના સ્વરૂપને, પરમાત્મા જે સંપૂર્ણ જગતનો આદર્શ છે એમાં પોતે પોતાને યથાવત જોઇને “आनन्दि भवति” આનંદવાન થાય છે. એ જીવાત્માનો હિરણ્યગર્ભ જે પરમાત્મા છે, એના ગર્ભમાં સ્થિત થવું અને મોક્ષ સૂખનો અનુભવ કરવો.

પણ એ ગર્ભથી જ્યારે ચળેછે ત્યારે જગદ્સ્વરૂપી બનવા લાગે છે. એમાં "अहमस्मि" હું છું એવો અહંકાર પેદા થાય છે અને સૃષ્ટિ ઉત્પત્તિનો હેતુ બને છે. આ અહંકારનો જે. આત્મા છે તેનું ઋષિપ્રોક્ત સ્વરૂપ એવું છે કેઃ—

आवरीवर्त्ति भुवनेष्वन्तः ।

ऋ० अष्ट० ८. अ० ८ मं० ३९.

"आवरीवर्ति भुवनेष्वन्तरित्यथैष महानात्मा सत्त्वलक्षणस्तत्परं तद् ब्रह्म तत्सत्यं तत्सलिलं तदव्यक्तं तदस्पर्श तदरसं तदगन्धं तदमृतं तच्छुक्रं तन्निष्ठो भूतात्मा । सैषा भूतप्रकृतिरित्येके तत्क्षेत्रं तदज्ञानात्क्षेत्रज्ञमनुप्राप्य निरात्मजम् । अथैष महानात्मा त्रिविधो भवति सत्वं रजस्तम इति । प्रतिभातिलिंगो, महानात्मा तमोलिंगो, विद्याप्रकाशलिंगस्तमोऽपि निश्चयलिंग आकाशः ॥

निरु० प० २–३.

સર્વ લોકલોકાન્તરની વચમાં સારી રીતે સર્વનું આવરણ કરવાવાળો વર્તમાન એ એક મહાન આત્મા છે, જે સત્વ લક્ષણથી પણ પર છે. એ સત્ય, સલીલ, અવ્યક્ત, અસ્પર્શ, અરૂપ, અરસ, અગન્ધ, અમૃત, શુદ્ધસ્વરૂપ અને બ્રહ્મસ્વરૂપ છે. નિત્ય છે. તેજ ભૂતોનો આત્મા છે. આ ભૂતાત્માને કેટલાક ઋષિ (વેદમંત્ર) ભૂત પ્રકૃતિ કહે છે. આ ભૂતરૂપી ક્ષેત્રના અજ્ઞાનથી

ક્ષેત્રજ્ઞ આત્મા (ભૂતાત્મા) આ ક્ષેત્રમાં બંધન પામીને સત્વ, રજ, તમ સ્વરૂપી સંસ્કારવાન બને છે. આ ભૂતાત્મા અથવા ક્ષેત્રપાલ આત્મા આ મહાન આત્માને યથાર્થ જાણીને અન્તર્યામી વિશુદ્ધ વિભૂતિને પ્રાપ્ત થાય છે. ત્યારે પ્રતિભાતિ–એને મહાન આત્માના લક્ષણનો પ્રકાશ થાય છે. કારણ આત્માનું તમ એ લીંગ છે. પરંતુ વિદ્યા, પ્રકાશ અને તમ કામી લીંગ છે. એથી સાવિત્રી વિદ્યાથી, પ્રકાશ અને તમનું જે લક્ષણ વ્યક્ત થાય છે તેથી આકાશનું લિંગ નિશ્ચિત થાયછે.

પ્રકાશનો અત્યન્ત અભાવ એ તમનું સ્વરૂપ નથી. પરંતુ પ્રકાશનું નિર્બળ સ્વરૂપ વા ભ્રષ્ટ કિરણ એજ તમનું સ્વરૂપ છે. એકત્રણ ધારવાળા કાચના શંકુને લઇને એમાંથી એક પ્રકાશ કિરણ જવા દેવા–એ કિર્ણની સમાવસ્થાનો બગાડો થઈ એ કિર્ણ ફુટીને તેમાંથી સપ્તરંગી સાત કિર્ણ બને છે અને એ કિર્ણ મૂળ કિર્ણથી પ્રકાશના કાર્યમાં અશક્ત બને છે. આ નિયમ જાણ્યા પછી એ શંકુઓની એક માળા બનાવવામાં આવે અને તેમાંના એકેક શંકુની અંદરથી મૂળ કિર્ણનાં વિકૃત કિર્ણો જવા દેવાથી દરેક શંકુમાં એ કિર્ણ ફૂટતાં ફૂટતાં આખરે નિસ્તેજ બની એમાં અંધકારનું સ્વરૂપ આવી જશે. મૂળ કિર્ણથી ભ્રષ્ટ કિર્ણ સુધીનો કિર્ણનો માર્ગ જોવામાં આવે તો એનું એક કુંડલાકાર સ્વરૂપ બને છે અને પછી પણ એ અંધકાર સ્વરૂપ કિર્ણોને એ કુંડલિની માર્ગમાં અપસવ્ય ક્રિયા કરવામાં આવે તો તેનું મૂળ-પ્રકાશ સ્વરૂપ પ્રાપ્ત થાય છે. કહેવાની મતલબ એ છે કે અંધકાર સ્વરૂપ એ પ્રકાશનો તિરોભાવ છે. અત્યન્ત અભાવ

નથી. આ સ્થૂળ દૃષ્ટાંત સમજવા માટે આ૦ ૧૮–મૂલ કિરણથી ભ્રષ્ટકિરણ થનાર ક્રિયાનું માર્ગ જોઈ લેવો તેને બરોબર સમજવાથી પ્રકાશ સ્વરૂપ ભૂતાત્મા ત્રિશંકુરૂપી પરમ અણુઓમાંથી પોતાના પ્રકાશને ફેંકતાં સૃષ્ટિની કુંડલિનીથી તેની શક્તિ નિર્બળ થતી જાય છે. આખર તે એટલી નિર્બળ અને ભ્રષ્ટ થાય છે કે તેની આખર અવસ્થામાં અન્ધકાર વા અજ્ઞાન સ્વરૂપ બની જઈ એના ચેતનત્વનો પત્તો પણ લાગતો નથી. પરંતુ કુંડલિની ઉત્થાપન કરવાનો અભ્યાસ કરવાથી ભૂતાત્મા પોતાના સ્વરૂપને પ્રાપ્ત કરી શકે છે. કુંડલિની શક્તિની સવ્ય અપસવ્ય ગતિથી ભાવનો તિરોભાવ અને તિરોભાવના ભાવ પ્રગટ થાય છે. પૃથ્વીની અંદર જે કાંઈ ચીજો બની છે અને બગડે છે તે બધું કુંડલિનીના સવ્ય અપસવ્ય ભાવનું પરિણામ છે. એ ધ્યાનમાં રાખવા લાયક બાબત છે. કુંડલિનીની સવ્ય ગતિથી બંધન અને અપસવ્ય ગતિથી મુક્તતા થાય છે. આ તત્ત્વમાં સૃષ્ટિનું બધું ગૌડબંગાલ સમાયું છે. આ ઉપરથી કુંડલિનીને જગતની જનની કહેવામાં આવી છે એ યથાર્થ છે. અભાવમાંથી ભાવ, અસત્‌માંથી સત્, અવ્યક્તમાંથી વ્યક્ત, તમમાંથી પ્રકાશ ઈત્યાદિ વૈદિક વિચારમાં વિપરિત ભાવ જણાય છે તેનો ઉપરનાં નિર્દિષ્ટ દૃષ્ટાંતનો વિચાર કરવાથી ખુલાસો થઈ શકે છે.

आकाश गुणः शब्द आकाशाद्वायुर्द्विगुणः स्पर्शेन वायो-
र्ज्योतिस्त्रिगुणं रूपेण ज्योतिष आपश्चतुर्गुणा रसेनाद्भ्यः

पृथिवी पञ्चगुणा गन्धेन पृथिव्या भूतग्रामस्थावरजङ्गमास्तदेतदहर्युगसहस्त्रं जागर्ति ॥ निरु० प० २-४.

આકાશનું લિંગ નિશ્ચિત થવા પછી આકાશના ગુણ કહેવામાં આવે છે. શબ્દ એ આકાશનો ગુણ છે. શબ્દ તન્માત્રા વા અસ્ત્ર સાઠ પરમાણુઓનું ભૂતાત્માની રજશક્તિની સાથ મળવાથી એક અણુ રૂપ છે. આકાશમાં સ્પર્શ ગુણ સહિત બે ગુણ અને બે અણુનો એક દ્વયણુક વાયુ છે. વાયુથી રૂપ ગુણ સહિત ત્રણ ગુણ અને ત્રણ દ્વયણુકનો અગ્નિ છે. અગ્નિમાંના રસ ગુણ સહિત ચાર ગુણવાન અને ચાર દ્વયણુકનું જળ છે. જળમાંના ગંધ ગુણ સહિત પાંચ ગુણવાન અને પાંચ દ્વયણુકની પૃથ્વી છે. ત્રણ દ્વયણુકનો ત્રસરેણુ અને એનાથી બમણા જે છ દ્વયણુક તેથી પૃથ્વી આદિ દૃશ્ય પદાર્થો છે, જે એક હજાર યુગ સુધી રહે છે અને પછી ક્રમે ક્રમે તેનો વિનાશ થવા માંડે છે. તેનો ક્રમ એવો છે કેઃ—

महेश्वरेच्छात्माणुसंयोगजकर्मभ्यः शरीरेन्द्रियकारणाणुविभागस्तेभ्यस्तत्संयोगनिवृत्तौ तेषांपरमाण्वन्तो विनाशः ॥ वै० प्रशस्तिपादे आकाशद्रव्य विषये.

પરમાત્મ ઈક્ષણ દ્વારા (પરમાત્માના સૃષ્ટિ ઉત્પન્ન કરવાના જ્ઞાન દ્વારા) ભૂતાત્મા અને અણુ એના એક ભાવરૂપ કર્મથી ઉત્પન્ન થયેલું બ્રહ્માંડ અને પિંડ શરીર, ઈન્દ્રિયાદિના કારણ અણુનો જે સંયોગ થાય છે તેનો વિભાગ, અર્થાત્ તેના સંયોગની

નિવૃત્તિ થતાં થતાં અણુ સુધીનો અંત આવે છે અને એના અપર અણુનો પર અણુમાં લય થાય છે, કે જેનેજ મહાન આત્મા અને અલિંગાત્મા કહેલો છે. આ રાત્ર સ્થિતિ અથવા જેને અવ્યક્ત, અભાવ, અસત્ અથવા તમ સ્થિતિ કહેવામાં આવે છે, તે એક હજાર યુગ થઈ જવા પછી પાછો આત્મ અણુનો સંચોય થઇને સૃષ્ટિનો વ્યવહાર પૂર્વવત ચાલે છે.

પંચભૂતોના અણુ વ્યવહારનું ચિત્ર.

આકાશ ૬૦ પરમ અણુ = ૧ અણુ

કર્મોત્પન્ન અણુસંયોગથી

	અણુ.	પરમ અણુ.	
આકાશ ૨	,,	૧૨૦	૧ દ્વયણુક
વાયુ ૪	,,	૨૪૦	૨ ,,
અગ્નિ ૬	,,	૩૬૦	૩ ,,
જળ ૮	,,	૪૮૦	૪ ,,
પૃથ્વી ૧૦	,,	૬૦૦	૫ ,,

બે અણુ અથવા એક દ્વયણુકથી ઇન્દ્રિય વિષયારંભ થાય છે. ત્રણ દ્વયણુકના એક ત્રસરેણુ થાય છે. એની આગળ દૃશ્ય સૃષ્ટિ થાય છે.

આત્મા શબ્દના સત્યાર્થને જાણવા માટે વેદોપદેશથી અત્ ધાતુની ધાત્વાર્થની સત્યતા બતાવીને આત્મા શબ્દ વેદવાણીથી

લઇને સામાન્ય ગ્રંથ પર્યંત જ્યાં જ્યાં નિયુક્ત કરવામાં આવેલું છે ત્યાં એ શબ્દ અત્ ધાતુનો કયો ભાવ દર્શાવે છે, એ પ્રથમ જોઈ લઈને એની અર્થ સંગતી કાઢવી જોઇએ. જેમ કેઃ—

૧ નિરન્તર બધામાં પ્રાપ્ત અને સદૈવ જ્ઞાની આ ભાવદર્શક આત્મા શબ્દ હોય તો એના ભાવમાં એ **પરમાત્માવાચક** છે એમ સમજવું જોઇએ.

૨ નિરન્તર કર્મફળોની પ્રાપ્તિ કરે છે એ પરમાત્માની અપેક્ષા અલ્પજ્ઞ હોવાથી જીવસંજ્ઞક આત્મા શબ્દ થાય છે અને આ આત્માને **અપરઆત્મા** કે ભૂતાત્મા કહે છે.

૩ જ્ઞાન કાર્યસહિત પરંતુ સર્વત્ર વ્યાપ્ત થઈ રહેલા છે અને જે બ્રહ્માંડની પ્રકૃતિ છે. એ ભાવમાં આત્મા શબ્દ **સૂત્રાત્મા–મહાન આત્મા**–કે **પ્રધાન આત્માનો** વાચક થાય છે એમ જાણવું જોઇએ.

"इति आत्मद्रव्यम्"

ઉપાસના એટલે શું?

उपासना०—उप अस्–उपास्=પાસે બેસવું અને પાસે બેસવાનું જે કર્મ તે ઉપાસના કર્મ હોય છે. શરિરધારી પ્રાણી માત્ર પ્રકૃતિની પાસે બેસે છે એટલુંજ નહિ પણ પ્રકૃતિના પાળણામાં બેસી ઝોકાં ખાય છે ત્યાંથી બહાર પડી, પરમાત્માની ગોદમાં બેસવાને માટે મનુષ્ય શરીરની રચના છે. અર્થાત્ પ્રાકૃતિક વિષયોમાંથી દૂર થવાથીજ પરમાત્માની પાસે બેસવાનું

કર્મ થાય છે. તત્વાધિકરણને ઉપાસના યોગ કહેવામાં આવે છે તેનું કારણ પણ જોતાં આજ છે કે તત્વજ્ઞાન થવાથીજ પ્રાકૃતિક તત્વોથી દૂર થવામાં પ્રવૃત્તિ થાય છે અને આ પ્રવૃત્તિને અનુ-કૂલ કર્મ કરવાથી ઇશ્વરસાનિધ્ય અથવા ઇશ્વરોપાસના થાય છે. ઉપાસનાને આશ્રય કરવાથીજ આત્મામાં અવિવેક ઉત્પન્ન થઈ જે બંધ ઉત્પન્ન થાય છે તેની નિવૃત્તિ કરવાનો માર્ગ ઉપલબ્ધ થાય છે. ઉપાસના બાબત વિષે વિચારનું બ્રહ્મ સૂત્રકાર વ્યાસ મહર્ષિ જીજ્ઞાસૂ વર્ગને ઉપદેશ કરે છે કે એક શાબ્દિક બ્રહ્મજ્ઞાન માત્ર મુક્તિનું સાધન નથી પણ બ્રહ્મજ્ઞાનથી બ્રહ્મનું વિજ્ઞાન પ્રાપ્ત કરવા સુધી જીજ્ઞાસુ કર્મ કરે તોજ મુક્તિ સુધી જઈ શકશે. માટે ઉપસના રૂપ કર્મના જ્ઞાનની સાથે સાંગડ કરી (જળમાં તરવાને માટે સુકાં નારિયેળ કમરને બાંધવામાં આવે છે તેને સાંગડ કહે છે) ભવસાગરમાં કુદી પડે છે તેજ બ્રહ્મલોક સુધી જઈ શકે છે અને આ સાંગડને આશ્રય જે નથી લેતા તે એક જ્ઞાન અથવા ભક્તિ વા નામોચ્ચારણ ઈત્યાદિથી ભવ તરવાના પ્રયત્ન કરે છે અને ઉપાસના યોગ છોડી આજ માર્ગમાં ડુબકી મારતા પડેલા ઘણા જોવામાં આવે છે. પણ તે સર્વે સાંગડ વગર તરનારા હોવાથી તેની સ્થિતી કેવી હોય છે તે ઉપાસના યોગ કર-નારાજ ઠીક જાણે છે. સામાન્ય લોક સમાજ તેનું ખરૂં સ્વરૂપ જાણી શકતા નથી.

आवृत्ति रसकृदुपदेशात । वेदान्त. ४–७॥ } વેદમાં અનેકવાર
आवृत्तिः । असकृत् । उपदेशात् ॥ } બ્રહ્મોપદેશ કરેલો છે

તેથી **વારંવાર બ્રહ્મનું ધ્યાન** કરવું એજ મુક્તિનું સાધન છે. અનર્થની નિવૃત્તિ અને પરમાનન્દની પ્રાપ્તિ બ્રહ્મધ્યાનથીજ થાય છે.

लिङ्गाच्च ॥ २ ॥ लिंङ्गात् च–लिङ्गिगतौ । भ्वा० प० ॥ लिगि चित्रीकरणे । चु० उ० ॥ लिङ्गति, लिगित० इ०–જવું, સરકવું ॥ लिङ्गयति–ते=રંગ દેવો ॥ लिंग्–अच्=लिङ्ग–खूण, चिह्न, लक्ष० ॥ ली–द्रवी करणे । चुरा० । ली–श्लेषणे । क्या । लीङ् श्लेषणे दिवा० ॥ જોડી લેવું ઈ૦ ધાતુના ભાવમાં लिङ् શબ્દ વપરાય છે.

"सविचारनिर्विचारयोः समापत्त्योर्यत् सूक्ष्मविषयत्वमुक्तं तद्-लिङ्ग पर्य्यवसानम्" ॥ સવિચાર અને નિર્વિચાર સમાપત્તિથી જે સૂક્ષ્મતાનું પર્ય્યાવસાન છે તે अलिङ्—પ્રધાન સુધી હોય છે સૂક્ષ્મતાની અવધિ પ્રધાન સુધી છે. ચિત્ત જેવા વિષયમાં સંલગ્ન થાય છે તેવા વિષયાકાર તે બને છે. જેમકે સ્ફટીક મણિ સ્વયં નિર્મળ હોય છે પણ બાજુના પદાર્થો જેવા હોય છે તેવો તેનો રંગ બને છે, અને તેમજ ચિત્તની તદાકારાપત્તિ થાય છે, જેને યોગશાસ્ત્રકાર સમાપત્તિ કહે છે. ગતિમાન અણુઓની સંયોગી સમૂહની વૃદ્ધિ થાય છે ત્યારે તેમાં ગતિની ન્યૂનતા થવા લાગે છે અને રૂપ વિષય સુધી જ્યારે તે ગતિની ન્યૂનતાનું પરિ-ણામ થાય છે ત્યારે लिङ्ની પ્રતીતિ થાય છે, માટે લિંગી ધાતુના ભાવ ચિત્રીકરણ શ્લેષણ ઈ૦ હોય છે.

સૂત્રકાર કહે છે કે ચિત્તને વારંવાર જે વિષયમાં સંલગ્ન કરવામાં આવે છે તેજ વિષયમાં ચિત્તની તદાકારાપત્તિ થાય છે

એટલે ચિત્ત તે વિષયનું લિંગસ્વરૂપી બને છે. મનોમય સ્વરુપના ચિત્રનું દર્શન પદાર્થની અનુપ સ્થિતીમાં પણ થાય છે. આ અનુભવ ઘણાને હોય છે. કોઈ કામી પુરુષના ચિત્તની જે સ્ત્રી વિષે તદાકારાપત્તિ થાય છે તે સ્ત્રીનું ચિત્ર તેની નજર સામે ઘણી વખત આવે છે, તેને તે સ્ત્રીનો ભાસ થાય છે, પણ વાસ્તવિક ત્યાં કોઈ પણ હોય નહિ.

ભક્તિમાર્ગમાં જે ભક્તનું ચિત્ત પોતાના ઉપાસ્ય દેવતાના શ્રૃત રંગ રુપમાં વારંવાર અભ્યાસથી તદાકાર થાય છે તેને તે ઉપાસ્ય દેવતાનું દર્શન થાય છે. તે દર્શન પરબ્રહ્મનું નથી હોતું પણ તેનું મન વા ચિત્ત જેવું રંગાયલું હોય છે તેવું ચિત્ત આત્મા જુએ છે તે ચિત્તના રંગમા રંગાઈ જનાર આત્મા બ્રહ્મ છે એમ કહેવામાં આવે છે. કારણ બ્રહ્માણ્ડમાં વ્યાપક રુપે રહી તેની વૃદ્ધિ કરવાનો હેતુ હોવાથી પરમાત્માને બ્રહ્મ કહેવામાં આવે છે તેમાજ શરીરમાં આત્મરુપી વ્યાપકરુપ થઈ શરીરની વૃદ્ધિ કરે છે તે પણ બ્રહ્મ છે તેથી તેઓ વિજ્ઞાનમય મનોમય, પ્રાણમય, ચક્ષુર્મય, શ્રોત્રમય, પૃથિવીમય, આપોમય, વાયુમય, આકાશમય, તેજોમય, અતેજોમય, કામમય, અકામમય, ક્રોધમય, અક્રોધમય, ધર્મમય, અધર્મમય એવં બ્રહ્મ છે એટલો સર્વમય છે અને તેઓ જે અનુષ્ઠાન અને આચરણનો અભ્યાસ કરે છે તેવા તે બને છે. તેથીજ મરણ સમયે લિંગ શરીર જે રંગથી રંગાયલુ હોય તેવુંજ તેને અન્ય ભોગ શરીર મળે છે. પણ અકામયમાન પુરુષ હોય છે જેના લિંગ શરીરપર

વારંવાર બ્રહ્મધ્યાન કરવાથી કોઈ રંગ ન આવેલો હોય તો તેવા પુરુષ શરીર ત્યાગ પછી અન્યત્ર જતાજ નથી અર્થાત્ જે અકામ, નિષ્કામ, આપ્તકામ અને આત્મકામવાન પુરુષ હોય છે તેના પ્રાણ ઉત્ક્રમણ કરતા નથી કારણ તેઓ બ્રહ્મવિત થઈ બ્રહ્મનેજ પ્રાપ્ત કરે છે. बृह. अ. ४ ब्रा. ४ कं.

વારંવાર બ્રહ્મધ્યાન કરવાનો ઉપદેશ શ્રૃતિમાં છે ખરો પણ બ્રહ્મધ્યાન કેમ કરવું તેનો કંઈ પણ રસ્તો જોઇયે કે નહી? મહર્ષી વ્યાસ કહે છે કે તેનાપણ રસ્તા શ્રૃતિ દેખાડે છે.

आत्मेतितूपगच्छति ग्राहयन्तिच ॥ ३ ॥
आत्मा। इति। तु। उपगच्छान्ति। ग्राहयन्ति च ॥

બ્રહ્મ આત્મા છે. અર્થાત્ સર્વત્ર ચરાચર જગત તેનાથી વ્યાપ્ત થઈ રહેલું છે એમ જે ઉપાસકો બ્રહ્મનું ધ્યાન કરે છે તેનેજ બ્રહ્મનું જ્ઞાન થાય છે અને તેવાજ ઉપાસકો બ્રહ્મને ધારણ કરે છે.

પ્રકૃતિથી લઈ પૃથિવી પર્યન્ત સર્વ જાણવા યોગ્ય સૃષ્ટિ અને (चर) પ્રાણી માત્ર, સંપૂર્ણ ઐશ્વર્યથી યુક્ત સર્વ શક્તિમાન પરમાત્માથી વ્યાપ્ત થઈ રહેલાં છે ઈત્યાદિ, એટલે પરમાત્મા આ જગતમાં સર્વત્ર વિદ્યમાન છે એમ જેનો નિશ્ચય થાય છે તેનાથીજ અન્યાયનું આચરણ છુટતું જાય છે અને તેવાજ પુરુષની પરદ્રવ્યાદિ ગ્રહણ કરવાની ઇચ્છા નષ્ટ થાય છે. આ સ્થિતી આવી જાય છે ત્યારે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર નષ્ટ થવા લાગે છે અને આવાજ પુરુષ ધર્માત્મા થઈ મુક્તિરૂપ

સુખનો સદેહ અનુભવ કરી સદા આનન્દમાં રહે છે. માટે "आत्माइति" બ્રહ્મ આત્મરૂપ છે અર્થાત્ સર્વત્ર છે આ બ્રહ્મ-ધ્યાનનો વિષય છે અને તે ધ્યાન પ્રથમ અને કૈવલ્ય અવસ્થા પર્યંત સહાય્ય કરનારૂં હોય છે.

આત્મરૂપ અર્થાત્ પરમાત્મા સર્વત્ર છે એમ વારંવાર ચિત્તમાં લાવી ચિત્તની આત્મરૂપમાં તદાકાર વૃત્તિ કરી લેવાનું કાર્ય અ-થવા પ્રયત્ન કરવો તે કામ બધાથી થશે એમ લોકોને લાગતું નથી તો યદિ **પ્રતિકમાં** બ્રહ્મોપાસના કરવામાં આવે તો શું દોષ છે?

न प्रतिके न हि सः ॥ ४ ॥
न । प्रतीके न । हि । सः

પ્રતિકમાં બ્રહ્મોપાસના કરવી એ ઠીક નથી, કારણ તે પ્રતિક બ્રહ્મ નથી. બ્રહ્મથી ભિન્ન પરિચ્છિન્ન વસ્તુમાં બ્રહ્મબુદ્ધિ કરવી આનું નામ પ્રતિકોપાસના છે. પરબ્રહ્મનો પ્રતિનિધી અથવા તત્સદૃશ જગતમાં કોઈ પણ વસ્તુ નથી ત્યારે બ્રહ્મની પ્રતિકોપા-સના કરવાને જગતમાં કોઈ પણ સાધન નથી એવાત સત્ય છે તોપણ બ્રહ્મોપાસકો વિચાર કરે છે કે ત્યારે બ્રહ્મની ઉપાસના કેમ કરવી?

ब्रह्मदृष्टिरुत्कर्षात् ॥ ५ ॥
ब्रह्मदृष्टिः । उत्कर्षात् ।

બ્રહ્મોત્કર્ષ–પરમાત્માનું જે ઐશ્વર્ય છે તે શ્રેષ્ટ વિચારથી બ્રહ્મધ્યાન કરવું પરંતુ પ્રતિકમાં બ્રહ્મદૃષ્ટિ ન કરવી માટે "આત્મા ઇતિ" બ્રહ્મ સર્વત્ર છે એવુંજ બ્રહ્મધ્યાન કરવાથી લિંગ શરીર બ્રહ્મના આત્મવિચાર માંજ તદાકાર થાય છે. પણ આદિત્ય અન્ન ઇ૦

બ્રહ્મ છે એમ કહેવા વાળાં પ્રકરણ વેદ ઉપનિષદમાં ઘણે ઠેકાણે આવે છે જેમઃ—

"आदित्यो ब्रह्मेत्यादेशः" छां० ३।१९।१।

"य एवासौतपति तमुद्गी थमुपासीत" छां० १।३।१॥

તો પછી આદિત્યાદિ બ્રહ્મના પ્રતિક માનવામાં શું દોષ છે?

आदित्यादि मतयश्चाङ्ग उपपत्तेः ॥ ६ ॥
आदित्यादि मतयः । च । अङ्गे ।उपपत्तेः ॥

ગૌણ વૃત્તિથી આદિત્યાદિની બ્રહ્મ સત્તા હોય છે, અને તે બ્રહ્મયજ્ઞનું અંગ હોવાથી બ્રહ્મયજ્ઞમાં આદિત્ય જેવી એક મહાન સત્તા બ્રહ્મના આધારથી કાર્ય કરવામાં સમર્થ થાય છે પણ આદિત્ય જેવી અનન્ત શક્તિ જેનાથી કાર્ય કરવામાં સામર્થ્યવાન હોય છે તે મહાન ઐશ્વર્યવાન બ્રહ્મનું આદિત્યાદિ પ્રતિક માનવું એજ ક્ષુદ્ર બુદ્ધિનું કાર્ય છે. વેદ ઉપનિષદ કેહેતા આવેલા છે તેમજ સાવિત્રી મંત્ર પણ કહે છે કે ક્ષુદ્ર બુદ્ધિ ત્યજી દઈ **ધીમહી** બ્રહ્મબુદ્ધિવાન–મહાન બુદ્ધિવાન થવાનો પુરુષાર્થ કરતા જવું.

(૨) પરમાત્માની ઉપાસના કરવાનું વિધાન.

તત્વાવધારણનું નામ ઉપાસના છે. સંપૂર્ણ સંસારની પ્રગટતા જેમાંથી થાય છે તે મહત્તત્વ છે. આ મહાન તત્વથી પણ ત્રણ, પાંચ, સાત, નવ, એકવીશ, ત્રેસઠ ઈત્યાદિ તત્વ પ્રગટ થઈ જગત વ્યવહાર ચલાવે છે. આ સંપૂર્ણ તત્વનું આયતન અને

પ્રતિષ્ઠા બ્રહ્મ છે અને તેજ મહાનતત્ત્વ છે, જે તત્વની પ્રાપ્તિમાં સર્વ તત્વો મિત્રવત થવા લાગે છે.

आसीनः सम्भवात् ॥७॥ } સ્થીર થઇને ઉપાસના કરેલી હોય
आसीनः । सम्भवात् । } તો બ્રહ્મધ્યાનનો સંભવ છે. ઉપાસનાનો સંભવ સ્થિરતામાં છે.

सत्वमात्मा शरीरंच त्रयमेतत् त्रिदंडवत् ॥
लोकास्तिष्ठन्ति संयोगात्तत्र सर्वं प्रतिष्ठितम् ॥

चरक. सूत्र १–४६

सपुमांश्चेत तं तच्च तच्चाधिकरणं स्मृतम् ॥

મહત્તત્વ (મન) આત્મા (પ્રાણ) શરીર (મણિ) આ ત્રિકુટ ત્રિદંડ માફક એક બીજાને આધારે ઉભા રહેલાં છે. આ ત્રણના આધારપર સર્વ લોકલોકાન્તરની સ્થિતી છે અને આ ત્રણનો સંયોગ છે ત્યાંજ સર્વ પ્રતિષ્ઠિત થઈ રહેલા હોય છે. આ ત્રણ પિણ્ડ અને બ્રહ્માણ્ડનું જે જે પ્રકારનું અધિકરણ છે તેને શાસ્ત્રથી જાણે છે તે જ્ઞાનવાન પુરષ કહેવાય છે. આ ત્રણ જ્યારે સ્થિર થાય છે ત્યારે પુરુષમાં સ્થિરતા આવે છે અને તેથી આસનસિદ્ધિ થાય છે.

ત્રિદંડમાથી મન અને પ્રાણ આબે દંડનું વિશેષ વિવેચન પાછળના ભાગમાં થઈ ગયેલું છે અને મણિ સંબંધી થોડું વિવેચન પછી કરીશું.

ध्यानच्च ॥ ८ ॥ ध्यानात् । च	તેમજ ધ્યેય જે બ્રહ્મ છે તેમાં ચિત્તને વારંવાર સ્થિત કરવું અને અન્તઃકરણ સં-

પૂર્ણ વિષયરૂપ વૃત્તિથી રહિત કરવું આવી રીતે જે ધ્યાન કરેલું હોય છે તેજ બ્રહ્મધ્યાન છે. સાંખ્ય સૂત્રકાર કહે છે કે.

ध्यानं निर्विषयं मनः ॥ सां. अ. ६।२५ ॥

વૃત્તિઓથી અન્તઃકરણ શુન્ય થવું એનુંજ નામ ધ્યાન છે. વિષયવાન વસ્તુના જ્ઞાનને પણ અન્તઃકરણથી અલગ કરી એકરસ બ્રહ્મનુંજ ચિન્તન કરવું એનેજ નિરાકારનું ધ્યાન કહેવાય છે માટે ધ્યાન શબ્દ નિશ્ચલતાનો વાચક છે એમ બ્રહ્મસૂત્રકાર કહે છે.

अचलत्वंचापेक्ष ॥ वे. ४–८ अचलत्वं । च । अपेक्ष	અને નિશ્ચલત્વની અપેક્ષા કરી જે ધ્યાન કરેલું હોય છે તે-

પણ બ્રહ્મધ્યાન કહેવાય છે, જેનું ગીતામાં સ્પષ્ટીકરણ કરી દેખાડેલું છે.

समं कायशिरोग्रीवं धारयन्नचलं स्थिरः ।
संप्रेक्ष नासिकाग्रं स्वंदिशश्चानवलोकयन् ॥

गीता. अ. ६–१३ ॥

(કાય શિરોગ્રીવં) કાય=શરીર, શીર=મસ્તિષ્ક, ગ્રીવા=ગર્દન આને (સમં) સમાન (સ્થિર) સ્થિર અને (અચલં) નિશ્ચલતાયુક્ત (ધારયન્) ધારણ કરી (સ્વં) પોતાના (નાસિ-

કાગ્રં) નાસિકાના અગ્ર ભાગને (સંપ્રેક્ષ) જોઈ (દિશઃ) પૂર્વ ઉત્તરાદિ દિશાઓ તરફ (અનવલોકયન્) ન જોતાં ઓંકાર અક્ષરદ્વારા બ્રહ્મધ્યાન કરવામાં યુક્ત થઈ જવું. આસનપર બેસી બ્રહ્મરંધ્ર, કંઠકૂપ હૃદય નાભી અને આધારચક્રનું મધ્ય આ પાંચ એક લંબરેષામાં લાવવાનો અભ્યાસ કરતા જવું આજ "કાય શિરોગ્રીવં સમં" અવસ્થા છે અને આ અવસ્થા સિદ્ધ થાય ત્યારે તો સહેજ મોક્ષ છે અને મોક્ષ સ્થિતિની પૂર્વે ચિત્તને આદિત્ય લોક–બ્રહ્મલોકમાં મોકલવાનો રસ્તો જલદી પ્રાપ્ત થાય છે.

स्मरन्ति च ॥ १० ॥ स्मरन्ति + च ।	અને બ્રહ્મધ્યાનમાં ઉપાસકો બ્રહ્મ- નુંજ સ્મરણ કરે છે. સ્મરણ કરવાને

માટે વાચકને સંકેત શબ્દની આવશ્યકતા હોય છે. "वागांभृणि" સર્વ જગતનું ધારણ અને પોષણ કરનાર વાણી, પરમાત્માની વાચક છે છતાં આ કુલ વાણી જે એક અક્ષરમાં લય રૂપે વાસ કરે છે તે અક્ષર 'ओं' છે અને તે અક્ષરનુંજ સ્મરણ કરવાને માટે શ્રુતિમાં વિધાન છે જેમ કે:—

ओ३म् क्रतो स्मर क्लिबे स्मर कृत ॅ स्मर ॥

यजु० ४०–१९.

हे क्रतो (समाधि, शुषुप्ति वा मोक्षेषु) "त्वं शरीर त्याग समये ओ३म् स्मर क्लिबे परमात्मानं स्वस्वरूपं च स्मर कृतं स्मर"

હે કર્મ કરનાર જીવ તમે, નિદ્રા, સમાધિ અને મોક્ષ પ્રાપ્તિના સમયમાં શરીરત્યાગનો સમય આવે છે ત્યારે ઓ૩મ્ આ નામ વાચ્ય બ્રહ્મનું સ્મરણ કરો. (क्लिबे) પોતાના સામર્થ્યનું પૂર્ણ બલ પ્રાપ્ત કરવાને માટે પરમાત્માના અને પોતાના સ્વરૂપનું સ્મરણ કરો તેમજ પોતે શું કરવું જોઇએ અને શું કરેલું છે તેનું પણ સ્મરણ કરો.

શ્રુતિની પ્રતિક લઈ ઉપનિષદ્કાર ઋષિઓ અથવા બ્રહ્મોપદેશકો પણ ઓ૩મ્ અક્ષરથીજ બ્રહ્મધ્યાન કરવાનો ઉપદેશ કરે છે.

ओमित्ये तदक्षरमिद ७ सर्वम्०—॥ माण्डू० १ ॥

જ્ઞાની વા યોગી લોક, પ્રત્યક્ષ પૂર્ણ, નિશ્ચલ, એકરસ વ્યાપ્ત જે ઉપાસ્ય છે તે (ओम्-इति-एतत) ઓમ્ છે, આજ અક્ષરબ્રહ્મનો વાચક અથવા તેનો વાચ્ય અર્થ છે. આ ઓમ્ શબ્દ, ઓમ વાચ્યનું ધ્યાન કરવાલાયક અર્થ પ્રતિપાદક છે. તેમજ ઓમ શબ્દ અને અર્થનું ઓમ્ જ્ઞાન છે. બુદ્ધિની વૃત્તિઓ ધ્યેયરૂપ વાચ્યાકાર થતી જાય છે તે સમયપર વાણી માત્રથી પ્રગટ થનાર શબ્દાદિનો ભેદ છુટી જાય છે. આજ ઓંકારનો જપ ઉપાસક કરે છે ત્યારે તેઓ ओं વાચક શબ્દ છે તેનો ઓં અર્થ છે અર્થાત્ જે શબ્દ છે તેજ અર્થ છે એમ જાણે છે કારણ ઓં વાચ્યાર્થનું જ્ઞાન થાય છે ત્યારે વાચકની અપેક્ષા નથી રહેતી કારણ જે જ્ઞાન છે તેજ અર્થ અને શબ્દ છે. જે શબ્દ છે તેજ અર્થ અને જ્ઞાન છે અને તેમજ જે અર્થ છે તેજ શબ્દ અને જ્ઞાન છે. આવીરીતે

ઇતરેતરાધ્યાસ પૂર્વક ધ્યાન અથવા ઉપાસના કરતાં બ્રહ્મનું સાક્ષાત્ જ્ઞાન થાય છે અને ઓંનો જપ કરતાં કરતાં વાચકનું ઓરૂમ્ શબ્દનું ઉચ્ચારણ બંધ થાય છે અને પ્રાકૃતિક રૂપતા માંથી આત્મા છુટી બ્રહ્મરૂપતાની સમાપત્તિ પ્રાપ્ત કરે છે તે સ્થિતિનેજ સમાધી કહેવામાં આવે છે. આ જપનું વાચ્ય ઓમ પણ છુટી જાય છે માટે તેને અ જપા ગાયત્રી કહેવામાં આવે છે. જપ કરતાં કરતાં જપના વાચ્ય શબ્દનું છુટી જવૂં તેજ અજપા સમજવું આ અજપા અથવા સમાધી—અવસ્થા આઠ પ્રહર સુધી રહે છે ત્યારે અજપા ગાયત્રી સિદ્ધ થઈ ગઈ એમ યોગીઓ કહે છે. અષ્ટાક્ષર ગાયત્રી આઠ પ્રહરના અને ચોવીશ વર્ણ ચોવીશ ઘંટાના અથવા હોરાના ભાવદર્શક છે માટે આઠ પ્રહરની સમાધી તેજ અજપા ગાયત્રી ઉપાસના અથવા બ્રહ્મરૂપતા હોય છે.

વિદેહ અને પ્રકૃતિલય યોગીઓને સમ્પ્રજ્ઞાત સમાધીના ઉપાયનું પ્રથમ જ્ઞાન હોય છે પણ યોગીથી ભિન્ન મુમુક્ષુ જનોને તે જ્ઞાન કેમ થાય છે તે ઋષિ પતંજલી યોગશાસ્ત્રમાં કહે છે કેઃ—

श्रद्धा वीर्य स्मृति समाधि प्रज्ञा पूर्व्वक इतरेषां ॥

योग० १—२०.

પ્રથમ યોગદર્શનના શ્રવણથી યોગમાં શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. શ્રદ્ધાથી ચિત્ત પ્રસન્ન થાય છે. પછી યોગાચરણ કરનારા શ્રદ્ધાળુ યોગી હોય છે તેના મનમાં બળ પ્રાપ્ત થાય છે. તે **વીર્ય** અને

મનોબળથી યોગીઓમાં ઉત્સાહ પેદા થાય છે અને તે યોગી ઓંકારનું સ્મરણ કરવા લાગે છે અને આ સ્મૃતિ સ્થિર થાય છે ત્યારે ચિત્તમાં પ્રસન્નતા આવે છે. સાવધાન ચિત્ત થવાથી બુદ્ધિ અને વિવેક અર્થાત્ સત્યાસત્યનો વિચાર ઉત્પન્ન થાય છે, જેનાથી સંપૂર્ણ પદાર્થોનું યથાર્થ જ્ઞાન થાય છે. આવી-રીતે સત્યજ્ઞાનની બુદ્ધિમાં પ્રેરણા થવાને અર્થે ગાયત્રી મંત્ર "धियोयोनः प्रचोदयात्" પરમાત્માની બુદ્ધિને યોગાચરણમાં પ્રેરણા કરવાને માટે સ્મરણ કરવાનો ઉપદેશ કરે છે. આવી રીતની બુદ્ધિથી વિવેકનો અભ્યાસ તથા વૈરાગ્યમાં અસમ્પ્રજ્ઞાન સમાપત્તિ પ્રાપ્ત થાય છે.

સ્ત્રીયોને બ્રહ્મોપાસનાનો અધિકાર છે કે?—

સાવિત્રી મંત્રનો જપ કરવાનો સ્ત્રીયોને અધિકાર નથી આ વેદવિરૂદ્ધ વિચારનો ફેલાવો કરી સ્ત્રીઓને બ્રહ્મજ્ઞાનથી અજ્ઞ રાખવાનો પ્રયત્ન થવાથી અજ્ઞાની માતાના સંતાનની સર્વત્ર ઉત્પત્તિ થવા માંડી છે. ઋષિ, દેવ, પિતરના અવતારના રસ્તા બંધ થઈ ગયેલા છે. સ્ત્રીઓના અન્તઃકરણ ઉપર દાસત્વભાવનો રંગ ચઢી ગયેલો હોવાથી સ્ત્રીઓનાં સંતાન દાસ્યવૃત્તિમાંજ આનન્દ માનનારાં નિપજવા લાગ્યાં હોય તો તેમાં કાંઈ નવાઈ નથી. કેટલાક વિદ્વાનોપણ પરમાત્માનું જ્ઞાન જે વેદ છે તેનાથી સ્વતંત્ર વિચાર કરવાવાળા નિપજતા હતા તેના વંશનો હાલ જોવાનું કાર્ય ચક્ષુ કરે છે, સાંભળવાનું કાર્ય કર્ણ કરે છે તે માનવાને માટે પણ કોઈ લખેલું પ્રમાણ હોય ત્યારેજ માને આવી

પારતંત્ર્યબુદ્ધિમાં વૃદ્ધ થઈ ગયેલા છે. આવા વિદ્વાન્ અને દાસ્યત્વસંસ્કારવાન માતાના સંતાનથી આજ ભારતવર્ષ ભરાઈ રહેલો છે. તેની પ્રજા જગતમાં શું કરશે તે ભારત તરફ અવલોકન કરવાથીજ સ્પષ્ટ ખબર પડશે અસ્તુ. શૂદ્ર સ્ત્રી અથવા અજ્ઞાની અપઠિત માતાના સંતાનની ઉત્પત્તિ કઈ વર્ણમાં ઉત્પન્ન થયેલી માનવી તેનો વાચક પોતેજ વિચાર કરે તો સારૂં—પણ વેદ કહે છે કેઃ—

मा ते कशप्लकौ दृशन् स्त्रीहि ब्रह्मा बभूविथ ॥ ऋ० मं० ८ सू० ३४. स० १९.

જે જે મને નાદયોનિથી—શાસ્ત્રયોનિથી જુએ છે તે તે સ્ત્રી હોય તો પણ બ્રહ્મા થાય છે. માટે સાવિત્રી વિદ્યા સ્ત્રીવાચક છે, અને તે વિદ્યા બ્રહ્મપ્રાપ્તિ કરાવે છે તેથી હે સાવિત્રી તું સર્વ લોકને બ્રહ્મસ્થાનમાં લઈ જાય છે.

બ્રાહ્મણમાં પરમાત્માની પ્રાપ્તિ કરવાને માટે સ્ત્રી ગુણવાન વાણી છે તેનીજ સહાય લેવી પડે છે એમ સ્પષ્ટ વર્ણન છે જેમ કેઃ-

ऐतरेय ब्राह्मण ॥ अ० ९ खं० १.

॥ ओ३म् ॥ सोमो वै राजा गन्धर्वेष्वासी-त्तं देवाश्च ऋषयश्चाभ्य ध्यायन् कथम-यमस्मान्त्सोमो राजा गच्छेदिति०—

ગન્ધર્વમાં—વાગ્વ્યવહાર જાણુનારામાં સોમ રાજા હતા અર્થાત્ વાણીના તે પ્રકાશક હતા. તેને કેમ પ્રાપ્ત કરવા એ વિચારમાં દેવ અને ઋષિઓ ધ્યાન કરવા લાગ્યા. કારણ કે સ્વાન (પ્રાણ) અને ભ્રાજ (અપાન) નામના ગન્ધર્વની અન્તર્ગત જે સત્તાવિશ ગન્ધર્વ છે તે આદિત્ય સ્થાનમાં રહી સોમ રાજાનું રક્ષણ કરે છે.

॥ ઓ૩મ્ ॥ वातो वा मनो वा गन्धर्वाः सप्तविंᳬशतिः । ते अग्रेऽश्वमयुञ्जँस्ते अस्मिन् जवमादधुः ॥ યજુ૦ અ૦ ૯ મં૦ ૭.

एकादश प्राण—સમષ્ટિ વાયુ જેને સૂત્રાત્મા નામ છે તેઓ તથા પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન, સમાન, નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત અને ધનંજય મળી અગ્યાર પ્રાણ, બારમું મન તથા મનની સાથે શ્રોત્રાદિ દશ ઇંદ્રિય અને પાંચ સૂક્ષ્મ ભૂત મળી સત્તાવિશ (૨૭) પદાર્થ જગત સૃષ્ટિ ઉત્પત્તિના આરંભમાં તૈયાર થયા જેની ગંધર્વ એવી સંજ્ઞા છે એની વ્યાપકતા અને વેગાદિ ગુણસમૂહને સંયુક્ત કરવાનું જાણે છે તેજ લોક વેગને સર્વથા ધારણ કરી શકે છે. અર્થાત તેઓજ બ્રહ્મવિદ્યાના અધિકારી હોય છે. દેવ અને ઋષિઓ આ સોમરક્ષક ગન્ધર્વોને પુછવા લાગ્યા કે સોમ રાજાનું તમે રક્ષણ કરો છો ખરા પણ અમોને તે રાજાની પ્રાપ્તિ કેમ થશે તે કહી દેશો ? આટલામાં

ગન્ધર્વના હૃદયમાં વાસ કરનારી અર્થાત્ ગન્ધર્વનું હૃદય જાણુ-નાર વાગ્દેવી કહેવા લાગી કે ગન્ધર્વ વાણીમાંજ લંપટ થઈ જાય છે. કારણ તેઓ સ્ત્રીકામી હોય છે. પ્રકૃતિ સ્ત્રી તરફ તેઓ હમેશ કામના કરતાજ આવેલા છે. તેઓ આપને સોમ રાજા કેમ પ્રાપ્ત કરી આપશે? માટે તમે એમ કરો કે હું તમારી પાસે સ્ત્રીવત્ થઇને રહીશ. તમે મને ગન્ધર્વને વેચી નાખી સોમ ખરીદી લો. કેમકે સ્ત્રીલંપટ ગન્ધર્વ મને લઈ મારામાં લંપટ થશે તો સોમ રાજાનું રક્ષણ તેનાથી થવાનું નથી અને તેથી તમોને સહજ સોમપ્રાપ્તિ થશે.

દેવ અને ઋષિ કહેવા લાગ્યા કે તારી વાત અમોને સ્વી-કાર કરવા લાયક નથી લાગતી, કારણ તને દૂર કરી અમે કેમ રહી શકીશું તારી તો અમોને ઘણીજ જરૂર છે!

વાણીએ કહ્યું કે, મારી જો તમોને ગરજ હોય તો તમે સંદેહ ન કરતાં ગન્ધર્વોને સોમરાજા ખરીદવાને અર્થ મને મૂલ્ય રૂપમાં આપી દો; હું જરૂર પાછી તમારી પાસે આવીશ. દેવ ઋષિઓએ વાગ્દેવિનું વચન માની તેમ કર્યું. સોમરાજાની પ્રાપ્તિ કરાવી વાગ્દેવી ઋષિઓ પાસે પાછી આવી ત્યારે દેવીના સ્વરૂપ તરફ ઋષિઓ જોવા લાગ્યા તો તે અકામરૂપા, બાલસ્વરૂપી, સ્ત્રીરૂપા તેમના જોવામાં આવી. અર્થાત્ તે નિષ્ક્રિયરૂપા વાણી ગન્ધર્વોને નકામી થવાથી દેવોની પાસે પાછી આવી ગઈ—સક્રિય વાણીની પાછળ ગન્ધર્વ દોડતા જાય છે પણ નિષ્ક્રિયનો સ્વીકાર દેવ કરે છે. ગન્ધર્વ સક્રિય વાણીથી બ્રહ્મગાન કરે છે અને તેથી તે

પ્રકારનું ગાયન કામી સ્ત્રિયોમાં હોય છે પણ દેવો નિષ્ક્રિય ગાયન કરે છે. માટે ઉપાંશુ વાણીનો સ્વિકાર કરવાથીજ, સોમ રાજાનું ૨૭ ગન્ધર્વ રક્ષણ કરતા હોય તો પણ તેઓ પ્રાપ્ત થાય છે. ગન્ધર્વોને લંપટ કરી જે વાણી પાછી આવે છે તે અગ્નિસ્વરૂપી ઉપાંશુ વાણી હોય છે તે વાણીનો ધ્વનિ બાહાર સાંભળવામાં આવતો નથી. અર્થાત્ સાવિત્રિ આદિ સર્વ વેદમંત્ર તથા ઓંકાર જપ જ્યારે અવાજ ન કરતાં શીઘ્ર કરવામાં આવે છે ત્યારે તેને ઉપાંશુ જપ કહેવામાં આવે છે. આ બ્રાહ્મણ ગ્રન્થનું વિવેચન, સોમ રાજા–સર્વ સૃષ્ટિના ઉત્પાદક અને નિયામક પરમાત્માની પ્રાપ્રી કરવાને અર્થે સ્ત્રીરૂપા નિષ્ક્રિય, નિષ્કામ વાણીની જરૂરી દેખાડી સ્ત્રી વર્ગની જ્ઞાન કાર્યમાં કેટલી મહુત્તા છે તે દેખાડે છે. જુઓ કે:—

गायत्री वै ब्राह्मणस्तेजो वै ब्रह्मवर्चसं गायत्री तेजसैवैनं तद् ब्रह्मवर्चसेनं समर्द्धयति ॥ ऐ० ब्रा० पं० १ ख० २

બ્રહ્મયોનિના મનુષ્યોનું ગાયત્રી એજ બ્રહ્મ તેજ છે. તેજ બ્રહ્મવર્ચસ્વથી બ્રાહ્મણોને સમૃદ્ધ કરે છે. ત્રૈષ્ટુભ ક્ષત્રિઓને ઇંદ્રિય વીર્યથી સમૃદ્ધ કરે છે અને જગતિ–"જાગતો વૈ વૈશ્યો" "જગતા પશવ:" વૈશોને સમૃદ્ધ કરે છે આ ત્રિરૂપ વેદનું ગ્રહણ જેનાથી નથી થતું તેઓ ક્ષુદ્ર બુદ્ધિવાન્, સ્ત્રીરૂપા અથવા શૂદ્ર હોય છે. માટે સ્ત્રી પુરુષોએ બ્રહ્મવર્ચસ્વ પ્રાપ્તિને અર્થે ગાયત્રીનો સ્વીકાર કરવો જોઇએ—

સારાંશ બ્રહ્મગુણુવાન્ સ્ત્રીનાંજ સંતાન બ્રહ્મવિદ્યામાં અચલ શ્રદ્ધા રાખનાર ઉત્પન્ન થશે અને આવા કારણોથી સ્ત્રીઓને પણ બ્રહ્મચર્યનો અધિકાર છે એમ સ્પષ્ટ થાય છે. તેથીજ ગૃહ્યસૂત્રકાર ઋષિઓ કહે છે કેઃ—

समानं ब्रह्मचर्यम् ॥ २४ ॥ आपस्तं० सू० ४–१९ ॥

સ્ત્રી અને પુરુષ બેઊએ બ્રહ્મચર્ય વ્રત ધારણ કરવું જોઇએ. મહર્ષી જૈમિની પણ પૂર્વમિમાંસામાં કહે છે કેઃ—

जातिंतु बादरायणो अविशेषात् तस्मात् स्त्र्यपि प्रतीयते जात्यर्थस्या विशिष्टत्वात् ॥ पूर्व० मी०—६ । १.

બાદરાયણ ઋષિ કહે છે કે સ્ત્રીઓ પણ મનુષ્ય જાતિ-બ્રહ્મયોનિમાંની હોવાથી તેમને પણ વેદાધ્યયનનો અધિકાર શરીરસાથે મળેલો છે. માટે સ્ત્રીઓએ પણ બ્રહ્મધ્યાન કરવામાં યોગ્ય થવું જોઈએ.

અધિકાર ભેદથી ઉપાસકોનો બ્રહ્મધ્યાન માર્ગ.

ध्यानेनात्मनि पश्यन्ति केचिदात्मानमात्मना ।
अन्येसांख्येन योगेन कर्मयोगेन चा परे ॥ १३–२४ ॥
अन्येत्वेवमजानन्तः श्रुत्वा अन्येभ्यउपासते ।
तेऽपिचातितरन्त्येव मृत्युं श्रुतिपरायणाः ॥ गी० १३–२५॥

१ ધ્યાનયોગથી પરમાત્મામાં આત્માને જોનારા કેટલાક ઉપાસકો હોય છે.

૨ ધ્યાનયોગથી સુક્ષ્મ બુદ્ધિથી આત્મસ્વરૂપને જાણનારા ઉપાસકો હોય છે.

૩ ” સાંખ્ય અને યોગ દ્વારા આત્મસ્વરૂપને જાણનારા ઉપાસકો હોય છે. તે વેદવાક્યોનું યુક્તિપૂર્વક મનન કરનારા હોય છે.

૪ કર્મયોગથી આત્માને જોનારા ઉપાસકો નિષ્કામ કર્મ દ્વારા ઉપાસના કરનારા હોય છે.

આ ચાર પ્રકાર તીવ્ર બુદ્ધિવાનોની ઉપાસનાના છે પણ મન્દ અધિકારી લોકોને માટે ગીતાથી લઈ વેદ સુધી બ્રહ્મોપાસનાને માટે પ્રતિકોપાસનાનું વિધાન નથી. આવા અધિકારીઓ માટે યોગેન્દ્ર કૃષ્ણચંદ્ર પણ કહે છે કેઃ—

૫ આ અધિકારીઓને *શ્રુતિપરાયણ થવું જોઇયે અર્થાત્ વેદાર્થ જાણનાર વિદ્વાનો પાસેથી શ્રુતિઉપદેશ શ્રવણ કરી તેનું મનન અને બ્રહ્મનું નિદિધ્યાસન કરી બ્રહ્મોપાસનામાં શ્રદ્ધા ઉત્પન્ન કરવી જોઇએ. આ ઉપાસનામાર્ગને કેવળ વૈદિક ઉપાસનામાર્ગ કહેવામાં આવે છે અને મનુષ્ય માત્રને ઉપાસના યોગના આરંભ “શ્રુતિપરાયણ” વિદ્વાનો પાસેથી શ્રવણ કરીને કરવો પડે છે આથી વિરુદ્ધ માર્ગદર્શક માર્ગના ઉપદેશકોનો **અવૈદિક માર્ગ**

---

* શ્રુતિઉપદેશ શ્રવણ કરવો કારણ ગીતાઉપદેશથી શ્રુતિશ્રવણ કરવામાં શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. પણ ગીતાના ઉપદેશકો તેજ શ્રુતિ છે એમ જીજ્ઞાસુને સમજાવે છે તો શ્રુતિઉપદેશ શ્રવણ કરવામાં શ્રદ્ધા ક્યાંથી ઉત્પન્ન થાય ?

છે એમ જાણી હિતકારક માર્ગનુંજ સર્વએ આચરણ કરવું જોઇએ. મનુ મહારાજ કહે છે કેઃ—

कामात्मता न प्रशस्ता न चैवेहास्त्य कामता ।
काम्यो हि वेदाधिगमः कर्मयोगश्च वैदिकः ॥

मनु० अ० २–२ ॥

અત્યન્ત કામાતુરતા અને નિષ્કામતા કોઈને માટે પણ શ્રેષ્ઠ નથી કારણ કામના ન કરેલી હોય તો વેદનું જ્ઞાન અને વેદવિહિત ઉત્તમ કર્માદિ કોઈ પણ કરશે નહિ. નિષ્કામ કર્મ તેજ આત્મ-કર્મ હોય છે અને ઇંદ્રિયવિષયભોગ કર્મ તેજ સકામ કર્મ હોય છે. માટે પતંજલી કહે છે કેઃ—

" ब्राह्मणेन निष्कारणो धर्मः षडङ्गो वेदोऽध्येयोज्ञेय-
श्चेति ॥"

महाभाष्य पस्प० अ०

બ્રહ્મયોનિ જે મનુષ્યયોનિ છે તે માનો સર્વે મનુષ્યોએ ષડંગ સહિત વેદાધ્યયન કરવું અને તેનો અર્થબોધ કરી લેવો જોઇએ કારણ વેદાધ્યયન કરવું એજ તેમનું નિષ્કારણ કર્મ છે માટે તેનેજ નિષ્કામ કર્મ કહેવામાં આવે છે અને આ સ્વકર્ત્તવ્યને ન કરનારાઓ માટે મનુ કહે છે કેઃ—

योऽनधीत्य द्विजो वेदमन्यत्र कुरुते श्रमम् ।
स जीवन्नेव शूद्रत्वमाशु गच्छति सान्वयः ॥

मनु० अ० २ । १६८ ॥

જે પોતાને દ્વિજ સમજે છે તેઓ વેદાધ્યયન ન કરી અન્ય વેદવિરુદ્ધ કર્મ કરે તો પોતાના પુત્ર અને પૌત્ર સહિત શૂદ્ર ભાવને ક્ષુદ્ર બુદ્ધિને શીઘ્ર પ્રાપ્ત થાય છે. મનુમહારાજ વેદદૃષ્ટિથી જે ઉપદેશ કરે છે તે વિચારદૃષ્ટિથી જોતાં આપણે અવૈદિક અને સકામ કર્મ કરવાથી કેવી રીતે શૂદ્રત્વમાં આવી ગયા છીએ તેનો યથાર્થ બોધ થાય છે. આ શુદ્રત્વ અને શુદ્ર બુદ્ધિનો ત્યાગ કરી સત્ બુદ્ધિ–" ब्रह्मदृष्टि " પ્રાપ્ત કરવાને માટે ઉપાસનાનો પ્રયોગ કલ્પ જોઈશું.

ઉપાસના પ્રયોગ કલ્પ.

ओ३म् । प्रातर्यावा॑णः सहस्कृत सोमपेया॑य सन्त्य । इहाद्य दैव्यं जनं बर्हिरासा॑दया वसो ॥ ऋग० मं० १ सु० ४९. म० ९.

(सहस्कृत) સર્વ પ્રકારની સિદ્ધિ મેળવવાનું કર્મ કરનારાઓ તમે (सन्त्य) સંભજનીય ક્રિયાઓં અર્થાત્ યોગાભ્યાસમાં કુશલ વિદ્વાનોમાં (*वसो) શ્રેષ્ઠ યોગયજ્ઞ કરનારાઓ તમે (इह) આ બ્રહ્મવિદ્યા વ્યવહારમાં (अद्य सोमपेयाय) આ જે સોમરસનું પાન કરવાને માટે અથવા સંપૂર્ણ સોમગુણવાન સંસારનો શુદ્ધ સત્વમય રસ સચ્ચિદાનન્દ પરમાત્મા છે તેની પ્રાપ્તિથી આનન્દી થવાને અર્થે (प्रातर्याव्णः) પ્રાતઃકાલમાં યોગાભ્યાસાદિ પુરુષા-

---

* यज्ञो वै वसुः ॥ शत० १।५।४।९॥

થંને પ્રાપ્ત કરનારા વિદ્વાનોં જે કે (दैव्यम् जनम्) યોગા-ચરણમાં કુશલ હોવાથી દિવ્ય ગુણવાન થઈ ગયેલા હોય છે તે વિદ્વાનોને મળી તેનો સંગ કરો અને (बर्हि) ઉત્તમ આસનાદિ યોગ ક્રિયાઓને (आसाद्य) પ્રાપ્ત કરી લો.

વેદમાં પરબ્રહ્મ પરમાત્માએ જીવોના કલ્યાણને માટે યોગા-ભ્યાસનું અનુષ્ઠાન કરવાનો ઉપદેશ કરેલો છે. તે ક્રિયાને ઋષિ-લોકો "ब्रह्मयज्ञ" કહેતા આવેલા છે.

"**अध्यपनं ब्रह्मयज्ञः**"—मनु० ३–७ ॥

વેદાદિ શાસ્ત્રોનું પઠન, સંધ્યોપાસન અથવા યોગાભ્યાસ કરવો આનુંજ નામ બ્રહ્મયજ્ઞ છે.

स्वाध्यायाद्योगमासीत योगात्स्वाध्यायमामनेत् ।
स्वाध्याययोगसंपत्त्या परमात्मा प्रकाशते इति ॥

'ओं' બિજસહિત વેદમન્ત્રના અધ્યયનથી યોગને સિદ્ધ કરવો અને ચિત્તવૃત્તિનિરોધ એ જે યોગ છે તે અને ઓમ્ મન્ત્રના જપને સિદ્ધ કરવો. કારણ યોગ અને જપ આ બેના બળથી પરમાત્માનો પ્રકાશ યોગી આત્મામાં થાય છે.

સંધ્યોપાસન તેજ બ્રહ્મયજ્ઞ છે.

सन्ध्याः—सं=सम्यक् रीत्या, ध्यै=ध्यान કરવું. સંસારમાં ભટકી રહેલી મનોવૃત્તિઓને પરાવૃત્ત કરી કેન્દ્રમાં–શુન્યમાં લાવી સ્થિર કરી રાખવી અને પરમાત્માની પ્રાર્થના અને ઉપા-

સના કરવામાં બુદ્ધિની યોજના કરવી આને સન્ધ્યા કર્મ કહેવાય છે. તેમજ--

"सन्ध्यायन्ति सन्ध्यायते वा परब्रह्मयस्यां सा सन्ध्या"

પરબ્રહ્મની તરફ જે ક્રિયાથી ધ્યાન લગાડવામાં આવે છે તે ક્રિયાનું પણ સન્ધ્યાકર્મ આ અન્વર્થક નામ છે.

सन्ध्याकालः—"सन्दधातियस्यां वेलायां सा सन्ध्या"

પરમાત્માનું ધ્યાન જ્યારે કરવામાં આવે છે તે કાળને સન્ધ્યા કાળ કહેવાય છે.

"तस्मादहोरात्रस्य संयोगे ब्राह्मणः सन्ध्यामुपासीत"

અને તેજ કારણથી દિવસ અને રાત્રીનો જે સંયોગ કાળ છે તે વખતે સન્ધ્યા કરવી.

सन्ध्या, उपासना, योगानुष्ठान, આ શબ્દો એકજ પ્રકારના ભાવદર્શક છે. सम्–ध्यै । उप–आस । युज्–समाधौ । આ શબ્દ ત્રણ છે પણ ત્રણે શબ્દ સંસારમાંથી ચિત્તવૃત્તિ હઠાવી પરમાત્મા તરફ સ્થિર કરવાનું કર્મ દેખાડે છે. આ બ્રહ્મધ્યાન કર્મ કરવાને માટે યોગી પરમ્પરાથી ઉપદેશ કરે છે કેઃ—

पहेले प्रहरे सबकाई जागे । दूसरे प्रहरे भोगी ॥
तिसरे प्रहरे तस्कर जागे । चौथे प्रहरे योगी ॥

આ સમયમાં જુદા જુદા લોકોના વ્યવહાર દેખાડી યોગી-ઓને ચોથો પ્રહર અનુકૂળ હોય છે એમ કહેવામાં આવે છે અને તેનું કારણ યુગમાનના શબ્દોથી દેખાડવામાં આવે છે જેમકેઃ—

રાતનો ચોથો પ્રહર ૩ થી ૯ સુધી હોય છે તેની સતયુગ સંજ્ઞા છે **પ્રાતઃકાળ પછી** ૯ થી ૩ સુધી જે કાળ છે તેની દ્વાપાર-**માધ્યાન્હ પછી** ૩ થી ૯ સુધી જે પ્રહર કાળ છે તેની ત્રેતા-યુગ અને **રાત્રી પછી** ૯ થી ૩ સુધી જે પ્રહર કાળ છે તેની કલિયુગ સંજ્ઞા છે.

સતયુગ સર્વથી શ્રેષ્ઠ છે તેથી કોઈને પણ ઉત્તમ કાર્યનો આરંભ કરવો હોય તો તે કાળમાં કરવો તેથી યોગી વા બ્રહ્મો-પાસકો રાતના ચોથા પ્રહરથી ઉપાસનાનો આરંભ કરે છે. આ નિત્યકર્મના પ્રારમ્ભમાં ઉપાસકો નિમ્નલિખીત વેદમંત્રોથી પ્રાતઃસ્મરણ કરે છે.

प्रातः स्मरणमन्त्र ।

प्रातरग्निं प्रातरिन्द्रं हवामहे प्रातर्मित्रा वरुणा प्रातरश्विना । प्रातर्भगं पूषणं ब्रह्मणस्पतिं प्रातःसोममुत रुद्रं हुवेम ॥ ॥ १ ॥ प्रातर्जितं भगमुग्रं हुवेम वयं पुत्रमदितेर्यो विधर्त्ता । आध्रश्चिद्यं मन्य-मानस्तुरश्चिद्राजा चिद्यं भगं भक्षीत्याह ॥ २ ॥ भग प्रणेतर्भग सत्यराधो भगे-

मां धियमुदंवा ददन्तः । भग प्र णो ज-
नय गोभिरश्वैर्भग प्र नृभिर्नृवन्तः स्याम
॥ ३ ॥ उतेदानीं भगवन्तः स्यामोत
प्रपित्व उत मध्ये आन्हाम् । उतोदिता
मघवन्त्सूर्यस्य वयं देवानां सुमतौ
स्याम ॥ ४ ॥ भग एव भगवाँ अस्तु
देवास्तेन वयं भगवन्तः स्याम । तं त्वा
भग सर्व इज्जोहवीति स नो भग पुर-
एता भवेह ॥ ५ ॥

ऋ० मं० ७. सू० ४७॥

દિવ્ય પ્રભાતકાળમાં ઉઠી, જ્ઞાનસ્વરૂપ, પ્રકાશમય, પ્રાણાપાનચાલક, સકલજગદુત્પાદક, સર્વજ્ઞ, સર્વાન્તર્યામી પરમાત્માની આત્મોન્નતિ કરવાને માટે હું સ્તુતિ કરૂં છું—પરમાત્માના ગુણોનું ગાન કરૂં છું ॥ ૧ ॥ તેઓ પરમેશ્વર સદા વિજયી, ઐશ્વર્યવાન્, તેજસ્વી, સૂર્યાદિ તેજોગોલના વિધાતા, સજ્જનોના સહાય્યકર્ત્તા અને દુષ્ટોને દંડ આપનારા છે ॥ ૨ ॥ હે સત્યાચાર પ્રવર્તક પરમેશ્વર! અમારી બુદ્ધિ ઉત્તમ સંસ્કારયુક્ત કરો,

અમારાથી ઐહિક અભ્યુદય થાય એવાં ઉત્તમ કર્મ કરવામાં સહાયક થાવ અને પારમાર્થિક ઉન્નતિ થાય તેવાં કૃત્યઅમારાથી થવા દો. સારાંશ સર્વ પ્રકારથી અમે બલવાન થઈએ એવાં કર્મ કરવાની બુદ્ધિ અમોને આપો ॥ ૩ ॥ હે પરમાત્મન્! અમે મહાન પુરુષાર્થ કરી ઐશ્વર્યયુક્ત અને શક્તિમાન થઇએ એવી પરિસ્થિતિ અમોને પ્રાપ્ત કરાવો એટલે કે અમોને સૂક્ષ્મ બુદ્ધિ અને ઉત્તમ મતિ પ્રાપ્ત કરાવો ॥ ૪ ॥ હે મંગલમય પરમેશ્વર! તમારી સર્વ વિદ્વાન્ સ્તુતિ કરે છે તે યોગ્ય છે કારણ સર્વ સુખ આપનાર અને અમારી સર્વ સદિચ્છા પુરી કરનાર તમે એકજ છો, માટે તમોજ અમારા ઉપાસ્ય દેવ છો. ॥ ૫ ॥

શુદ્ધિઃ૦—પ્રાતઃસ્મરણ થયા પછી શુદ્ધિ કરવી પડે છે અને આ શુદ્ધિકર્મ હરેક યજ્ઞ-કર્મના આરંભમાં કરવું પડે છે. "ओ३म् । व्रतमुपैष्यन" કાંઈપણ વ્રત કરવાનો નિશ્ચય થાય છે ત્યારે "प्राङ्गतिष्ठन्नपऽउपस्पृशति" વિદ્વાન લોક પ્રથમ અપને સ્પર્શ કરે છે. "तद्यदपस्पृशत्यमेध्यो वै पुरुषः यदनृतं वदति" અને જે અપનો સ્પર્શ નથી કરતા તે અમેધ્યો પુરુષ કહેવાય છે અને આજ પુરુષ અનૃત બોલે છે "तेन पूतिरन्तरतो मेध्या वाऽआपो मेध्यो भूत्वा व्रतमुपायानीति" આવા પુરુષોએ પોતાની અન્તરમેધા પવિત્ર કરવી જોઇએ અને મેધ્યાનેજ અપ કહેવામાં આવે છે તેથી યજ્ઞ કરનારા યજમાનો મેધાવાન થઈ વ્રતોપાસનાદિ કરે છે ત્યારે તે સત્ય વ્યવહાર કરનારા હોય છે.

"पवित्रं वाऽअपः पवित्र पूतो व्रतमुपायानीति तस्मा-
द्वाऽअप उपस्पृशति ॥" शत० ब्रा० १-१ ॥

પવિત્રતા-શુદ્ધતા એટલે અપ, તેથી બુદ્ધિને પ્રથમ પવિત્ર કરી વિદ્વાનો વ્રતારંભ કરે છે તે ભાવ-"अप उपस्पृशति" આ વાકયનો છે માટે કોઈ પણ કાર્ય કરવું હોય તો પ્રથમ અન્તર-વાહ્ય શુદ્ધિ કરી કાર્યારંભ કરવો.

શિખાબંધન૦—ચિત્તવૃત્તિઓનો નિરોધ કરવો એજ શિખાબંધનકર્મ છે. "शीङ् स्वप्ने" આ ધાતુથી:—

"शीङो हृस्वश्च खः ॥ उणा० ५-२४.
"शेतेऽसौशिखा । बाहुलकात्खस्येनादेशाभावः ॥"

उणादि खः પ્રત્યય થઈ શિખા શબ્દ બને છે તેથી ચુડા, કેશ-ભેદ, જ્વાલા વગેરે શિખા શબ્દના અર્થ થાય છે. અન્તઃકરણની શિખા બાંધવાથી મનને સ્થીરતા આવવા લાગે છે. શિખાબન્ધન કર્મકાલમાં સાવિત્રી મંત્રનો જપ કરવાનું વિધાન છે અને તેથી વિશ્વમિત્રત્વનો ભાવ અન્તઃકરણમાં દૃઢ કરતા જવું એ કાર્ય કરવાનું હોય છે તેમજ સવિતા પરમાત્મા સંપૂર્ણ જગતને પ્રસવે છે છતાં તેનાથી તેઓ અસંગી છે તેવી રીતે જીવાત્મા શરીરના ચાલકત્વનો હેતુ હોય છે, તોપણ શરીરથી હું અસંગી છું હું શરીર નથી આ ભાવ દૃઢ કરતા જવું આનું નામ શિખાબંધન છે.

आचमन०—"आ-समन्तात् चम्-उदकपान" પોતાની સર્વ દિશામાં જે જલ છે તેનું પ્રાશન કરવું તેજ આચમન છે. જલવત્ શાન્તિ આપનાર પરમાત્મા સર્વ દિશામાં છે તેનું

આચમન કરવું-સ્વીકાર કરવો-તેનું ચિન્તન કરવામાં મન સ્થિર કરવું આજ આચમન કર્મ છે.

मार्जन०—(मृज्-शुद्ध, निर्दोष) ઇન્દ્રિયોના દોષનિવારણ કરવાનું જે કર્મ હોય છે તેને માર્જન કર્મ કહેવામાં આવે છે. શરીર અને ઇન્દ્રિયોપર જલ સિંચન કરવાથી તે તે ભાગ સ્ફુરણ પામે છે, તે ભાગની શિથીલતા નષ્ટ થાય છે. તેમજ પરમાત્મરૂપી જલથી અર્થાત્ પરમાત્મજ્ઞાનથી અન્તરઇન્દ્રિયાદિને માર્જન કરવાથી તેની શુદ્ધિ થાય છે.

इंद्रियस्पर्शः—

पराञ्चिखानि व्यतृणत्स्वयम्भूस्तस्मात्पराङ्पश्यतिनान्त-
रात्मन् ॥ कश्चिद्धीरः प्रत्यगात्मानमैक्षदावृत्तचक्षुरमृतत्व-
मिच्छन् ॥ कठ० अ० २-१ ॥

સૂક્ષ્મબુદ્ધિ વિના પરમેશ્વર જાણવામાં નથી આવતા. કારણ કે (स्वयम्भूः) સ્વસત્તાવાન્ પરમાત્માએ (खानि) કાન આદિ ઇન્દ્રિયોને (पराञ्चि) શબ્દ આદિ વિષયો તરફ ચાલી જવાના સ્વભાવવાન (व्यतृणत्) બનાવેલી છે (तस्मात्) તેજ કારણને લીધે મનુષ્ય (पराङ्) બાહ્ય વિષયને (पश्यति) જુએ છે (न आन्तरात्मन्) અને પરમાત્માની તરફ નથી જોતા. પરંતુ (कश्चित्) જે કોઈ પુરુષ (आवृत्तचक्षुः) વસ્ત્રાદિથી ઢાંકી દિધેલાં ચક્ષુ જેવી ઇન્દ્રિયોને બાહ્ય વિષયો તરફથી બંધ કરી તેને પરમાત્મધ્યાનમાં સ્થિર કરે છે તેજ (धीरः) ધ્યાનશીલ પુરુષ

(अमृतत्वम्) મોક્ષ પ્રાપ્ત કરવાની (इच्छन्) ઇચ્છા કરી (प्रत्यगात्मानम्) અન્તઃકરણ વ્યાપ્ત પરમાત્માને (ऐक्षत) ધ્યાનદૃષ્ટિથી જાણે છે. ઇન્દ્રિયોને સ્પર્શ કરવો (स्पृश प्राप्त करवूं) ઇન્દ્રિયોની બાહ્ય વિષયો તરફની વૃત્તિયો મનરૂપી કેન્દ્રમાં લાવવી આજ ઇન્દ્રિયસ્પર્શનું પ્રયોજન છે.

प्राणायामः (प्राण–वायु, आ–समन्तात, याम–अवरोध) પ્રાણવાયુનો સર્વ બાજુથી અવરોધ કરવાની ક્રિયાને પ્રાણાયામ કહેવાય છે. શ્વાસોચ્છવાસનો અવરોધ અન્તસ્થ ચૈતન્ય શક્તિથી કરવો જોઇએ. હસ્તાંગુલીથી નાસિકા દાબી બલથી શ્વાસનો અવરોધ કરવો આ બાલબુદ્ધિનું કામ છે.

योगांगानुष्ठानाद शुद्धिक्षये ज्ञान दीप्तिराविवेकः ॥

योग० २–२८ ॥

પ્રાણાયામાદિ યોગના અંગનું આચરણ કરવાથી ઉત્તરોત્તરકાલમાં પ્રતિક્ષણ અજ્ઞાનનો નાશ અને જ્ઞાનનો પ્રકાશ થતો જાય છે. પ્રાણાયામના દીર્ઘ સૂક્ષ્મ ભેદ યોગ્ય ગુરુ પાસેથીજ જાણી લેવા જોઇએ, કારણ તે ક્રિયા યોગ્ય વિધિથી કરવાથી તેનાથી અનેક લાભ થાય છે પણ ક્રિયામાં ભૂલ થવાથી અનેક અપઘાત થાય છે. તેથી પ્રાણાયામ ક્રિયા બહુજ વિચારપૂર્વક કરવી જોઇએ.

अघमर्षण०—(अघ–पाप, दुष्कर्म; मर्षण–दूरीकरण) દુષ્કર્મથી દૂર રહેવાને માટે જે કર્મ કરવું જોઇએ તે અઘમર્ષણ કર્મ

છે. સૃષ્ટિકર્તા **પરમાત્મા** અને **સૃષ્ટિકર્મ** આનો વિચાર કરવાથી સર્વ શક્તિમાન પરમાત્માજ સર્વત્ર સર્વ કાલમાં છે એકદેશી વા એક સ્થાનમાંજ વાસ કરી રહેલા નથી આવો નિશ્ચય જે ઉપાસકોના અન્તઃકરણમાં દૃઢ બેસી ગયેલો હોય છે તેજ પાપાચરણથી પરાવૃત્ત થાય છે. પરમાત્માનો સર્વત્ર વાસ છે એવો નિશ્ચય થવાને માટે અઘમર્ષણ કર્મની આવશ્યકતા હોય છે. તે કર્મ પછી દિશા પરિક્રમણઃ-ઉપાસકોએ સર્વ દિશામાં પરમાત્માનું જે સામર્થ્ય પ્રગટ થયેલું છે તે જાણી લેવાથી તેઓ નિર્ભય, ઉત્સાહી અને પુરુષાર્થી થાય છે. દિશા પરિક્રમા કર્મથી અમુક દિશામાં પરમેશ્વર છે, અમુક દિશામાં નથી, આ મિથ્યા વિચાર નષ્ટ થાય છે અને જે જે દિશામાં પરમાત્માએ જેવી સત્તા પ્રગટ કરેલી હોય છે તેને જાણી તેને અનુકૂલ કર્મ કરવાથી મનુષ્યોમાં મહાન બલ આવે છે. જેમકે પ્રાચી દિશાનો અધિપતિ અગ્નિ છે, તો અગ્નિનું ઉપસ્થાન કરવું હોય, પછી તે જ્ઞાનાગ્નિનું હોય વા ભૌતિક અગ્નિનું હોય તો સવિતા દેવતા કે જેતે મંત્રની અધિષ્ઠાતા છે તે સાવિત્રી મંત્ર જાણી સવિતા પરમાત્માનું ઉપસ્થાન કરવું અથવા ભૌતિક સવિતાનું કરવું. સારાંશ પરમાત્માની ચેતન સત્તા અથવા ભૌતિક સત્તા છે તેમાંથી જે સત્તાનું ઉપસ્થાન કરેલું હોય તેની સિદ્ધિ થાય છે પણ બ્રહ્મના આત્મસ્વરૂપનો આનન્દ પ્રાપ્ત કરવો હોય તો ચેતન સત્તા સાથેજ ઉપસ્થાન કરવું જોઈએ.

उपस्थान०—(उप-समिप; स्थान-રેહેવું) પાસે-નિકટ

ગ્રાસ કરવો તેનેજ ઉપસ્થાન કર્મ કહેવામાં આવે છે. પરમા-
ત્માની અત્યન્ત પાસે રહેવું પણ પરમેશ્વર તો સર્વત્ર અને સર્વ
કાલમાં હોય છે જ તેથી આપણે તેની પાસે છીએજ તો ઉપ-
સ્થાન કર્મની શું જરૂર છે? વેદ કહે છે કેઃ—

**हि॒र॒ण्मये॑न॒ पात्रे॑ण स॒त्यस्यापि॑हितं॒ मु-
खम् । यो॒ऽसावा॑दि॒त्ये पुरु॑षः॒ सो॒ऽसाव॒-
हम् ॥** यजु० अ० ४०–१७॥

सर्वान्मनुष्यान् प्रतीश्वर उपदिशति । हे मनुष्यायेन हिरण्मयेन पात्रेण मया सत्यास्यापिहितं मुखं विकाश्यते योऽसा वा दित्ये पुरुषोस्ति सोऽसा वहं खम्ब्रह्मास्म्यो३मिति विजानाति । પરમેશ્વર સર્વ મનુષ્યોને ઉપદેશ કરે છે કે ! હે મનુષ્યમાત્ર હો ! તમે હું કેવો છું તે જાણવાની ઇચ્છા કરતા હશો અને તમોને મારો પત્તો મળવો પણ મુશ્કેલ થઈ પડેલો હશે તે હું જાણું છું માટે તમે ધ્યાનદૃષ્ટિથી જોશો તો ખબર પડશે કેઃ—

જોતીસ્વરૂપ રક્ષકોથી અવિનાશી યથાર્થ કારણથી આચ્છાદિત મુખનો અર્થાત્ ઉત્તમાંગનો પ્રકાશ જેણે કરેલો છે તેમનો તમોને પત્તો લાગતો નથી કારણ તમારી દૃષ્ટિ જોતીસ્વરૂપ અંગમાં અટકી રહેલી છે તેનાથી અન્દર નથી જતી. આ પ્રાણ વા સૂર્યમણ્ડલમાં પૂર્ણ પરમાત્મા છે તે તેનું (મારૂં) પરોક્ષ રૂપ છે. હું આકાશ જેવો વ્યાપક છું, બ્રહ્મ છું અર્થાત્ સ-

ર્વથી ગુણ કર્મ અને સ્વરૂપમાં અધિક છું તેથી મારૂં પ્રત્યક્ષ રૂપ હોયજ નહી. (ओ३म्) સર્વનો રક્ષક જે હું છું તે મારૂં ओ३म् આ નામ છે એમ તમે જાણી લો.

પરમાત્મા સર્વત્ર વ્યાપક છે ખરા પણ પ્રાકૃતિક વિષય ગ્રહણ કરવાની ઈન્દ્રિયોની જે સત્તા છે તેમાં મન, બુદ્ધિ અને આત્મા મગ્ન થઈ જાય છે અને પરમાત્માનો સદ્વિચાર કરવાને સાધનજ તેને હાથ નથી લાગતું પણ જ્યારે ઈન્દ્રિયોને વિષય તરફથી હઠાવવામાં આવે છે ત્યારે—

यथा निरन्धनो वन्हिः स्वयोना उपशाम्यते ।
तथा वृत्तिक्षयाच्चितं स्वयोना उपशाम्यते ॥

मैत्रा० प्र० ६—२४ ॥

જેમ અગ્નિનો જ્વલન ધર્મ બંધ થાય છે ત્યારે તે પોતાના કારણ સ્વરૂપમાંજ લિન થાય છે તેમજ જ્યારે ઈન્દ્રિય વૃત્તિનો ક્ષય થાય છે ત્યારે ઈન્દ્રિયસહિત ચિત્ત સ્વયોની જે પ્રાણ છે તેમાં લિન થાય છે અને તે પ્રાણનો પણ અવરોધ કરવાથી આત્મા સમાધિસ્થ થાય છે. માટે ઋષિ લોકો કહે છે કે:—

चित्तमेव हि संसारं तत्प्रयत्नेन शोधयेत् ॥
यच्चित्तस्तन्मयो भवति गुह्यमेतत् सनातनम् ॥

मैत्रा० प्र० ६—३४ ॥

ચિત્તજ સંસાર છે તેથી તે ચિત્તનું પ્રથમ પુરુષાર્થથી શોધન કરી લેવું કારણ જે ચિત્ત છે તેજ સંસારમય થાય છે અને

તેથીજ આત્મા સંસારમાં ફસાઈ જાય છે આ અનાદિ ગુહ્ય છે તે સમજી ચિત્તને બ્રહ્મમય કરવાથીજ પરમાત્માનો સર્વવ્યાપકત્વનો અનુભવ થવા માંડે છે જેમ કેઃ—

चित्तस्य हि प्रसादेन हन्ति कर्म शुभाऽशुभम् ।
प्रसन्नात्मात्मनि स्थित्वा सुखमव्ययमश्नुते ॥

मैत्र० ६–३४ ॥

ચિત્ત પ્રસન્ન થવા લાગે છે ત્યારે શુભ અને અશુભ કર્મનો નાશ થતો જાય છે અને પ્રસન્ન આત્મા અન્તરાત્મામાં સ્થિર થઈ અવ્યય સુખનો અનુભવ લેવા લાગે છે. આજ આશય યોગ સૂત્રના આરંભમાના બે સૂત્રથી દેખાડેલો છે.

योगश्चित्तवृत्ति निरोधः ॥ तदाद्रष्टुः स्वरूपेवस्थानम् ॥

यो० १, २–३ ॥

ચિત્તની વૃત્તિઓનો નિરોધ કરવાને–રોકવાને યોગ કહેવાય છે અને તે અવસ્થા પ્રાપ્ત થાય છે ત્યારે ઉપાસકનું ચિત્ત ચંચળતારહિત થવાથી અભિમાનની નિવૃત્તિ થાય છે અને જીવ ચંચળતારહિત બુદ્ધિમાં સ્થિત થવાથી બ્રહ્મરૂપતામાં કેવળ પોતાના સ્વરૂપનોજ વિચાર કરે છે.

સંસારિક વિષયોની સાથે જે ઇંદ્રિયોનું ઉપસ્થાન છે તે ત્યજી પરમાત્મગુણચિન્તનમાંજ ઉપાસક મગ્ન થાય છે, ત્યારે તેને પરમાત્મા જે મંત્રથી ઉપદેશ આપે છે તે મંત્રને ગુરુમંત્ર કહેવામાં આવે છે.

गुरुमंत्र०—(गुरु-श्रेष्ट, मंत्र-विचार) ગુરુમંત્ર, સૃષ્ટિનો કારીગર જે પરમાત્મા છે તેની કારીગિરીનો અને તેની કૌશલ્યતાનો શ્રેષ્ઠ વિચાર અને ઉપદેશ આપે છે. સૃષ્ટિને મનુષ્ય શરીરદ્વારા મૂર્ત્તિમંત બુદ્ધિના પ્રદેશમાં ઉભી કરવી અને તેનાથી સૃષ્ટિકર્ત્તાનું મહત્વ દેખાડી, તેમાં પ્રેમભાવ ઉત્પન્ન કરાવનાર, તેમજ તે સર્વ વિશ્વની સાથે મિત્રત્વ કરાવનાર છે એમ અન્તઃકરણમાં નિશ્ચય કરાવનાર આ શ્રેષ્ઠ મન્ત્ર છે. કારણ પરમાત્મા વિશ્વમિત્ર છે તેનો ઉપદેશ ગ્રહણ કરી તે પ્રમાણે આચરણ કરવાથીજ મનુષ્યોમાં વિશ્વામિત્ર ઋષિઓનું અવતરણ થઈ શકે છે. ગુરુમંત્રથી અન્તઃકરણ રંગેલુ હોય તોજ સૃષ્ટિવિદ્યાનું જ્ઞાન, પોતાને અને મનુષ્ય સમાજને હિતકારક થાય છે, નહી તો તે જ્ઞાન બ્રહ્મદૃષ્ટિથી નિષ્ફળજ દેખાય છે. કારણ જે જ્ઞાનથી જગતમાં સુખ અને શાંતિ નિપજવાનું કાર્ય થવું જોઇએ, તેના બદલામાં અનેક પ્રકારના ઇંદ્રિયવિષયોનાં સાધનો તૈયાર કરવામાં તે જ્ઞાનનો ઉપયોગ કરવામાં આવે છે. વિષયભોગથી, ઇન્દ્રિયોની શાંતિ ન થવાથી, નિર્બલોનું સર્વસ્વ હરણ કરવાતરફ વૃત્તિ દોડતી જાય છે, અર્થાત્ વૃત્તિ શાંત થવાને બદલે વધારે ને વધારે ભટકતી થાય છે. નવી નવી શોધ કરવામાં મનુષ્યો પુરુષાર્થ કરવા લાગે છે. પણ આ સર્વ શોધ શા માટે કરવામાં આવે છે તેનું વિચારદૃષ્ટિથી કોઈ અવલોકન કરે તો તેને જરૂર ખબર પડશે કે આ પ્રાકૃતિક જ્ઞાન વૃદ્ધિથી જેટલી શોધ થઈ ગયેલી છે અને આગળ થશે તે સર્વ

ઇન્દ્રિયવિષય ભોગને અર્થે અને તેનાથી પ્રાપ્ત થનાર ભોગોમાં કોઈ હરકત લાવવાને પ્રયત્ન કરે તો તેને તોડી નાખવાને માટે છે. પણ એવી કોઇએક પ્રાકૃતિક શોધ જોવામાં નથી આવતી કે જેનાથી મનુષ્યો વિશ્વામિત્ર થઈ શકશે. સૃષ્ટિવિદ્યાનું જ્ઞાન લેવાનો મુખ્ય હેતુ આપણે આ સંસારમાં જંજાળી કેમ બની ગયા છિયે? તેનાથી કેમ છુટકારો થશે? આ જાણવાને માટે છે, નહી કે ઇન્દ્રિયભોગ વધારવાને માટે છે. તેમજ કારીગરની કારીગિરી જાણવાથી કારીગરના મહત્વનું યથાયોગ્ય જ્ઞાન થઈ જાય છે અને તેમાંજ સર્વ વૃત્તિ લીન થવા લાગે છે. ગુરુ વિના જ્ઞાનની ગુરુકિલ્લિ હાથમાં નથી આવતી અને જ્ઞાન ભાંડાર પણ જોવામાં નથી આવતો તેથી ગુરુમાં વૃત્તિ લીન કરી તેનો પ્રેમ સંપાદન કરી ગુરુકિલ્લી પ્રાપ્ત કરી લેવી આ કાર્ય કરવાનું છોડી દઈ પોતાનુંજ મહત્વ અથવા મહત્વાકાંક્ષા પુરી કરવામાં મનુષ્ય જન્મ વ્યર્થ ગુમાવવામાં આવે છે. ગુરુમંત્ર દ્વારા પરમાત્મા એવી નવી શોધ કરવાની બુદ્ધિ આપશે કે તમે પ્રતિજ્ઞાન સૂર્ય જેવા જગતમાં પ્રકાશિત થવા લાગશો પણ ધીરજ, સહનશીલતા, પરમાત્મામાં દૃઢ નિશ્ચય અને તેનું જ્ઞાન જે શ્રુત્યુપદેશ છે તેમાં વિશ્વાસ હોય તેજ આ યોગ્યતા પામે છે. ઉચ્છૃંખલ બુદ્ધિવાળાઓને તે અવસ્થાનો સ્વપ્નમા પણ ખ્યાલ આવવાનો નથી. પરમાત્મા ગુરુથી ગુરુ ઉપદેશ લઈ ઋષિ પતંજલી જે આત્મિક ઉન્નતિની શોધો દેખાડે છે તે શોધો સંસારમા હેવા, સ્પર્ધા, મહત્વાકાંક્ષા ઉત્પન્ન થવાનો હેતુ બનવાની નથી. તેને બદલે સંસાર આ

એક આનન્દરૂપી સારથી ભરેલો સાગર છે એમ અનુભવ લાવવાનો હેતુ થાય તે માટે આપણા સત્ ગુરુઓ–ઋષિ, મુની, પિતર, આદિ, શિષ્યોપાસે બ્રહ્મચર્યાશ્રમનું યથાવત પાલન કરાવતા હતા, તેમનું અન્તઃકરણ ગુરુમંત્રથી રંગતા હતા અને પછી તેમને સૃષ્ટિવિદ્યાનો ઉપદેશ કરતા હતા અને આ મંત્રને રંગ ધારણ કરવામાં જેને અયોગ્ય સમજતા હતા તેમનો શુદ્ર કોટિમાં–ક્ષુદ્ર બુદ્ધિવાન્ ગણતા હતા. જેટલા ક્ષુદ્ર બુદ્ધિવાન્ તે શુદ્ર હોય છે અર્થાત્ ક્ષુદ્ર બુદ્ધિ ઉપરથી શુદ્રનો બોધ બરાબર થાય છે માટે શ્રેષ્ઠ બુદ્ધિવાન્ થવાની જેનામાં દૃઢ ઇચ્છા જાગૃત થઈ ગયેલી હોય તેણે આ મંત્રથી પરમાત્માનું મહત્વ જાણવાનો પ્રયત્ન કરી ઇષ્ટ પ્રાપ્તી કરી લેવી તેમ સંસારમાં અધિદૈવિક શોધ કરવામાં પ્રવૃત્તિ થતી હોય તો પણ આ ગુરુમંત્ર સહાયતા આપશે. અધિભૌતિક શોધના પ્રચારનો વાંચકોમાંથી ઘણાને પરિચય હશેજ માટે અધિદૈવિક અને અધ્યાત્મિક જે શોધ છે તેમાંથી થોડી અત્રે વાંચકોને જાણવા માટે લખીશું પણ તે શોધ પ્રાપ્ત કરવાને માટે સમર્પણ કરવું જોઇએ.

समर्पणः—(सम–एकभाव; अर्पण–स्वाधीन) અત્યન્ત નમ્રતાથી–અર્થાત્ એકાગ્ર અન્તઃકરણથી પરમાત્માની સાથે એક ભાવ થઈ તેમાં લીન થવું જોઇએ.

મનુષ્યયોનિથી પ્રગટ કરવાલાયક શોધ.

૧ **सर्वभूतरुतज्ञानम्**૦—શબ્દ અર્થ અને જ્ઞાનમાં પરસ્પર

ઘનિષ્ટ સંબંધ છે તેથી શબ્દ અર્થ અને જ્ઞાન પૃથક્ જાણવામાં નથી આવી શકતા પણ તેના વિભાગમાં સંયમ (ધ્યાન, ધારણા અને સમાધિ) કરવાથી પ્રાણી માત્રની ભાષાનું જ્ઞાન થાય છે તેમજ સર્વ (भूतरुत) ભૂતમાં જે જે પૃથક્ ગતિ છે તે પણ જાણવામાં આવે છે.

૨ **पूर्वजातिज्ञानम्०**—સ્મૃતિ અને પંચક્લેશનાં કારણ જે વાસનારૂપ સંસ્કાર તેનાં ફલ ધર્માધર્મરૂપ હોય છે. આ સંસ્કાર (ફલ) પૂર્વજન્મના કર્મથી થાય છે અને પરિણામ, ચેષ્ટા, નિરોધ, શક્તિ, જીવન આ ગુણો સમાન ચિત્તના અપ્રત્યક્ષ ગુણ હોય છે તે સંસ્કારનો સાક્ષાત્કાર થવાથી પૂર્વ જન્મનું જ્ઞાન થાય છે.

(Physiognomy) કાયસામુદ્રિક ચિત્તવૃત્તિનાં પરિણામથી બાહ્ય શરીર રચનામાં જે ફેરફાર જોવામાં આવે છે તેથી ચિત્તની સ્થિતિ અને તેનું કાર્ય દેખાડે છે પણ સંયમી પુરુષ ચિત્તની સાથેજ સંયમ કરી તેનું જ્ઞાન લે છે.

૩ **अन्तर्द्धानम्०**—કાયાગત જે રૂપ છે તેમાં સંયમ કરવાથી, શરીરની રૂપ પ્રગટ કરવાની શક્તિ સ્તંભિત કરવાની-સત્તા આવે છે ત્યારે કોઇને નેત્રપર સ્પર્શ કરવાલાયક પ્રકાશ શરીરમાંથી ન નિકળવાથી યોગીઓનાં શરીર જોવામાં નથી આવતાં તેથી તેને અન્તર્દ્ધાન કહેવામાં આવે છે. રૂપદર્શનનો હેતુ જે પ્રકાશ છે તેને અન્તર્હિત કરવાથી અર્થાત્ પ્રકાશનો શરીરના અણુઓથી પ્રતિપ્રકાશ ન થવા દેવાથી અન્તર્દ્ધાન

ક્રિયા થાય છે. રૂપ અન્તર્દ્ધાન ક્રિયાનો ઉપાય દેખાડવાથી અન્ય શબ્દાદિકના અન્તર્દ્ધાન પણ તેમાં આવી જાય છે.

४ अपरान्तज्ञानम्०—**सोपक्रम**-શીઘ્ર ફલ જનક અને **निरुपक्रम** વિલંબથી ફલ આપનાર કર્મોમાં સંયમ કરવાથી અથવા આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક અરિષ્ટોને જાણવાથી મૃત્યુનું જ્ઞાન થાય છે.

५ बलानि०—મૈત્રી, મુદિતા અને કરુણા આમાં સંયમ કરવાથી બલની પ્રાપ્તી થાય છે. જેમ કે સુખી પ્રાણીની સાથે મિત્રતાનો વર્તાવ કરવાથી તેને સર્વ પ્રાણી પોતાનો મિત્ર લેખે છે. આનું નામ મૈત્રીબલ છે. દુઃખી પ્રાણીને માટે કરુણા અર્થાત્ દયાની ભાવના કરવાથી સર્વ દુઃખી પ્રાણી તેના ઉપર કૃપાળુ દૃષ્ટિથી જોવા લાગે છે ત્યારે તે યોગીમાં-યોગ્ય પુરુષમાં કરુણા બલ પ્રાપ્ત થાય છે અને ધર્માત્મા જે પુણ્યશીલ હોય છે તેમને જોઈ જેનું ચિત્ત પ્રસન્ન થાય છે તેના ઉપર સર્વ ધર્માત્મા પ્રસન્ન હોય છે આભાવનાથી સમાધિ થાય છે અને તે ભાવનામાં સંયમ કરવાથી અનિવાર્ય બલ પ્રાપ્ત થાય છે. મુદિતાવૃત્તિનો અંગીકાર કરી દુઃખી માણસો ઉપર દયા દેખાડનાર લોક પોતાના ધર્મનો સંઘબલ કેટલું વધારી શકે છે તે ઇતિહાસ જોનારાને અવગત હશેજ. પણ અધર્મી લોકોથી યોગીઓનું ચિત્ત ઉદાસીન રહે છે કારણ અધર્મમાં સંયમ ન હોવાથી તેમાં બલ નથી હોતું. આ બલ પ્રાકૃતિક શોધોમાંની કોઈ જાતની શોધથી પ્રાપ્ત થવું

સંભવ છે કે નથી તેનો વિચાર સંયમી પુરુષજ કરી શકે છે ઇતર અંધઃપરમ્પરામાં પડી રહેલા જનો આ બલ ત્રઈનું મહત્વ જાણવા અસમર્થ છે.

૬ **प्राणबल०**—યોગી હસ્તી, બલવાન પશુ, વાયુ આદિના બલમાં જે સંયમ કરે છે, તેના પ્રાણમાં તેના સામર્થ્યયુક્ત બલ પ્રાપ્ત થાય છે.

૭ **सूक्ष्म व्यवहित विपकृष्टज्ञानम्०**—જ્યોતિષ્મતી પ્રવૃત્તિ એ હોય છે કે જેનાથી યોગીનું ચિત્ત સ્થિર ભાવ પ્રાપ્ત કરે છે. મનને સ્થિર કરનાર આ સાત્વિક પ્રકાશની અધિકતાયુક્ત સૂર્ય્ય, ચંદ્ર અને મણીના પ્રકાશ છે. ઇન્દ્રનીલ કિરણોથી (x Rays) પણ આ પ્રકાશ સાત્વિક હોય છે. હ્રદય–આકાશમાં સંયમ કરવાથી બુદ્ધિની સત્તામાં સૂર્યેન્દુગ્રહમણિ પ્રભા સમાન વૃત્તિ બદલાતી જાય છે પણ જ્યારે સાત્વિક પ્રકાશયુક્ત મન હોય છે ત્યારે અસ્મિતાનું અર્થાત પોતાના રુપનું જ્ઞાન થાય છે. આ અવસ્થામાં તરંગરહિત મહાસાગર જેવું શાન્ત ચિત્ત હોય છે અને તેથી સૂક્ષ્મથી સૂક્ષ્મ અણુને જાણવાથી તેનાથી પર જે આત્મા છે તેની પ્રત્યક્ષતા તે યોગીને થાય છે–જીવ પોતાના વાસ્તવિક રુપને જાણે છે અને ઈશ્વરનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરે છે. તે મનને વૃત્તિને જ્યોતિષ્મતી કહેવામાં આવે છે. આ જ્યોતિ-ષ્મતી પ્રવૃત્તિ મનની થાય છે ત્યારે તે સાત્વિક પ્રકાશમાં સંયમ કરવાથી યોગીને સૂક્ષ્મ અથવા કોઈ વ્યવધાનથી (આડ)

છુપાઈ ગયેલી વા દુર દેશમાં પણ જે સૂક્ષ્મથી સુક્ષ્મ ઉત્તમોત્તમ વસ્તુ હોય તેનું પણ તેને જ્ઞાન થાય છે.

૮ **भुवनज्ञानं०**—સૂર્ય્યમાં સંયમ કરવાથી જગતનું યથાર્થ જ્ઞાન થાય છે. સાત્વિક પ્રકાશની સિદ્ધિ થયા પછી સ્થૂલ પ્રકાશની સિદ્ધિ દેખાડવામાં આવે છે. સૂર્ય, ચન્દ્ર અને ધ્રુવ શબ્દોથી શરીરની બહાર જે સૂર્ય્યાદિક હોય છે તેનું ગ્રહણ ન કરવું જોઇયે. પણ શરીરસ્થ સૂર્યાદિનો ગ્રહણ કરવું કારણ શરીરની બહારની વસ્તુમાં સંયમ કરવાનો કોઈ યોગ શાસ્ત્રનો નિયમ નથી.

ઇડા નાડી દક્ષિણ ભાગમાં ચાલે છે તેની સૂર્ય અને વામ ભાગમાં પિંગલા વહે છે તેને ચંદ્ર કહેવામાં આવે છે અને આ ચંદ્ર સૂર્યની મધ્યસ્થ જે સુષુમ્ણા નાડી ચાલે છે તેને ધ્રુવ સંજ્ઞા છે અને ભ્રુકુટીના મધ્યમાં તારાના સમાન પ્રકાશ છે તેને તારા કહેવામાં આવે છે. માટે સૂર્ય નાડી હૃદય આકાશમાંથી જ્યાંથી નિકળે છે ત્યાં સંયમ કરવાથી ભુવનોનું યથાર્થ જ્ઞાન થાય છે એજ દુર્બીન (Telcscope) લઈ ભાસ્કરાચાર્ય આદિ ઋષિઓ સૂર્યસિદ્ધાન્તાદિ ગ્રન્થ રચી જગતને ઋણી કરી ગયેલા છે.

૯ **ताराव्यूहज्ञानम्०**—ચન્દ્ર નાડીમાં સંયમ કરવાથી તારા ગણોનાં જે સમુહ છે તેનું જ્ઞાન થાય છે. સૂર્યના પ્રકાશથી તારાનું તેજ લુપ્ત થાય છે તેથી સૂર્ય સંયમથી તે ગણોનું જ્ઞાન નથી થઇ શકતું માટે ચંદ્રમાં સંયમ કરવો પડે છે.

૧૦ **तारागणांगति ज्ञानं०**—ધ્રુવ નાડીમાં સંયમ કરવાથી તારાગણોના જે સમુહ છે તેનું જ્ઞાન થાય છે. અને આ જે ઉર્ધ્વ ગમન કરનાર વિમાનો (ભુવનો) છે તેની ગતિમાં સંયમ કરવાથી વિમાન વિદ્યા જાણવામાં આવે છે. આ યોગ્યતા પ્રાપ્ત કરેલી હોય તે યોગીઓને કૃત્રિમ દુર્બિનની શું જરુર પડે છે ?

આ સિદ્ધિ ઉપરથી આર્યાવર્તની ગંભીર વિદ્યાની જડ કેવી મજબૂત છે તેનો વાંચકોએ જરુર વિચાર કરવો જોઇએ અને એ દેશની ખરી ઉન્નત દશા લાવવી હોય તો આ ઈશ્વરદત્ત સાધનો પ્રાપ્ત કરવાનો પ્રયત્ન થવો જોઇએ. લાભ રહિત ક્ષુદ્ર વાતોપર વિવાદ કરી કલહ પેદા કરવો આ ઋષિ સંતાનોને યોગ્ય નથી.

મનુષ્યાદિનાં શરીરરચનાનાં જ્ઞાન સાધનો.

૧૧ **कायव्यूहज्ञानम्०**—નાભિચક્રમાં ચિત્તવૃત્તિ સ્થિર કરવાથી (સંયમ કરવાથી) શરીર સમુહનું જ્ઞાન થાય છે. શરીરમાં વાત, પિત્ત અને કફ આ ત્રણ દોષ હોય છે. ચર્મ્મ, રુધિર, માંસ, નસ, હડ્ડી, ચર્બી અને વીર્ય્ય આ સાત શરીર ધારણ કરનાર દ્રવ્યો છે તેને સપ્તધાતુ કહેવામાં આવે છે. આ જે દોષ અને ધાતુ છે તેની સ્થિતિના નિયમ છે કે તે ઉત્તરોત્તર અંતરંગ થતા જાય છે અને એનાથીજ શરીરની સ્થિરતા છે. શરીરમાં જેટલી નાડી ફેલાયલી છે તે તે સર્વનું મૂલ નાભિચક્ર છે તેમાં સંયમ કરવાથી સર્વ નાડીનું યથાર્થ જ્ઞાન થાય છે. આયુર્વેદમાં ચરક સંહિતાના પ્રચારક યોગી પતંજલી છે એટલુંજ અત્રે કહેવું બસ છે.

૧૨ क्षुत्पिपासानिवृत्तिः—જીહ્વાની નિચે તન્તુના જેવી એક બારીક નસ છે. તે તન્તુના અધોભાગમાં કણ્ઠસ્થાન છે જેને નાદોત્પાદક સ્થાન (Larynx) પણ કહેવામાં આવે છે આ કણ્ઠના અધોભાગમાં કૂપ (ગમ્ભીર છિદ્ર) છે. ત્યાં પ્રાણોનો સમ્પર્ક-સ્પર્શ થવાથી ભુખ અને પ્યાસ (તરસ) લાગે છે ત્યાં ગર્તાકાર (ગુફાજેવા) કૂપમાં સંયમ કરવાથી ક્ષુધા અને પ્યાસ (તરસ) ની બાધા નથી થતી.

૧૩ स्थैर्य्यम्०—ગર્તાકાર કુપની નિચે વક્ષસ્થલમાં (ઉરમાં) કુર્મ્માકાર* નાડી છે તેમાં સંયમ કરવાથી યોગી સ્થિર પદને પ્રાપ્ત થાય છે. જેમકે સર્પ વા નક્ર પોતાનાં ઘરમા જાય છે ત્યારે ચંચલતા અથવા ક્રૂરતાનો ત્યાગ કરે છે તેમજ યોગીનું ચિત્ત આ નાડીમાં આવી સ્થિર થાય છે અને શરીરમાં પણ સ્થિરતા પ્રાપ્ત કરેલી હોય તો હાલવું ચાલવું સર્વ બંધ થાય છે

૧૪ सिद्धदर्शनम्०—બ્રહ્મરન્ધ્ર જે શિરના કપાલમાં (ખોપરીમાં) હોય છે તેમાં અત્યન્ત પ્રકાશમાન એક જ્યોતિ છે ત્યાં સંયમ કરવાથી પૃથિવી અને અન્તરિક્ષના મધ્ય પ્રદેશમાં જે સિદ્ધ ફરી રહેલા હોય છે તેનું દર્શન થાય છે. હૃદય આકાશમાં સાત્વિક પ્રકાશ હોય છે તેની પ્રભા, ઘરમાં મુકી દિધેલો મણી હોય તો તેની પ્રભા જેમ ઘરમાં પડે છે તેમજ આ સાત્વિક પ્ર-

---

* આકાર, તત્વનો વાચક શબ્દ હોય છે કુર્મ્મ અવયવો આકુંચિત્ કરે છે, પછી બાહાર કાઢે છે તે ક્રિયાનો વાચકકુર્મ્મ શબ્દ છે. કુર્મ્મ રુપ વાચક નથી.

કાશની પ્રભા સર્વ શરીરમાં ફેલાય છે પણ આ પ્રકાશ બ્રહ્મરન્ધ્રમાં જઈ ત્યાં એકઠો થાય છે ત્યારે ત્યાં સંયમ કરવાથી જે દિવ્ય પુરુષ બીજાની નજરમાં નથી આવતા તેવા યોગીઓ જોવામાં આવે છે.

૧૯ **प्रतिभज्ञानस्योत्पत्ति०**—શિરમાં પ્રતિભ નામક એક તારો છે આ તારાનું સ્થાન બન્ને ભ્રુકુટીના મધ્યમાં છે. વિવેક દ્વારા ઉત્પન્ન થનાર સત્યજ્ઞાનનું તે પૂર્વરૂપ છે, જેમકે સૂર્યોદયની પૂર્વે અરુણોદય હોય છે. આ પ્રતિભજ્ઞાનથી સંપૂર્ણ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. સંપૂર્ણ જ્ઞાનની ઉત્પત્તિ પ્રતિભ તારામાં સંયમ કરવાથી થાય છે તેથી સત્યજ્ઞાનને અર્થે યોગીઓને અન્ય સંયમોની આવશ્યકતા નથી હોતી. આ પ્રતિભ તારાને ત્રિતીય નેત્ર પણ કહેવામાં આવે છે.

૧૬ **चित्तज्ञान०**—હૃદયસ્થલ જેને બ્રહ્મપુર પણ કહે છે ત્યાં દહર એટલે તલાવાકાર સ્થલ છે. તે તલાવમાં અધોમુખ હૃદય કમલનું સ્થાન છે ત્યાં અન્તઃકરણ ચતુષ્ટય સ્થાન હોય છે અને ત્યાં મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર સ્થાનાપન્ન જ્ઞાન રહે છે ત્યાં સંયમ કરવાથી પોતાના અને બીજાના ચિત્તનું જ્ઞાન થાય છે.

૧૭ **पुरुषज्ञानम्०**—બુદ્ધિ અને પુરૂષ અત્યન્ત ભિન્ન છે. બુદ્ધિ વિચારરૂપ જ્ઞાનનો પ્રકાશ કરનાર ઇન્દ્રિય છે. જીવ અજ્ઞાનથી બુદ્ધિનું પોતામાં આરોપણ કરે છે. તેની એકતાના જ્ઞાનને ભોગ કહે છે. બુદ્ધિના વિચારથી પુરુષ પ્રત્યય (જ્ઞાન)માં સંયમ કરવાથી પુરુષનું જ્ઞાન થાય છે.

૧૮ दिव्यज्ञान०—(સત) બુદ્ધિ અને પુરુષના ભે
પ્રત્યયમાં સંયમ કરવાથી પ્રતિભા સંબંધિ જ્ઞાન થાય
અર્થાત્ બુદ્ધિવર્ધક જ્ઞાન થાય છે તે (सूक्ष्मव्यवहितविप्रकृष्ट
तानागतज्ञानम्) સૂક્ષ્મ, ગુપ્ત, શ્રેષ્ઠ, ભૂતભવિષ્યતનું જ્ઞાન
તે જ્ઞાન દિવ્યશ્રવણ, દિવ્યસ્પર્શ, દિવ્યદૃષ્ટિ, દિવ્યરસજ્ઞાન
દિવ્યગંધજ્ઞાન ઉત્પન્ન કરે છે.

ते समाधावुपसर्गाव्युत्थाने सिद्धयः ॥

योग० वि० पा० ३ सू० ३९ ॥

પ્રતિભાદિ દિવ્યશ્રવણાદિ સિદ્ધિ મોક્ષપ્રાપ્ત અર્થની સમ
અવસ્થામાં અર્થાત્ કૈવલ્ય સમાધિમાં વિઘ્નરૂપે હોય છે
સાંસારિક વ્યવહારમાં એટલે વ્યુત્થિત ચિત્તવાલાને આ સિ
તરીકે હોય છે. કારણ સાંસારિક વ્યવહારમાં આ સિદ્ધિ અ
લાભદાયક હોય છે.

૧૯. परशरीरावेशः०—

**बन्धकारणशैथिल्यात् प्रचारसंवेदनाच्च चित्तस्य परशरी-
रावेशः ॥** यो० वि० पा० ३ सू० ३६ ।

મનના બંધનનું જે કારણ છે તેમાં શિથિલતા આવ
અને મનના પ્રચાર અર્થાત્ પ્રવેશ અને નિર્ગમક્રિયાનું
થવાથી ચિત્ત પરશરીરમાં પ્રવેશ કરવાની સિદ્ધિ મેળવે છે.
અતિ ચંચલ છે પણ શરીરમાં કર્મફલમાં વશ થવાથી તે આ

મનના શરીરમાં બન્ધ છે પણ તે બન્ધના કારણરૂપ કર્મની શિથિલતા સમાધિના પ્રતાપથી થાય છે. ચિત્તનું પ્રચારજ્ઞાન થાય છે ત્યારે તે જે નાડીઓ દ્વારા ઇન્દ્રિયોમાં જાય છે અને વિષય તરફ નિકળી પડે છે તે નાડીઓને ચિત્તવહા નાડીઓ કહેવામાં આવે છે. ચિત્તવહા નાડીઓ રસ અને પ્રાણવહા નાડિથી વિલક્ષણ પ્રકારની હોય છે. યોગી જ્યારે પોતાના શરીરમાં ચિત્ત કેમ સંચાર કરે છે તે જાણે છે ત્યારે બીજાના શરીરનું જ્ઞાન થઈ જાય છે. મન બીજાના શરીરમાં, પછી તે મૃતપ્રાય હો અથવા સજીવન કાર્ય કરતા હો, તેમાં પ્રવેશ કરી શકે છે. ઇન્દ્રિયો મનની અનુગામી હોવાથી રાણી મક્ષીકાની પાછળ બધી મક્ષીકા જાય છે તેમ ઇન્દ્રિયો મનની પાછળ જાય છે. બીજાના શરીરમાં ચિત્તનું પ્રવેશ કરાવી યોગી પોતાના શરીર જેવો ત્યાં સર્વ વ્યવહાર કરે છે ત્યારે તે યોગનું શરીર મૃતવત્ દેખાય છે પણ તે હાલતમાં આત્મા શરીરમાં જ હોય છે તે ચિત્તને બહાર કામે લગાડી પોતે બ્રહ્મ રૂપાતનો આનંદ ભોગ કરે છે.

યોગાવેશ (Masmerseum) નામની જે ક્રિયા હાલ લોક કરે છે તેમાં પોતાનું ચિત્ત બીજાના શરીરમાં પ્રવેશ કરવામાં નથી આવી શકતું. ત્યાં તો પોતાના માનસિક બલથી બીજાનું નિર્બલ ચિત્ત હોય તો તેને દબાવી નાખવામાં આવે છે. બીજાનું ચિત્ત દબાઈ ગયું તે મનુષ્ય વા પશુ હોય તો આપણે તાબે થાય છે. આ ક્રિયાનો યોગ સાથે કંઈ સંબંધ નથી તેથી દૃઢ મનવાળો પુરુષ આ યોગાવેશ ક્રિયા જલદી હાંસલ કરે છે. ચિત્ત

અને આત્માનો એકભાવ તેજ ભોગ છે પણ જ્યારે ભોગ તૃષ્ણા નથી રેહેતી ત્યારેજ ચિત્તનો બંધ શિથિલ થાય છે તેથી ચિત્ત-નો પરકાયાવેશ અને હાલનો યોગાવેશ બે એક છે એમ ન સમ-જવું કારણ યોગી ચિત્તનો પરકાયાપ્રવેશ કરી સ્વતંત્ર થઈ સમાધિમાં રહી સુખી થાય છે.

૨૦ उदानजयः—સંપૂર્ણ ઇન્દ્રિયોમાં વાસ કરનાર પ્રાણાદિ વાયુ સર્વનું જીવન અથવા આધાર હોય છે તે પ્રાણની પાંચ ગતિ છે. તેમાંથી૦—

૧ प्राणोमुखनासिकागतिराहृदयवृत्तिः०—મુખ અને નાસિકા દ્વારા જેનું ગમન થાય છે અને હૃદય સુધી જે વર્ત્તમાન હોય છે તે પ્રાણવાયુ છે.

૨ समंनयनात्समानश्चानाभिवृत्तिः०—સમતાને પ્રાપ્ત કરનાર વાયુ નાભિ સુધી રહે છે.

૩ अपनयनादपानमापादतलवृत्तिः०—અધોગમન કરનાર વાયુને અપાન સંજ્ઞા છે અને તે વાયુ નાભિના અધોભાગથી પદતલ સુધી ગમન કરે છે.

૪ उन्नयनादुदानमाशिरोवृत्तिः०—ઉર્ધ્વગામી વાયુને ઉદાન કહે છે અને તે કણ્ઠથી શીર પર્યંત આવી રહેલા હોય છે.

૫ व्यापीव्यानइतिः०—શરીરમાં વ્યાપક હોય છે તે વાયુની વ્યાન સંજ્ઞા છે.

આ સર્વ વાયુમાં પ્રાણવાયુ પ્રધાન છે. તેથી પ્રાણ અને ઉદાનમાં સંયમ કરવાથી અને ઉદાનને જીતવાથી અર્થાત્ મૂલાધાર દ્વારા તેની ગતિ રોકવાથી યોગી, જલ નદિયો મહાપંકમાં તથા શરીરને વેધન કરનાર કાંટા આદિથી પણ હાનીકારક પરિણામને નથી પ્રાપ્ત થતાં, તેમજ ઉત્ક્રાંતિ અર્થાત્ મરણ સમયપર પ્રાણવાયુને શરીરમાંથી નિકળી જવાનો સમય હોય છે ત્યારે પણ તેને યોગી વશ રાખે છે અને શરીરમાંથી પ્રાણને નિકળી જવાની ક્રિયાને રોકી શકે છે.

૨૧ समानजय०—કાયાગ્નિની સાથે મળી શરીરમાં સમાન વાયુ રહે છે તેને જીતી લેવાથી યોગીના શરીરમાં તેજની વૃદ્ધિ થઈ તેઓ જાજ્વલ્યમાન થાય છે, અર્થાત્ તેજસ્વી દેખાય છે.

૨૨ दिव्यश्रवण०—સર્વ પ્રાણી માત્રની કર્ણેન્દ્રિયનો આધાર આકાશ છે અને સંપૂર્ણ શબ્દનો પણ આધાર આકાશજ છે. એક સ્થાનમાં શબ્દોનું ઉચ્ચારણ કરેલું હોય છે ત્યારે તે સ્થલમાં જેટલા હોય છે તે સર્વના સાંભળવામાં તે શબ્દ આવે છે. આજ આકાશનું ચિન્હ છે કારણ વિના આકાશ શબ્દ કર્ણ ઇન્દ્રિમાં પ્રવેશ નથી કરી શકતો. પરંતુ આકાશમાં નાદનાં આન્દોલનો ઉદાત્તાનુદાત્ત સ્વરિત અને હ્રસ્વ દીર્ઘ પ્લુત શબ્દ ઉત્પન્ન કર્યા પછી તેના સ્થાનાંતરથી જે વિભાગ પડે છે અથવા સ્થાના-

ન્તર કરવામા જે જે અડચણો આવે છે તે પ્રકારનાં વર્ણોનાં આન્દોલનો થાય છે અને તેને કર્ણ ઇન્દ્રિજ ગ્રહણ કરી શકે છે શબ્દનું ગ્રહણ કરવાનું નિમિત્ત કર્ણ ઇન્દ્રિજ છે નહીં તો કેવલ આકાશની સાથેજ શબ્દનો સંબંધ હોત તો બ્હેરો પણ શબ્દ સાંભળતો માટે કર્ણ ઇન્દ્રિયજ શબ્દનો વિષય છે. કર્ણેન્દ્રિ અને આકાશનો જે સંબંધ છે તેમાં સંયમ કરવાથી દિવ્યશ્રવણ થાય છે. આજ રીતે એકેક ઇન્દ્રિય અને તેનો કાર્ય ભૂતની સાથે જે સંબંધ છે તેમાં સંયમ કરવાથી દિવ્ય ઇન્દ્રિયવિજ્ઞાનની સિદ્ધિ થાય છે.

કર્ણેન્દ્રિય	આકાશ	આકાશ	દિવ્યશ્રવણ
ત્વક્ ,,	વાયુ	,,	,, સ્પર્શ
નેત્ર ,,	તેજ	,,	,, દૃષ્ટિ
રસના ,,	જલ	,,	,, સ્વાદ
નાસિકા,,	પૃથિવી	,,	,, ગન્ધ

સર્વ ઇન્દ્રિય વિષયોનાં આન્દોલનો આકાશ (Ether) માંજ થાય છે પણ તે આન્દોલનો અલગ અલગ તન્માત્રાથી આકાશમાં પ્રગટ થવાથી એક ઇન્દ્રિયનું આન્દોલન બીજી ઇન્દ્રિય ગ્રહણ નથી કરી શકતી. ઇન્દ્રિય + તન્માત્રા + આકાશ મળી જે ઘનિષ્ટ મેલ થઈ ઇન્દ્રિય વિષયોનાં આન્દોલનો બને છે તેમાં સંયમ કરવાથી દિવ્યઇન્દ્રિય વિષય વિજ્ઞાન થાય છે.

૨૩ आकाशगमनम्०—અણૂઓનો સમુહ એકત્ર થઈ પ્રાણીઓનાં શરીર અથવા સૃષ્ટિમાંના દ્રવ્યસમુહ જ્યાં જ્યાં

હોય ત્યાં ત્યાં તે અણુઓમાં (આકાશ) અવકાશ પણ હોય છે. કારણ આકાશ શરીરને અવકાશ આપનારૂં હોય છે. માટે કાયા અને આકાશનો જે સમ્બન્ધ છે તેમાં સંયમ કરવાથી કાયા અને આકાશનો સમ્બન્ધ વશકરેલો હોય અને પરમાણુંની લઘુ (હલકી) અને ગુરૂ (ભારી) અવસ્થાનું જ્ઞાન પ્રાપ્ત કરેલું હોય તો ગુરૂતાના સંબન્ધને જીતી લઈ યોગી કાયામાં લઘુત્વ પ્રાપ્ત કરી લે છે. "गुरुत्वं जलभूम्योः पतन कारणम् प्रत्यक्षं पतनकर्मानुमेयं"

"**संयोग प्रयत्न संस्कार विरोधि**" ॥ वै. प्र. पाद. ॥

અપ્રત્યક્ષ કારણથી જલ અને ભૂમી રૂપમાં આવેલા અણુ સંઘાતનું પતન થાય છે પડવાનું જે કર્મ થાય છે, તે કેમ થાય છે તે પ્રત્યક્ષ નથી; તે અનુમાનથીજ જાણવું પડે છે. સંયોગ, પ્રયત્ન અને સંસ્કાર ગુરૂત્વના વિરોધી છે. માટે પડવાના અપ્રત્યક્ષ કારણમાં સંયમ કરવાથી ગુરૂત્વના પડવાના કારણનું જ્ઞાન થાય છે અને સંસ્કાર, સંયોગ અને પ્રયત્નથી તેનાથી વિરૂદ્ધ ક્રિયા કરવાથી યોગી લઘુ અવસ્થા પ્રાપ્ત કરવામાં સમર્થ થાય છે.

૨૪ प्रकाशावरणक्षयः०—બાહ્ય વિષયોમાં મનની બે પ્રકારની વૃત્તિ હોય છે. એક કલ્પિત અને બીજી અકલ્પિત. તેમાંથી શરીરની બહાર શરીર આશ્રયની અપેક્ષા ન કરનાર જે મનની વૃત્તિ છે તેને મહાવિદેહા વૃત્તિ કહેવામાં આવે છે કારણ આવૃ-

ત્તિથી અહંકારનો વેગ દુર થાય છે. આવૃત્તિમાં યોગી સંયમ કરે છે ત્યારે પ્રકાશનું આવરણ દુર થાય છે; અર્થાત્ સાત્વિક ચિત્તનું પ્રકાશથી આવરણ કરનાર અવિદ્યાદિ કલેશ અને કર્મ-ક્ષય થાય છે. શરીરનો અહંકાર રહે છે ત્યાંસુધી મનની બાહ્યવૃત્તિ હોય છે તેને કલ્પિતા કહે છે. અને જ્યારે શરી-રના અહંકારનો ત્યાગ કરી સ્વતંત્ર ભાવથી મનથી વૃત્તિ બહાર રહે છે ત્યારે તેને અકલ્પિતા કહેવામાં આવે છે માટે તેમાં સંયમ કરવાથી કલેશ, કર્મ, વિપાક (કર્મફલ) એત્રણ જેમકે બુદ્ધિનાં આવરણ છે તેનો ક્ષય થાય છે.

સબીજ અને નિર્બીજ સમાધિ સિદ્ધિના ઉપાયો.

૧ **भूतजयः०**—શરીર, વૃક્ષ, અને પરમાણુયુક્ત સિદ્ધાવયવ સમુહ છે જેને પતંજલી ઋષિ દ્રવ્ય કહે છે. આ સમુહ તત્વોનું એક રૂપ છે. તન્માત્રા, જેવું ભૂતકારણ છે તે તેનું સુક્ષ્મ રૂપ છે. અને તેના એકેક અવયવ પરમાણુ સંજ્ઞક છે. પંચભૂતોનાં પાંચ રૂપ છે. તે અને પાંચ ભૂતમાં સંયમ કરવાથી તે તે ભૂતના રૂપનું જ્ઞાન થાય છે તેથી યોગી પંચભૂતોના સ્વરૂપને જીતી લઈ તત્વોનો જય પ્રાપ્ત કરે છે. અને ભૂતજય થવાથી સમસ્ત ભૂત પ્રકૃતિ યોગીની ઈચ્છા પૂર્ણ કરનારી થાય છે જેમકે ગૌ પોતાના વાછડાની ઈચ્છા પૂર્ણ કરનારી હોય છે. અથર્વ વેદના પ્રથમ મંત્રમાં પંચ ભૂતથી થતાં ગયેલાં વિશ્વરૂ-પોનો જય કરવાની આજ્ઞા છે. આ વિશ્વરૂપો જે તત્વરૂપમાં ૬૩ છે તેનો જય થાય છે ત્યારે ભૂતજય સહજ થાય છે.

१ तत्वोनुं प्रथमं रूपं०—પૃથિવ્યાદિ સ્થુલ દ્રવ્ય અને તેના સહકારી ગુણ છે તે—

२ ,, द्वितीयं रूपं०—પૃથિવ્યાદિનું જે મૂર્ત સ્વરૂપ જોવામાં આવે છે તે ભૂમિ ધૃતાદિજલ, ઉષ્ણુતા, વાયુ ગમન શીલ અને આકાશ જેમાં સર્વનુ ગમનાગમન થાય છે તેનું શબ્દથી જ્ઞાન થાય છે અને તેના સામાન્ય રૂપનાં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગન્ધાદિ વિશેષ રૂપ છે. આ પાંચેની એક જાતિ છે અર્થાત્ મૂર્ત્તત્વ અથવા ભૂતત્વ ગુણથી એક છે પણ હરેએકના અન્ય ગુણ ધર્મ હોવાથી ભિન્ન છે. આ સામાન્ય વિશેષ દ્રવ્ય ગુણોના એકત્રિતપણાને સમુહ કહેવામા આવે છે. તે.—

३ ,, तृतीयं रूपं०—પંચભૂતોથી તન્માત્રા ત્રીજું રૂપ છે.

४ ,, चतुर्थं रूपं०—ખ્યાતિ, પ્રકાશ, ક્રિયા, સ્થિતી સ્વભાવવાન ગુણવાન આ ભૂત છે તે તેનું ચતુર્થ રૂપ છે.

५ तत्वोनु पंचमं रूपं०—અર્થવત્વમ્ અર્થાત્ ભોગ અને મોક્ષરૂપ જેટલા અર્થ હોય છે તે સર્વ ભૂતોના ગુણથી સમ્બન્ધ રાખનારાં હોય છે અને ગુણ તન્માત્રાથી સમ્બન્ધ રાખનારા છે.

આ ક્રમથી સર્વ અર્થ ભૂતોમાં હોય છે. આ ભૂતોનું યથાર્થ દર્શન કરવું હોય તો પાંચ ભૂત અને તેનાં પાંચ રૂપોમાં સંયમ કરવો જોઈએ.

२ अणिमादिप्रादुर्भावः०—ભૂતજય થવાથી યોગીને (૧) અણિમા (૨) લઘિમા (૩) મહિમા (૪) ગરિમા (૫) પ્રાપ્તિ (૬) પ્રાકામ્ય (૭) વશિત્વ (૮) ઈશિત્વની પ્રાપ્તિ થાય છે.

આ અણિમાદિ સિદ્ધિ ભુતજય થયા પછી પ્રાપ્ત થાય છે માટે ભુતજય થયા પછી યોગીનો આત્મા જીવન્મુક્ત કોટીનો હોય છે તેથી યોગીના સંકલ્પાનુસાર સર્વ પદાર્થ તેને પ્રાપ્ત થાય છે. પરંતુ યોગી જગતના પદાર્થોમાં વિપર્ય્યય નથી કરતા કારણ સૃષ્ટિનિયમ વિરૂદ્ધ યોગી કોઈ પણ કામ નથી કરતા કારણ પરમયોગી સર્વ સિદ્ધોના સિદ્ધ પરમેશ્વર છે તેના કાર્યથી વિરૂદ્ધ કોણ જઈ શકશે?

अष्टसिद्धि.

१ अणिमा०—સંકલ્પાનુસાર પરમ અણુ સાથે વ્યવહાર કરવાની સત્તા

૨ लघिमा०—પરમ અણુથી સૂક્ષ્મરૂપનું શરીર બનાવવું.

૩ महिमा०—તેમજ સંકલ્પાનુસાર મોટું શરીર બનાવવું.

૪ गरिमा०—ભારી વજ્રકાય જેવું શરીર તૈયાર કરવું.

૫ प्राप्ति०—સૂક્ષ્મરૂપ શરીરને માટે ચંદ્રશક્તિ, વીર્ય-શક્તિ જે અણુઓમાં લીન થયેલી છે તેને પ્રાપ્ત કરી લેવી.

૬ प्राकाम्य०—સંકલ્પ અનુસાર શરીરાવયવ ઈન્દ્રિયો વગેરે કાર્ય કરવાને પ્રવૃત્ત થાય છે.

૭ वशित्व०—સર્વ ભુતને પોતાના વશમાં રાખવાં પણ પોતે કોઈના વશમાં ન રહેવું આ સિદ્ધિથી જ-લમાં જેમ કોઈ ચીજ અથવા શરીર ડુ-બીને રહે છે તેમ પોતે સંસારરૂપી જલમાં રહી કોઇની નજરે ન પડવું આ વશિત્વ સિદ્ધિ છે.

૮ ईशीत्व०—યોગી ભુત અને ભૌતિક પદાર્થનો પ્રભાવ અથવા ઉત્પત્તિ પ્રલય અને સ્થિતિના જ્ઞા-નથી સમર્થ હોય છે તેથી સંકલ્પાનુસાર તેની પ્રકૃત્તિની સ્થિતી થાય છે.

આ અણુ સમ્પત્તિની સિદ્ધિયો દર્શાવ્યા પછી કાય સમ્પત્તિની સિદ્ધિ આગલા સૂત્રમાં દર્શાવેલી છે.

૩ **कायसंपत्**०—દર્શનીય કાંતિ, અતિશય બલ, વજ્ર

સહન કરી શકે તેવું વજ્રશરીર થવું આ કાય સંપત્તિ છે. વજ્રશરીર કેમ કરવું તેનું વર્ણન બીજા ભાગમાં કરેલું છે.

૪ **इन्द्रियजय**—જેનાથી પદાર્થજ્ઞાન થાય છે તે ઈન્દ્રિય સ્વરૂપ છે (૧) બુદ્ધિ, (૨) અસ્મિતા, (૩) અહંકાર, (૪) ઈન્દ્રિયોના ગુણ અને (૫) વાસના આ પાંચમાં સંયમ કરવાથી યોગીને સમસ્ત ઇન્દ્રિયો વશ થાય છે. સામાન્ય અને વિશેષ રૂપથી શબ્દાદિક જેટલા વિષયો છે તે સર્વ ગ્રાહ્ય છે. તે ગ્રાહ્ય વિષયોમાં, ઈન્દ્રિયોની વૃત્તિ જાય છે તેને ગ્રહણ કહેવામાં આવે છે. પરંતુ તે વૃત્તિ સામાન્ય ગ્રહણાકાર નથી કારણ કોઈ વખત વિના વિચાર, વિષયો મનથી વા ઈન્દ્રિયોથી ગ્રહણ કરવામાં આવે છે તેમાં પ્રથમ ગ્રહણ દ્વારા વિષય ગ્રહીત થાય છે, તે ઇન્દ્રિયોનું **પ્રથમ સ્વરૂપ** છે અને મન દ્વારા તે વિષયના જે વિચાર થાય છે તે **દ્વિતીય સ્વરૂપ** છે. અને ત્યારે પછી જ્ઞાનસ્વરૂપ બુદ્ધિ સામાન્ય અને વિશેષ સ્વરૂપને દેખાડે છે તે ઇન્દ્રિયોનું **તૃતીય રૂપ** છે (અસ્મિતા) અહંકાર **ચતુર્થ રૂપ** છે, અનેક કાર્યોમાં પ્રકાશ, ક્રિયા, સ્થિતી શીલ ગુણવાન ઇન્દ્રિયોનું કાર્ય થાય છે તે કાર્ય અહંકાર સહિત હોય છે તે ઇન્દ્રિયોનુ **પંચમ રૂપ** છે અર્થાત્ (૧) ગ્રહણ (૨) સ્વરૂપ (૩) અસ્મિતા (૪) અન્વય અને (૫) અર્થવત આ ઇન્દ્રિયોના પંચ ગુણોનો સંગ પુરૂષાર્થ અથવા ઉદ્યોગથી થાય છે તે પાંચ રૂપ જેને **ગ્રહણપંચક** કહેવામાં આવે છે તેમાં ક્રમથી સંયમ કરવાથી ઇન્દ્રિયોનો જય થાય છે.

૫ મનોજવિત્વ અને પ્રધાન જય૦—શરીરની ઉત્તમ ગતિ પ્રાપ્ત કરવી હોય તેને (૧) **મનો જવિત્વ** કહેવામાં આવે છે; શરીર સંબન્ધનો ત્યાગ કરી અન્તર્વૃત્તિવાન ઇન્દ્રિયોની ઇષ્ટ ગતિ છે તેને પ્રાપ્ત કરવી તેને (૨) **વિકરણભાવ** કહે છે અને પ્રકૃતિના વિકારને જીતવો તેને (૩) **પ્રધાન જય** કહે છે. આ ત્રણ સિદ્ધિને **મધુપ્રતીક** સંજ્ઞા છે. આ ત્રણની સિદ્ધિ પુર્વોક્ત કારણ અર્થાત્ ગ્રહણપંચકને જીતી લેવાથી થાય છે.

૬ सर्वभावाधिष्ठातृत्वंसर्वज्ञातृत्वंच०—સત્વવિશિષ્ટ બુદ્ધિના રજોગુણ અને તમોગુણના મલ ધોવાઈ ગયેલા હોય છે ત્યારે યોગી પરમ વિશારદ થાય છે અને તેથી તેની પરમવશીકાર સંજ્ઞા થાય છે અર્થાત્ સમસ્ત વિષયોથી બુદ્ધિને રોકવાની અવસ્થામાં યોગી આવે છે ત્યારે સર્વ ભાવનું સ્વામિપાણું પ્રાપ્ત કરે છે. એટલે સર્વકતૃત્વરૂપ સમાધી થાય છે. સર્વાધિષ્ઠાતૃત્વનો અર્થ એ છે કે આત્માના જેટલા ગુણ છે તે સર્વ આપણા સ્વામી ક્ષેત્રજ્ઞને દૃશ્ય થઈ પ્રાપ્ત થાય તે ગુણ જેવા કે શાન્ત (વ્યાપાર રહિત) ઉદિત (સચેષ્ટ) અને અવ્યપદેશ ધર્મવાન હોય છે તેનું જે યથાર્થ વિવેક જ્ઞાન થાય છે તે **વિશોક** નામ સિદ્ધિ છે તેને સર્વજ્ઞાતૃત્વ પણ કહેવામાં આવે છે. આ સિદ્ધિ જેને પ્રાપ્ત થાય છે તે યોગી સર્વજ્ઞ, બંધન રહિત, જીતેન્દ્રિય થઈ જગતમાં વિચરે છે.

૭ कैवल्यम्०—વિશોકાદિ સિદ્ધિમાં પણ જ્યારે વૈરાગ

ઉત્પન્ન થાય છે ત્યારે રાગાદિ દોષની બીજરૂપ અવિદ્યા છે તેનો ક્ષય થઈ કૈવલ્ય પ્રાપ્ત થાય છે. યોગી સત્વને પણ એજ પક્ષમાં ગણે છે, શુદ્ધ બુદ્ધિથી પણ પોતાને પૃથક્ માને છે અને જગતથી ઉપરત થાય છે ત્યારે તેના સર્વ ક્લેશબીજ, બળી ગયેલાં ધાન્યના બીજ જેમ ફરીથી વાવવાના કામમાં નથી આવતાં તેમ મન સંકલ્પ વિકલ્પ સહિત અસ્ત થાય છે અને યોગી તાપત્રય દુઃખમાં નથી ફસતા અને સત્વગુણોથી પણ તેનો અત્યન્ત વિયોગ થાય છે. તે અવસ્થાને **કૈવલ્ય, સ્વરૂપ પ્રતિષ્ઠા** અથવા **ચિતિ શક્તિ** કહેવામાં આવે છે અને તેજ **પુરૂષ** છે.

યોગભુમિમાં જે યોગી સ્થિર નથી રહેતા તેને ફરીથી અનિષ્ટ પ્રાપ્તી થાય છે. યોગી ચાર પ્રકારના હોય છે તેમાંથીઃ—

૧ પ્રથમ કલ્પિક	૨ મધુભુમિક
૩ પ્રાજ્ઞ જ્યોતિ અને	૪ અતિક્રાન્તભાવનીય.

તેમાંથી૦—

૧ **પ્રથમ**—ની જ્યોતિમાંજ પ્રવૃત્તિ થાય છે.

૨ **બીજા**—ઋતસ્મર પ્રજ્ઞ હોય છે. સ્થિરચિત્તવાન બુદ્ધિને ઋતમ્ભરા સંજ્ઞા હોય છે (ઋત્) સત્યનોજ સંગ્રહ કરનાર બુદ્ધિ જે ઋત્–નામ વેદવિદિત સત્ય જ્ઞાનનો સંગ્રહ કરનારી હોય છે.

૩ **તૃતીય**—ભુતેન્દ્રિય જીતી લેનારા હોય છે.

૪ **ચતુર્થ**—જેટલા વિચાર કરી લીધેલા અને વિચાર કરવા લાયક વિષયો છે તેની જેને રક્ષાબંધ કરેલી છે

અર્થાત્ કર્તવ્ય સાધન જેણે કરેલાં છે તે અતિક્રાન્તભાવનીય યોગી છે કારણુ આ યોગીનું ચિત્ત એકજ વિષયમાં સંલગ્ન થઇને રહે છે. યોગીની સાત પ્રકારની પ્રાન્તભુમિ હોય છે તેમાંથી—

૧ **મધુમતીભુમિ** જ્યારે યોગીને પ્રાપ્ત **થાય** છે ત્યારે દેવલોક—વિદ્વાનલોક—યોગીના ચિત્તની શુદ્ધિ જોઈ પ્રસન્ન થઈ તેમને નિમંત્રણુ કરે છે અને કહે છે કે યોગીરાજ આવો અને રમણુ કરો આ જો મનોહર ભોગ છે, આ મનોહર કન્યા છે, આ રસાયણો જરા—વૃદ્ધ અવસ્થા અને મૃત્યુનો નાશ કરે છે, આ આકાશગામી યાન છે. આવો, બેસો આ કલ્પવૃક્ષ છે, આ પવિત્ર ગંગા છે, આ જોઈ લો. આ સિદ્ધ ઋષિલોકો છે. ઉત્તમ અને પ્રેમ કરનાર અપ્સરાને જોઈ લો આ દિવ્યશ્રોત્ર્ નેત્રાદિ ક્રિયા સિદ્ધિ અહિંઆં મળશે. વજ્ર સમાન શરીર થશે આ સર્વ તમોને પોતાના ગુણથી પ્રાપ્ત થયેલાં છે તેનો સ્વીકાર કરો.

પરંતુ અક્ષય અજર અમર જે દેવતાનું સ્થાન છે ત્યાં દૃષ્ટિ રાખી આ મોહયુક્ત વચનોમાં લિપ્ત ન થઈ તે સર્વના સં-

ગમાં દોષ અને દોષજ જોઈ યોગી જવાબ આપે છે કે ઘોર સંસાર અગ્નિમાં બળી જતાં જતાં મેં કલેશનો નાશ કરેલો છે અને યોગ રૂપી દીપક પ્રાપ્ત કરેલો છે તેનાથી ઉક્ત સર્વ વિષયો, તૃષ્ણાયોનિના છે એમ જોવામાં આવે છે. વિષય-રૂપ વાયુ યોગના શત્રુ છે ત્યારે મેં પ્રકાશરૂપ અગ્નિને પ્રાપ્ત કરેલો છે તે શું હું ફરીથી બળતા સંસાર અગ્નિમાં આત્માને ઇન્ધન પ્રમાણે બળવા દઉં ? દેવતા જે સિદ્ધિ દેખાડે છે અને તેનાથી ઉત્તમ વિષયોમાં ફસાવવાના પ્રયત્ન કરે છે તેને યોગી કહે છે કે તમારૂં પરમાત્મા કલ્યાણ કરે, આ સર્વ સિદ્ધિ સ્વપ્ન જેવી મને દેખાય છે. દીન અને દરિદ્રી લોકજ આ સિદ્ધિની ઇચ્છા કરે છે. આવી દૃઢ મતિ રાખી મધુમાન યોગી સમાધિનીજ ચિંતા કરે છે. પણ પ્રમાદથી સિદ્ધિમાં ફસી જનારા યોગી કલેશોને પ્રાપ્ત કરે છે અને આ અનેક સિદ્ધિમાંથી પણ ફરીથી અનિષ્ટની પ્રાપ્તિ કરનાર બને છે.

૮ **विवेकजंज्ञानम्०**—તારક વિવેકજન્ય જ્ઞાનની સંજ્ઞા છે. આ જ્ઞાન પોતાની પ્રતિભા બુદ્ધિથી ઉત્પન્ન થાય છે. કોઇના ઉપદેશ વિના આત્મામાં જે જ્ઞાન છે તેની પ્રકટતા થાય છે તેને તારક કહે છે. સર્વ વિષયોના અર્થ અજ્ઞાનમાં હોય છે. કોઈપણ વિષય અજ્ઞાનથી છુટી જતો નથી. એકેક ક્ષણમાં જેટલા પદાર્થ જગતમાં કાર્ય કરે છે તે સર્વને પૂર્ણપણે યોગી જાણે છે માટે આને વિવેકજજ્ઞાન કહેવામાં આવે છે. આ વિવેકજજ્ઞાનનો એક ભાગ યોગ પ્રદીપ હોય છે અને તે મધુમતિ

ભૂમિથી તારકજ્ઞાનપ્રાપ્તિ સુધી રહે છે. આ તારકજ્ઞાન પ્રાપ્ત થયા પછી યોગીની શું અવસ્થા થાય છે તે પાતંજલ ઋષિ દેખાડે છે.

सत्वपुरुषयोः शुद्धि साम्ये कैवल्यमिति ॥

योग० द. त्रि० पा० सू० ५२ ॥

બુદ્ધિ અને પુરુષો બન્ને શુદ્ધતામાં સમાન થાય છે ત્યારે મોક્ષ થાય છે.

જ્યારે બુદ્ધિથી રજોગુણ નષ્ટ થઈ જાય છે ત્યારે તે નિર્મળ બુદ્ધિ પુરુષ નિર્મળતાની સમાન થાય છે. આ સ્થિતિમાં પુરુષને ભોગોનો અભાવ થાય છે અને આજ અવસ્થા કૈવલ્ય અવસ્થા હોય છે. કૈવલ્ય પ્રાપ્તિ થયા, પછી પુરુષ સ્વતંત્ર થાય છે, કારણ જ્ઞાનથી વિષયસાધન નિવૃત્ત થઈ જાય છે અને સાધનનિવૃત્તિથી ક્લેશોની નિવૃત્તિ થાય છે. તેનાથી કર્મવિપાકનો અભાવ થાય છે તેથી વિપાકના અધિકાર નષ્ટ થાય છે ત્યારે સત્વરજાદિથી ઉત્પન્ન થનાર કોઈ ગુણનો દૃશ્ય ભાવ પુરુષના જોવામાં નથી આવતો. પુરુષની આ દશાને કૈવલ્ય કહે છે અને પુરુષ પ્રકાશસ્વરૂપ નિર્મલ કૈવલ્યભાગી થાય છે.

આજ પુરુષની મોક્ષ અવસ્થા છે.

वृत्तियाम.

ચિત્તવૃત્તિનો નિરોધ જેની વૃત્તિયામ એવી પણ સંજ્ઞા છે તેની પરમપદ પ્રાપ્તિ માટે અત્યંત આવશ્યકતા છે પણ તેનો સરળ ઉપાય શું છે તે જાણવામાં નથી આવતો. ઘણા ગૃહસ્થ પુરુષ

યોગની ક્લિષ્ટતા દેખાડવાને આ વાત પ્રમાણુ તરીકે રજુ કરે છે. સંધ્યામાં જેટલાં કર્મ કરવાનાં હોય છે તે સર્વ યોગને અનુસરીનેજ છે તે વાંચકો સંધ્યાકર્મના શબ્દની વ્યાખ્યા ઉપરથી જરૂર જાણી લેશે. સંધ્યા કર્મજ ચિત્તવૃત્તિના નિરોધનો સરળ ઉપાય છે. માટે ઉપાસક અથવા યોગીને ઉચિત છે કે ચિત્તની જે અનેક વૃત્તિ છે તેનો પ્રથમ નિરોધ કરવો. કારણુ વૃત્તિઓને દૂર કરી લીધા પછી સંપ્રજ્ઞાત અથવા અસંપ્રજ્ઞાત સમાધિ થાય છે. અન્તઃકરણુની જે અનેક વૃત્તિ છે તેનો સમાવેશ પાંચ વૃત્તિમાં થાય છે.

प्रमाणविपर्यय विकल्प निद्रा स्मृति ॥ योग० पा० १ सू० ६ ॥

(૧) પ્રમાણુવૃત્તિ (૨) વિપર્યયવૃત્તિ (૩) વિકલ્પવૃત્તિ (૪) નિદ્રાવૃત્તિ અને (૫) સ્મૃતિવૃત્તિ. આ પાંચ વૃત્તિમાંથી.

१ प्रमाणवृत्ति०—ત્રણુ પ્રકારની હોય છે. જેમ કે પ્રત્યક્ષવૃત્તિ, અનુમાનવૃત્તિ અને આગમવૃત્તિ. આ વૃત્તિ બાહ્ય અર્થાત્ સાંસારિક પદાર્થમાં પ્રેમ હોય છે તેનાથી સામાન્ય વિશેષ પદાર્થ અને ચિત્તના સંબંધનો સારી રીતે નિશ્ચયાત્મક નિર્ણુય કરવાને ઉપયોગી થઈ પડે છે અને તેને માટે પ્રમાતા, પ્રમાણુ, પ્રમા અને પ્રમેય આ ચારની આવશ્યકતા હોય છે.

प्रमाता०—" यस्येप्साजिहासा प्रयुक्तस्य प्रवृत्ति स प्रमाता "= પ્રાપ્ત કરવાની અથવા જાણવાની ઈચ્છાના સંસ્કારથી પ્રેરિત ચિત્તને પ્રવૃત્ત કરે છે તે પ્રમાતા છે.

प्रमाणं०—" येनार्थं प्रमिणोतितत् "=પ્રમાતા જેની સહાયથી ઉપરોક્ત પોતાના અર્થનું વા વિષયોનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરે છે તે પ્રમાણ હોય છે.

प्रमा०—" यदर्थविज्ञानं सा प्रमिति "=વિજ્ઞાન પ્રાપ્તિ અથવા યથાર્થ જ્ઞાનની હેતુ (કારણ) તે પ્રમા હોય છે.

प्रमेय०—" प्रमीयते तत् प्रमेयः "=જે અર્થપ્રાપ્તિ થાય છે તે પ્રમેય હોય છે.

પરંતુ ઉપાસકોને અભ્યંતર પ્રમેય જેમકે પરમાત્મા છે તેને પ્રાપ્ત કરવાનો હોય છે ત્યાં પ્રમાણવૃત્તિ શું કરે છે ! ત્યાં તો આ બાહ્યવૃત્તિ ત્યજી દઈ ઉપાસકો૦—" स्वयं तदन्तःकरणेन गृह्यते " તે પ્રમેયને પોતે અંતઃકરણથી ગ્રહણ કરે છે. માટે તે વૃત્તિનો બ્રહ્મપ્રાપ્તિને અર્થે નિરોધ કરવો જોઇએ.

२ **विपर्ययवृत्ति**०—આ વૃત્તિ પદાર્થોનાં જે સત્ય સ્વરૂપ હોય છે તેને દબાવી નાખે છે માટે તેને અવિદ્યા પણ કહેવામાં આવે છે.

३ **विकल्पवृत्ति**०—આ વૃત્તિમાં શબ્દોનું માત્ર અસ્તિત્વ હોય છે પણ તે શબ્દોથી કોઈ પણ અર્થવાન્ દ્રવ્યનો બોધ નથી થતો. જેમકે,

વન્ધ્યાપુત્ર, નરશૃંગ, આકાશપુષ્પ ઇ૦ અર્થાત્ વિકલ્પવૃત્તિમાં જ્ઞેય પદાર્થ નથી હોતા, કેવલ તે વૃત્તિમાં શબ્દજ્ઞાન હોય છે. વિપર્યય વૃત્તિમાં તો કોઈ જ્ઞેય પદાર્થ હોય છે પણ તે વૃત્તિમાં ભ્રમથી સત્ય સ્વરૂપનું જ્ઞાન નથી થઈ શકતું.

૪ निद्रावृत्ति०—અજ્ઞાન અને અવિદ્યા અંધકારમાં ફસી ગયેલી હોય છે. આ વૃત્તિમાં સંપૂર્ણ પદાર્થોનું જ્ઞાન જતું રહે છે અને કેવળ સર્વ વસ્તુના અભાવનુંજ જ્ઞાન રહે છે, અર્થાત્ પોતાનું અસ્તિત્વ છે એમ પણ આ વૃત્તિવાન્ પુરુષને નથી લાગતું કારણ કે સર્વ વસ્તુમાં તેનું શરીર પણ આવી જાય છે. તેથી પોતાના શરીરનો પણ અભાવ છે એવું જ્ઞાન જે વૃત્તિમાં થાય છે તેજ નિદ્રા-વૃત્તિ કહેવાય છે.

૫ स्मृतिवृत्ति०—અનુભૂત પદાર્થોના પુનર્વિચાર કરવામાં આ વૃત્તિ સહાયકારી થાય છે. અર્થાત્ ચિત્ત અને ઇન્દ્રિયો દ્વારા જે જે વિષયનો અનુભવ લીધેલો હોય છે તેનું આ વૃત્તિમાં વારંવાર સ્મરણ થાય છે.

આ પાંચ વૃત્તિયોનો નિરોધ કરવો જોઈએ. એટલે તે તે વૃત્તિને ખરાબ કામમાંથી હઠાવી દેવાનો પ્રયત્ન કરવો જોઈયે જેમકે પ્રમાણવૃત્તિનો ઉપયોગ કુતર્ક કરવામાં ન કરવો. સદ્‌વિદ્યા પ્રાપ્ત કરી વિપર્યય વૃત્તિ દબાવી નાખવી અને વિદ્યાપ્રાપ્તિને અર્થે અર્થવાન વસ્તુ દેખાડનાર શબ્દનોજ ઉપયોગ કરવો તથા સત્ શબ્દ જેમાં દ્રવ્ય ગુણ અને કર્મ દેખાડવાની સત્તા હોય છે તે શબ્દ ઉપયોગમાં લેવો અને સ્મૃતિવૃત્તિની સહાય હમ્મેશ ઈશ્વરગુણચિન્તનમાં લેવી. આવી રીતે વૃત્તિયોને સત્કાર્યમાં લગાડવાથી વૃત્તિયામ થતો જાય છે. ઉપાસકોએ આ ઉપાયોનો વૃત્તિયામ કરવાને અભ્યાસ કરવો જોઈએ.

૧ वृत्तियामनो प्रथम उपाय०—

'अभ्यासवैराग्याभ्यान्तन्निरोधः' ॥ योग. १–१२ ॥

ઈશ્વરનું નિરન્તર ચિન્તન કરવાથી તથા સૃષ્ટ પદાર્થમાંથી ચિત્તને હઠાવી ઈશ્વરીય ગુણોનું ચિન્તન કરવામાં વિશેષ પ્રેમ રાખવાથી સર્વ વૃત્તિઓનો નિરોધ થાય છે.

૨ वृत्तियामने द्वितीय उपाय०—

इश्वर प्रणिधानाद्वा । योग. १–२३ ॥

અથવા ઇશ્વરમાં પૂર્ણ પ્રેમ હોવાથી ઈશ્વરનુંજ ધ્યાન કરવાથી મનની સમાધાનવૃત્તિ થાય છે અને તેથી સમાધી યોગ જલ્દી પ્રાપ્ત થાય છે. ઈશ્વરમાં પ્રેમ થવા અર્થે તેના સત્ય

સ્વરુપનું જ્ઞાન થવું જોઈએ માટે વેદાધ્યયનમાં સદા રત થવું જોઈએ. યોગશાસ્ત્રકાર પતંજલી ઋષિ વેદનુ સાર લઈ ત્રણ સૂત્રમાં ઇશ્વરનાં લક્ષણ કહે છે, જે ઈશ્વરનુંધ્યાન કરવામાં અત્યાવશ્યક છે.

१ क्लेश कर्मविपाकाशयैरपरामृष्टः पुरुष विशेष ईश्वरः ॥
॥ योग. १–२४ ॥

२ तत्र निरतिशयं सर्वज्ञ बीजम् ॥ योग. १–२४ ॥

३ स एष पूर्वेषामपिगुरुः कालेनानवच्छेदात् ॥ योग १-२६॥

૧ જીવ અવિદ્યાદિ *પાંચ કલેશ અને અવિદ્યાજન્ય કર્મ કરી તે તે કર્મનાં ફલ પરતંત્રતાથી ભોગવે છે, પણ તેનાથી સદૈવ અલગ અને બન્ધનરહિત હોય તેજ પૂર્ણપુરુષ ઇશ્વર છે.

૨ જેનામાં નિત્ય જ્ઞાન છે, તેના જ્ઞાનમાં કોઈ પણ કારણોથી તિરોભાવ નથી થતો. જે સર્વજ્ઞ હોઈ અવિદ્યાદિના બન્ધનમાં નથી આવી શકતો તેજ ઇશ્વર છે. તેના જ્ઞાનાદિ અનન્ત ગુણ હોય છે અર્થાત્ તેમાં જ્ઞાનાદિ ગુણોની પારાકાષ્ઠા છે અને તેનું સામર્થ્ય પણ અનહદજ હોય છે. જીવનું સામર્થ્ય હદવાળું

---

* **अविद्या, अस्मिता, राग, द्वेष, अभिनिवेशाः पञ्चक्लेशाः ॥ योग २-३ ॥**

અવિદ્યાઃ—જેનાથી સર્વ પદાર્થનું યથાર્થ રુપ જાણવામા આવે છે તે વિદ્યા અને તેનાથી વિપરીત તે અવિદ્યા છે. **અસ્મિતા૦**—અહંકાર. **રાગ૦**—પ્રીતિ. **દ્વેષ૦**—શત્રુતા. **અભિનિવેશ૦**—મરણના ભયની અભિનિવેશ સંજ્ઞા છે. આજ **પાંચક્લેશ** છે.

છે તેથી તે અવિદ્યાદિમાં ફસાઈ જઈ બંધમાં સપડાઈ જાય છે. તેને બંધમાંથી છુટવાને માટે પોતાનું જ્ઞાન વધારવું પડે છે અને તે અનહદ જ્ઞાનવાન પરમાત્માની ઉપાસના કરવાથીજ પ્રાપ્ત થાય છે.

૩ પરમેશ્વર પોતાનું જ્ઞાન તેના મિત્રવત જે જીવો છે તેમના કલ્યાણાર્થે આપવામાં સદૈવ તત્પર છે તેથી તેને ગુરુ કહેવામાં આવે છે. તેઓ પૂર્વજ મહર્ષિઓના (પૂર્ણ જ્ઞાન સ્થિતિમાં જન્મેલા) પણ ગુરુ છે કારણ તેને કાલકૃત સીમાનથી. સૃષ્ટિના આરમ્ભથી આજ સુધી ઋષિ કોટીના જે જે ગુરુ થઈ ગયેલા છે તેમજ હવે પણ થશે તે સર્વેના પરમેશ્વર ગુરુ છે અને ગુરુ-મંત્ર અથવા સાવિત્રી વિદ્યાથી તેઓ પોતાને સૂર્યવત્ પ્રકાશિત કરે છે.

तस्य वाचकः प्रणवः ॥ योग १–२७ ॥

પરમેશ્વરનો વાચક પ્રણવ અર્થાત્ ઓંકાર છે. તેનાં અન્ય જેટલાં નામો છે તે સંસારના ઇતર પદાર્થોના પણ વાચક છે પણ ઓંકાર પરમાત્મા સિવાય બીજા કોઈ પણ પદાર્થનો વાચક નથી થઈ શકતો માટે ઓંકારજ પરમાત્માના સર્વ નામોમાં શ્રેષ્ઠ છે.

३. वृत्तियामनो तृतीय उपाय०—

तज्जपस्तदर्थ भावनम् ॥ योग. १–२८ ॥

ઓંકાર નામનો જપ અર્થાત સ્મરણ અને તેના અર્થનો વિચાર સર્વદા કરવો. આવી રીતે પ્રણવ જપ કરવાથી મનની એકાગ્રતા, પ્રસન્નતા, અને પરમાત્મજ્ઞાન આ બધાની યથાવત પ્રાપ્તિ થાય છે અને તેનાથીજ ઉપાસકોના હ્રદયમાં પરમાત્માનો પ્રકાશ થઈ તેના તરફનો પ્રેમ સદૈવ વધતો જાય છે.

બ્રહ્મોપાસકોની વિપર્યય વૃત્તિ, શ્રુતિ અને તેનો અર્થબોધ થવામાં ઘણીજ બાધાકારક થઈ પડે છે અને તેથી બ્રહ્મસ્વરુપનો સદ્‌બોધ ન થવાથી બ્રહ્મોપાસનામાં પ્રેમ પ્રાપ્ત થઈ શકતો નથી. આથી શુદ્ધબ્રહ્મના સ્થાનમાં પ્રાકૃતિક વસ્તુની પુજા કરવાનો ઉપદેશ ઘણોજ થતો જોવામાં આવે છે અને તેથી ઘણા ઉપાસકો પ્રાકૃતિક વસ્તુનેજ બ્રહ્મના પ્રતિનિધી માની તેની પુજા, અર્ચા કરવામાં રત થઈ ગયેલા હોય છે. પ્રાકૃતિક પદાર્થની પુજા કરવાનો માર્ગ બુદ્ધિને કામનો ન હોવાથી અને ઇન્દ્રિય વિષયને તૃપ્ત કરવાના કામમાં આવતો હોવાથી મનુષ્ય સમાજનો મોટો ભાગ ઇન્દ્રિયવિષયગ્રાહ્ય પરમાત્મા અને તેની ઇન્દ્રિયવિષયવાન પુજામાં આનન્દ માનનારો જોવામાં આવે છે પણ ગુરુમંત્રઃ—

“ धियो यो नः प्रचोदयात् ” इति ॥

ઉપાસના અર્થે “ ધિને ” પ્રેરણા કરવાને માટે પરમાત્મા પાસેથી સહાય માગવા કહે છે. “ बुद्धयो वै धियः ” કારણ પરબ્રહ્મ, ઇન્દ્રિયનો વિષય નથી. તેથી બુદ્ધિને કામમાં લઈ પ્રાકૃ-

તિક વસ્તુનું પણ બ્રહ્મ સંજ્ઞાથી કથન કરવાનું કારણ શું છે તેની તપાસ કરી લો. **અન્વય વ્યતિરેક** ભાવથી વિચાર કરવામાં આવશે ત્યારેજ બ્રહ્મની સત્ અને અસત્ અવસ્થાનો બોધ થશે. જેમ કેઃ—

अथ य एषोऽन्तरे हृत्पुष्कर एवाश्रितोऽन्नमत्ति स एषोऽग्निर्दिविश्रितः सौरकालाख्योऽदृश्यः सर्वभूतान्यन्नमत्तीति ॥

मैत्रा० प्र० ६—१.

હૃદયકમલના અંતરભાગમાં વાસ કરી રહેલા હોવાથી તે પુષ્કરકમલ તેના આધારપર સ્થિત રહી ગયેલું છે અને હૃદ્કમલના વ્યવહારથી સર્વ શરીરનું ધારણ થાય છે. તેમજ દિવ્યઅગ્નિના પણ તેઓ આધાર ભૂત હોય છે તેથી સૌર્યકર્મ વ્યવસ્થિત થાય છે. આ જે અંતરભૂત પુરુષ છે તેને તેથીજ "सौरकालाख्य" આ સંજ્ઞા છે અને આજ અદૃશ્ય પુરુષ સર્વ ભૂતમાત્રનો અન્નવત્ સ્વીકાર કરી પોતે શેષ રહી ગયેલા છે. તેથી સર્વ ભૂતમાત્રને જે મિત્રવત જુએ છે તેનીજ આ દૃશ્ય પુરુષની સાથે મિત્રતા થાય છે અને તે ઉપાસક **વિશ્વામિત્ર** બને છે.

कः पुष्करः किम्मयो । वेत्ति इदंवाव तत्पुष्करं योऽयकाशोऽस्येमाश्चतस्रो दिशश्चतस्र उपदिशो दलसंस्था आसम् । अर्वाग्विचरत एतौ प्राणादित्या एता उपासीतोमित्येतदक्षरेण व्याहृतिभिः सावित्र्याचेति ॥

मैत्रा० प्र० ६—२ ॥

પુષ્કર કમલ કેવું હોય છે અને તેની ગતિનો વ્યવહાર શું છે? તે જાણવાનો વિચાર હોય તેને આ ચાર દિશા અને ચાર ઉપ-દિશાનો વ્યવહાર રુપીં પાકળી હોય છે તે આકારાનેજ પુષ્કરકમલ સમજવું. આ કમલમાં આદિત્ય અને પ્રાણ વિચરે છે. પણ આકાશને પ્રકાશિત કરનાર આદિત્ય–પ્રાણવાચક બ્રહ્મ છે તેની ઉપાસકો **ઓંકાર, વ્યાહૃતિ અને સાવિત્રિથી** ઉપાસના કરે છે.

તત્વાવધારણ તેજ ઉપાસના યોગ છે માટે અન્વય વ્યતિ-રેક ભાવથી વિચાર કરવામાં આવે છે ત્યારે બ્રહ્મનાં બે રૂપ છે એમ નિશ્ચય થાય છે.

द्वे वाव ब्रह्मणो रूपे मूर्त्तश्चाऽमूर्त्तश्चाथ यन्मूर्त्तं तदसत्यं
यदमूर्त्तं तत्सत्यं तद्ब्रह्म तज्ज्योतिर्यज्ज्योतिः स आदित्यः
स वा एष ओमित्येतदात्मा भवत् सत्रेधाऽत्मानं व्य-
कुरुता ओमितितिस्रो मात्रा एताभि सर्वमिदमोतं प्रोतं
चैवास्मीत्येवं ह्या है तद्वा आदित्य ओमित्येवं ध्यायत
आत्मानं युञ्जीतेति ॥ मित्र० प्र० ६–२ ॥

ઉપનિષદમાં પણ બ્રહ્મનાં મૂર્ત્ત અને અમૂર્ત્ત એ બે રૂપ છે એમ વર્ણન આવે છે તેમાંથી જે મૂર્ત્તરૂપ છે તે અસત્ છે અને જે અમૂર્ત્ત રૂપ છે તેજ સત્ય છે અને જે આ સત્ય રૂપ છે તેજ બ્રહ્મ છે, તે જ્યોતિરૂપ છે તેથી તે આદિત્ય રૂપ છે, એમ કહેવાય છે. આદિત્ય રૂપ છે તેજ ઓમ્ છે અને ઓમજ સર્વનો આત્મા

છે. ત્રણ આત્મા મળીને આ એક આત્મસ્વરૂપ છે તે સંપૂર્ણ જગતને વ્યક્ત કરે છે તેને બ્રહ્મ પણ કહેવાય છે. જેમ કેઃ—

'भोक्ता भोग्यं प्रेरितारं त्रयमेतत्त ब्रह्म ॥ श्वेता.

ભોક્તા જીવ, ભોગ્ય પ્રકૃતિ અને પ્રેરિતારં પરમાત્મા આ ત્રણનું જે એક આત્મારુપ તેજ બ્રહ્મ છે. ઓંકાર ત્રૈમાત્રિકા છે અને ત્રણ માત્રાથી સર્વ જગત્ ઓતપ્રોત ભરી રહેલું છે પરંતુ આદિત્ય બ્રહ્મના અમૂર્ત સ્વરુપનું વાચક છે અને જ્યારે ઉપાસકો અમૂર્તનું ધ્યાન કરે છે, અર્થાત્ ચિતન્ત કરે છે ત્યારે આદિત્ય તેજ ઓંકાર રુપ છે એમ ધ્યાન કરવાથી તે આદિત્યોપાસના પરમાત્માની સાથે લય પ્રાપ્ત કરાવે છે. કારણ તે આત્મસ્વરુપ ત્રણ માત્રાથી પણ પર છે. જેમ કેઃ—

अमात्रश्चतुर्थोऽव्यवहार्य्य प्रपञ्चोपशमः शिवोऽद्वैत एवमोंङ्कार आत्मैव संविशत्यात्मनाऽऽत्मानं य एवं वेद य एवं वेद ॥ माण्डूक्य उप० १२ ॥

ઓંકારથી વાચ્ય વાચકની એક રૂપતાની પ્રધાનતા સ્પષ્ટ દેખાડવામાં આવે છે. પણ આ માત્રા વા પાદ કલ્પના દ્વારા સ્પષ્ટ ભેદનું વ્યાખ્યાન દેખાડવામાં આવે છે. પણ તે ભેદરૂપ વ્યાખ્યાન પ્રપંચનું છે અને તેની સમાપ્તિનો જ્યાં વાચક હોય છે તથા કાર્ય દશાને પ્રાપ્ત વ્યક્તજગતની જ્યાં શાંતિ હોય છે તે મહાપ્રલય દશામાં પણ અવસ્થિત જે વાચ્ય છે તે (अमात्राः) અકારા દિમાત્રા વા પાદ કલ્પનાથી રહિત છે અને તે નિર્વિકલ્પ

સમાધિમાંજ ગ્રાહ્ય છે. (अव्यवहार्यः) માટે નિર્ગુણ પરમાત્માના વાચક પક્ષમાં સ્ફોટરૂપ શબ્દ અને માત્ર કલ્પના આ બેઉનો વ્યવહાર કરવો યોગ્ય નથી કારણ તે અતીન્દ્રિય છે. તે ચતુર્થ પ્રકારનુંજ રૂપ છે કારણ (अद्वैतः) તેની સમાન વા તેનાથી અધિક કોઈ છેજ નહીં. આવા (शिवः) કલ્યાણકારક પરમાત્માનીજ ઉપાસના સર્વોપરી શ્રેષ્ઠ છે અને કલ્યાણકારિણી છે. (एवम) આવી રીતે (ओङ्कार) વાચક ઓમ્ શબ્દ (आत्मैव) વાચ્ય ઓમ્નો અન્તર્ગત છે (यः एवं वेद। यः एवं वेद) એમ જે જાણે છે તે ઉપાસક સમાધિ દ્વારા શુદ્ધ થઈ ગયેલા ચિત્તથી નિર્બીજ સમાધિમાં વાચ્ય વાચકની એકતાને સાક્ષાત જાણે છે અને તેજ ઉપાસક શરીર છોડી દીધા પછી પોતાના સ્વરૂપથી પરમાત્મામાં લય પ્રાપ્ત કરે છે.

સારાંશ મૂર્ત બ્રહ્મરૂપમાંથી કોઈ પણ સત્તા પરમાત્મામાં લય પ્રાપ્ત કરવાને કામમાં આવવાની નથી. તોપણ પરમાત્મ સત્તા દર્શાવનાર આદિત્યાદિ જે જે મૂર્તરૂપ છે તેમાંથી જે જે શક્તિની સાથે ઉપાસના યોગ કરવામાં આવશે તે તે શક્તિનું સામર્થ્ય ઉપાસકોમાં આવશે પણ તે ઉપાસના મૂર્ત બ્રહ્મની હોવાથી સત્ બ્રહ્મોપાસનાનું ફળ આપવામાં તે અસમર્થજ છે. સત્ બ્રહ્મોપાસનાજ કરવી હોય ત્યારે આદિત્યાદિ નામો સત્ બ્રહ્મનાંજ છે એમ જાણવું.

तदेवाग्निस्तदादित्यस्तद्वायुस्तदुचन्द्रमाः ।

तदेव शुक्रं तद्ब्रह्म ता आपः स प्रजा-
पतिः ॥ यजु० ३२-१ ॥

વેદ દ્વારા પરમાત્મા મનુષ્યોને ઉપદેશ આપે છે કે, હે મનુષ્યો ! સર્વજ્ઞ, સર્વવ્યાપક, સનાતન, અનાદિ, સચ્ચિદાનન્દસ્વરુપ, નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુક્તસ્વભાવ, ન્યાયી, દયાલુ, જગતનો સૃષ્ટા, ધારણ કર્તા અને સર્વાન્તર્યામી જે હું છું તેનુંજ અગ્નિ, આદિત્ય, વાયુ, ચન્દ્રમા, શુક્ર, બ્રહ્મ અને સર્વ પ્રજાનો સ્વામી હોવાથી પ્રજાપતિ એવું નામ છે એમ જાણો અને તેનો અર્થબોધ કરી લઈ ઉપાસના કરો તો તે ઉપાસના ફલદાયક થશે.

आदित्य उद्गीथ उपासना—

यः उद्गीथ स प्रणवो यः प्रणवः स उद्गीथ इत्यसौ
वा आदित्य उद्गीथ एष प्रणवा इत्येवं ह्या होद्गीथं,
प्रणवाख्यं, प्रणेतारं, भारूपं, विगतनिद्रं, विजरे, विमृत्युं
त्रिपदं, त्र्यक्षरे ॥ मै. ६-४ ॥

ઓમ્ શબ્દ બ્રહ્મવાચક છે. તે અક્ષર છે અર્થાત જે અવિનાશ્વર બ્રહ્મ છે તેનુંજ વર્ણાત્મક સ્વરુપ ઓમ્ છે. સામગાન કરનારાઓ તેનુંજ ઉચ્ચ સ્વરથી ગાન કરે છે. તે ગાનની આર્ચિક ગાન એવી સંજ્ઞા છે. તેનું ઉપવ્યાખ્યાન છાન્દોગ્ય ઉપનિષદ છે અને ઉદ્ગિથ શબ્દવાચ્ય બ્રહ્મોપાસના કરનારાઓને

તથા તેનો જપ કરનારાઓને અર્થાત્ તેનો અર્થ વિચાર કરનારાઓને તે સંપૂર્ણ ઉપનિષદ ચિન્તનીય છે. આ જે સામવેદીઓનો ઉદ્‌ગીથ છે તેજ ઋગ્વેદીઓનો પ્રણવ છે. પ્રણવ તેજ ઉદ્‌ગીથ છે તે બે શબ્દ એકાર્થવાચીજ છે. ઉદ્‌ગીથ અને પ્રણવ તેજ આ પરમાદિત્ય અવિનશ્વર અખંડ ઈશ્વર છે. કારણ ઉદ્‌ગીથ અને પ્રણવ ઓંકારવાચ્ય બ્રહ્મનુંજ ગાન કરે છે અને સૂર્ય જેમ જગતના પદાર્થનો પ્રકાશ કરે છે તેમ તે શબ્દ-સમુહનો જગતમાં પ્રકાશ કરે છે. આ પ્રણવ અને ઉદ્‌ગીથ ઓંકારવાચ્ય ઈશ્વરનીજ કિર્તિ ઉચ્ચ સ્વરોથી ગાયકો ગાય છે. ઓમ્ બ્રહ્મનાં સર્વ નામો કરતાં શ્રેષ્ઠ છે તેનું કારણ જોતાં (૧) આ શબ્દ અનન્ત અર્થવાચક છે અ–ઊ અનેઁથી જે ત્રિકોણ થાય છે તે બ્રહ્મવાણીની ત્રણ માત્રા છે અને તેના અન્તર્ગત સંપૂર્ણ વાક્-વિષય ઓતપ્રોત ભરેલા છે. (૨) આ અક્ષર સંપૂર્ણ વેદોના સારભૂત છે. (૩) સર્વ ઉપનિષત્ અર્થાત્ બ્રહ્મોપાસનદર્શક ઋષિ પ્રણિત બ્રહ્મવિદ્યાના ગ્રંથ આજ અક્ષરનું ગાન કરી રહેલા છે. (૪) યોગાદિશાસ્ત્ર એનુંજ નિરૂપણ કરી રહેલા છે. (૫) વેદાધ્યાયનના આરમ્ભમાં પણ આજ અક્ષર પ્રથમ ઉચ્ચારણ કરવામાં આવે છે. (૬) અને આ અક્ષર અવ્યય છે માટે બ્રહ્મ જેવો આ શબ્દ પણ નિર્વિકાર છે. તેથીજ બ્રહ્મોપાસક ઉપાસનામાં આ અક્ષરનોજ જપ શ્રેષ્ઠ માને છે અને તેનેજ ૧ उद्गीय, २ प्रणवाख्यं, ३ प्रणेतारं, ४ भारूपं, ५ विगत-निद्रं, ६ विजरं, ७ विमृत्युं, ८ त्रिपदं, ९ त्रक्षरं ઈત્યાદિ સંબોધ-

થી જાણી તેની ઉપાસના કરે છે. કેટલાએક ઉપાસકો ઉપ-ક્ત પ્રણવાખ્ય આદિ નવ શરીર વ્યવસ્થાથી જપ કરે છે તે—

પ્રણવના નવશરીરાન્તર્ગત સત્તાના વિચાર.

१ लिङ्गवति ... ... स्त्री पुन्नपुंसकेति
२ भास्वति ... ... अग्निर्वायुरादित्य
३ अधिपतिवति ... ... विष्णु ब्रह्मा रुद्र
४ मुखवति ... ... गार्हपत्यो दक्षिणाग्निराहवनीया
५ विज्ञानवति ... ... ऋग यजुः साम
६ लोकवति ... ... भुर्भूवः स्वः
७ कालवति ... ... भूतं भव्यं भविष्यत्
८ प्रतापवति ... ... प्राणोऽग्निः सूर्य्यो...
९ आप्यायनवति ... ... अन्नमापश्चन्द्रमा
१० चेतनवति ... ... बुद्धिर्मनोऽहङ्कारा
११ प्राणवति ... ... प्राणोऽपानो व्यानो

ઓંકારના જપમાં આ વિચાર પ્રગટ થાય છે અને તેના તત્વ-ધ થવા લાગે છે ત્યારે પ્રણવમાંજ સર્વ વૃત્તિનું અર્પણ કરી ઉપાસકો બ્રહ્માનંદનો અનુભવ લે છે.

१ गायत्रीम् तत्वरूपांत भीमती, सच्चिदानन्दलक्षण ब्रह्म काश्यते।

२ प्रणवाद्याव्यहृतयः सप्तस्युः सप्तदादिका ।

३ चतुर्विंशत्यक्षरात्मा गायत्री शिरसान्विता ।

---

१ एतानिह वै वेदानांमतः श्लोषणानि यदेता व्याहृतयः । ऐ० ब्रा० ॥
श्लेषणम्—અન્તરાધાર (વ્યાહૃતિ વેદોના અન્તરાધાર છે.)

૪ सर्ववेदोघृतः सारो मन्त्रोयं समुदाहृतः ।

ગાયત્રીના ચોવીશ તત્ત્વરૂપ વર્ણના તત્વજ્ઞાનથી ક્લેશકર્મ-વિપાકાદિ વૃત્તિઓને તોડી નાખનાર બુદ્ધિ પ્રાપ્ત થાય છે ત્યારે તે બુદ્ધિથી સત્ ચિત્ આનન્દ લક્ષણવાન્ બ્રહ્મનો અન્તરાત્મામાં પ્રકાશ થાય છે.

પ્રણુવ સહિત સાત વ્યાહૃતી છે તે સત્ ચિત્ આનન્દવાચક છે એમ જ્ઞાનવૃદ્ધ લોકો કહે છે.

१ ओम् भूः—तत्पदं सदितिप्रोक्तं तन्मात्रत्वाच्च भूरतः= ભૂઃ પદ સત્ વાચક છે કારણુ ભૂઃ માત્રા ભૂઃ પદ વાચ્યથીજ સમર્થ થાય છે.

२ ओम् भुवः—भूतत्वात्करणत्वाच्च भुवः शब्दस्य संगतिः= ભૂત માત્રને ભૂતસત્તા આપવાનો હેતુ હો-વાથી ભુવ શબ્દની સંગતિ છે.

३ ओम् स्वः—सर्वं स्वीकारणात् स्वात्मतया च स्वरितीरितं ।=પોતાની વ્યાપક શક્તિથી સર્વનો સ્વીકાર કરી રહેલા છે તે સત્તાને દેખાડનાર સ્વઃ શબ્દ છે.

४ ओम् महः—महत्वाच्च महस्त्वाच्च महशब्दस्य संगति ।=

महत्तत्सोमो महिषश्चकारापां
यद्गर्भोऽवृणीत देवान् ॥ ऋग्०

જગતના કારણુ રૂપ નારાને ગર્ભમાં ધારણુ કરી તેની શ્રેષ્ઠતા વધારનાર, આત્મસત્તા દેખાડનાર, બ્રહ્મનો વાચક મહઃશબ્દ છે.

५ ओम् जनः—तदेव सर्वजनता तस्मात्तुव्याहृतिजनः ।= તેમજ સંપૂર્ણુ જનસમુહને, શરીરધારણુ કરી પ્રગટ થવાની સત્તા આપનારની વાચક જનઃ વ્યાહૃતિ છે.

६ ओम् तपः—तपोज्ञान तयाचैव तथा तापतयास्मृतं ।= જ્ઞાનવાચક તપઃ શબ્દ છે જે તાપત્રયનો બોધ આપે છે તે તપઃ વાચક બ્રહ્મ છે.

७ ओम् सत्यम्—सत्यं परत्वादात्मत्वादनंतज्ञानतः स्मृतं ।= અનન્ત જ્ઞાન સ્વરૂપ પરમ આત્માની વાચક સત્યં આ વ્યાહૃતી છે.

प्रणवस्य व्याहृतीनां गायत्र्यैकमथोच्यते—

પ્રણુવ, વ્યાહૃતી અને સાવિત્રી આ ત્રણુનું એકત્વ છે અર્થાત્ આ ત્રણે એક પરમ બ્રહ્મનોજ પ્રકાશ કરનાર છે.

	प्रणव	व्याहृती	व्याहृतीनां ऋषी	छन्दः
१	अकारः ...	भू	जमदग्नि ...	... गायत्री
२	उकारः ...	भुवः	भरद्वाज ...	... उष्णिक
३	म् ...	... स्वः	भृगु ...	... अनुष्टुप
४	बिंदु ...	महः	गौतम ...	... बृहति

५ नादः	... जनः	... कश्यप ...	... पंक्ति
६ शक्तिः	... तपः	... विश्वामित्र	... त्रिष्टुप
७ शान्तिः	... सत्यं-परमं पदम्	... वासिष्ठ ...	... जगति.

सर्ववेदोधृतः सारो मंत्रोयं समुदाहृतः—

સંપૂર્ણ વેદના સારનો ભાવ જે એક મંત્રમાં પ્રગટ કરેલો છે તે આ ગાયત્રી મંત્ર છે.

पूर्वस्याष्टाक्षरस्यैवं व्याहृतिर्भूरितीरिता—

ગાયત્રી મંત્રના પ્રથમ ચરણમાં આઠ અક્ષર છે તે સર્વનો ભૂ: વ્યાહૃતિ પ્રકાશ કરે છે.

भूमिन्तरिक्षं द्यौरित्यष्टावक्षराणि ॥

बृ० उ० अ० ५ ब्रा० १४ कां० १.

भूः { तत् स वि तुः व रे णि यं / भू मि अं त रि क्ष दि वौं } अग्निः

ગાયત્રીના આ એક પદમાં ત્રણ લોકનો વાસ છે. તેથી આ એક પદને જે ઉપાસક યોગ્ય રીતે જાણે છે તે આ ત્રણ લોકમાં જેટલું પ્રાપ્ત કરવા લાયક છે તે પ્રાપ્ત કરી શકે છે.

द्वितीयाष्टाक्षरस्यैवं व्याहृतिर्भुवइरिता—

ગાયત્રી મંત્રના દ્વિતીય ચરણમાં આઠ અક્ષર છે તે સર્વનો ભુવ: વ્યાહૃતિ પ્રકાશ કરે છે.

"ऋचो यजूषि सामानीत्यष्टावक्षराण्यष्टाक्षराणि ॥"

बृ० उ० अ० ५ ब्रा० १४ कं० १.

भुवः	भ	र्गो	दे	व	स्य	धी	म	ही	वायुः
	ऋ	चः	य	जूं	षि	सा	मा	नि	

ગાયત્રીના આ દ્વિતીય ચરણમાં આઠ અક્ષર છે તેમજ વેદ-ત્રયીના પણ આઠ અક્ષર છે. ગાયત્રીના આ એક પદમાં વેદત્રયી જેટલી વિદ્યા છે. આ ચરણને જે ઉપાસના યોગથી–જાણે છે તે વેદત્રયી વિદ્યા પ્રાપ્ત કરે છે.

तृतीयाष्टाक्षरस्यापि व्याहृति स्वः—

ગાયત્રી મંત્રના તૃતીય ચરણમાં આઠ અક્ષર છે તે સર્વનો સ્વ: વ્યાહૃતિ પ્રકાશ કરે છે.

प्राणोऽपानो व्यान इत्यष्टावक्षराणि ।

બૃ૦ ઉ૦ અ૦ ૬ બ્રા૦ ૧૪ કં૦ ૧.

स्वः	धि	यः	यः	नः	प्र	चो	द	यात्	आदित्य
	प्रा	णः	अ	पा	नः	वि	आ	नः	

ગાયત્રીના આ તૃતીય પદમાં પ્રાણ અપાન અને વ્યાન આ ત્રણ મળી આઠ અક્ષર છે. સંપૂર્ણ પ્રાણીસમુહનું બલ, આ પ્રાણવાચક પદને જાણે છે તેને પ્રાપ્ત થાય છે.

શબ્દાત્મક ગાયત્રીના આ ત્રણ પદ છે, પણ આનું મુખ્ય પદ તો પરમાત્માજ છે અને તેજ ગાયત્રીનું ચતુર્થ પદ છે. શબ્દાત્મક ગાયત્રીનું જ્ઞાન થયા પછી વાચ્યનું નિરુપણ કરવું પડે છે કારણ

શબ્દ બ્રહ્મના જ્ઞાનમાં નિષ્ણાત થાય છે તેજ પરમ બ્રહ્મને જાણી શકે છે અને તેને પ્રાપ્ત કરે છે.

ગાયત્રીનું જે ચતુર્થ પદ છે તે તુરીય, **દર્શાત પદ** અને **પરોરજા** છે. અર્થાત જે ચતુર્થ પદ છે તેજ તુરીય છે. તે પદ "**દદ્દશઈવ**" દૃશ્ય સમાન છે પણ સર્વ મનુષ્યોને તે દૃષ્ટીગોચર નથી થતું. પૂર્ણ ત્રણ પદને જે ઉપાસનાયોગથી જાણે છે વા જે જાણી લે છે. તે ઋષિઓને તે પદ દૃષ્ટ જેવું હોય છે. આજ પરમાત્માનું દર્શનીય પદ છે. કારણ આ પદ પરોરજા છે અર્થાત તે પદ રજોગુણરુપી સંસારની પર છે. આ પદ સંસારની ઉપર પ્રકાશમાન થઇ રહેલું હોય છે. જે લોક લોકાન્તરો છે તેની પર આ પદ છે, જે ઉપાસકો ત્રણ માત્રા રહિત અર્થાત "અમાત્ર:, ચતુર્થ:, અવ્યવહાર્ય:, પ્રપંચોપશમ:, શિવ:, અદ્વૈત એવમ્ ઓંકાર:" અને આત્મા જેવા સંપૂર્ણ આત્મામાં પ્રવેશ કરી રહેલા છે એમ તેને જાણે છે તેજ બ્રહ્મને જાણે છે. અને આ ચતુર્થપદને આવી રીતે જાણનારા ઉપાસકો બ્રહ્મ જેવી શોભા અને યશથી પ્રકાશિત થાય છે.

આ ચતુર્થ **દર્શાત પદ** સર્વના ઉપ્પર છે તેથી તે આ રજાશ્રયી પદની પ્રતિષ્ઠા છે અને સ્વયં પરોરજ: છે. આજ પરમાત્મ પદ સત્યનું આશ્રયી છે અને સત્યજ તેની પ્રતિષ્ઠા છે માટે જ્યાં સત્ય નથી ત્યાં તેનો આશ્રયી પણ ક્યાંથી હોય ? અને તો પછી તે સત્ય અને તેની પ્રતિષ્ઠાનું જ્ઞાન લેવાને કોણ પ્રયત્ન કરશે ?

માટે સત્યનું (જેનું ત્રણ કાલમાં અસ્તિત્વ છે તેનું) અન્વેક્ષણ (તપાસ) જેટલું થશે તે પ્રમાણમાં તેની પ્રતિષ્ઠાનો (પરમાત્માની) બોધ વધારે ને વધારે થતો જશે. સત્યનું અન્વેક્ષણ જ્ઞાન ચક્ષુની સહાયથી થશે. બ્રહ્મનું જ્ઞાન માત્ર સાંભળનારા અને તેનું અન્વેક્ષણ ન કરનારા જે હોય છે તેને સત્ય અને તેની પ્રતિષ્ઠા આ બન્નેની પ્રાપ્તિ કોઈ કાળે થવાની નથી. અને વ્યવહારમાં પણ સાંભળનાર કરતાં જેણે બ્રહ્મનું જ્ઞાન સ્વયં જોઈ લીધેલું હોય તેનું પ્રમાણ વધારે લાયક ગણાય છે. પરમાત્મા જગતના ચક્ષુ છે જેમકે વેદમંત્ર કહે છે કેઃ—

विश्वतंश्चक्षुरुत विश्वतोमुखो विश्वतो-
बाहुरुत विश्वतंस्पात् । सं बाहुभ्यां धमति
सं पतत्रैर्द्यावाभूमी जनयन्देव एकः ॥

यजुः अ. १७ मं. १९ ॥

(વિશ્વતશ્ચક્ષુઃ) પરમાત્મા સંપૂર્ણ સંસારને જોનારા છે (વિશ્વતો મુખઃ) અને સર્વ પ્રકારનો સર્વને ઉપદેશ કરનારા છે. (વિશ્વતો બાહુઃ) સર્વ પ્રકારનાં અનન્ત બળ અને પરાક્રમથી તે યુક્ત છે (વિશ્વતસ્પાત્) અને સર્વત્ર વ્યાપ્તિવાન અદ્વિતીય સહાય રહિત પોતે સ્વપ્રકાશ સ્વરુપ (પતત્રૈઃ) ક્રિયાશીલ પરમાણુ આદિથી (દ્યાવાભૂમી સંજનયન) સૂર્ય અને પૃથિવી લોકને (પ્રકાશ અને અપ્રકાશિત લોકને) કાર્ય રુપ દશામાં

લાવી પ્રગટ કરે છે (બાહુભ્યામ્ સંધમતિ) તે પરમાત્મા અનન્ત બલ અને પરાક્રમથી જગતને પ્રાપ્ત થઈ રહેલા છે માટે તેજ પરમાત્મા આપણા ઉપાસ્ય દેવ છે એમ જાણી લેવું અને જે પુરુષ આને છોડી અન્ય સૃષ્ટ પદાર્થમાં પરમાત્માની ભાવના કરી તેની ઉપાસના કરે છે તેના કરતાં જગતમાં અન્ય ભાગ્યહીન પુરૂષ કોણ હશે ?

પરમાત્મા જગતના ચક્ષુ છે ત્યારે તેનો અનુભવ જે જગતમાં વેદદ્વારા પ્રગટ થઈ રહેલો છે તેજ સત્ય છે માટે સત્યથી સત્યની શોધ કરવાથી સત્યની પ્રાપ્તિ થાય છે. શરીરધારી અલ્પજ્ઞ જીવોના અનુભવથી સત્ય પ્રાપ્તિની આશા કરનારા મૃગજલથી તૃષા શાંત કરવાની ઈચ્છા કરનારાની કોટીમાંના હોય છે એમ સમજવું. "સત્ય, બલના આધારે પ્રતિષ્ઠિત થાય છે" પ્રાણ મહાન બલવાન વસ્તુ છે અને તે પ્રાણમાં પણ સત્ય પ્રતિષ્ઠિત છે. બલની ન્યૂનતા થાય છે ત્યારે તે પ્રમાણમાં સત્યની પ્રાપ્તિ પણ ઓછી થતી જાય છે માટે ઋષિ લોકો કહેતા આવેલા છે કે "**સત્યથી બલ ઓગીય છે**" અર્થાત તેજસ્વી છે. ધાર્મિક બલ જ્યાં નથી હોતું ત્યાં સત્ય છુપાઈ જાય છે તેથી સત્યની રક્ષા કરવાને માટે બલ જોઇએ.

આ ગાયત્રીનું તુરીય પદ સત્ય બલ વડે પ્રતિષ્ઠિત છે, બલ અધ્યાત્મ વસ્તુ છે તેથી આ ગાયત્રી કેવલ તુરીય પદ ઉપર પ્રતિષ્ઠિત નથી તો અધ્યાત્મ જેમ કે નયન, શ્રોત્ર, વાક્, પ્રાણ

ઈત્યાદિમાં પણ પ્રતિષ્ઠિત છે. મુખાદિથી તેનું ઉચ્ચારણ ન કરે, જગતને ન જોઇ લે અને મનન કરવા લાગે તો મનન શાનું થશે? અને તે તુરીય પદનું જ્ઞાન કેમ થશે? ગાયત્રી શબ્દજ દેખાડે છે કે તેનો પ્રાણની સાથે સમ્બન્ધ છે. ગાયત્રી પ્રાણની રક્ષા કરવાનો ઉપાય દેખાડે છે અને પ્રાણરુપી બલ જે પ્રાપ્ત કરે છે તેને જગતનો પ્રાણ પ્રાપ્ત થાય છે અને ગાયત્રીનું નામ અન્વર્થક થઈ શકે છે.

આચાર્ય આ ગાયત્રીથી ઉપનયન સમય પર એક પદ અર્ધ-ઋચા અને પછી સમસ્ત ઋચા આવા ક્રમથી શિષ્યોને ઉપદેશ કરે છે જેમકે વેદારંભ સમયપર બાલક સર્વ પ્રકારની વૃત્તિ હઠાવી પરમેશ્વરમાં લક્ષ આપી અગ્નિકુંડની ઉત્તર બાજૂ તરફ જાનૂ ભૂમિપર રાખી પૂર્વાભિમુખ થઈ બેસે છે અને આચાર્ય બાલકની સન્મુખ પશ્ચિમભિમુખ કરી બેસે છે ત્યારે બાલક આચાર્યને કહે છે કેઃ—

बालकोक्तिः—अधीहि भूः सावित्रीम् भो अनुब्रूहि । હે આ-ચાર્ય! પ્રથમ એક ઓંકાર પશ્ચાત્ ત્રણ મહાવ્યાહૃતિ, તત્પશ્ચાત્ સાવિત્રી આ જે ત્રિક છે અર્થાત્ પરમાત્માવાચક છે તે મંત્રનો મને ઉપદેશ આપજો. સાવિત્રી મંત્રનો ઉપદેશ કરવાની વ્ય-વસ્થા નીચે લખેલી છે. જેમ કે—

પ્રથમ વાર—

ओं भूर्भुवः स्वः । तत्सवितुर्वरेण्यम् ।

આ એક કટકાના પદ પદનું બાલકો પાસે શુદ્ધ ઉચ્ચારણ કરાવી–

બીજી વાર—

ओं भूर्भुवः स्वः तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि ।

આ દ્વિતીય પદનું યથાવત ધીરે ધીરે ઉચ્ચારણ કરાવી—

ત્રીજી વખત:—

ओं भूर्भुवः स्वः । तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि

धियो यो नः प्रचोदयात् ॥

ધીરે ધીરે આ મંત્રનું ઉચ્ચારણ કરાવી સંક્ષેપથી તે મંત્રનો અર્થ પણ બાલકને આચાર્ય સમજાવે છે.

પણ કેટલાક આચાર્ય—

श्यावाश्व आत्रेय ऋषि । सविता देवता । निचृदनुष्टुप् छन्दः । गान्धारः । स्वरः ॥

तत्स॑वि॒तुर्वृ॑णीमहे व॒यं दे॒वस्य॒ भोज॑नम् ।

श्रेष्ठं॑ सर्व॒धात॑मं॒ तु॒रं भग॑स्य धीमहि ॥

ऋग्० अष्ट० ४ अ० ४ वर्ग० २१.

સંપૂર્ણ ઐશ્વર્યથી યુક્ત અંતર્યામી, સર્વ જગતના પ્રકાશક અતિ ઉત્તમ, પાલન અને સ્વીકાર કરવાલાયક, અને સર્વનું ધારણ કરનારા તથા અવિદ્યાદિ દોષોનો નાશ કરવાનું જેનામાં સામર્થ્ય છે તે જગદીશ્વરનો, અમે સ્વીકાર કરીએ છીએ અને તે પરમાત્માનું ધારણ કરીએ છીએ. વિદ્યાર્થીઓને કેટલાક

આચાર્ય આ મંત્રનો ઉપદેશ કરે છે. અને આ મંત્રનો દેવતા સવિતા છે તેથી તેને સાવિત્રી મંત્ર કહે છે અને ઋચાનો છન્દ અનુષ્ટુપ છે, પણ વેદારંભમાં ગાયત્રીનો ઉપદેશ કરવો જોઇએ અનુષ્ટુપનો નહિ. અનુષ્ટુપ છન્દ વાક્ વાચક અર્થાત્ વેદસ્વરૂપ છે ખરો પણ વાક્ અનુવચન છે. મૂલ ઉપદેશને અનુસરી જે વચન વા વાક્ ઉપદેશ હોય છે તે અનુવચન કહેવાય છે જેમકે ગીતા અનુવચન છે કારણ તેઅનુષ્ટુપ છન્દમાં છે. અનુવચન કરતાં ગાયત્રી શ્રેષ્ઠ છે તેથી ગાયત્રીનો ઉપદેશ સર્વથી શ્રેષ્ઠ છે અને તેથીજ તે સાવિત્રી કહેવાય છે.

સવિતા–જનયિતા, પિતા, પરમાત્મા જે મંત્રનો દેવતા છે તે સાવિત્રી છે. આ વેદમંત્રનો દેવતા એકજ છે પણ છન્દ-તરફ જોતાં એક અનુષ્ટુપ (અનુવચનમાં પ્રવૃત્ત) અને બીજાનો છન્દ ગાયત્રી. પ્રાણુજ સર્વોપરી શ્રેષ્ઠ છે માટે પ્રાણનું જે રક્ષણ કરે છે તેજ સર્વથી શ્રેષ્ઠ કહેવાય છે. ગાયત્રીની શ્રેષ્ઠતા એટલી છે કે ગાયત્રીવિદ પુરુષ ગમે એટલા પ્રતિગૃહ પ્રાપ્ત કરી લે તો પણ તે પ્રતિગૃહ ગાયત્રીના એક પાદ બરાબર પણ ન ગણી શકાય. ત્રણ લોક જેટલા પ્રતિગૃહ પ્રાપ્ત કરે તો સમજવું કે ગાયત્રીના પ્રથમ પાદ બરાબર તે છે. જે ત્રઈ વિદ્યા જેટલા પ્રતિ-ગૃહ પ્રાપ્ત કરે તો સમજવું કે તે દ્વિતીય પાદ બરાબર છે અને જેટલા પ્રાણીસમુહ છે તેની પ્રાપ્તી કરી લે અર્થાત્ બ્રહ્મચર્યનું યથાવત પાલન કરી ગાયત્રીવિદ થઈ પ્રાણીમાત્રની હત્યા ન થવાદે તો તે પ્રતિગૃહ તૃતીય પદ બરાબર છે. ગાયત્રીવિદ થઈ

જેમાં પ્રાણબલ છે તેવા આત્માનો જ્યાં સંચાર હશે ત્યાં એક પ્રાણીની પણ તે હત્યા થવા દેશે નહિ અને આજ ગાયત્રીની અપરા મહિમા છે.

ગાયત્રીનું ચતુર્થ પદ પરોરજ છે તે પદ સર્વત્ર પ્રકાશિત છે તેનો ઉપદેશક આચાર્ય કોઈ જાતના પ્રતિગૃહ પ્રાપ્ત કરવાની ઇચ્છાથી ન કરે અર્થાત્ આ ચતુર્થ પદની બરાબર દાન આપવાલાયક અથવા પ્રતિગૃહ ગૃહણ કરવાલાયક કાંઈ પણ છેજ નહિ ત્યારે આ ચતુર્થ પદની પ્રાપ્તિરૂપી યજ્ઞ કરાવનાર આચાર્યને દાન આપવા લાયક શું હોય ? આ પદ જેમ અમૂલ્ય છે તેમજ તેના ઉપદેષ્ટાના ઉપકાર પણ અમૂલ્ય છે માટે તેજ ગાયત્રી મંત્રનો યજ્ઞોપવિત સમયમાં ઉપદેશ કરવો જોઇએ. માટે ગુરુકુલમાં આચાર્ય પ્રતિગૃહ ન લેનારા હોવા જોઇએ.

ગાયત્રીનું ઉપસ્થાન કેમ કરવું ?

उपस्थान—ધ્યેય દેવતાને મનથી પ્રત્યક્ષ કરી સમીપમાં ઉપસ્થિત થઈ પ્રાર્થના (કર્મ) કરવાનું નામ ઉપસ્થાન છે. ચિત્તવૃત્તિનો નિરોધ કરી લીધા પછી ધ્યેય દેવતા જે સવિતા તેની સમીપ જઈ ગાયત્રીના એકેક પદનો વિચાર કરતા જવું અને જ્યારે ગાયત્રીના સર્વાંગનું વિજ્ઞાન થાય છે ત્યારે આત્મામાં પરા વાણી ઉચ્ચારણ કરે છે કે—હે ગાયત્રી ! આ ત્રણ લોક તારા એક પદમાં સમાયલા છે અને તે જે ઉપાસક એમ જાણે છે તે તને એકપદી કહે છે. ત્રૈવિદ્યા તારા બીજા પદમાં છે એમ જે જાણે છે તે તને દ્વિપદી સમજે છે.

પ્રાણુ તારા તૃતીય પદમાં છે એમ જે જાણે છે તે તને ત્રિપદી કહે છે. દર્શત તારા આધાર છે એમ જે જાણે છે તે તને ચતુષ્પદિ કહે છે. આવી રીતે ગાયત્રીનું વિજ્ઞાન થયા પછી ઉપાસકોને નિશ્ચય થાય છે કે હે "ગાયત્રી વાચ્ય પરમાત્મન્" તું તો વાસ્તવિક "अपद" છે. તને હું નમસ્કાર કરૂં છું. તારી કૃપાથી પાપરૂપી ભય, શત્રુ, અસંભુતિ, સંભુતિ મને અતઃપર પ્રાપ્ત નહી થશે. મારો નિશ્ચય છે કે દુષ્ટ, પાપી, અકુંચિત્ બુદ્ધિવાન્ પુરુષની અભીષ્ટ સિદ્ધ નથી થઈ શકતા. ગાયત્રી વિદ પુરુષજ દુષ્ટતાને છોડી દઈ જેવી અભિલાષિત વસ્તુ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે તે તેને અવશ્ય પ્રાપ્ત થાય છે.

એક સમયની વાત છે કે વૈદેહ જનક આશ્વતરાશ્વિબુડાલનામક આચાર્યને પુછે છે કે મને બહુ આશ્ચર્ય લાગે છે કે તમે પોતાને ગાયત્રીવિદ કહો છો પણ હાથી જેવા આ સંસારનો ભાર કેમ ઉપાડી લઈ જાઓ છો. બુડાલાચાર્ય ઉત્તર આપે છે કે હે સમ્રાટ્! હું હજુ સુધી ગાયત્રીનું મુખ પણ નથી જાણતો. જનક કહે છે કે અગ્નિ ગાયત્રીનું મુખ છે તેથી અગ્નિપર જોઇએ એટલાં ઈન્ધન મુકેલાં હોય તો પણ અગ્નિ તેને ભસ્મ કરી નાખે છે તેમજ ગાયત્રીવિદ પુરુષ પ્રતિગ્રહ સ્વીકારરૂપી ઘણાં પાપ કરતા હોય તો પણ ગાયત્રીરૂપી અગ્નિને પ્રાપ્ત કરે છે ત્યારે તે સર્વ પાપ બળ જાય છે અને ઉપાસકોને શુદ્ધ, પૂત, અજર અને અમર કરે છે.

વૃત્તિયામ કરવાના જે ઉપાયો છે તેમાં પ્રણુવના માનસિક (ઉપાંશુ) જાપ જલદી જલદી કરવા આ એક શ્રેષ્ઠ ઉપાય છે. યોગ ક્રિયાના આઠ અંગોનું વિવેચન કરી દેખાડનાર મુખ્ય શસ્રવેદ છે તેનું સ્પષ્ટીકરણુ ઋષિ લોકોએ વેદની વ્યાખ્યારુપ જે બ્રાહ્મણુ ગ્રન્થો છે તેમાં કરેલું છે. ઉપનિષદોમાં પણુ બ્રહ્મ પ્રાપ્તિના ઉપાયમાં યોગાચરણુજ દેખાડેલું છે. ઋષિ પતંજલિએ સૂત્ર રુપમાં તે વિષયને શાસ્રબદ્ધ કરેલા છે. મહર્ષિ વ્યાસ મહારાજે તેનું ભાષ્ય અથવા સ્પષ્ટીકરણુ કરેલું છે. રાજા ભોજે પણુ તે યોગશાસ્રપર એક વૃત્યાત્મક ગ્રન્થ કરેલો છે. આના કરતાં બિજા યોગર્ણુવ, વાયબીય સંહિતા, તેમજ શિવસર્વ તત્વાદિ તન્ત્ર ગ્રન્થમાં યોગ વિદ્યાનું નિરુપણુ છે. ગિતામાં આ ઉપનિષદાદિ ગ્રન્થોનો સારલઈ અનુષ્ટુપ છન્દમાં આ યોગ વિદ્યાનું અનુવચન પ્રગટ કરેલું છે. અને તેમાં પણુ આ વિદ્યાનું શ્રવણુ કરવાની ઈચ્છા કરનારાઓએ શ્રુતિપરાયણુ વિદ્વાન હોય તેની પાસે બેસી યોગવિદ્યાનું શ્રવણુ કરવું જોઇએ એમ ઉપદેશ કરેલો છે. પ્રાણુબલ પ્રાપ્ત કરવું આ યોગાચરણુનો પ્રધાન વિષય છે અને ગાયત્રી પ્રાણુનું તારણુ કરનારી છે માટે અત્રે એક ઉપાંશુ જપનોજ વિચાર વાચકોની આગળ મુકીશું. વિશેષ ક્રિયા અને જ્ઞાન શ્રુતિપરાયણુ યોગીને શોધી કાઢી તેની પાસેથી પ્રાપ્ત કરી લેવું. નામધારી, વાચાલ અને છાં છૂ કરનારા સિદ્ધિના બ્હાને જાદુગિરીની ક્રિયાથી લોકોને ચેલા બનાવનારા યોગીઓને અનુસરવાથી મનુષ્યજન્મની વ્યર્થ હાનિ થાય છે એ ખુબ ધ્યાનમાં રાખવું.

ओ३म् ॥ प्राणो हवा ऽअस्योपाᳫंशुः । व्यान उपाᳫंशुसवन उदान एवान्तर्यामः ॥ १ ॥ अथ यस्मादुपाᳫंशुर्नाम । अᳫंशुर्वै नाम ग्रहः स प्रजापतिस्तस्यैष प्राणस्तद्यदस्यैष प्राणस्तस्मादुपाᳫंशुर्नाम् ॥ २ ॥ शतपथ—कां. ४—१—२

પ્રાણ તેજ ઉપાંશુ છે, વ્યાન પણ ઉપાંશુને પ્રસવે છે અને ઉદાન તેના અન્તર્યામમાં છે. પ્રાણાદિને ઉપાંશુ નામ આપવાનું કારણ આ છે કે અંશુનામ સવિતા ગ્રહનું છે. તેનેજ પ્રજાપતિ કહેવામાં આવે છે. તે સવિતાનો પણ જે પ્રાણ છે તેને પરમ આત્મા કહેવામાં આવે છે અને તે સર્વ સંસારને ગ્રહણ કરી રહેલા છે તેથી તેઓ ઉપાંશુ છે માટે તેની પ્રાપ્તિ ઉપાંશુ જપથીજ થાય છે. યજુર્વેદ અ. ૯—૩૮ અને ૧૮—૧૯ માં ઉપાંશુના સંબન્ધમાં જે ઉપદેશ છે તે આ છે.

२—उपाᳫंशुश्च यज्ञेन कल्पताम्०—॥

१—उपाᳫंशोर्वीर्य्येण जुहोमि०—

यजु अ. ९— मं ३८ ॥

"उप समीपेऽनिति तस्य । अत्रा न धातोरुः शुगागमश्च"

"અન પ્રાણુને" ધાતુને ઉઃ પ્રત્યય અને શુકનું આગમ થઈ ઉપાંશુ શબ્દ બને છે પ્રાણુના સમીપમાં પ્રાણુબલથી હું પ્રાપ્ત થઉ છું "ઉપગતા અંશવોયત્ર સ ઉપાંશુ જપઃ" પ્રાણુ જેની સમીપ જાય છે તે ઉપાંશુ જપ કહેવાય છે. પ્રાણુ સૂર્ય્ય વા મનનો અંગિ છે તેથી તે મનની સાથે જાય છે તેથી માનસિક પ્રણુવનો જપ તેજ ઉપાંશુ જપ છે.

ઉપાંશુ જપ વિષયના ત્રણુ અંગ હોય છે (૧) માનસિક જાપ (૨) શીઘ્ર જાપ અને (૩) એક રસ જાપ એમાંથીઃ—

(૧) માનસિક જાપનો અભિપ્રાય વાણીનો સંયમ કરવાનો હોય છે. વાણીની સાથે મન ચાલી જાય છે તેથી જીહ્વાને તાલુને લગાડી વાણીને રોકવાથી અર્થાત વાણીમાં સંયમ કરવાથી ચિત્ત (મન) એકાગ્ર થાય છે. ત્યાર પછીઃ—

(૨) શીઘ્રજાપ કરવા એટલે ચિત્ત ચંચલ છે, તેથી તેની ચંચલતાને ઓરૂમ્ પદનો શીઘ્ર શીઘ્ર જાપ કરવામાં લગાડી દેવી કેમકે ધ્યેય પદાર્થથી અતિરિક્ત અન્ય વિષયમાં મન પ્રવૃત્ત ન થઈ શકે એવો સમ્ભવ છે. આજ શીઘ્ર જપનું પ્રયોજન છે અર્થાત ચિત્ત જપરૂપ એક કાર્યમાંજ લાગી રહેવું જોઈ એ.

(૩) મનને સ્થિર કરવાને માટે કાલનો નિયમ પણુ કરવાની આવશ્યકતા હોય છે. જેમકે "ઓરૂમ્" ઉચ્ચારણુ કરવામાં જેટલો સમય લાગે છે તે કાલની સૂક્ષ્મમાં સૂક્ષ્મ અવધી માની લઈ–ઓરૂમ્ મન્ત્રોચ્ચારણુની સંખ્યા પ્રાણુાયામ કરવામાં ગણુવામાં આવે છે એ (૧૦૦) સંખ્યાસુધી ઓં ઉચ્ચારણુ કરતાં

કરતાં મન અન્ય કોઈ વિષય તરફ ન જાય તો માનો કે તે એકરસ જાપ થઈ ગયા.

એકરસ જાપ કરવાની વિધિ—

પ્રણવનો જપ કરતાં કરતાં મન અન્ય વિષય તરફ ચાલી જાય તો તે ધ્યાન છોડી દેવું અને ફરીથી ૧ થી ગણવા માંડી આરંભ કરવો. જેમ કે ઓં ૧, ઓં ૨, ઓં ૩, ઓં ૪, ઓં ૫,—૦૦૦૦૦૦૦ આ રીતે સો (૧૦૦) વાર જપ કરવા પણ ધારો કે ૫ વાર ઓંનો જપ કરી મન ચલાયમાન થઈ ગયું તો વારંવાર નવેસરથી જાપ શરૂ કરવા અને તેના પેહેલાં પ્રતિજ્ઞા કરવી કે આ વખત કમમાં કમ ૬ વાર સુધી મનને ચલાયમાન ન થવા દેવું. નાસિકાગ્ર પર ધ્યાન રાખી અર્થાત્ શ્વાસોશ્વાસની ગતિ તરફ ધ્યાન રાખી એક શ્વાસ અને પ્રશ્વાસમાં કેટલા ઓંકારનો જાપ થાય છે તે જાણી પ્રતિજ્ઞા કરતાં કરતાં જાપ વધતા જાય છે અને જ્યારે સો (૧૦૦) સુધી જપની સંખ્યા જાય ત્યારે (૧) એક રસ જાપ પુરા થાય છે. આવી રીતે જાપ વધારવાનો અભ્યાસ કરતા જવું. આ પ્રમાણે જપ વધારતાં વધારતાં જાપ પોતાની મેળે બંધ થઈ આઠ પ્રહર સુધી આસન દૃઢ રહી જાય છે અને ઉપાસક સમાધિસ્થ રહે છે તેની આજપા ગાયત્રી સિદ્ધ થઈ ગઈ એમ સમજવું અને આનેજ સેહેજ સમાધી કહેવામાં આવે છે તેમજ પ્રણવ જાપ કરનારા પુરુષ જાપમાં અર્થનો વિચાર અથવા જ્ઞાન ન પ્રાપ્ત કરી શકે તો જાણી લેવું તે એક માત્રાથી

ઓરૂમ્ નો જાપ કરે છે. અર્થ વિચારસહિત જાપ કરે તો માનો કે તેઓ બે માત્રાથી ઓરૂમ્ નો જાપ કરે છે અને જો તેઓ આનંદસ્વરૂપ પરમાત્માની સન્મુખ અને તેનાજ આધાર અને આનંદરૂપ પ્રકાશમાં નિમગ્ન થઈ જાપ કરે તો માનો કે તે ઓંકારનો જાપ ત્રણ માત્રાથી કરે છે.

પ્રમાણાદિ પાંચ વૃત્તિ અને ક્ષિપ્ત, મૂઢ અને વિક્ષિપ્ત આ ત્રણ મનની અવસ્થામાં મન એકરસ નથી રહેતું. માટે તે અવસ્થાઓ અને વૃત્તિયોનું જ્ઞાન લઈ તેનું નિવારણ કરવું જોઇએ. ચિત્તવૃત્તિ અને તેના ઉપાયના કેટલાક રસ્તાઓનું વર્ણન આ ભાગમાં આવી ગયેલું છે તેથી અત્રે ચિત્તની ત્રણ અવસ્થાનું સંક્ષિપ્તમાં વર્ણન કરીશું.

(૧) ક્ષિપ્ત૦—આ અવસ્થામાં ચિત્તની વૃત્તિયો અનેક સાંસારિક વિષયોમાં ગમન કરે છે.

(૨) મૂઢ૦—આ અવસ્થામાં ચિત્ત મૂર્ખવત થઈ જાય છે, મનુષ્ય પોતાના કૃત્યાકૃત્યને ભૂલી જાય છે અને દિવાના જેવા અદ્ધાતદ્ધા બકવાદ કરે છે.

(૩) વિક્ષિપ્ત૦—આ અવસ્થામાં ચિત્ત વ્યાકૂલ અથવા વ્યગ્ર થઈ જાય છે.

મનને એકરસ ન થવા દેવામાં બે વિઘ્નરૂપ કારણો હોય છે એક આવરણ અને બીજું લયતા. આ બે કારણ નિદ્રાવૃત્તિનું પૂર્વરૂપ અથવા ભેદ હોય છે. યોગશાસ્ત્રના જ્ઞાનથી આ ત્રણે નાં જે

સ્વરૂપ છે તેનું જ્ઞાન લઈ ઉપાસનાકાળમાં તેનું નિવારણ કરવું જોઇએ. કારણ નિદ્રાદિવૃત્તિનું સ્વરૂપ કેવું છે તેનું જ્ઞાન થયા વિના તે વૃત્તિને કોઈ જીતી નહી શકે અને ઉપાસના કરવાના સમયમાં નિદ્રા જરૂર અચાનક આવે છે અને મનુષ્યોને અચેત કરી નાખે છે. નિદ્રાના પૂર્વ રૂપની ગતિ અતિ સૂક્ષ્મ હોય છે. નિદ્રાનું જ્ઞાન થાય છે તે મનુષ્યને પોતાને સુઈ જવાનું અને જાગતા થવાનું જ્ઞાન થાય છે. માટે લક્ષ્મણુ અને અર્જુન જેવાં નિદ્રાને જે જીતી લે છે તે પુરુષ સર્વને જીતી શકે છે. ચિત્તની જે પાંચ વૃત્તિ છે તેમાં નિદ્રા એક વૃત્તિ છે. અન્ય વૃત્તિનાં જ્ઞાન થાય છે તેમ નિદ્રાવૃત્તિનું પણુ જ્ઞાન થવું સંભવિત છે.

સુઈ જવાના સમયમાં જીવાત્મા અને મનની જે સ્થિતી હોય છે તેનું નામ નિદ્રા છે. અષ્ટદલ મનચક્રનું ચિત્ર બીજા ભાગમાં પાન ૮૧ માં છે તે ચક્રના મધ્યભાગમાં લિઙ્ગ શરીર દેખાડેલું છે જીવાત્મા જ્યારે અષ્ટદલમાનાં કોઈપણુ દલની સાથે લિઙ્ગદેહથી સંબંધ નથી રાખતો અને લિંગ દેહમાંજ પડી રહે છે અને મન સર્વ ઇંદ્રિય સહિત કણ્ઠ કુપની નીચે કૂર્મવત્ કાર્ય કરનાર નાડી છે તેમાં પ્રવેશ કરે છે ત્યારે તે મન શાન્ત થાય છે. મનને કૂર્મ નાડીમાં ન જવા દેવાની શક્તિ જેનામાં આવે છે તેજ નિદ્રાને પોતાના વશમાં રાખે છે અર્થાત્ તેઓ સદૈવ જાગૃતાવસ્થામાં વાસ કરે છે. મનને ઉપાંશુ જાપમાંથી કિંચિત પણુ ચલન ન થાય એવો જપ સિદ્ધ થાય છે ત્યારે મનને કૂર્મ નાડીમાં જવાને અવધિ

ક્યાંથી મળશે? અને મન કૂર્મ નાડીમાં ન જઈ શકે તો નિદ્રા ક્યાંથી આવશે!

तमः कफाभ्यां निद्रास्यात् ॥ शार्ङ्गधर अ० ६–१९३ ॥

શરીર પ્રકૃતિમાં તમો ગુણવાન્ રજની વૃદ્ધિ થાય છે અને તેની સાથે કફ મિશ્રણ થાય છે ત્યારે નિદ્રા આવે છે. માટે ઉપાસકો સાત્વિક અન્નથી પોતાની પ્રકૃતિમાં સાત્વિક અણુની વૃદ્ધિ કરેલી હોય તો રક્તનું અભિસરણ વ્યવસ્થિત થાય છે અને કફની વિશેષ ઉત્પત્તિ થવાની ક્રિયા ન થવાથી તથા નિદ્રાનાં કારણો ન હોવાથી નિદ્રા રૂપ કાર્ય થવાનું બંધ થાય છે અને ઉપાસકોની ઉપાસનામાંથી નિદ્રા રૂપી વિઘ્ન નીકળી જાય છે. આવી રીતે વિઘ્નકારક ચિત્તની વૃત્તિયો હોય છે તેનું જ્ઞાન લઈ તેને દૂર કરતા જવું જેથી કરી પ્રણવના માનસિક એકરસ જાપ સિદ્ધ થાય છે; અન્યથા તો અસંભવ જેવુંજ છે. યોગી લોકોમાં કહેવત છે કેઃ—

आसन दृढ आहार दृढ जो निद्रा दृढ होय ।
नाथ कहे रे बालका मरे न बुड्ढा होय ॥

મન, મણી (વીર્ય) અને પવન (પ્રાણ) જ્યારે સ્થિર થાય છે, આહાર શુદ્ધ અન્ન અને સત્વજ્ઞાનનો સ્વીકાર થાય છે તેમજ નિદ્રાવૃત્તિ અને નિદ્રાક્રિયા વશમાં આવે છે ત્યારે ઉપાસકોને મરવાનું કારણજ નથી રહેતું અર્થાત્ તેઓ જ્ઞાનવૃદ્ધ અને વયોવૃદ્ધ થતા જાય છે. ભારદ્વાજ ઋષિએ (મનો વૈ ભાર

દ્વાજ:) માનસિક ઉપાંશુ જપ કરી જે યોગ્યતા પ્રાપ્ત કરેલી હતી તેનો પ્રકાશ અંશુબોધિની નામક ગ્રન્થ દ્વારા થઈ રહેલો છે તે જોઈ ઓંકારની એક ઉમાત્રા, ભુવઃ વ્યાહૃતિ અને સાવિત્રી દેવતાનું મહત્વ કેટલું છે અને ઉપાસકોની યોગ્યતા કેવી થાય છે તે જાણુવામાં આવશે તેથી સંપૂર્ણ પ્રણુવ, વ્યાહૃતી અને ગાયત્રીની યોગ્યતાનું વાચકો પોતેજ અનુમાન કરી શકશે. માટે આ ગ્રન્થનો સાર અત્રે આપેલા છે.

(૪) અંશુ બોધિની—

સૂર્ય અને નક્ષત્રોનાં કિરણોના વિચાર અંશુબોધિની ગ્રંથમાં કરેલા છે. આ ગ્રંથ સૂત્રરૂપમાં મહર્ષિ ભારદ્વાજ ઋષિએ સંસ્કૃત ભાષામાં તૈયાર કરેલો છે. આ ગ્રંથના (૬૪) ચોસઠ અધિકરણુ છે અને તે ૬ છ ભાગમાં વિભાજીત કરેલાં છે.

પ્રથમ ભાગમાં—અનંત સૂર્ય અને નક્ષત્રોથી, ચૌદ લોકનો વાસ જેમાં છે તે એક બ્રહ્માણ્ડ યોગ્ય સ્થિતીમાં રાખવામાં કેવી રીતે કાર્ય થાય છે તેનો વિચાર કરેલો છે તેમજ દરેક લોકની બ્રહ્માણ્ડમાં સ્થિતી, તેનો સ્વભાવ અને બ્રહ્માંડમાં અનંત ગોલ છે તેના પરસ્પર સંબંધ કાયમ રાખવાને માટે જે જે શક્તિની જરૂર છે તેની વ્યવસ્થા દેખાડેલી છે. સંસ્કૃત વિદ્યાગ્રંથમાં અનંત કોટી બ્રહ્માંડ છે એમ વર્ણુન આવે છે અને તેથી પરમાત્માનું અખિલબ્રહ્માંડકોટીનાયક એવુ નામ છે. તે બ્રહ્માંડની રચના કેમ કરેલી છે, તેનો પ્રદેશ કેટલો મોટો છે, દરેક

ગોલ ગોલાન્તરને પરસ્પર શું સંબંધ છે, અને તે જે વ્યવસ્થિત રૂપમાં પોતપોતાના સ્થાનમાં સ્થિત છે, તે કેવી જાતની શક્તિ છે, તેમજ તે ગોલામાંની દિવ્ય શક્તિ તેના પૃષ્ટભાગપર વાસ કરનારા પ્રાણીઓની પ્રકૃતિ અને બીજા અનેક આશ્ચર્યકારક વિચારોનું સૂત્રરૂપે આ ભાગમાં વર્ણુન છે.

દ્વિતીય ભાગમાં–સૂર્યગોલમાંથી બહાર પડેલી શક્તિ અને પૃથિવીના અન્તર ભાગની શક્તિ આ બે પરસ્પર એક બીજાપર શું કાર્ય કરે છે, આકાશમાંના ગ્રહો, તારાઓ અને પૃથિવી આ ત્રણને શો સંબન્ધ છે તેમજ પૃથિવીના ધ્રુવ અને આકાશસંચારી બીજા ગોલના ધ્રુવોને પરસ્પર શો સમ્બન્ધ છે, તેની ધૃવસન્ધી કેટલી છે અને તેનાં પરસ્પર આકર્ષણ અને ઉત્ક્ષેપણ કર્મો કેવાં થાય છે તેનું વર્ણુન છે. અનન્ત ગોલનું પોતપોતાની કક્ષામાં નિયમપૂર્વક કાર્ય કરવા માટે શક્તિઓ સતત પ્રગટ થતીજ જાય છે તે શક્તિ જ્યાંથી અથવા જે બિંદુથી પ્રગટ થાય છે અને ત્યાંથી પ્રગટ થયેલી શક્તિઓ જ્યાં એકત્ર મળી જાય છે તે બિંદુને ધ્રુવ સંજ્ઞા છે. હરેક ગોલના આવા ઘણા ધ્રુવ છે, તેઓ શકત્યુદ્ગમ અને શક્તિ અસ્ત ક્રિયાના ફળ છે. ઇશદંડ (exle or axes) ની વસ્તુસ્થિતી કેવી છે તેનું વર્ણુન આપતાં ઋષિ દેખાડે છે કે સૂર્યગોલમાંથી બે પ્રકારની શક્તિ સતત બહાર પડે છે અને તે શક્તિ કુંડલાકાર ગતિમાં હોય છે તેના સ્ત્રી શક્તિ અને પુરૂષશક્તિ વાચક રશ્મી આ નામો

છે. બે શક્તિ પરસ્પરનું આકર્ષણ કરતાં કરતાં જ્યાં એકત્ર થાય છે ત્યાં તે મધ્ય રેષાનું કાર્ય કરવા લાયક થાય છે અને તેનેજ ઈશદંડ કહેવામાં આવે છે.

તૃતીય ભાગમાં–સૂર્યગોલ સતત ફરે છે અને જે રશ્મી બહાર ફેંકતા જાય છે તે કિરણોમાં સર્વ પ્રકારની શક્તિ છે તેનો ઉપદેશ છે. રશ્મી, સૂર્યગોલથી અલગ છે? અથવા સૂર્યગોલ તૈયાર થયા પછી તે બાહાર નીકળવા લાગેલી હોય છે? આવા પ્રશ્ન ઉપસ્થિત કરી તે વિષયનો બહુજ સારી રીતે ઋષિએ ખુલાસો કરેલો છે. રશ્મી જો પ્રથમ ન હોય તો સૂર્યગોલ કેમ બની ગયા અને તેઓ પોતાની કક્ષામાં કેમ ફરવા લાગ્યા આ એક મોટો વિચાર કરવા લાયક વિષય છે તેનું સ્પષ્ટીકરણ કરી સૌર્યરશ્મિ અને સૂર્યગોલની રશ્મિ એ બેનું અસ્તિત્વ કેમ છે અને તેઓ પરસ્પર મળી કેમ કાર્ય કરે છે એ પ્રશ્નનો પણ ઉત્તમ ખુલાસો કરેલો છે. સૌર્યરશ્મિ સૂર્યગોલથી અલગ છે એમ માની શકાશે કે? સૂર્ય ગોલ તૈયાર થવાને માટે કેટલાં અને કઈ પ્રકારનાં તત્ત્વો વા દ્રવ્યો એકત્ર થઈ ગયેલાં છે અને તેનાં ગુણકર્મ અને સ્વભાવ કેવાં હોય છે, તેનો ખુલાસો કરી ઉપરોક્ત પ્રશ્નોનો યથાયોગ્ય જવાબ આપેલો છે. પ્રત્યેક મનુષ્ય આ સૂર્યગોલ તૈયાર થવામાં કયાં દ્રવ્યોનું સંમેલન થઈ ગયેલું છે તે કેમ જાણે? આ પ્રશ્નનો ખુલાસો, સૂર્યનાં મંડળ કિરણો, અંશુ, રાશ્મ ઈત્યાદિ જે નામો છે તે શબ્દમાંજ તત્વાર્થ રુપમાં છે તેથી વિચારી પુરુષ સૂર્યદ્રવ્યોને યથાવત જાણી શકે

છે. ઋષિએ આ વિષય અહીં સુધી લાવી પશ્ચાત સૂર્યરશ્મિમાં શું શું શક્તિ છે તેનું પૃથક્કરણ કરી તે શક્તિનો મનુષ્ય-પ્રાણી કેવીરીતે ઉપયોગ કરીશકશે તે બાબત નો બહુજ આશ્ચર્ય કારક ખુલાસો આ ભાગમાં કરેલો છે. તે ગ્રંથોમાંથી યંત્રસર્વસ્વમ્ અર્થાત સર્વ પ્રકારના યંત્રોની રચના વિષે એક ગ્રન્થ છે. ઋષિ ભારદ્વાજજ તે ગ્રન્થના રચિતા છે. તે ગ્રન્થનું (૫૪) ચોપન્નમું અધિકરણ વિમાનાધિકરણ છે તેમજ આ ઋષિએ અક્ષતંત્ર નામની એક ગ્રન્થ રચેલો છે જેમાં આકાશની પરિધી અને તેના વિભાગનું વર્ણન છે તથા મનુષ્ય પ્રાણી આકાશમાં ક્યાં સુધી જઈ શકે છે અને તેના પર ભાગમાં જવાથી તે કેમ ફાટી જશે વગેરે વિચારોનું વર્ણન છે, સુર્ય કિરણની પ્રખરતા અનુકુલ ક્યાં સુધી છે અને તેના પ્રખરત્વથી બળી જવાનો સંભવ ક્યાં છે વગેરે વિમાનને લગતી ઘણી બાબતોનું વર્ણન પણ તેમાં છે તે જોઇને આજના જમાનામાં માણસો તો જરુર આશ્ચર્ય ચકિત થઈ મુઢજ બની જાય એવો સંભવ છે.

વિમાનાધિકરણમાં—

" **शक्त्युद्गमोदयष्टौ** " विमानाधिकरण सू. १. अधि. ९४ ॥

આ ભારદ્વાજ ઋષિનું સૂત્ર છે તેનાપર બૌધાયન ઋષિની વૃત્તિ અર્થાત્ વ્યાખ્યા છે. જેમકે કે:—

शक्त्युद्गमो भूतवाहो, धूमयानश्शिखोद्गमः ।
अंशुवाहस्तारमुखोमणि वाहो मरुत्सखः ॥
इत्यष्टदाधिकरणे वर्गाण्युक्तानि शास्त्रतः ।

વિમાન રચના અને તેની આકાશ સંચારી ગતિના આઠ વિભાગ છે—

१ शक्त्युद्गम वर्गम्		વિદ્યુત શક્તિથી ચાલનારાં વિમાનો.
२ भूतवाहः	,,	પંચમહાભૂતશક્તિ એકત્ર કરી ચાલનારાં વિમાનો.
३ धूमयानः	,,	વાફ અથવા ધૂમથી ચાલનારાં વિમાનો.
४ शिखोद्गमः	,,	પંચશિખી, શિખરીની, શિખાવતિ, કુંદશિખી આદિ વનસ્પતિ બીજના તેલની મીણબત્તી કરી તેનાથી ચાલનારાં વિમાનો.
५ अंशुवाहः	,,	સૂર્ય કિરણોની શક્તિથી ચાલનારાં વિમાનો.
६ तारामुखः	,,	નક્ષત્રશાસ્ત્રમાં, નક્ષત્રમાંથી રસ થઈ ગયેલા પદાર્થો જમીનપર પડે છે તેમાંથી શક્તિ ઉત્પન્ન કરી ચાલનારાં વિમાનો.
७ मणिवाहः	,,	હવામાં ઉષ્ણુતા અને વિદ્યુત છે અને કેટલાક યંત્રથી તેનું પૃથક્કરણ કરવાથી વેગ પ્રાપ્ત થાય છે તેથી ચાલનારાં વિમાનો.
८ मरुत्सखाः	,,	તેમજ હવામાં શિતાંગ અને ઉષ્ણાંગ છે આ અંગનું આવૃત્તકરણ કરવાથી

જે વેગ મળે છે તેથી ચાલનારાં વિ-
માનો અર્થાત્ હવાના મિત્ર થઈ તેથી
કાર્ય કરીને જે વિમાનો ચાલે છે તે
મરુતસખા વિમાન કહેવાય છે.

સુર્યરશ્મીમાંના મુખ્ય બાર ભાગ લઈ તેનાથી જે આશ્ચર્ય-કારક કાર્ય ઋષિ લોકો કરતા હતા તે ખરેખર આપણા વિચારમાં પણ આવવું અસંભવિત જેવું છે. જેમ કેઃ—

भागर्भमंशुर्बोधिन्यां कलाशक्त्यापकर्षणे ।
यन्त्रार्थ मुक्तं विधिवत भरद्वाजेन धीमता ।
नित्याद्वादशधा प्रोक्ता शक्तयस्सुर्यरस्मिषु ।
प्रकाशोष्णानिल जल वर्ण चालन मुग्धकाः ।
विद्युद्वेगोजृंभणीच नलिका वारुणी इति ।
महाप्रभात्र संयुक्ता एताः पुण्यामनोहराः ॥

સૂર્ય કિરણની બાર શક્તિઃ—

१ प्रकाश	७ मुग्ध
२ उष्णता	८ विद्युत
३ अनिल	९ वेग
४ जल	१० जृम्भण
५ वर्ण	११ नलिका
६ चालन	१२ वारुणि

આ સુર્યની બાર શક્તિ પૃથક્ કરનાર બાર મણી તૈયાર કરી તેનાં દર્પણ બનાવી જે વિમાનરચના કરવામાં આવે તેજ મણીવાહ વિમાન કહેવાય છે. આ બાર મણી તૈયાર કરવામાં જે જે દ્રવ્યો જોઇએ છે તેનું સંપૂર્ણ વર્ણન આ ગ્રન્થમાં છે પણ આ સ્થળ વિમાનવિદ્યા દેખાડવાનું ન હોવાથી તેનો અત્રે ખુલાસો કરવાની જરુર નથી. ઉપાંશુ જપથી મનુષ્યોમાં એ યોગ્યતા આવે છે તેનું દિગ્દર્શન કરવાને માટે આટલું લખેલું છે.

અંશુબોધિનીના ચતુર્થ ભાગમાં કુટકેન્દ્ર અથવા અનેક શક્તિનું એક કેન્દ્રમાં એકત્ર થવું એ વિષય છે. સુર્ય રશ્મિના હમેશ થનારા ફેરફાર અને તેનાથી બનનાર કુટો અને તેના અમુક ગોલપર અમુક જાતનાં પરિણામ થાય છે તેનું પણ વર્ણન છે. આ કુટ અમુક ગોલના કયા કયા ભાગપર સ્પર્શ કરે છે અને તેનાથી નાના પ્રકારની ગતિ અને ગ્રહમાર્ગ ઉત્પન્ન થવાને માટે સૂર્યરશ્મિથી બનેલા કુટો સાધનભૂત કેમ બને છે તે વિષય ખરેખર આશ્ચર્ય ઉત્પન્ન થાય તેવો વર્ણવેલો છે. આ કુટ વિદ્યા સ્પષ્ટ કરવાને દણ્ડ, ત્રિકોણ, જયા, બાણ, પાંજરા (Fulcrum) વાહા (Liver) વર્તુલ, જવલન, સન્ત, ઘોર, મુગ્ધ, પ્રકાશ, ઇષત્સ્ફુરણ ઉર્ધ્વમુખ, અધોમુખ, તિર્યંગ-મુખ, વિવિધ વર્તુળ (concentric circle) ચિત્ર, આન્દોલન અને આવી અનેક પ્રકારની સૂર્યકિરણોની ગતિ, તેમાં થતા ફેરફારો વગેરે વિષયોનું આ ભાગમાં આશ્ચર્યકારક વર્ણન છે.

સુર્ય અને સુર્યરશ્મિનું જ્ઞાન ખરેખર વ્યવહાર કાર્યમાં પણ મનુષ્યોને અતિ ઉપયોગી છે. ભારદ્વાજ ઋષિનો આ ગ્રન્થ અલૌકિકજ છે. પણ તે ગ્રન્થમાંના વિચાર મગજમાં ઉતરવાને માટે બ્રહ્મચર્ય અને વેદાધ્યયનથી શુદ્ધ બુદ્ધિ કરવી જોઇએ આ ઋષિએ પ્રથમ ઇન્દ્રસત્તા (वीर्यबल) પ્રાપ્ત કરવાને માટે તપ કરેલું હતું અર્થાત માનસિક ઉપાંશુ જાપ કરી અજપા ગાયત્રી સિદ્ધ કરેલી હતી ત્યારે પરબ્રહ્મ કૃપાથી તેને દીર્ઘાયુ પ્રાપ્ત થયું. ત્યાર પછી તે ઋષિએ વેદનું હૃદય જાણવાને માટે અન્તર્મુખ થઈ ઘોર તપ કર્યું અને તે તપનું ફળ પણ તેને યથાકાળ પ્રાપ્ત થયું. વેદનું ગુહ્યસ્થાન તેને દૃષ્ટીગોચર થવા લાગ્યું અર્થાત વેદજ્ઞાન અને યોગ દ્વારા ભારદ્વાજ ઋષિને સૂર્ય તેજ કરતાં પણ વિશેષ પ્રકાશિત એવા વેદજ્ઞાનના પર્વતના પર્વત તેની દૃષ્ટિ આગળ આવવા લાગ્યા તે જોઈ ઋષિ એક પ્રકારથી મુગ્ધ થઈ ગયા અને પરમાત્મચિન્તનમાં કાલક્રમણ કરવા લાગ્યા જેથી કરી તેને પરમાત્મ સાનિધ્ય પ્રાપ્ત થયું. ઋષિ પોતાની ઇચ્છા પ્રગટ કરી પરમાત્માની પ્રાર્થના કરવા લાગ્યા કે હે:—

"चिदानन्द स्वरूप ब्रह्म"

આપના વેદજ્ઞાનમાંથી એક રશ્મિને પણ જોવાની મારામાં તાકાત નથી તો પછી આ વેદજ્ઞાનના ઢગના ઢગ પર્વત શિખર જેવા એક કરતાં એક ઉંચાજ દેખાય છે તેને હું કેવી રીતે જોઇ લઉં ત્યારે પરબ્રહ્મ કૃપાળુ થયા તેને અનન્ત વેદમાંથી

ત્રણ અક્ષર (ઓ૩મ્) રુપમાં દેખાડ્યા જેમાં એકંદર અનન્ત વિદ્યા પ્રકાશિત કરવાનુ સામર્થ્ય છે તેનો સ્વીકાર કરવાનો ઉપદેશ કર્યો તે ઓંકાર વા પ્રણવની સહાયથી ઋષિ ભારદ્વાજે પરમાત્માનું વેદસ્વરુપ અને તેનો અનન્ત જ્ઞાન ભંડાર જોવાનું કાર્ય આરંભી બ્રહ્માણ્ડની ઉત્પત્તિ, સ્થિતી અને પ્રલય એનું જ્ઞાન પ્રાપ્ત કરી લીધું અને એજ પરા જ્ઞાન દ્વારા તે ઋષિએ મનુષ્ય પ્રાણી માત્રના ઉપકારાર્થે મહાન સૌર્યવિદ્યાગ્રન્થની રચના કરી તેમાં તેઓએ આ જ્ઞાન પોતાને કેમ પ્રાપ્ત થયું તે પણ દેખાડેલું છે. પરંતુ ક્ષુદ્ર બુદ્ધિવાન (શુદ્ર બુદ્ધિવાન) પુરૂષ ઋષિની યોગ્યતા ન જાણવાથી અને તેનું જ્ઞાન પ્રાપ્ત કરવાના માર્ગ ન સમજવાથી તેની મતિ ઋષિગ્રન્થમાં કાર્ય કરતી નથી અને તેથીજ ઋષિગ્રન્થમાં તેમને પ્રેમ નથી આવતો. વિષયમાં બાહિર્મુખ થઇ રહેલા માણસો બાહિર્મુખ થઈ ગએલા વિદ્વાનના ગ્રન્થમાંજ આનન્દ માનનારા હોય છે તે કાંઈ નવાઈ લાગવા જેવી વાત નથી. અંતર્મુખ થઈ જ્ઞાન પ્રાપ્ત કરેલા વિદ્યાગ્રંથ જાણવાને માટે ઋષિસંતાન ફરીથી પુરુષાર્થ કરશે તો અલ્પ કાળમાં તેમનામાં ઋષિ યોગ્યતા આવવી સંભવ છે. સંધ્યા દેવપુજાના વિચાર આજ સુધી જે પ્રજામાં કાયમ છે તેને યોગ્ય કર્મોમાં લાવવાનીજ માત્ર આવશ્યકતા છે. વાસ્તવિક ઋષિ સન્તાનોના અક્ષય ભંડાર તેમની પાસેજ છે. માત્ર જ્ઞાનદૃષ્ટિના અભાવમાં તે જ્ઞાનરત્નો તેમને કોયલા જેવાં દેખાય છે. પણ ગાયત્રી માતા પોતાના સંતાનોનું સદૈવ અભિષ્ટચિંતનજ કરે છે. તે માતા તરફ શુદ્ધ બુદ્ધિથી

જોઈ લો અને તેની આજ્ઞામાં રહી કર્મ કરતા જાઓ તો પરમપિતાનો આનંદ આપ લોકોને તે માતા જરૂર જરૂર પ્રાપ્ત કરી આપશે.

(૫) મહર્ષીલોકોજ વેદજ્ઞાનનો ગુહ્યસ્થાન જોઈ શકે છે.

વેદ સર્વ પ્રકારના જ્ઞાનનું ઉગમ સ્થાન છે અને તેઓ પ્રકાશિત પર્વતોના હાર જેવા સદૈવ ચળકતોજ હોય છે. વેદજ્ઞાનનો પ્રકાશ જોવાને માટે યોગી લોકોને પણ ભારે પુરુષાર્થ કરવો પડે છે. આ જ્ઞાન સૂર્યના અનંત જ્ઞાનરશ્મિ, ઋક્, યજુ અને સામ વેદમાંથી ચારે દિશામાં ફેલાઈ રહેલી છે. માત્ર જેને તે રશ્મિ ગ્રહણ કરવાનાં નેત્ર હોય તેજ ગ્રહણ કરી શકશે, અવિચારી જ્ઞાનાંધ લોકને તે રશ્મિનો પત્તો લાગતો નથી અને તેની તે જ્ઞાનમાં શ્રદ્ધા પણ બેસતી નથી. આ જ્ઞાનસૂર્ય જેવા નભો મંડળમાં પણ સૂર્ય છે અને જગતના સર્વ પદાર્થોને પોતાના રશ્મિથી પ્રકાશિત કરે છે માટે તેને પણ ત્રૈમંડળ, ત્રિસ્થાન એવી સંજ્ઞાઓ આપવામાં આવેલી છે. જ્ઞાની પુરુષ એટલે યોગી મહર્ષી લોકોએજ વેદ જ્ઞાનનું ગુહ્યસ્થાન જોઈ લીધેલું હોય છે અને તેજ તેનાં ગુઢતત્વો જાણે છે તેથી તેમને પણ જ્ઞાનસૂર્ય એ અન્વર્થક સંજ્ઞા પ્રાપ્ત થાય છે. આ જ્ઞાની લોકોમાં વેદત્રઇનો સાર વાસ કરે છે અને તેનાથી તેઓ સૂર્ય જેવા જગતમાં જ્ઞાન રશ્મિનો પ્રકાશ કરે છે. તે તે ઋષિઓના ગ્રંથ જોવાથી તેની સાક્ષી બરાબર મળે છે માટે જ્ઞાની, યોગી, મહર્ષિ આ ભૂતળ ઉપરના જ્ઞાનસૂર્યજ છે એમ

આપણે જાણવું જોઇએ અને પોતે અંતર્મુખ થવાનો પ્રયત્ન કરી, તે ઋષિ જેવી યોગ્યતા પ્રાપ્ત કરવાને માટે જે આ બ્રહ્મયોની પરમકૃપાળુ પરમાત્માએ આપેલી છે તેનો સદુપયોગ મનુષ્યમાત્રે કરવો જોઇએ. માતા સાવિત્રી સંતાનોને સહાય કરવામાં સદૈવ તત્પર છે. આજ તેનો મહિમા છે અને તેજ તેનું રહસ્ય છે.

સમાપ્ત.